# સંથાલ આદિવાસીઓ

મૂળ લેખક : ચારુલાલ મુખરજી
સારાનુવાદક : પુરુષોત્તમ શાહ

સંપાદકો :
ડૉ. ઠા. ભા. નાયક
ડૉ. સિદ્ધરાજ સુ. સોલંકી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦ ૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

© ગુજરાત વિદ્યાપીઠ

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

કિંમત : પંદર રૂપિયા

માર્ચ ૧૯૮૧

## આવકાર

માત્ર ગુજરાતની જ નહીં પણ ગુજરાત બહારની આદિવાસી જાતિઓની પણ ગુજરાતીભાષી જનતાને તેમ જ તેના અભ્યાસીઓને અને ખાસ કરીને વિદ્યાર્થીઓને જાણકારી મળે એ આશયથી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રે સંખ્યાની દૃષ્ટિએ સમગ્ર ભારતમાંની ત્રણ મહત્ત્વની આદિવાસી જાતિઓ – ગોંડ, સંથાલ અને ભીલોમાંની – એક મહત્ત્વની જાતિ સંથાલ પરના આ શ્રી ચારુલાલ મુખરજીના એક જૂના ઉપયોગી પુસ્તકનો ગુજરાતી ભાવાનુવાદ તૈયાર કરાવેલો તેના પ્રકાશનને હું હાર્દિક આવકાર આપું છું.

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર આવાં કાર્ય કરે છે અને માનવશાસ્ત્રના અભ્યાસીઓને ઉપયોગી થઈ પડે એવું સાહિત્ય પ્રસિદ્ધ કરી ગૂજરાતી ભાષાને સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે.

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ
૯–૩–૮૧

ડાહ્યાભાઈ નાયક
કુલનાયક

# સંથાલ આદિવાસીઓ

[ગુજરાતની બહારની આદિવાસી જાતિઓનો પરિચય પણ ગુજરાતીભાષી વાચકગણને મળે અને ખાસ કરીને સમાજશાસ્ત્ર-સમાજ માનવશાસ્ત્રના એમ. ફિલ.ના વિદ્યાર્થીઓને નિબંધ લખવામાં ઉદાહરણરૂપે ઉપયોગી થાય એ માટે સંખ્યાની દૃષ્ટિએ સમગ્ર ભારતભરમાં બીજા ક્રમમાં આવતી અને મુખ્યત્વે પશ્ચિમ બંગાળ, બિહાર અને ત્રિપુરામાં વસતી એક મહત્ત્વની આદિવાસી જાતિ ઉપરના શ્રી ચારુલાલ મુખરજીના પુસ્તકનો કેન્દ્રે તૈયાર કરાવેલો અનુવાદ ક્રમશઃ 'આદિવાસી ગુજરાત'માં આપવામાં આવ્યો હતો. આદિવાસી ગુજરાતમાં પૂરેપૂરો પ્રસિદ્ધ થયા પછી તેને પુસ્તકાકારે પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. — સંપાદકો]

## ૧. ઉત્પત્તિકથા

સંથાલ જાતિ મૂળ મુંડા જાતિમાંથી થયેલી છે. આ બાબતમાં શંકા નથી. મુંડા જાતિ પ્રાક્-દ્રાવિડી જાતિ છે. એના મૂળ ઇતિહાસ વિશે વિવિધ મતો પ્રવર્તે છે. એમાંથી પાંચ મતોનો પરિચય અત્રે કરીશું.

પહેલો મત એવો છે કે અતિ પ્રાચીન સમયમાં ભારતને માડાગાસ્કર અને આફ્રિકા સાથે જોડતો લેન્ડરિયા નામનો એક મહાદ્વીપ હતો. તે અત્યારે ડૂબી ગયેલો છે. મુંડા જાતિ મૂળ આ મહાદ્વીપમાંથી ભારતમાં આવેલી મનાય છે. ભારત અને ભારતની પૂર્વે આવેલા ફર્ધર ઈન્ડિયા, કોચીન ચાઈના, મલાયા, નિકોબાર ટાપુઓ, ફિલિપાઈન ટાપુઓ, મલાક્કા અને ઑસ્ટ્રેલિયાના બનેલા વિશાળ પ્રદેશોની ભાષાઓ વચ્ચે સ્પષ્ટ સામ્ય છે એવું યુરોપના ભાષાશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું છે. એ ભાષાઓના શબ્દો અને તેમનાં રૂપો ભારતની મુંડારી, સંથાલી, ભૂમિજ, હો, બિરહોર, કોડા, તુરી, આસુરી, કોરવા, કોરકુ, ખારિયા, જુઆન્ગ, સાવરા અને ગડબા બોલીઓ સાથે મળતાં આવે છે. એ બતાવે છે કે આ બધી જાતિઓને ભૂતકાળમાં સંબંધ હશે. ડૉ. ગ્રિયર્સન માને છે કે આ બધા પ્રદેશોમાં એક પ્રાચીન જાતિ વસતી હશે. એ અત્યારે નાબૂદ થયેલી છે. પરંતુ તેની ભાષા મુંડા જાતિની ભાષાનાં મૂળ તત્ત્વો રૂપે હાલ હયાત છે.

બીજો મત એમ કહે છે કે મુંડા જાતિના લોકો ઉત્તર-પૂર્વના પહાડો મારફતે ભારતમાં આવ્યા હોય એમ જણાય છે. તેમને ઉત્તર-પશ્ચિમના પહાડોમાંથી આવતા દ્રાવિડીઓનો ભેટો થયો અને તેઓ એકબીજાને ઓળંગીને ગયા. આ મત એવી માન્યતા ઉપર રચાયો છે કે સંથાલ લોકોના પૂર્વજો ઉત્તર-પૂર્વ ભારતમાંથી આવ્યા હતા અને દામોદર નદીને માર્ગે છોટાનાગપુર પ્રદેશમાં આવી વસ્યા હતા.

ત્રીજા મત પ્રમાણે પૂર્વ તિબેટ અથવા પશ્ચિમ ચીનમાંથી હિમાલય ઓળંગીને જે લોકો આવ્યા તેમનું હિમાલયની દક્ષિણે વસતા ઑસ્ટ્રેલૉઈડ લોકો સાથે મિશ્રણ થવાથી મુંડા જાતિના લોકોનો ઉદ્‌ભવ થયો.

ચોથો મત એમ છે કે મુંડા જાતિના લોકો આ દેશના સૌથી જૂના વતનીઓ છે. મુંડાઓ પોતે પણ એમ કહે છે કે આ દેશની ભૂમિના ખરા આદિવાસીઓ અમે છીએ.

પાંચમા મત પ્રમાણે પ્રાક્-દ્રાવિડી લોકો (જેને પ્રોટો-ઑસ્ટ્રેલૉઈડ કહે છે તે. તેઓ કૉકેશિયન જાતિની દક્ષિણ તરફની શાખા હોવાનો સંભવ છે) હિમાલયની દક્ષિણ-પશ્ચિમ તળેટીમાં વસતા હતા. પરંતુ એ એમનું જન્મસ્થાન નહોતું. ત્યાંથી તેઓ જમના અને ગંગા આગળ થઈ, મધ્ય પ્રાંતો, બંગાળ અને આસામ તરફ ગયા અને બર્મા ને કમ્બોડિયા સુધી ફેલાયા. આ મતના સમર્થનમાં એમ કહેવામાં આવે છે કે મુંડા બોલીઓ અને બ્રહ્મદેશની મોન-ખમેર તથા ખાસી ભાષાઓ વચ્ચે સામ્ય છે.

આ પાંચેય મતોનું બીજા વિદ્વાનોએ ખંડન કરેલું છે. તેથી મુંડા જાતિ મૂળ ક્યાંથી આવી તે વિશે કશી ચોક્કસ આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી એમ માનવું પડે છે.

આમ છતાં સંથાલ જાતિ કેવી રીતે ઉદ્‌ભવી અને તે તેના અત્યારના વતનમાં કેવી રીતે આવી વસી તે વિશે એ જાતિના લોકોમાં એક દંતકથા પ્રચલિત છે. એમાં એ જાતિના રીત-રિવાજોનું મૂળ પણ જોવા મળે છે. આ કથા જણાવે છે કે માનવી પૂર્વમાં, ઊગતા સૂર્યની ભૂમિમાં, પ્રાદુર્ભાવ પામ્યો હતો. આરંભમાં કેવળ પાણી હતું અને તેની નીચે જમીન હતી. પછી ઠાકુર જીવે (ભગવાને) કરચલો, મગર, વહેલ માછલી, કાચબો, અળસિયું અને બીજાં જળચર પ્રાણીઓ સર્જ્યાં.

પછી ઠાકુર જીવ બોલ્યા: 'હવે હું શું બનાવું? માણસ બનાવીશ.' એમ કહીને માટીમાંથી એમણે બે માણસ સર્જ્યા. અને જેવા તે એ બે માણસોમાં પ્રાણ ફૂંકવા જાય છે તેવામાં જ આકાશમાંથી 'સીન સેડૉમ' (સૂર્યમાંથી ઘોડો) ઊતરી આવ્યો અને તેણે પેલી બે મૂર્તિઓ ભાંગી નાખી.

ઠાકુર જીવ ઘણા દિલગીર થયા. એ બોલ્યા, 'હવે હું માણસો નહીં પણ પક્ષીઓ બનાવીશ.' એમ કહીને એમણે પોતાની જ છાતી નજીકના માંસમાંથી 'હંસહંસીલ' નામનાં પક્ષીઓ બનાવ્યાં. એ પક્ષીઓને એમણે પોતાના હાથ ઉપર રાખ્યાં. પક્ષીઓ સુંદર દેખાતાં હતાં. થોડી વાર પછી એમણે એમનામાં પ્રાણ ફૂંક્યો, એટલે તે જીવતાં થયાં અને ઊડી ગયાં. અહીં-તહીં પાંખો ફફડાવી ઊડ્યાં, પણ બેસવાની જગ્યા મળી નહીં. એટલે એ પક્ષીઓ ઠાકુર જીવના હાથ ઉપર બેઠાં. પછી 'સીન સેડૉમ' નીચે આવ્યો. તેના હાથમાં એક પાતળો તાંતણો હતો. સંથાલ લોકો કહે છે કે આ તાંતણો અવકાશમાં હજી પણ લટકે છે. તેને 'તોરે સૂતમ' કહે છે. તેના વડે પાણી પિવાય છે. પાણી પીતાં પીતાં 'સીન સેડૉમ' તેના મોંમાંથી ફીણ ઉડાડ્યું. એ ફીણ પાણી ઉપર પડ્યું અને તેમાંથી આજે જેને આપણે સમુદ્ર ફીણ કહીએ છીએ તેનો ઉદ્‌ભવ થયો.

પછી ઠાકુર જીવે પંખીઓને કહ્યું: 'આ ફીણ ઉપર બેસો અને વહાણમાં બેઠાં હો તેમ દરિયાની મુસાફરી ખેડો.'

'અમે ફરીએ છીએ, પણ ખાવાનું મળતું નથી,' 'હંસહંસીલ' પક્ષીઓ બોલ્યાં.

પછી ઠાકુર જીવે મગરને બોલાવ્યો અને કહ્યું: 'તું તળિયેથી માટી લાવી શકીશ?'

મગરે હા પાડી. એ માટી લાવ્યો તો ખરો, પણ તે ઓગળી ગઈ. એટલે એનો પ્રયાસ નિષ્ફળ ગયો.



પછી ઠાકુર જીવે કરચલાને આજ્ઞા કરી. એનાથી પણ એ ન બન્યું. પછી વહેલનો વારો આવ્યો. એણે મોં વડે તેમ જ પીઠ ઉપર માટી લાવવાનો પ્રયત્ન કર્યો. એને પણ નિષ્ફળતા મળી. પરંતુ એના આ પ્રયાસની નિશાનીરૂપે એની જાતની માછલીઓની પીઠ ઉપર આજે પણ ભીંગડાં હોતાં નથી.

પછી કાચબાને બોલાવવામાં આવ્યો. એની પણ એવી જ દશા થઈ.

પછી અળસિયું આગળ આવ્યું. તેણે કહ્યું, 'હે ઠાકુર જીવ, જો કાચબો પાણી ઉપર સ્થિર ઊભો રહે તો તમે માગો છો તે માટી હું લાવી શકું.' કાચબાએ કહ્યા પ્રમાણે કર્યું: તે પગ બાંધીને પાણી ઉપર ઊભો રહ્યો. . . . અળસિયું નીચે ઊતર્યું અને કાચબાની પીઠ ઉપર પૂંછડી ટેકવીને પાણીને તળિયે પહોંચ્યું. તેણે મોં વડે માટી ખાવા માંડી અને પાછલા ભાગ મારફતે તે ઉપર પહોંચાડી. આ રીતે માટી કાચબાની પીઠે ચોંટી. અળસિયાએ લાંબા સમય સુધી એનું કામ ચાલુ રાખ્યું અને જ્યારે બંધ કર્યું ત્યારે પૃથ્વીનો જન્મ થયો.

પ્રથમ તો પૃથ્વીની સપાટી ઘણી ખરબચડી હતી. પછી ઠાકુર જીવે પૃથ્વીને ખેડી, પરંતુ તેમ છતાં ઘણા ટેકરા રહ્યા. અને તે ડુંગરો બન્યા. પાણી ઉપર ફીણ તરતું હતું. તે પછી પૃથ્વીને અડક્યું. એના ઉપર એમણે સાવરણી બનાવવાના સિરોમ નામના છોડવા રોપ્યા. પછી ઘાસ ઊગ્યું અને તે પછી 'કરમ' નામનું મોટું ઝાડ ઊગ્યું. તે પછી ઊગ્યાં 'આસન', 'સાલ' અને મહુડા નામનાં બીજાં ઝાડો. એટલે પછી ધરતી મજબૂત બની.

તે પછી ઠાકુર જીવે પાણીને કિનારે કિનારે ડુંગરો મૂકી, પૃથ્વીને પાણીથી છૂટી પાડી. અને જ્યારે જ્યારે પાણી ધસી આવતું ત્યારે ત્યારે ખડકો ઊભા કરી પાણીનો માર્ગ તે બંધ કરતા.

પછી 'હંસહંસીલ' પક્ષીઓને 'સિરોય' વૃક્ષનાં ઝૂમખાં ઉપર બેસાડવામાં આવ્યાં. ત્યાં તેમણે માળા બાંધ્યા અને ઈંડાં મૂક્યાં. અને જ્યારે એમણે એ ઈંડાં સેવ્યાં ત્યારે, જુઓ તો ખરા, એમાંથી બે માનવીઓ બહાર આવ્યાં. એમાંનો એક પુરુષ હતો અને બીજી સ્ત્રી હતી. પછી પંખીઓએ આ ગીત ગાયું; જેનો ભાવાર્થ એવો છે કે આ જીવો જન્મ્યા તો ખરા, પણ એમને રાખીશું ક્યાં? એના જવાબમાં કોઈક બોલ્યું કે 'જાઓ, બડા ઠાકુરને જઈને કહો.'

એટલે પછી એ પક્ષીઓ ઊડીને ઠાકુર જીવ પાસે ગયાં અને કહેવા લાગ્યાં: 'આ પ્રાણીઓને આપણે શું ખવડાવીશું?'

ઠાકુરે એમને કપાસ આપ્યો અને કહ્યું: 'તમે જે કંઈ ખાઓ તેને દબાવીને રસ કાઢવો અને પછી આ કપાસ વડે એમને ખવડાવવું.'

આ રીતે એ બાળકો મોટાં થયાં. પરંતુ તે જેમ જેમ મોટાં થતાં ગયાં તેમ તેમ એમનાં માબાપની ચિંતાઓ વધતી ગઈ. એમને એક જ વિચાર આવતો કે આ બાળકોને રાખીશું ક્યાં? તેઓ ફરીથી ઠાકુર જીવ પાસે ગયાં અને આ નવા પ્રશ્ન બાબત તેમને વાત કરી.

ઠાકુર જીવે કહ્યું, 'જાઓ, ઊડો અને એમને માટે જગા શોધી કાઢો.'

એટલે એ તો ઊડયાં, દૂર દૂર ઊડયાં. અને આખરે હીહીરી પીપીરી નામની જગાએ પહોંચ્યાં. ત્યાંથી પાછાં આવી એમણે ઠાકુરને આ જગા વિષે વાત કરી. પછીથી, પોતાનાં બે બાળકોને એ પક્ષીઓ પોતાની પીઠ પર બેસાડી એ નવે સ્થળે લઈ ગયાં અને ત્યાં રાખ્યાં.

પછીથી એ મૂળ પક્ષીઓનું શું થયું તે કોઈ જાણતું નથી.

આ આદિ માબાપોનાં નામ હતાં હરમ અને આયો. હરમનો અર્થ થાય છે 'ઘરડો માણસ.' જાણવા જેવું છે કે સંથાલી શબ્દ 'હોર'નો અર્થ 'માણસ' થાય છે. આ શબ્દ એમના આદિ પિતાના નામ ઉપરથી થયો છે. 'આયો'નો અર્થ સંથાલી ભાષામાં 'મા' થાય છે.*

કહે છે કે આ આદિ માનવો જ્યાં સુધી હીહીરી પીપીરીમાં રહ્યાં ત્યાં સુધી ખોરાક તરીકે 'સુમતું બુકુચ' અને 'સામા' નામની વનસ્પતિ ખાતાં હતાં. તેમના અંગ ઉપર વસ્ત્ર નહોતું અને લજ્જા શું તે તેઓ જાણતાં નહોતાં. અને તેઓ સંપૂર્ણ સુખશાંતિમાં રહેતાં હતાં.

પછી એક ડોસો લીતા આવ્યો. તેણે પોતાને ગોરોમ બાબા (દાદા) તરીકે ઓળખાવ્યો. એણે સારી સારી વાતો કરી અને આખરે એ આદિ માબાપોને એક પીણું બનાવવા લલચાવ્યાં. પછી એ પીણું એણે એમને પીવડાવ્યું. એનો એમને નશો ચડયો. એને પરિણામે એમનામાં લજ્જા પ્રકટી અને જોતજોતમાં તે બે જણાં પતિપત્ની તરીકે વર્તવા લાગ્યાં.

બીજે દિવસે સવારે તેઓ પીધેલ હાલતમાં હતાં ત્યારે જ ગોરોમ બાબા ફરીથી દેખાયા અને પૂછવા લાગ્યા: 'અલ્યાં, કેમ ચાલે છે? કેમ તમે બહાર નીકળતાં નથી?'

આ સાંભળીને પેલાં બે જાગી ગયાં, અને તેમને જીવનમાં પહેલી જ વાર સમજાયું કે આપણે નગ્ન છીએ. બંને જણ શરમાઈ ગયાં અને બોલ્યાં: 'અમે કેવી રીતે બહાર આવીએ? અમે તો નગ્ન છીએ.'

એ સાંભળીને ગોરોમ બાબા મોં મલકાવી ચાલતા થયા. પછી હરમ અને આયોએ અંજીરનાં (fims indrica) બદન બનાવ્યાં અને તે પહેરી લીધાં. તે પછી તેમનો વંશવિસ્તાર વધ્યો.

વખત જતાં એમની વસ્તી ઘણી વધી ગઈ. અને મૂળ જાતિમાંથી સાત શાખાઓ (clans) થઈ: હંસડક, મુર્મુ, કિસ્કુ, હેમબ્રોમ, મારંડી, સોરેન અને ટુડુ. મૂળથી જ આ શાખાઓનો પોતાની અંદર લગ્નવ્યવહારનો નિષેધ ફરમાવવામાં આવ્યો હતો, એ ધ્યાનમાં લેવા જેવું છે.

હવે હીહીરી પીપીરીમાંથી મૂળ સંથાલો ખોજકમન ગયા. ખોજકમન એટલે ભગવાને એમને વિષે જ્યાં પૂછપરછ કરેલી તે સ્થળ. કહે છે કે માણસો આ સ્થળે એટલા બગડી ગયા હતા કે એમનામાં નીતિભાવના નષ્ટ થઈ ગઈ હતી. એમનામાં અનેક દુર્ગુણો દાખલ થયા હતા અને તેઓ પશુની માફક રહેતા હતા.

આ જોઈને ઠાકુર જીવ એમના ઉપર ઘણા ગુસ્સે થયા. તેઓ એ લોકો પાસે ગયા અને આવી રહેલી આપત્તિની એમને એમણે ચેતવણી આપી. એમણે કહ્યું: 'મારે માર્ગે ચાલો.

* એક બીજી કથામાં સંથાલોમાં આદિ માબાપને પિલ્કુ બુદ્ધિ અને પિલ્કુ હરમ કહેલાં છે.



હજી સમય છે. ત્યાં સુધી સદાચારને માર્ગે પાછા વળો.' પરંતુ એ લોકોએ કંઈ માન્યું નહીં. સારી સલાહ માનવા જેવી એમના મનની સ્થિતિ નહોતી.

આ બગડેલા લોકોમાં ભગવાનને બે સદાચારી મનુષ્યો મળી આવ્યાં: એક પુરુષ અને એક સ્ત્રી. કેટલાક કહે છે, એમનાં નામ હતાં પિલ્કુ હરમ અને પિલ્કુ બુઢિ. ઠાકુર જીવે એમને આજ્ઞા કરી: 'તમે બંને હરતા પર્વતો ઉપર જાઓ, ત્યાં ગુફાઓ છે તેમાં દાખલ થાઓ, તો તમે બચી જશો.' એમણે આ આજ્ઞા માથે ચડાવી અને તેઓ હરતા જવા નીકળ્યાં.

પછી ઠાકુર જીવે કોપ કર્યો અને સાત દિવસ અને રાત્રિ સુધી ખોજકમન ઉપર અગ્નિનો વરસાદ વરસાવ્યો અને તમામ માણસો અને પશુઓ નાશ પામ્યાં.

હરતામાં નવી પ્રજા પેદા થઈ. તે સારાં સ્ત્રીપુરુષોની ઓલાદ હતી. વખત જતાં એમની વસ્તી ઘણી વધી ગઈ. પછી તેઓ ત્યાંથી હળદરના દેશ સાસન બેડા ગયા. હીહીરી પીપીરીમાં જે સાત શાખાઓ થઈ હતી તેમાં અહીં બીજી પાંચનો ઉમેરો થયો: બાસ્કે, બેસરા, પાઉનરીઆ, કોનરેન અને બેડીઆ (આ શાખા અત્યારે નથી.), આ રીતે હવે સંથાલોની બાર શાખાઓ (Clans) થઈ. અહીં સુધીનો ઇતિહાસ એક લોકગીતમાં જળવાઈ રહ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:

**અમે જન્મ્યા હતા હીહીરી પીપીરીમાં**
**અમારી ખોજ થઈ હતી ખોજકમનમાં**
**અમારી વૃદ્ધિ થઈ હરતામાં**
**અને અમારી શાખાઓ થઈ સાસન બેડામાં**

આ રીતે બાર શાખાઓમાં વહેંચાઈ જઈને, સંથાલોના પૂર્વજો જાર્પી નામના સ્થળે આવ્યા. પરંતુ તેઓ ત્યાં રહી શકયા નહીં. આનું કારણ આપી શકાતું નથી. પણ એમને એ સ્થળ છોડવું પડયું એ સાચું. આગળ જવાનો માર્ગ શોધતા શોધતા તેઓ જંગલે જંગલે ભટકયા. આખરે તેઓ એક મોટા પર્વતે પહોંચ્યા. અહીંથી આગળ જવાનો માર્ગ તેમને જડયો નહીં. લાંબી લાંબી મજલથી તેઓ અતિશય થાકી ગયા હતા. એમણે અંદર અંદર ચર્ચા કરી ઠરાવ્યું કે: 'ડુંગરના દેવે આપણો માર્ગ બંધ કર્યો હોવો જોઈએ. માટે આપણે એની કૃપા માટે પ્રાર્થના કરીએ. કદાચ તે આપણી પ્રાર્થના સાંભળશે.'

સવાર થવાનો અને સૂરજ ઊગવાનો સમય થયો હતો. પરંતુ સંથાલો અંધારામાં અટવાતા હતા, કેમ કે સૂર્ય સંતાકૂકડી રમતો હતો. આખરે તેમણે પ્રાર્થના કરી: 'હે ડુંગરના દેવ (મરાન બુરુ)! જો તું અમને અહીંથી આગળ જવા દઈશ તો જ્યારે અમે કોઈક સ્થળે સ્થિર થઈને રહીશું ત્યારે અમે અમારા બાકીના જીવન દરમ્યાન કાયમને માટે તારી પૂજા કરીશું. માટે હે દેવોના દેવ! અમને કૃપા કરીને તું માર્ગ બતાવ.' આ પછી આનંદની એક કિકિયારી સંભળાઈ. દેવે એમની પ્રાર્થના સાંભળી હતી. સૂર્ય ઊગ્યો અને એણે આ ભટકતા લોકોને માટે માર્ગ ખુલ્લો કર્યો. એ લોકોએ એ માર્ગનું નામ 'સીન-દુવાર' (બંધ દ્વાર) પાડયું.

પર્વતો ઓળંગતાં સંથાલોને ઘણો સમય લાગ્યો. અને પછી ઘણું કષ્ટ વેઠીને તેઓ એરેના દેશમાં આવ્યા. કેન્ડેમાં તેઓ લાંબો સમય રહ્યા, પરંતુ ત્યાંથી ઉચાળા ભરી પાછા કેઓ ગયા. અહીં પણ તેઓ ઘણા લાંબા સમય સુધી રહ્યા અને તેમની ઘણી પેઢીઓ થઈ. એમની વસ્તી કૂદકે ને ભૂસકે વધી. પરંતુ તેઓ એ સ્થળને વળગી રહી શક્યા નહીં. એટલે ત્યાંથી તેઓ સપ્ત નદીના પ્રદેશ કેમ્પામાં (Campa) આવ્યા. આ દેશને બે દરવાજા હતા—એકનું નામ હતું કેએ-દુઆર (Cae-duar) અને બીજાનું નામ હતું કેમ્પા-દુઆર (Campa-duar). દુશ્મનોથી રક્ષણ કરવા માટે સંથાલોએ કેમ્પામાં ઘણા કિલ્લાઓ બાંધ્યા. ખૈરી ગઢ નામનો કિલ્લો હેમ્બ્રોમ શાખા માટે હતો અને કોએન્ડાગઢ કિસ્કુઓને માટે હતો. બાડોલી ગઢ નામનો ચોથો કિલ્લો મેરન્ડીઓને રક્ષણ આપતો હતો અને સિમ ગઢમાં ટુડુઓ રહેતા હતા.

કેમ્પામાં આ આદિ સંથાલો ઘણી પેઢીઓ સુધી રહ્યા. તેઓ ત્યાં મહાન બન્યા અને તેમના ઉપર કોઈનું આધિપત્ય હતું નહીં. તેમના રાજાઓ કિસ્કુ શાખા(Clan)ના હતા. મુર્મુઓ પૂજારી હતા. તેમને મુર્મુ ઠાકુર કહેતા. સોરેન શાખા યોદ્ધાઓ પૂરા પાડતી હતી. એમનો ધંધો માત્ર યુદ્ધ કરવાનો હતો. હેમ્બ્રોમ શાખાને 'કુનાર' કહેતા, (કુનાર એટલે અમીર વર્ગ). મારંડી નામની શાખાના લોકો પૈસાદાર હતા. તેઓ ધીરધારનો ધંધો કરતા. ટુડુઓ વાજાં વગાડવાનું અને લુહારનું કામ કરતાં અને બાસ્કો વેપાર કરતા. બીજી શાખાઓ શો ધંધો કરતી તે અત્યારે કોઈ જાણતું નથી.

સંથાલો કેમ્પામાં આવ્યા એ બનાવ મહત્ત્વનો છે, કેમ કે અહીં આવ્યા પછી એમણે એમના વિવિધ દેવોની પૂજા કરવા માંડી. ગામની 'કુલ્હી'(ગલીઓ)ને છેડે આવેલી પવિત્ર કુંજોમાં એમણે દેવની દેરીઓ બાંધી હતી એમ કહેવાય છે. મરાન બુરુ (મોટો પર્વત, મુખ્ય અધિષ્ઠાતા દેવ), મોનરેન્કો (પાંચ દેવોનું જૂથ) અને જાહેર એરા(વૃદ્ધ સ્ત્રી)ની પૂજાનો આરંભ અહીંથી થયો. સિનબોન્ગા(સૂર્યદેવ)ની પૂજા દર પાંચમે વર્ષે સૂર્યોદય સમયે કરવામાં આવતી.

કેમ્પાથી સંથાલોના પૂર્વજો ટોરે પોખોરી બહા બન્દેલા નામને સ્થળે આવ્યા. ત્યાં તેઓ લાંબા સમય સુધી રહ્યા. આ સ્થળે એમણે એમની ધાર્મિક વિધિઓ નક્કી કરી. કહે છે કે તેઓ 'ટોપે સરજોમ' નામના વૃક્ષની છાયા નીચે (ટોપે સરજોમ—સાલ પ્રકારનું ઝાડ,) એક ઝરાની બાજુમાં, એકઠા થયા અને કમળનાં પાંદડાં ઉપર બેસી પોતાના રીતરિવાજોની વિગતો નક્કી કરવા તેમણે એક મોટી ચર્ચા આરંભી. એમ કહેવાય છે કે બાળકના જન્મ પછી ત્રણ કે પાંચ દિવસે જે નાર્સા નામનો વિધિ થાય છે તે તથા લગ્ન અને મરણ સંબંધી વિધિઓ કરવાનું તેમણે આ સ્થળે ઠરાવ્યું. તે પહેલાંના ઘણા રિવાજો આ સ્થળે બંધ કરવામાં આવ્યા. હવેથી એમના રિવાજો હિંદુઓના રિવાજો જેવા વધુ ને વધુ થવા લાગ્યા. પ્રાચીન સમયમાં સંથાલોના પૂર્વજો મૃતદેહને બાળતા નહીં, તેમ તેનાં અસ્થિ દામોદર નદીમાં પધરાવતા નહીં. તેઓ મૃતદેહનું માત્ર દફન જ કરતા. પરંતુ આ સ્થળે એ રિવાજો બદલાઈ ગયા. લગ્ન પ્રસંગે કન્યાને કપાળે સિંદૂર લગાડવાનો હિંદુ રિવાજ હવેથી અપનાવવામાં આવ્યો.

પછી આદિ સંથાલો ઈસાક બુટા (ઈસાક નામના ઝાડના છાંયા નીચે) આવ્યા. સ્ત્રીઓ કળાણ ઓળંગી મહુડાંના ઝાડ તળે આવી, તો તેમને નવાઈ લાગી કે જે કમળપત્ર ઉપર થઈને પોતે ચાલ્યાં હતાં તે તથા પોતાને પગે લગાડેલો અળતો (આલતા હિંદુ સ્ત્રીઓ તેમના પગની



ધારો રંગવા માટે જે લાલ રંગ લગાડે છે તે) બંને જેમનાં તેમ હતાં, કાદવને લીધે તે બગડ્યાં નહોતાં. આ વિચિત્ર ઘટનાથી એમને ખાતરી થઈ કે રિવાજો બદલ્યા તે યોગ્ય હતું. અને ત્યારથી એ નવા રિવાજોને વળગી રહેવાનો એમણે નિશ્ચય કર્યો.

આદિ સંથાલો ઈસાક બુટામાં લાંબો સમય રહ્યા. પરંતુ આગાઉની પેઠે ફરી પાછા તેઓ ત્યાંથી ખસ્યા. શાથી ખસ્યા તે નક્કી નથી. કેટલાક કહે છે કે તુરુકના ડરને લીધે એમને ખસવું પડેલું. જતાં જતાં રસ્તામાં તેમણે બારી બડવાક નામનું ઘાસનું એક ખેતર જોયું. (બારી બડવાકનો અર્થ ઘાસ થાય છે. ખોરાકની અછત હોય ત્યારે એ ઘાસનાં બી ખવાય છે.) પછી એક જંગલ વટાવીને તેઓ જૂના જોસપુરનાં મેદાનોમાં આવી પહોંચ્યા. ત્યાંથી તેઓ ખાસપાલ બેલાઓની આવ્યા.

અહીંથી તેઓ પોતાની મરજી મુજબ વિવિધ દિશાઓમાં વેરાઈ ગયા. કેટલાક સિર ગયા, કેટલાક સિખાર ગયા, અને બીજા નાગપુર ગયા. ત્યારથી સંથાલો વધુ પ્રમાણમાં ડેકો (બિન-સંથાલ) લોકોની અસર તળે આવ્યા. પોતાની સ્વતંત્રતા સાચવવા એમને હિંદુઓ સાથે લગ્ન-સંબંધ બાંધવા પડ્યા. હવે તેઓ ખારવાર* કહેવાતા બંધ થયા. તેઓ સંથાલ શાથી કહેવાયા તેનો ખુલાસો અહીં મળે છે. કેટલાક કહે છે કે તેઓ સિખારની પેલે પાર આવેલા સાન્ત (Sent) પ્રદેશમાં થોડો સમય રહ્યા હતા. તેથી તેઓ સાંઓતાર (સંથાલ) કહેવાયા.

સંથાલો અહીં સિખારના રાજાના ગણોતિયા બન્યા. પરંતુ કહે છે કે ડેકા લોકોએ તેમની જમીનો અને મિલકતો લૂંટી લીધી અને તેમને હાંકી કાઢ્યા. ચાટા પોરાક (ચાર-પર્વ, સંથાલોનો એક ઉત્સવ) નામનું પર્વ ઉજવવાનું સંથાલો અહીં સિખારમાં શીખ્યા. સિખારથી કેટલાક સંથાલો ધનબાદ નજીક ટુંડી આવ્યા.

એક જગ્યાએ સ્થિર થઈને કેવી રીતે રહેવું એ સંથાલોનો સૌથી મોટો પ્રશ્ન છે. એમના બાપદાદાઓએ એમને શિખામણ આપેલી કે તમારે અજોય (અજય) નદી ઓળંગવી નહીં. પરંતુ રોટલાની ખાતર એમને બાપદાદાની મરજી વિરુદ્ધ વર્તવું પડેલું. અને એમ કરતાં તેઓ સંથાલ પરગણામાં આવી પહોંચ્યા છે. લાક્ષણિક ભોળપણથી સંથાલો કહે છે કે અમે તીતીઘોડાની માફક કૂદતા ફરીએ છીએ અને હરતાંફરતાં ચરીએ છીએ. પરંતુ તેમ છતાં તેઓ ધરતી ઉપરથી નાબૂદ થયા નથી. હવે અહીંથી તેઓ ક્યાં જશે તેની તેમને ખબર નથી. કેટલાકે ગંગા નદી ઓળંગી છે. ઠાકુર દેવ એમને આ રીતે શા માટે હેરાન કરે છે તેની કોઈને ખબર નથી.

સંથાલોના ભ્રમણનો આ અહેવાલ દંતકથા ઉપર રચાયેલો છે. પરંતુ ૧૮મી સદીથી એનો લેખિત ઈતિહાસ મળી શકે છે. આ ઈતિહાસ એમ બતાવે છે કે સંથાલોનું મૂળ વતન ગમે તે હોય, પરંતુ તેઓ છોટાનાગપુરના ઉચ્ચ પ્રદેશમાં અને તેની નજીકના મિદનાપુર અને સિંગભૂમ જિલ્લાઓમાં સ્થિર થયા હતા અને ૧૮મી સદીના અંત ભાગમાં તેમણે ઉત્તર તરફ ખસવા માંડ્યું હતું. આની વિગતોમાં ઊતરવાની જરૂર નથી.

## 'સંથાલ' શબ્દનું મૂળ

આપણે ઉપર જોઈ ગયા કે સંથાલો મૂળ પ્રાક્-દ્રાવિડ મુંડા જાતિમાંથી થયેલા છે. આ મુંડા જાતિના લોકો પોતાને હોર, હોરો અથવા હો કહેવડાવતા. એ શબ્દોનો અર્થ 'માણસ'

* સંથાલોના પૂર્વજો પોતાને ખારવાર કહેવડાવતા.

થાય છે. એ ઉપરથી એમ સમજવાનું કે એ લોકો પોતે માણસ હોવાનું ગૌરવ લેતા અને બાકીની માનવજાતને માણસ કરતાં હલકી માનતા. પરંતુ સંથાલોની પરંપરા એવી છે કે તેઓ પોતાને મૂળમાં ખારવાર કહેતા. એક દંતકથા મુજબ આ નામનો એક વીર પુરુષ થઈ ગયેલો. તે ઉપરથી આખી જાતિને ખારવાર નામ મળેલું. ઘણા સંથાલો ખારવાર શબ્દને 'ક્ષત્રિય'માંથી થયેલો માને છે. એનો અર્થ યુદ્ધ કરનાર એવો થાય છે. લોકમાન્યતા પણ એ પ્રકારની છે. એ સાચી હોય કે ખોટી, પરંતુ અત્યારે પણ એટલું સાચું છે કે ઘણા સંથાલો પોતાને ખેરવાર નહીં તો ખેરવાલ કહેવડાવે છે.

સંથાલ શબ્દ વિશે એમ કહેવાય છે કે એ લોકો સાઓન્ત(સન્ત)માં રહેતા હતા, તેથી સંતાલ કે સંથાલ કહેવાયા. આ સાઓન્ત કે સન્ત તે હાલનું સિલડા પરગણું છે. એક મત એવો છે કે સંતાલ કે સંથાલ શબ્દ એ સામન્તવાલા (સામન્ત એટલે સરહદવાસી) શબ્દનું ટૂંકું રૂપ છે. અને સામન્તવાલા એ સિલડા પરગણાનું બીજું નામ છે. સંતાલ કે સંથાલ એ તો એ શબ્દનું અંગ્રેજી રૂપ છે. સંથાલ લોકો અત્યારે પોતાને 'માંઝી' કહેવડાવે છે. આ શબ્દ એમના ગામના મુખીઓને માન આપવા વપરાય છે. પરંતુ સંથાલો પોતે એને અટક તરીકે વાપરે છે. સંથાલ શબ્દ તેઓ અટક તરીકે વાપરતા નથી.

## ૨. સંથાલ લોકો – પરિચય

ભારતના આદિવાસીઓમાં સંખ્યાની દૃષ્ટિએ સંથાલોનો ક્રમ બીજો આવે છે. ૧૯૫૧ની વસ્તીગણતરી મુજબ તેમની વસ્તી ૨૮,૧૧,૫૭૮ છે. આ લોકો બંગાળ, બિહાર અને ઓરિસાના ડુંગરાળ પ્રદેશોમાં વસે છે. આ ગંગાથી વૈતરણી સુધીના ૩૫૦ માઈલના વિસ્તારમાં એમનાં મથકો પથરાયેલાં છે. આ પ્રદેશ ૨૦° અને ૨૮° ઉત્તર અક્ષાંશ અને ૮૩° અને ૯૨° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. એમાં બિહારના સંથાલ પરગણાં, ભાગલપુર, મોંઘીર, મનભૂમ, હજારીબાગ અને સિંગભૂમ; ઓરિસાના મયૂરભંજ અને બાલાસોર; અને બંગાળના બીરભૂમ, બાકુરા અને મિદનાપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં વિવિધ પ્રકારના આદિવાસીઓ વસે છે. તે પૈકી સંથાલો એક છે.

બિહાર અને ઓરિસાના જે પ્રદેશોમાં સંથાલો વસે છે તેનું જમીનતળ ઘણે સ્થળે ખડકો, લેટરાઈટ (ખડકમાંથી બનેલી માટી) અને મરડિયાનું બનેલું છે. ત્યાં ડુંગરોની માળાઓ આવેલી છે. ઉનાળામાં તે ઉજ્જડ હોય છે અને વરસાદમાં ત્યાં લીલોતરી થાય છે. અહીં સાલ, મહુડો, કરમ, પીપળો, પલાશ અને લાખ આપનારું કુસુમ–એ ઝાડોનાં ઝુંડ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

સંથાલ પ્રદેશોમાં થતાં ઝાડોમાં સાલ મુખ્ય છે. એને તેઓ સારજોમ કહે છે. આ ઝાડ સર્વત્ર હોય છે. તે સીધું અને ઊંચું હોય છે અને એનાં પાંદડાં ચળકતાં હોય છે. તેમાંથી સાલનું મજબૂત ઇમારતી લાકડું મળે છે. સંથાલો એને પવિત્ર માને છે અને એના વડે જાહેરથાન નામની એમની પવિત્ર કુંજ સર્જે છે. આવાં જાહેરથાન સંથાલોનાં ગામની ભાગોળે સર્વત્ર જોવા મળે છે. બીજા લોકોને જે કામ વાંસ આપે છે તે કામ સંથાલોને સાલ આપે છે. એનાં પાંદડાં વડે તેઓ પડિયા-પતરાળાં બનાવે છે અને એનું લાકડું ઘર બાંધવામાં વપરાય છે.



સાલ કરતાં વધારે ઉપયોગી ઝાડ મહુડો છે. એનાં ફૂલ ગળ્યાં લાગે છે અને પૌષ્ટિક છે. સંથાલો આ મહુડાનાં ફૂલને તડકામાં સૂકવી રાખી મૂકે છે અને મહિનાઓ સુધી તેને ખોરાક તરીકે ખાય છે. મહુડાના ફળનો ગલ ખવાય છે અને તેના ઠળિયામાંથી તેલ નીકળે છે. આ તેલ રસોઈમાં વપરાય છે.

માર્ચ અને એપ્રિલ એ સંથાલો માટે આનંદના મહિના હોય છે. એ ગાળામાં મહુડા અને સાલ વૃક્ષો પુરબહારમાં ખીલે છે અને તેમને સફેદ ફૂલો આવે છે. વહેલી સવારે આ ફૂલો જમીન ઉપર ખરે છે. સંથાલ લોકો મહુડાનાં ફૂલને કાળજીપૂર્વક ટોપલીઓમાં વીણી લે છે. પીપળાના ઝાડની છાયા નીચે તેઓ આરામ લે છે અને સભાઓ ભરે છે. શિયાળામાં પલાશવૃક્ષ એનાં ફૂલ વડે ખીલી ઊઠે છે. તેથી વગડો શોભી ઊઠે છે.

આ પ્રદેશમાં જંગલી પશુઓ જોવા મળે છે. ત્યાં વાઘ, હાથી, સાબર, ચિત્તા, જરખ, હરણ અને જંગલી ડુક્કરો રહેતાં હોય છે. પાણીવાળાં સ્થળોએ જંગલી બતકો, કબૂતરો, હંસો, જંગલી મરઘા અને તીતર નામનાં પક્ષીઓ ઘણાં હોય છે.

ઉનાળામાં ગરમી ઘણી પડે છે. કેટલેક સ્થળે તે ૧૨૦° સુધી જાય છે અને ધૂળની ડમરીઓ તથા લૂ ફૂંકાયા કરે છે. બંગાળની સરખામણીમાં વરસાદ ઘણો ઓછો પડે છે. પરંતુ શિયાળો ઠંડો હોય છે. ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૪૦° સામાન્ય રીતે હોય છે.

બંગાળના જે પ્રદેશમાં સંથાલો વસે છે તે ડુંગરો તરફથી બંગાળનાં મેદાનો તરફ ઢળે છે. તે ઊંચોનીચો છે અને તેમાં કેટલેક સ્થળે જંગલો આવેલાં છે. ખાસ કરીને બાંકુરામાં નાના નાના છૂટાછવાયા ડુંગરો અને નીચી ટેકરીઓની હારમાળાઓ આવેલી છે. ત્યાંથી આગળના પર્વતીય પ્રદેશનો આરંભ થતો લાગે છે. મિદનાપુર જિલ્લો બાંકુરાના જેવો જ છે, પણ ત્યાં એટલા બધા ડુંગરો નથી. એની જમીનમાં 'લેટેરાઈટ' છે, અને ત્યાં મહુડાં અને સાલ વૃક્ષો ઊગે છે. એ રીતે એ સંથાલોનો લાક્ષણિક પ્રદેશ છે.

આ વિશાળ પ્રદેશમાં સંથાલ લોકો વસે છે. સંથાલ માનવી મધ્યમ કદના હોય છે. પરંતુ તેનું શરીર માંસલ અને મજબૂત હોય છે. એની ચામડીનો રંગ આછા તામ્રવર્ણથી માંડી એબોની જેવો કાળો હોય છે. એને નહીં જેવી દાઢી હોય છે. એની સ્ત્રીની આંખો પાણીદાર હોય છે અને સ્વભાવ આનંદી હોય છે. સંથાલનો ચહેરો ગોળાશ પડતો હોય છે અને તે જરા ધીંગો દેખાય છે. એનું નાક પહોળું અને વચ્ચેથી બેઠેલું હોય છે. વાળ કાળા, ઊભા, ખરબચડા અને ગૂંચળાંવાળા હોય છે. મોઢું મોટું, હોઠ જાડા અને આગળ પડતા હોય છે.

### સંથાલોની ભાષા

સંથાલો તેમની પોતાની ભાષા બોલે છે. તે સંથાલી કહેવાય છે. સંથાલી મુંડા કુટુંબની ભાષાઓમાંની એક છે. તે એના જેવી બીજી બોલીઓ કરતાં વધારે વિકસેલી છે, અને આખા સંથાલ પ્રદેશમાં ઝાઝા ફેરફાર વિના વપરાય છે. ભાગલપુર, મોંઘીર, સંથાલ પરગણાં, બીરભૂમ, બાંકુરા, હજારીબાગ અને મનભૂમ જિલ્લાઓમાં બોલાતી ભાષા ઉત્તર સંથાલી કહેવાય છે અને બાકીના જિલ્લાઓમાં બોલાતી ભાષા દક્ષિણ સંથાલી કહેવાય છે. મોટા ભાગની સંથાલ વસ્તી ઉત્તર સંથાલી બોલે છે. તે દક્ષિણ સંથાલી કરતાં વધારે સુધરેલી છે.

સંથાલી ભાષા ઉપર બીજી ભાષાઓની અસર છે. પરંતુ સૌથી મોટી અસર બંગાળીની છે. સંથાલી શબ્દકોષ જોવાથી અને તેમનાં લોકગીતો સાંભળવાથી એકદમ ખ્યાલ આવે છે કે સંથાલી ભાષાના ઘણા શબ્દો બંગાળીમાંથી આવેલા છે.

કુદરતી વસ્તુઓ અને ખેડૂતજીવનને લગતી બાબતો વર્ણવવા માટે સંથાલી કામ લાગે છે. પરંતુ આધ્યાત્મિક બાબતો અથવા આધુનિક વિચારો વ્યક્ત કરવા માટે એને પડોશીઓની ભાષાનો આશરો લેવો પડે છે.

સંથાલી એ લેખિત ભાષા નથી. એનું લોકસાહિત્ય બધું મૌખિક ઊતરી આવ્યું છે. આ ભાષાને લેખનમાં ઉતારવા કઈ લિપિ વાપરવી તે પ્રશ્ન યુરોપિયન મિશનરીઓએ વિચારવો પડ્યો હતો. એમણે એને માટે રોમન લિપિ વાપરી હતી. એમના પ્રયત્નથી જ સંથાલી ભાષાનાં ઘણાં પુસ્તકો રોમન લિપિમાં લખાયાં હતાં અને સંથાલ પરગણામાં સંથાલોને જે શિક્ષણ આપવામાં આવે છે તે આ લિપિ મારફતે અપાય છે. કેટલાક સંથાલોએ બંગાળી લિપિમાં પોતાનાં પુસ્તકો પ્રકટ કર્યાં છે. પરંતુ મયૂરભંજ સ્ટેટમાં કેટલાકે સંથાલી માટે ઊડિયા લિપિ અપનાવી છે. રઘુનાથ માંઝે નામના એક શિક્ષકે એક નવી લિપિ શોધી કાઢી છે. પરંતુ તે માન્ય થઈ નથી.

બીજા લોકોના વ્યવહારમાં સંથાલો દ્વિભાષી છે. સંથાલ પરગણામાં તેઓ ભાંગીતૂટી બંગાળી બોલે છે અને મયૂરભંજમાં ઊડિયા બોલે છે. બંગાળમાં વસતા સંથાલો બંગાળી સારી રીતે બોલે છે અને હુગલીના ચિનસુરા સંસ્થાનમાં વસતા કેટલાક સંથાલો તેમના મૂળ રીતરિવાજ ભૂલવા લાગ્યા છે.

## સામાજિક પરિસ્થિતિ

ઉપર જે સંથાલ પ્રદેશો ગણાવ્યા ત્યાં સંથાલો બીજા લોકોની સાથે જ રહે છે. સંથાલ ગામો અલગ હોય છે. તેમ છતાં તે બાકીની દુનિયાથી અલિપ્ત છે એમ ન કહી શકાય. સૌથી મોટી અસર ખ્રિસ્તી મિશનરીની છે. સંથાલ પરગણામાં સર્વત્ર અને અન્ય સ્થળોએ ખ્રિસ્તી મિશનો આવેલાં છે. એ લોકો સંથાલોને આધુનિક જ્ઞાનનાં મૂળ તત્ત્વો શીખવે છે, અને સંથાલો જ્યારે માંદા પડે ત્યારે પોતાની ઇસ્પિતાલોમાં તેમની સારવાર કરે છે. મિશનરીઓ કબૂલ કરે છે કે અમારો ઉદ્દેશ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો છે. પરંતુ તે સિવાય પણ એમની શૈક્ષણિક પ્રવૃત્તિનું આડકતરું પરિણામ એ આવ્યું છે કે સંથાલ લોકોની જીવનદૃષ્ટિ બદલાઈ ગઈ છે.

બીજું, કેટલેક સ્થળે, ખાસ કરીને રાજમહાલ અને દિનાપુરમાં, હિંદુ મિશનો ખૂલ્યાં છે. આ સંસ્થાઓ એમ કહે છે કે સંથાલો હિંદુસ્તાનનો ધર્મ પાળે છે એટલે તેઓ હિંદુઓ જ છે. માટે તેમને હિંદુ ધર્મમાં પાછા લેવા જોઈએ. એમના પ્રચારકો પોતાને મિશનરીઓ કહેવડાવે છે. તેઓ સંથાલોને સ્વચ્છતા જાળવવાનું અને શુદ્ધ ખોરાક ખાવાનું શીખવે છે. એ રીતે ધીમે ધીમે સંથાલો હિંદુ દેવોને પૂજતા થાય અને પોતાને હિંદુ કહેવડાવે એવા પ્રયત્નો તેઓ કરે છે. આ રીતે સંથાલ પરગણામાં એક લાખ લોકોને હિંદુ બનાવવામાં આવ્યા છે.



૧૯૩૧ની વસ્તીગણતરીમાં બિહાર અને ઓરિસામાં હિંદુ સંથાલોની સંખ્યા ૫,૮૬,૪૯૯ માલૂમ પડી હતી. અને છેલ્લી (૧૯૬૧ની) વસ્તીગણતરીમાં મયુરભંજ સ્ટેટમાં ૨,૫૪,૫૯૬ માણસોએ પોતાને હિંદુ સંથાલો તરીકે નોંધાવ્યા હતા. બીજું, મયુરભંજ સ્ટેટમાં સંથાલોને બીજા લોકોના જેવા જ અધિકારો આપવામાં આવે છે. ત્યાં ગોવધનો નિષેધ છે અને સંથાલ સમાજમાં હિંદુ વિચારો દાખલ થયેલા છે તે સહેલાઈથી જોઈ શકાય છે.

બીજું સંથાલોનાં ગામો બીજાં ગામોથી અલગ હોવા છતાં, એ લોકો બીજા લોકોથી અતડા રહેતા નથી. હિંદુ 'કમર' એમનું કામ કરે છે, 'કુમ્હારો' (કુંભારો) એમને માટે વાસણો બનાવે છે, 'તાંતીઓ' એમનાં કપડાં વણી આપે છે અને કેટલાક બીજા દલિતવર્ગના હિંદુઓ એમના લત્તાઓમાં રહેતા હોય છે. નજીકમાં રહેતા હિંદુઓની અસર સંથાલોના વિચારો ઉપર પડે છે. વળી ઘણા હિંદુઓ મૂળ આદિવાસીઓ હતા. એટલે સંથાલો એમની માફક પોતાને હિંદુ કહેવડાવે એ સમજી શકાય તેવું છે. ગામડાંમાં સંથાલો દુર્ગા, કાલી અને મહાદેવ જેવાં દેવ-દેવીઓની પૂજામાં ભાગ લેતા જોવામાં આવે છે. બીજા હિંદુઓની માફક તેઓ આ દેવોને નમસ્કાર કરે છે અને પૂજા વખતે આખી સંથાલ કોમ નૃત્ય કરીને આનંદ લૂંટે છે.

## સંથાલોની વસ્તી

આદિવાસીઓનું સંશોધન કરનાર કાર્યકરો માને છે કે સરકારી વસ્તીગણતરીના અહેવાલોમાં આદિવાસીઓની વસ્તીના જે આંકડા આપવામાં આવે છે તે સાચા હોતા નથી. સામાન્ય વલણ આદિવાસીઓની સંખ્યા ઓછી દર્શાવવાનું હોય છે. એક લેખક એટલે સુધી કહે છે કે આદિવાસીઓની કુલ સંખ્યા ૩ કરોડ મનાય છે. પરંતુ તે એથી ચારગણી હોવી જોઈએ.

૧૯૫૧ની વસ્તીગણતરી મુજબ સૌથી અગત્યની આદિવાસી જાતિઓ આટલી છે : ગોંડ, ૩૦,૩૨,૮૯૬ .૭ સંથાલ, ૨૮,૧૧,૫૭૮; ભીલ, ૧૧,૬૦,૨૯૯; ઓરાઓ,૬,૪૪, ૦૪૨; ખોંડ, ૨,૮૦,૫૬૧; મુંડા, ૫,૮૫,૨૧૧. આ રીતે, ભારતની આદિવાસી કોમોમાં સંખ્યાની દૃષ્ટિએ સંથાલોનો ક્રમ બીજો આવે છે. ૧૯૩૧માં પણ એમ જ હતું.

૧૯૪૧માં (અવિભક્ત ભારતમાં) સંથાલોની વસ્તી ૨૯,૦૨,૨૬૬ હતી. ૧૯૩૧માં ૨૫, ૦૮,૭૮૯ હતી. અને ૧૯૨૧માં ૨૨,૬૫,૨૮૨ હતી.

સંથાલોની પ્રદેશવાર વસ્તી દર્શાવતો કોઠો નીચે આપ્યો છે :

| પ્રદેશ | ૧૮૯૧ | ૧૯૧૧ | ૧૯૩૧ | ૧૯૪૧ |
|---|---|---|---|---|
| બિહાર | ૧૦,૪૦,૩૪૬ | ૧૧,૬૯,૦૩૭ | ૧૪,૧૧,૯૫૦ | ૧૫,૩૪૬૪૬ |
| મધ્ય પ્રદેશ સી. પી. | — | ૧૦,૪૩૨ | -- | ૪,૯૫૮ |
| ઓરિસા | ૧,૦૪,૫૧૫ | ૨,૩૮,૩૦૯ | ૩,૦૦,૧૮૩ | ૩,૬૩,૬૩૭ |
| બંગાળ | ૩,૦૯,૭૬૨ | ૬,૬૯,૪૨૦ | ૭,૯૬,૬૫૬ | ૮,૨૯,૦૨૫ |
| આસામ | ૩૯,૪૨૨ | ૫૯,૦૦૮ | ૧,૦૧,૯૪૯ | ૧,૫૦,૦૦૦ |
| નેપાળ | — | — | ૧૦,૦૦૦ | ૨૦,૦૦૦ |

હવે આની વિગતો જોઈએ.

## બિહાર અને ઓરિસા

બિહાર અને ઓરિસામાં, ૧૯૩૧માં, સંથાલોની કુલ સંખ્યા ૧૭,૧૨,૧૩૩ હતી. તેમાં પુરુષો ૮,૫૫૧૦૩, હતા અને સ્રીઓ ૮,૫૦,૦૩૦ હતી. આ સંખ્યા ત્યાં વસતી આદિવાસી કોમોમાં સૌથી વધારે છે. અને બ્રાહ્મણો અને ગોવાળો સિવાય તમામ હિંદુ કોમો કરતાં વધારે છે. સંથાલ પરગણામાં એમની વસ્તી ઘણી ગીચ છે. ત્યાં દર ત્રણ માણસે એક સંથાલ હોય છે.

ધર્મની દૃષ્ટિએ જોઈએ તો બિહાર અને ઓરિસામાં ૧૯૩૧ની ગણતરી મુજબ ૫,૮૬,૪૯૯ સંથાલો હિંદુ હતા. ખ્રિસ્તી સંથાલોની સંખ્યા ૧૩,૨૦૯ હતી અને આદિમ જાતિના ધર્મો પાળનારની સંખ્યા ૧૧,૧૨,૩૫૫ હતી.

બિહાર અને ઓરિસામાં, ૧૯૩૧માં સાત વર્ષની ઉપરની ઉંમરના સંથાલોની સંખ્યા ૧૩,૦૪,૦૩૪ હતી. તે પૈકી ૮,૮૯૯ ભણેલા હતા. સંથાલ પરગણાં જ્યાં સંથાલોની ગીચ વસ્તી છે ત્યાં, ૧૯૩૧માં, ભણેલા સંથાલોની સંખ્યામાં માત્ર ૩,૪૯૦ હતી.

## દેશી રાજ્યો

બિહાર અને ઓરિસાનાં દેશી રાજ્યોમાં, ૧૯૩૧માં, સંથાલોની સંખ્યા ૩,૦૯,૫૦૪ હતી.

મયૂરભંજમાં કુલ વસ્તીના ૨૯ ટકાથી વધારે સંથાલો છે. ૧૯૩૧ની ગણતરી મુજબ એમની કુલ સંખ્યા ૨,૫૮,૧૯૫ હતી, તે પૈકી ૨,૫૪,૫૯૬ હિંદુઓ, ૩,૪૮૮ 'એનીમીસ્ટ' (આદિદેવોને માનનારા) અને ૧૧૧ ખ્રિસ્તીઓ હતા. ભણેલાની સંખ્યા એ વર્ષમાં ૨,૦૭૬ હતી, તે પૈકી ૩૨ સ્રીઓ હતી.

ઓરિસાનાં બીજાં દેશી રાજ્યો પૈકી નીલગિરિમાં સંથાલોની સંખ્યા ૧૯૩૧ની ગણતરી મુજબ ૩,૨૩૫ હતી અને કિઓન્જારમાં ૧૬,૧૭૨ હતી.

## બંગાળ

બંગાળમાં સંથાલોની સંખ્યા ૧૯૩૧માં ૭,૯૬,૬૫૬ હતી – કુલ વસ્તીના એક હજારે ૧૫.૫૬. ધર્મની દૃષ્ટિએ જોઈએ તો ૪,૩૩,૫૦૨ સંથાલો હિંદુ હતા અને ૩,૫૨,૩૮૬ આદિમ જાતિઓના ધર્મોને માનનારા હતા. ૧૯૨૧માં સંથાલોની કુલ વસ્તીના ૨૨.૨ ટકા હિંદુ હતા. તે વધીને ૧૯૩૧માં ૫૪.૫ ટકા થયા હતા. હિંદુ મિશનોની પ્રવૃત્તિનું આ ફળ હતું.

સાત વર્ષથી ઉપરની ઉંમરના સંથાલોમાં, ૧૯૩૧માં, ભણેલાની સંખ્યા એક હજારે ૯ હતી. તેમાં દસ હજારે ૩ અંગ્રેજી ભણેલા હતા.

## ઉપસંહાર

૧૯૦૧થી ૧૯૩૧ સુધીનાં ૩૦ વર્ષમાં બંગાળ, બિહાર અને ઓરિસામાં સંથાલોની સંખ્યા ૧૮,૬૯,૦૭૪થી વધીને ૨૫,૦૮,૭૮૯ થઈ હતી. એટલે એક પેઢીમાં આ વધારો ૩૩ ટકા હતો. અને તે બીજી વસ્તી કરતાં બમણો હતો. એ બતાવે છે કે આ કોમ મજબૂત અને ફળદ્રુપ છે.



# ૩. સંથાલોની રહેણીકરણી*

## દિનચર્યા

સંથાલ પુરુષો રોજ સવારે પોહ ફાટતાં ઊઠે છે. દાતણ કર્યા બાદ 'પુગી' (સાલ વૃક્ષનાં પાંદડાંની બીડી) પીએ છે. પછી પોતાનાં ઢોર લઈ ખેતરે જાય છે. સવારે નવ વાગ્યે તેઓ નાસ્તો કરે છે. નાસ્તા માટે સ્રીઓ ઘેરથી 'બેસિયમ ડમરી'નું ભાણું ખેતરમાં મોકલે છે. (બેસિયમ ડમરી એટલે પાણીમાં પલાળેલા ચોખા. તે રાતભર પલાળી રાખેલા હોય છે.) તેની સાથે ચપટી મીઠું અને સરગવાનાં તળેલાં કૂણાં પાનની ભાજી હોય છે. નાસ્તો કર્યા પછી બપોર સુધી તેઓ ખેતરમાં કામ કરે છે. આ સમય દરમ્યાન સ્રીઓ ઘેર કામ કરે છે. તેઓ રસોઈ બનાવે છે અને આંગણાં તથા ઘર ગાયના છાણ વડે સાફ કરે છે. પછી બપોરે પુરુષો ખેતરોમાંથી ઘેર આવે છે અને નાહીને બપોરનું ભોજન લે છે. આ ભોજનમાં પણ ઉપર ગણાવેલી વાનગીઓ જ હોય છે – પલાળેલા ચોખા અને ભાજી. પુરુષોના જમ્યા પછી સ્રીઓ જમે છે. તેઓ હિંદુ સ્રીઓની માફક જ નાહીને ભોજન કરે છે. પછી પુરુષોને આરામ લેવાનો વખત થાય છે. તેઓ 'પારકોમ' દોરીવાળા ખાટલા ઉપર આડા પડે છે અને થોડી વાર ઊંઘી જાય છે. પછી બેએક વાગ્યે પાછા તેઓ ફરી ખેતરે જાય છે. ત્યાં ચાર વાગ્યા સુધી તેઓ ખેતરમાં ખોદે છે, હળ ચલાવે છે અથવા વાવણી કરે છે. અને ખેતરમાંથી પાછા આવ્યા પછી ગામમાં ફરવા નીકળે છે. ગામમાં તેઓ મિત્રોને મળે છે અથવા ગામની રમતોમાં ભાગ લે છે. દરમ્યાનમાં, એમની સ્રીઓ સાંજનું વાળુ રાંધે છે, પાણી ખેંચી લાવે છે અને ડાંગર ખાંડે છે. એમ કરતાં સાડા પાંચ-છ વાગ્યે એટલે આખું કુટુંબ વાળુ કરે છે. એમાં ઉપર જણાવી તે જ વાનગીઓ હોય છે. પહેલાં બાળકો ખાય છે. પછી પુરુષો અને છેલ્લી સ્રીઓ.

સાંજ પડતાં આ બધા સંથાલો ઘરમાં ભરાઈ જાય છે. જો તમે તેમને પૂછો કે 'આટલા વહેલા તમે કેમ સૂઈ જાઓ છો?' તો મોં મલકાવીને તેઓ કદાચ કહેશે : 'અરે, 'બોંગા' (ભૂતો, માતાઓ) જોવા છે?' આ રીતે એમની દિનચર્યા પૂરી થાય છે.

આખા વર્ષ દરમ્યાન તેઓ મુખ્યત્વે વિવિધ પ્રકારની કૃષિવિષયક પ્રવૃત્તિઓ કરે છે અને ઘેર કામ ન હોય ત્યારે મજૂરીએ જાય છે. ગામની પવિત્ર કુંજમાં અથવા મુખીને ઘેર કે બીજા ગામલોકોને ઘેર આખી કોમ ઉજાણી કરે છે. 'બહા' (ફૂલનો ઉત્સવ) ઉત્સવપ્રસંગે તેઓ શિકારે જાય છે, ઉજાણીને પ્રસંગે અથવા ચાંદની રાતે નૃત્ય કરે છે અને ગમ્મત ખાતર તથા ખોરાક શોધવા માછલાં વીણે છે.

ઉપરની પ્રવૃત્તિઓ કરતાં કરતાં વચ્ચે સમય મળે તો તેનો ઉપયોગ ફળ વીણવામાં, જાળો ગૂંથવામાં અને કોઈ કોઈ વાર નજીકનાં જંગલોમાં શિકારે જવામાં ગાળે છે.

## સંથાલોનાં ઝૂંપડાં

સંથાલોનાં ઝૂંપડાં ગામની વાંકીચૂકી ગલીની બંને બાજુએ આવેલાં હોય છે. ત્યાં ડુક્કરો અને મરઘાં ફરતાં જોવામાં આવે છે.

* આ અને હવે પછીનાં પ્રકરણોમાં આપેલી માહિતી મયૂરભંજ સ્ટેટનાં ગામોમાંથી મેળવેલી છે.

દરેક ઝૂંપડામાં બે કે ત્રણ ઓરડા હોય છે. એને ભોંયતળિયે અનાજ સૂકવેલું હોય છે. આ ઝૂંપડાંનો ઓટલો માટીનો હોય છે. તે એકથી ત્રણ હાથ ઊંચો હોય છે. સામાન્ય રીતે આ ઊંચાઈ દોઢ હાથ હોય છે. ઓટલાને કાળા રંગે સુંદર રીતે રંગેલો હોય છે. ઘાસને બાળીને તેને ગાયના છાણમાં ચોળીને આ કાળો રંગ બનાવવામાં આવે છે. આ મકાનોની ભીંતો વાંસ અથવા 'સાલ' વૃક્ષના લાકડાની બનાવવામાં આવે છે. તે બંને બાજુએ માટીથી લીંપેલી હોય છે. છાપરું બનાવવા જે થાંભલા વપરાય છે તે પલાશ અને આસન વૃક્ષોના હોય છે. મુખ્ય પાટડા મજબૂત 'સાલ' વૃક્ષમાંથી બનાવેલા હોય છે. છાપરા નીચેના થાંભલા પણ સાલના હોય છે અને છાપરું સામાન્ય રીતે ડાંગરના પરાળથી છાયેલું હોય છે. આ પરાળનું પડ બેથી ત્રણ ઇંચ જાડું બનાવવામાં આવે છે. અલબત્ત, આ રચનામાં માલિકની આર્થિક સ્થિતિ અનુસાર ફેરફાર થતા હોય છે.

આ મકાનોની લંબાઈ-પહોળાઈ ઓછીવત્તી હોય છે. સામાન્ય પ્રકાર 'એગારા પંચી' (૧૧ × ૫) હાથ કહેવાય છે. બીજા 'બરા પંચી' અને 'તેરા પંચી' કહેવાય છે. પૈસાદાર લોકો 'સાત સતરા' (૭ × ૧૭) હાથનાં માપ રાખે છે. પરંતુ સંથાલો ૬ × ૭ હાથ માપનાં ઘર કદી બનાવતા નથી. આવાં ઘરો અપશુકનિયાળ ગણાય છે.

નીચેના વર્ણનમાં સામાન્ય 'એગારા પંચી' ઘરનો ખ્યાલ આપવામાં આવ્યો છે. મોટે ભાગે લોકો આ નમૂનો પસંદ કરે છે. તેમાં સાલ વૃક્ષના નવ થાંભલા જમીન ઉપર રોપેલા હોય છે. એમાંના ત્રણ મકાનની બંને બાજુએ હોય છે અને ત્રણ ઉપર છાપરું ટેકવેલું હોય છે. આ છાપરાવાળા થાંભલા મધ્યમાં હોય છે. બે બાજુએ રોપેલા થાંભલા 'અનતંગ ખુન્ટી' (બાજુએ આવેલા થાંભલા) કહેવાય છે. તે દરેક ચાર હાથના હોય છે. મધ્યમાં આવેલા થાંભલા 'મુતુલ ખુન્ટી' (મધ્યમાં આવેલા થાંભલા) કહેવાય છે. આવા મકાનનાં છાપરાં બંને બાજુએ ઢાળવાળાં હોય છે.*

સંથાલો મકાનમાં કદી બારીઓ મૂકતા નથી. જો તમે એમને આનું કારણ પૂછો તો તેઓ 'અરે, બોંગા જોયા છે?' એમ જ કહેવાના. મકાન આગળ ચોકી કરવા તેઓ કૂતરો રાખે છે. આ કૂતરાને ઘરના માણસની માફક ખવડાવવામાં આવે છે તથા રાખવામાં આવે છે. કોઈ પણ માણસ ઘર આગળથી પસાર થાય તો એ કૂતરો તેની સામે ભસે છે. તે આખી રાત ચોકી કરે છે. જો મધ્ય રાત્રિએ તમે કોઈ સંથાલને બોલાવો, તો કદાચ તે તમારી સામે તીર તાકશે, કેમ કે એ માનતો હોય છે કે 'બોંગાઓ' માણસનું રૂપ લઈને આવે છે અને લોકોને ભરમાવી લઈ જાય છે.

સંથાલના ઘરની ભીંતો સુંદર હોય છે. એના ઉપર વિવિધ પ્રકારની આકૃતિઓ ચીતરેલી હોય છે. તેમાં સફેદ, પીળા, કાળા, લાલ, કથ્થાઈ એવા રંગો વાપરેલા હોય છે. કેટલીક વાર એમાં ત્રિકોણ અને લંબચોરસ આકૃતિઓ જોવામાં આવે છે, તો કેટલીક વાર સંથાલ લોકોના જીવનનાં દૃશ્યો ચીતરેલાં નજરે પડે છે. એમાં કોઈ દેવીનું ચિત્ર હોય, ગામના લોકોને ઉજાણી ખાતા બતાવ્યા હોય કે સ્ટીમ એન્જિન અને ઍરોપ્લેનનાં ચિત્રો પણ હોય.

* ઉપર સામાન્ય સંથાલ ઝૂંપડાનો ખ્યાલ આપ્યો છે. પરંતુ પૈસાદાર સંથાલો હિંદુઓના જેવાં ઈંટેરી ઘરો પણ બાંધતા હોય છે.



સંથાલો પોતાનું આંગણું અતિશય સ્વચ્છ રાખે છે. એક બંગાળી કહેવત છે કે, 'જો સિંદૂર વેરાય તોપણ ઉપાડી લઈ શકાય' એટલું સ્વચ્છ એ આંગણું હોય છે. કેટલીક વાર આ આંગણા ઉપર સિમેન્ટની છો કરેલી હોય છે. પરંતુ સામાન્ય રીતે તે માટી અને છાણ વડે લીંપેલું હોય છે. આ આંગણાની બાજુએ ડુક્કરના તબેલા અને મરઘાંનો વાડો હોય છે. ઘરમાં પેસતાં પ્રથમ 'ગોહલ' (ગાયની ગમાણ) આવે છે. તેમાંથી ગંધ મારતી હોય છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે સંથાલો હિંદુઓની પેઠે જ ગાયને પૂજે છે અને તેમના લણણીના પ્રથમ ઉત્સવમાં પહેલો વિધિ 'ગોહલ-પૂજા'નો હોય છે. આ પ્રસંગે ગાયોને સિંદૂર લગાડવામાં આવે છે અને પોતાના ઉત્તમ ધન તરીકે તેમને પૂજવામાં આવે છે. એ જ ઓરડામાં ઘાણી અને 'ઢેંકી' (ખાંડણિયો) હોય છે. કેટલાક પૈસાદારોનાં ઘરોમાં રસોડા માટે અલગ મકાન હોય છે. તેમાં મરઘાં પણ રાખવામાં આવે છે. પીવાનું પાણી નજીકના ઝરાઓમાંથી લાવવામાં આવે છે. તે માટીની કોઠીઓમાં ભરી રાખવામાં આવે છે. આ કોઠીઓ આશરે અઢી હાથ ઊંચી હોય છે અને તેમને સહેલાઈથી નજરે પડે એવે સ્થળે મૂકવામાં આવે છે.

## અગ્નિ

અગ્નિ વાપરવાની બાબતમાં એમની કોઈ ખાસ પદ્ધતિ નથી. કેટલાક દીવાસળી વાપરે છે, તો બીજા પડોશીને ત્યાંથી દેવતા લઈ આવે છે. આ દેવતા આખો દિવસ રાખવામાં આવતો નથી. તેઓ જ્યારે જંગલમાં શિકાર કરવા જાય છે ત્યારે જ લાકડું ઘસીને અગ્નિ પેટાવે છે. એમના ચૂલા આશરે એક હાથ ઊંચા હોય છે. તે માટીના બનાવેલા હોય છે. એમનો આકાર ગુજરાતમાં વપરાતી માટીની ચોરસ સગડી જેવો હોય છે.

## ખોરાક

સંથાલોનો મુખ્ય ખોરાક ભાત છે. એમના પડોશીઓ પણ એ જ ખોરાક ખાય છે. પરંતુ સંથાલોના ભાતમાં એવું કંઈક હોય છે જેને લીધે વિટામિનો જળવાઈ રહે છે. આનું કારણ એ છે કે એમના ચોખા તેમણે જાતે હાથે ખાંડેલા હોય છે; તેને હાંલ્લામાં ઓરતાં પહેલાં ધોવામાં આવતા નથી અને રાંધ્યા પછી ઓસાવવામાં આવતા નથી. ભાત ઉપરાંત તેઓ બીજું ગમે તે ખાઈ શકે છે. તે વિશે એક મિશનરીએ સિત્તેર વર્ષ પહેલાં કહેલું કે, 'જ્યાં ઉંદર પણ ભૂખે મરે ત્યાં સંથાલ પોતાનો નિર્વાહ કરી લેશે.' બીજું લોકો એમ પણ કહે છે કે, 'અરે, સંથાલો તો ઍરોપ્લેન સિવાય ગમે તે ઊડતી ચીજ ખાઈ શકે છે અને હોડીઓ સિવાય ગમે તે તરતી ચીજ ખાઈ શકે છે.'

સંથાલો તમામ પ્રકારની માછલીઓ અને કરચલાં ખાય છે. તેમને માંસ બહુ ભાવે છે. માંસ સાચવી રાખવાની તેમની ખાસ પદ્ધતિ હોય છે. ઉત્સવ હોય ત્યારે અથવા મહેમાન આવે ત્યારે તેઓ મરઘાં ખાય છે. તેઓ મુડદાલ માંસ પણ ખાય છે. પરંતુ તે રસોડાની બહાર આવેલા અલગ ઓરડામાં રાંધવામાં આવે છે. એ બતાવે છે કે તેઓ હિંદુઓની માફક મુડદાલ માંસથી અભડાય છે. આ ઉપરાંત, અનેક પ્રકારના કીડા અને જીવડાં (દા.ત. 'કુરકુટી' લાલકીડી, અને 'ઊધઈ' તથા વાઘ, રીંછ, કાગડા, ઉંદર, દેડકાં અને સાપનાં માંસ તેઓ ખાય છે.

સ્વાદિષ્ટ વાનીઓમાં તેઓ જિલ-પીઠા નામની પૂરી બનાવે છે. તેને માટે પ્રથમ તડકે સુકવેલા ચોખાનો આટો બનાવવામાં આવે છે. પછી માંસના નાના નાના ટુકડા મીઠું અને

હળદર ચઢાવીને તેમાં ભેળવવામાં આવે છે. એ માવાને સાલ વૃક્ષનાં પાંદડાં ઉપર મૂકી પાંદડું તેના ઉપર લપેટવામાં આવે છે. આ ભજિયા જેવી બનાવટને ધીકતા અંગારા ઉપર અથવા પેણીમાં મૂકીને શેકવામાં આવે છે. એનો આકાર 'ટીકીઆ' જેવો હોય છે. પીરસતી વખતે તેના નાના નાના ટુકડા બનાવવામાં આવે છે. આ વાનગી જે દિવસે બને તે જ દિવસે ખાવાની હોય છે. બીજે દિવસે તે બગડી જાય છે. બીજી પૂરી તેઓ બનાવે છે. તેને ચોર-પીઠા કહે છે, કેમ કે જ્યારે એને તળે છે ત્યારે તે અમુક જાતનો અવાજ કરે છે. આ વાનગી બનાવવા માટે ચોખાના લોટમાં પાણી રેડી, તેનું ખીરું બનાવી, પૂડાની માફક મહુડાના તેલમાં તેને તળવામાં આવે છે. ત્રીજી પૂરીને ડમ્બુ-પીઠા કહે છે. તે ચોખાનો લોટ, ગોળ અને મીઠાની બને છે. એનો આકાર ઈંડા જેવો હોય છે.

સંથાલો અનેક પ્રકારનાં પાંદડાં ખાય છે. તેમાં સીન આરાક, પુરાઈ આરાક, કેડોક આરાક, માથા આરાક અને મુંગા આરાક મુખ્ય છે. આ પાંદડાંને પાણીમાં બાફવામાં આવે છે અને તેમાં મીઠું નાખી ખાવામાં આવે છે. કોઈક વાર તે મહુડાના તેલમાં તળવામાં આવે છે. સંથાલોને બંગાળીઓની માફક સરસવનું તેલ ભાવતું નથી. વળી તેઓ વિવિધ પ્રકારનાં ફૂલો ખાય છે. દા. ત. મહુડાં. આ ફૂલો તેઓ મહુડાના તેલમાં તળે છે અથવા પાણીમાં બાફે છે. એમાં તેઓ મસાલા નાખતા નથી, હળદર પણ નહીં; જોકે લસણ, ડુંગળી અને પીપર નાખે છે.

વાંસના તાજા અંકુરોમાંથી બનાવેલી 'હાડુંઆ' નામની વાની સંથાલોને બહુ ભાવે છે. વાંસના અંકુર જમીનથી એકાદ ફૂટ ઊંચા થાય ત્યારે તેને ઉપાડી લઈ ઘેર લઈ જવામાં આવે છે. પછી તેના પાતળા ટુકડા કરવામાં આવે છે અને 'ઢેંકી'માં ખાંડી એક જાતનો આટો તૈયાર કરવામાં આવે છે. આ આટો એક વાસણમાં મૂકી તેને બંધ કરી ત્રણ દિવસ રાખી મૂકવામાં આવે છે. પછી તેને બહાર કાઢી એક સપાટ પથરા ઉપર પાથરી સૂકવવામાં આવે છે. એને 'હાંડુઆ' કહે છે. તે 'ઉટુ' (અથાણું) અને 'ભરતું' બનાવવામાં વપરાય છે.

સંથાલો અનેક ફળ ખાય છે. તેમાં નીચેનાં મુખ્ય છે: 'કેરા', મહુડાં, ફણસ, અંજીર, વડના ટેટા, ટીમરું, ચારોળી અને કાકડી ઈત્યાદિ.

ભોજનની સ્વાદિષ્ટ વાનીઓ તરીકે પણ ફળ વપરાય છે અને કાચી કેરી, આમલી અને મહુડાનાં ફળની છાલને પાણીમાં ઉકાળી તેમાં મીઠું-હળદર નાખી ચટણી-મુરબ્બા તરીકે પીરસવામાં આવે છે.

સંથાલો મહુડાનું તેલ રાંધવામાં વાપરે છે એનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. આ તેલ તેઓ શરીરે પણ ચોળે છે. પણ તે નાહ્યા પછી; હિંદુઓની માફક નાહ્યા પહેલાં નહીં. દુનિયાના બીજા ઘણા લોકોની પેઠે તેઓ તમાકુ પીવાની મોજ માણે છે. 'પુંગી' નામની એમની બીડીનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. એને સંથાલ પરગણામાં 'ચૂટી' કહે છે. માત્ર પુરુષો જ બીડી પીએ છે. સ્ત્રીઓ કોઈક જ વખત પીએ છે. પરંતુ ચૂનો ભેળવીને બનાવેલી કાચી તમાકુ – જેને હિંદીમાં 'ખોયણી' કહે છે તે – પુરુષો અને સ્ત્રીઓ બંને ખાય છે.



સંથાલો ગાયો, ભેંસો, ઘેટાં અને બકરાં રાખે છે. એમના આંગણામાં પેસતાં જ આ ઢોરો નજરે પડે છે. તે ઉપરાંત ડુક્કરો, હંસ અને મરઘાંના અવાજ ત્યાં સંભળાતા હોય છે. છાપરામાં માટીનાં હાંલ્લાં લટકાવી તેમાં કબૂતર રાખવામાં આવે છે. તે અહીંતહીં ઊડતાં જોવા મળે છે.

## શરાબ

સંથાલો શરાબના ખાસ શોખીન છે. એમના શરાબને 'હાંડિયા' કહે છે. તે એક પ્રકારનો ચોખાનો આસવ છે. 'કાં તો હાંડિયા આપો, નહીં તો મરણ આપો' એવી ઉક્તિ તેમનામાં પ્રચલિત છે. એમના કેટલાક દેવો અને ભૂતોને 'હાંડિયા'નો ભોગ ધરાવવાનું ફરજિયાત હોય છે અને સામાજિક પ્રસંગોએ 'હાંડિયા' ભરેલાં માટલાં ભેટ આપવાનો રિવાજ છે.

'હાંડિયા' બનાવવાની રીત આવી છે: તડકે સૂકવેલા ચોખાને પહેલાં દળવામાં આવે છે. પછી તે લોટને 'રાણુ' નામના મૂળિયાના લોટ સાથે ભેળવવામાં આવે છે. એના નાના નાના ગોળા વાળવામાં આવે છે. પછી ચોખાનો ભાત રાંધી તેને સૂકવવામાં આવે છે. ગોળા વાટી નાખી સૂકવેલા ભાતમાં ભેળવી દેવામાં આવે છે. આ રીતે તૈયાર થયેલા મિશ્રણને મોટા માટીના વાસણમાં રાખવામાં આવે છે. એ વાસણ ઉપર સાલ વૃક્ષનાં પાંદડાં ઢાંકી, એને ત્રણ-ચાર દિવસ રાખી મૂકવામાં આવે છે. એ દરમિયાન પેલો ભાત સારી રીતે આથાય છે. પછી એ ભાતને વાંસની ચાળણીમાં નાખી 'પાલા' નામની વનસ્પતિ વડે હાથથી દબાવવામાં આવે છે. એટલે તેમાંથી આસવ નીકળે છે. તે વાસણમાં ઝીલી લેવામાં આવે છે. આ આસવ પડિયામાં પિવાય છે.

## ઘરવખરી

સંથાલના ઘરમાં ટેબલ-ખુરશી જેવું આધુનિક રાચરચીલું ન હોય એ સ્વાભાવિક છે. એના ઘરમાં મુખ્યત્વે તાડની બનાવેલી સાદડી જોવામાં આવે છે. એને 'પાટિયા' કહે છે. આ સાદડી ભોંય ઉપર પાથરી તેના ઉપર એ લોકો સૂઈ જાય છે. સારી સ્થિતિના સંથાલો 'પારકોમ' નામના દોરીવાળા ખાટલામાં સૂએ છે. ત્યાંના બિનસંથાલ લોકો (ઠેકો લોકો) એને 'ખટિયા' કહે છે.

સંથાલો તુંબડામાંથી 'બાકા' નામના ચાટવા બનાવે છે. તે વિવિધ કદના હોય છે અને રસોડામાં કડછી કે ચમચાની ગરજ સારે છે. 'કાટકોમ' અને 'ખોલકા' નામના સાલ વૃક્ષનાં પાંદડાં સીવીને બનાવેલાં વિવિધ પ્રકારનાં વાસણો સંથાલો વાપરે છે. ગુજરાતમાં વપરાતાં પતરાળાં-પડિયા જેવાં એ હોય છે. તેમાં તેઓ ખાવાનું પીરસે છે. પાંદડાં સીવીને વિવિધ ચીજો બનાવવાનો ઉદ્યોગ ત્યાં ખૂબ ખીલેલો છે. વરસાદમાં ઓઢવા માટે છત્રી પણ પાંદડાં સીવીને બનાવવામાં આવે છે. એને 'ઘુંગુ' કહે છે. તે 'સિયારી' નામના ઝાડના પાંદડાંની બને છે. સિયારી ઊડિયા ભાષાનો શબ્દ છે. સંથાલો એને 'જમલાર સકમ' કહે છે.

ડાંગર ખાંડવા માટે ખાંડણિયો રાખવામાં આવે છે. તે સાલ વૃક્ષના લાકડામાંથી બનાવવામાં આવે છે. ખાંડણિયામાં ડાંગર નાખી સાંબેલા વડે ખાંડવામાં આવે છે. સાંબેલાને એ લોકો 'તુક' કહે છે. ખાંડવાના બીજા સાધનને 'ઢેંકી' કહે છે. ગુજરાતમાં પૌંઆ ખાંડવા વપરાય છે તેવું આ સાધન હોય છે. તે સાલ વૃક્ષના લાકડાનું બને છે.

સંથાલના ઘરમાં વિવિધ આકાર અને કદની વાંસની ટોપલીઓ જોવામાં આવે છે. એમાંની 'ઉડુલી' નામની ટોપલી બજારમાં અથવા ખેતરમાં માલ ભરીને લઈ જવા વપરાય છે. એમના સૂપડાને 'હાટા' કહે છે. અને ડાંગર માપવા માટે તેઓ 'ગૌણી' નામની ટોપલી વાપરે છે. 'કાંચો' નામના ઘાસના સરિયા ગૂંથીને તેઓ સુંદર સાવરણા બનાવે છે. 'કાંચો'ને સંથાલીમાં 'ખરંગ' કહે છે.

## ઉદ્યોગ

સંથાલો પોતાનાં કપડાં બીજા પાસે વણાવે છે. એટલે એમના ઘરમાં કાંતવા-વણવાનો ઉદ્યોગ હોતો નથી. તેમ છતાં એમનાં ઘણાંખરાં ઘરોમાં ચરખો અને પીંજણ જોવા મળે છે. એનો અર્થ એ થાય કે કાંતવા-વણવાનો ઉદ્યોગ પહેલાં એમનામાં હશે, પરંતુ હવે તે બંધ પડયો છે. કાંતવાના સાધનને તેઓ પણ ચરખા કહે છે. તે ભારતમાં અન્યત્ર જોવા મળતા ચરખા જેવો જ હોય છે. ફેર એટલો છે કે જે પાટલી ઉપર ચરખાનાં પૈડાં બેસાડેલાં હોય છે તેની મધ્યમાં તેઓ 'ચરખાબહા' નામનો પથ્થર મૂકે છે.

કાંતવા માટે 'ઢેરા' નામનું બીજું સાધન વપરાય છે. તે તકલી જેવું હોય છે. પીંજવાના સાધનને તેઓ 'ચરખી' કહે છે. તે ભારતમાં અન્યત્ર હોય છે એવું જ હોય છે. ઝૂંપડાના છાપરા ઉપર પાથરવા ઘાસને સીવવું પડે છે. તેને માટે 'ચૂચી' નામની વાંસની સોય રાખવામાં આવે છે. 'સબાઈ' નામના ઘાસના રેસા પાણીમાં પલાળી તેનાં દોરડાં બનાવવામાં આવે છે. આ રેસાને 'બાક્કોમ' કહે છે. દોરડાં બનાવવા શણ પણ વપરાય છે.

માલ વહન કરવા માટે 'સિકુઆર મરન' નામનું સાધન વપરાય છે. તે કાવડ જેવું હોય છે. એક વાંસને બે છેડે શીકાં લટકાવવામાં આવે છે. આ શીકાં શણનાં દોરડાં વડે વાંસને છેડે બાંધેલાં હોય છે. આ રીતે બનેલી કાવડને ખભે મૂકીને તેઓ લઈ જાય છે. પુરુષો જ એ વાપરે છે. સ્ત્રીઓ બજારમાં જાય કે મુસાફરીએ જાય ત્યારે પોતાનો સામાન મૂકવા ટોપલી વાપરે છે. કેટલીક વાર તેઓ શીશાઓ માથે મૂકીને એવી સિફતથી લઈ જાય છે કે નવાઈ લાગે.

## સંથાલોની રહેણીકરણી

### પહેરવેશ

સંથાલ સ્ત્રીઓ હવે સામાન્ય રીતે કિનારીવાળી 'સાડીઓ' પહેરે છે. તે ઓછામાં ઓછી સાત હાથ લાંબી હોય છે. આ સાડીનો અર્ધો ભાગ કમરે બાંધવામાં આવે છે. તેનાથી શરીરનો વચલો ભાગ ઢંકાય છે. બાકીનો અર્ધો ભાગ ડાબા ખભા ઉપર વીંટાળવામાં આવે છે અને તે આગળના ભાગમાં લટકતો રહે છે. તેથી શરીરનો ઉપલો ભાગ ઢંકાય છે. આ સ્ત્રીઓ માથું ઢાંકતી નથી. એમને માથે કાળા ભમ્મર વાળ હોય છે. તે સારી રીતે ઓળેલા હોય છે. પાછળ સુંદર અંબોડો વાળવામાં આવે છે. અંબોડાને વિવિધ રંગનાં ફૂલોથી શણગારવામાં આવે છે. ઘણી વાર એમાં લાલ રેશમ ખોસવામાં આવે છે.

સંથાલ પરગણામાં પુરુષો કપડાનો એક ટૂંકો કટકો કમરે બાંધે છે. મયૂરભંજમાં તેઓ 'પંચી' નામની લંગોટી ઘરમાં પહેરે છે. પરંતુ બહાર જતી વખતે તેઓ પાંચ હાથ લાંબું અને દોઢ હાથ પહોળું 'કુટચા' નામનું જાડું કપડું પહેરે છે. આ કાપડ કેટલીક વાર ઘેર વણવામાં આવે છે.



### શણગાર

જગતની બધી સ્ત્રીઓની પેઠે સંથાલ સ્ત્રીઓને પણ શણગારનો શોખ હોય છે. તેઓ માથામાં અને કાનમાં વિવિધ પ્રકારનાં ફૂલો ખોસે છે પરંતુ જેમની પાસે પૈસા હોય તે તો અનેક જાતનાં ઘરેણાં પહેરે છે.

સંથાલ નારીનું મુખ્ય આભૂષણ પિત્તળનું હોય છે. પરંતુ અત્યારે ઘણી વાર નિકલ અને ચાંદી વપરાય છે. પગના આભૂષણને 'પૈના' કહે છે. તેની એક જોડનું વજન અઢી શેર (પાકા) થાય છે. તે ગુજરાતમાં વપરાતાં કલ્લાં જેવું હોય છે. તે સિવાય પગની આંગળીઓએ 'ખારવા' નામનું ગોળ આભૂષણ પહેરવામાં આવે છે. તેની એક જોડનું વજન એક શેર જેટલું હોય છે. આ આભૂષણમાં અંગૂઠે પહેરવાની વીંટીઓ હોય છે. આમ, સંથાલ નારીનાં આભૂષણ ઘણાં વજનદાર હોય છે. એમનું એકંદર વજન ૩૪ રતલ થાય છે એવો અંદાજ છે.

સંથાલ સ્ત્રીઓ કાંડા ઉપર 'ફોરા સાકોમ' નામનું કંકણ પહેરે છે. (ફોરા = માટી) હાથ ઉપર 'ટાડ' નામના બાજુબંધ પહેરે છે અને વિવિધ પ્રકારની વીંટીઓ પહેરે છે. એક વીંટીને 'ટાકામુડમ' કહે છે. તેના ઉપલા ભાગ ઉપર રૂપિયો ચોંટાડેલો હોય છે. બીજીનું નામ 'ટુકીમુડમ' છે. તેના ઉપર કાણાં કાણાંવાળું કોતરકામ કરેલું હોય છે. કેટલીક પૈસાદાર સ્ત્રીઓ માથામાં 'ઝીપઝીપી' નામનું આભૂષણ પહેરે છે. તે ઈરાની ટોપીના ફૂમતાના આકારનું ચાંદીનું હોય છે. તેને છેડે ચંદ્ર લટકતો હોય છે. સ્ત્રીઓની કમરે પહેરવાના ઘરેણાને 'ડંડા ઝીંઝીર' કહે છે. તે ત્રણ સેરોના કંદોરા જેવું હોય છે. એની મધ્યમાં બકલ જેવું ચકતું હોય છે. તે સાડી ઉપર પાછળના ભાગમાં પહેરવામાં આવે છે. કાનના ઘરેણાને 'ઝીંકા' કહે છે. તે દોઢેક ઇંચના ઘેરાવાવાળું, લોળિયા જેવું હોય છે. આ ઘરેણું કાનની બુટ્ટી ઉપર પહેરાય છે. કાનના ઉપલા ભાગમાં ખુટલા નામનું ઘરેણું પહેરાય છે. તેમાંથી ચાંદીની પાંચ સેરો લટકે છે. ગળામાં પહેરવાના ઘરેણાને 'હંસુલી' કહે છે.

### હથિયારો

સંથાલોએ સૈકાઓ સુધી શિકાર કરેલો છે. એટલે સ્વાભાવિક રીતે જ એમની પાસે અનેક પ્રકારનાં હથિયારો હોય છે. પક્ષીઓનો શિકાર કરવા તેઓ ધનુષ વાપરે છે. આ ધનુષ આશરે ત્રણ હાથ લાંબું હોય છે. તે વાંસનું બનાવવામાં આવે છે. એની પણછ પણ વાંસની હોય છે. એને માટેનું તીર 'ડુલચાર' નામના રાડાનું બને છે. એના ઉપર વાંસનું ઠૂંઠું લગાડવામાં આવે છે. તે તીરના મથાળાની ગરજ સારે છે. એના વડે પક્ષીઓ મરાય છે. બાણને બીજે છેડે એક પીછું ખોસવામાં આવે છે. તે તીરની ગતિનું નિયમન કરે છે. જ્યારે પશુઓનો શિકાર કરવો હોય ત્યારે એ લોકો લોખંડના મથાળાવાળાં તીર વાપરે છે. મોટાં પ્રાણીઓના શિકાર કરવા 'તંગી' નામની ફરસી અને 'બોરોલેમ' નામનો ભાલો વપરાય છે. ભાલો પાંચ ફૂટ લાંબા નક્કર વાંસ ઉપર બેસાડેલો હોય છે. તેને ત્રણ પાંખો હોય છે.

### સંગીત વાદ્યો

સંથાલો સંગીતના શોખીન છે. તેઓ વિવિધ પ્રકારનાં વાદ્યો વાપરે છે. રસ્તે જતાં વાંસળી વગાડતા તેઓ ઘણી વાર જોવામાં આવે છે. એમનાં નગારાં ઘણાં મોટાં હોય છે. એમનું વજન વીસથી ત્રીસ શેર જેટલું હોય છે. નગારાને તેઓ 'તામા' કહે છે. આ 'તામા' એક માણસ

પોતાને ગળે લટકાવીને વગાડે છે. એ દોઢેક હાથ ઊંચું હોય છે. અને તેનો ઘેરાવો પાંચેક હાથ હોય છે. સંથાલોના ત્રીજા વાદ્યને 'બુઆન' કહે છે. તે આપણા ભરથરીની સારંગી જેવું હોય છે. પોલા તુંબડાને અર્ધું કાપી તેના ઉપર વાંસનો નાનો કકડો બેસાડવામાં આવે છે. એના ઉપર ઢોરનાં આંતરડાંના બનાવેલા તંતુઓ બાંધેલા હોય છે. પોલું તુંબડું પેટ તરફ રાખી એ તંતુઓ ઉપર એક લાકડી ફેરવી સંગીત બજાવાય છે. બીજા એક વાદ્યનું નામ 'સોગો' છે. વાંસના એક ટુકડાને ચીરીને બને એટલી ચીપાટો કરવામાં આવે છે. એક છેડો હાથમાં પકડાય એવો રાખવામાં આવે છે. એને ચીરતા નથી. પછી એક ખાંચાવાળી લાકડી પેલી ચીપાટો વચ્ચે ખોસી તેને આઘીપાછી કરવામાં આવે છે. એટલે એમાંથી સંગીત નીકળે છે.

### સંથાલોની આર્થિક સ્થિતિ

સંથાલો અત્યંત ગરીબ હોય છે. એમની ખેતીની આવક મહિને રૂ. ૫થી ૬ જેટલી હોય છે. નવરાશને વખતે મજૂરી કરે તો રૂ. ૩નો ઉમેરો થાય છે. પરંતુ અર્ધી વસ્તી દેવાદાર છે અને ઘણા તો કમાવા માટે ચાના બગીચામાં જાય છે. ભરણપોષણની ચિંતા તેમને કાયમ સતાવતી હોય છે. એમાંથી બચવા તેઓ માદક પીણાં પીએ છે. તેઓ કેવળ ખેતી ઉપર નભે છે. એ ખેતી પણ અત્યંત અણઘડ પ્રકારની છે. તેઓ બીજો કોઈ ઉદ્યોગ જાણતા નથી. એટલું ખરું કે મૂળ તેઓ ભટકતી જાતિ હતા, તેને બદલે હવે સ્થિર થયા છે. પરંતુ બીજી રીતે તો તેઓ આદિમ દશામાં જ છે.

## ૪. સંથાલોનું સામાજિક બંધારણ

### શ્રમવિભાજન

સંથાલ જીવનપદ્ધતિમાં કેટલાંક કામો સ્ત્રીપુરુષો સાથે રહીને કરે છે. કેટલાંક પુરુષો એકલા કરે છે અને કેટલાંક કામો સ્ત્રીઓ એકલી કરે છે. કેટલાંક કામો કરવાનો સ્ત્રીઓને નિષેધ હોય છે.

દા. ત. શિકારે જવું, માછલાં પકડવાં, ફળ વીણવાં, ખાદ્ય પાંદડાં વીણવાં, ખેતરમાં ધરુ રોપવું, માટી ભાંગવી અને અનાજ લણવું — આ કામો પુરુષો અને સ્ત્રીઓ સાથે રહીને કરે છે. પરંતુ તે સિવાયનાં કામોમાં શ્રમનું વિભાજન કરેલું છે. સ્ત્રીઓ બી વાવી શકે નહીં, પણ અનાજ ખાંડવું એ એમનું કામ ગણાય છે. કોઈ પણ પુરુષ ખાંડવાનું કામ કરી શકે નહીં — સિવાય કે એને ઘેર સ્ત્રી ન હોય. એ જ રીતે હળ ચલાવવું એ પુરુષનો અધિકાર છે, સ્ત્રીઓને એનો નિષેધ છે. જો આ રિવાજનો ભંગ થાય તો દંડ કરવામાં આવે છે અને આખી કોમે શુદ્ધિનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

લગ્નજીવનમાં સ્ત્રીપુરુષના હક સરખા હોય છે. તેમ છતાં સ્ત્રી પુરુષ કરતાં ઓછા હક ભોગવે છે. તે ઘરનાં બધાંને જમાડ્યા પછી છેલ્લી જમે છે અને પુરુષ કરતાં વધારે કામ કરે છે. ઘર બાંધવામાં એકલા પુરુષોએ જ કામ કરવાનું હોય છે. જો કોઈ સ્ત્રી છાપરા ઉપર બેસે તો તેનો સામાજિક બહિષ્કાર પોકારવામાં આવે છે. ભગવાન 'ધોરોમ'(ધરમ)ની પૂજા કરે તો જ આ પાપમાંથી છૂટી શકાય છે. કોઈ મરી જાય ત્યારે તેની સ્મશાનયાત્રામાં સ્ત્રીઓ ગામની ભાગોળ સુધી જ જઈ શકે છે.



ગરમીના દિવસોમાં જ્યારે બધા લોકો ઘરમાં ભરાઈ જાય ત્યારે પણ સ્ત્રીઓ પોતાના કામને વળગી રહે છે. તે એટલી બધી નિયમિત હોય છે કે જો કામે ચડવાનો સમય સવારના સાત વાગ્યાનો હોય અને અર્ધો કલાક મોડું થઈ જાય તો તે કામે જતી નથી. તમે એને આગ્રહ કરો કે મોડું થયું તેમાં કાંઈ વાંધો નહિ તો તે શાંતિથી કહેશે, 'બાન' (એટલે 'ના').

### સંથાલ જાતિનાં ગોત્રો (Clans)

આગાઉ જોઈ ગયા કે સંથાલો બાર શાખાઓમાં વહેંચાઈ ગયા છે. આ શાખાઓને હવે આપણે ગોત્ર કહીશું. એમનાં નામ જુદા જુદા લેખકો જુદાં જુદાં આપે છે. તે પૈકી એક યાદી નીચે પ્રમાણે છે: હંસડક, મુર્મુ, કિસ્કુ, હેમ્બ્રોમ, મારંડી, સોરેન, ટુડુ, બાસ્કે, બેસરા, પાઉન્ટ્રીઆ, કોનરેન, ગોડવાર. આ નામો કેવી રીતે પડ્યાં તે વિશે વિવિધ વાતો સંભળાય છે. પરંતુ કેટલાકના અર્થ સહેલાઈથી સમજાય તેવા છે. દા. ત. 'હંસડક'માં 'હંસ' એટલે હંસ અને 'ડક' એટલે પાણી થાય છે. 'હેમબ્રોમ'નો અર્થ સોપારી થાય છે. 'મુર્મુ'નો અર્થ નીલ ગાય થાય છે. 'મારંડી'નો અર્થ વંડારમાં ઊગતું એક જાતનું ઘાસ થાય છે અને 'સોરેન'નો અર્થ કૃતિકા નક્ષત્ર થાય છે.

આ તમામ ગોત્રો બહિર્લગ્નની પ્રથાને અનુસરે છે. એટલે કે તેઓ પોતાના ગોત્રની બહાર લગ્ન કરે છે. અજાણતાં વ્યભિચાર થઈ જાય નહીં તે માટે પોતાને ઓળખાવવા માટે તેઓ અમુક સંકેત શબ્દો વાપરે છે. આ સંકેત શબ્દોને દરેક ગોત્રના મૂળ વતન સાથે સંબંધ છે.

બીજું, આ ગોત્રના લોકો પોતાને માટે ગોત્રચિહ્ન (totem) વાપરે છે. તેઓ માને છે કે તેમની અને કુદરતની કોઈક ચીજ અથવા કોઈ પશુ, પક્ષી, છોડ કે ઘાસ વચ્ચે અમુક સંબંધ છે. દા. ત. મુર્મુઓ નીલ ગાયને પવિત્ર માને છે, 'હંસડકો' બતકને પવિત્ર માને છે, 'મારંડી'-ઓ' જો 'મારંડી' ઘાસને કાપે તો તેને નમસ્કાર કરે છે. નિયમ એવો છે કે એક જ ગોત્ર-ચિહ્નવાળો માણસ જે ચીજ ઉપરથી એના ગોત્રનું નામ પડયું હોય તેને મારશે નહીં કે ઈજા કરશે નહીં અને પોતાના જ ગોત્રમાં લગ્ન થાય તેને સાંખી લેશે નહીં. પરંતુ કેટલાંક ગોત્રચિહ્નોનાં નામ ખોરાકની ચીજો ઉપરથી પડેલાં છે અને ગોત્રોના પેટાવિભાગો પડી ગયેલા છે. એટલે આ જૂના રિવાજોનું કડકાઈથી પાલન થઈ શકતું નથી.

જેમ પોતાને ઓળખાવવા સંથાલો સંકેત શબ્દો વાપરે છે તેમ અમુક નિશાનીઓ પણ વાપરે છે. એમની પાસે લેખિત ભાષા નહીં હોવાથી તેઓ દસ્તાવેજોમાં સહી કરવા આ નિશાની-ઓનો ઉપયોગ કરે છે. વળી તેમનાં ઢોર ઉપર આ નિશાનીઓ કોતરવામાં આવે છે. તે ઉપરથી તેમનાં ઢોર ઓળખાય છે.

સંથાલ-ગોત્ર, પેટા-ગોત્રોમાં સ્તરરચના નથી. તેઓ પોતાની કોમની અંદર ગમે તેની સાથે ભોજન લે છે અને રિવાજથી ઠરેલા ક્રમને સાચવીને પોતાની જ કોમમાં ગમે તેને પરણી શકે છે. પરંતુ બિન-સંથાલોનું પાણી કે ભોજન લેવાનો તેમનો રિવાજ નથી.

## ૫. સંથાલોમાં સગાઈસંબંધો

આપણે આગાઉ જોઈ ગયા કે સંથાલોમાં ગોત્ર બહિર્લગ્નની પ્રથા છે. આ પ્રથા કેવી રીતે કામ કરે છે તે સમજવા એમના સગાઈસંબંધોની વિગતો જોવી પડશે.

લગ્નના હેતુ માટે સંથાલ કોમના બે ભાગ પાડવામાં આવે છે. તેમને **જાતિયા પેરા** અને **બંધુ પેરા** કહે છે. **જાતિયા પેરા** એટલે એક જ લોહીના સંબંધવાળા. આ જૂથમાં અંદર અંદર લગ્ન થઈ શકતું નથી. **બંધુ પેરા** એટલે જેની સાથે લગ્ન થઈ શકે તેવા ગોત્રના લોકો. દરેક ગોત્ર પોતાને માટે આ રીતે બે વિભાગ પાડી રાખે છે અને અમુક નિયમોને આધીન રહીને પોતાના કરતાં બીજા વિભાગ સાથે લગ્ન કરે છે.

વિવિધ સંથાલ-ગોત્રોને તેમની પોતાની **ગાદી** (original seat) હોય છે. જો એવું બને કે એક સંથાલની ગાદી બીજા સંથાલની ગાદી જેવી જ હોય, તો એ સંથાલ પોતાના સગા કરતાં ગોત્રને વધુ પસંદગી આપશે. આમ એક જ ગોત્રના **જાતિયા પેરાઓ**નો એકબીજા સાથેનો સંબંધ ઘણો મજબૂત હોય છે. એમનામાં કોઈ મરણ થાય તો આખા ગોત્રના લોકો સૂતક પાળે છે. આમ સંથાલોમાં ગોત્રનું મહત્ત્વ વધારે છે.

બાપનું ગોત્રનામ દીકરાને વારસામાં મળે છે અને દીકરો બાપ સાથે હકથી રહે છે. બાપ એનાં બાળકોનો સ્વાભાવિક વાલી ગણાય છે. બાપના વંશ ઉપરથી પેઢીઓ ગણાય છે. સંથાલ સ્રીને કાયદેસર કશો હક હોતો નથી. સ્રી તો ખરીદવામાં આવે છે અને પુરુષના કુટુંબમાં એનો દરજ્જો ઘરવખરી જેટલો જ હોય છે.

સિદ્ધાંતમાં એવું છે કે સંથાલો એમના **બંધુ પેરા** વિભાગમાં ગમે તેની સાથે પરણી શકે છે. તેમ છતાં એમાં ઘણા પ્રતિબંધો છે. દા. ત. એમનામાં મામા-ફોઈનાં સંતાનો લગ્ન કરી શકતાં નથી. બે બહેનોનાં બાળકો જુદા ગોત્રનાં હોય તોપણ લગ્ન કરી શકતાં નથી. આ રીતે સગાઈસંબંધોના પ્રતિબંધો સંથાલોનાં લગ્નોમાં અગત્યનો ભાગ ભજવે છે.

## સગાઈસૂચક શબ્દો

સંથાલોમાં વપરાતા સગાઈસૂચક શબ્દોના થોડા નમૂના નીચે આપ્યા છે:

| **ગુજરાતી શબ્દ** | **સગાઈસંબંધ સંદર્ભ શબ્દ** | **સગાઈસંબંધ સંબોધન શબ્દ** |
|---|---|---|
| બાપ | અપ્પા, બાબા | બાબા, એ બા |
| મા | એન્ગા, આવો | આવો |
| નાના કાકા | હુડીન અપ્પા, હુડીન બાબા | એ હુડીન બાબા |
| નાની કાકી | હુડીન એંગા, હુડીન આવો | એ હુડીન આવો |
| પતિ | મનવીએન, ફેરેલ | એ ફલાણાના બાપ |
| પત્ની, વહુ | બાદ, એરા | એ ફલાણાની મા |
| પુરુષના મોટાભાઈની વહુ | હીલી | એ હીલી |
| મોટા કાકા | મારાન અપ્પા મારાન બાબા | એ મારાન બાબા |
| મોટીમાસીનો પતિ (મોટા માસો) | મારાન અપ્પા મારાન બાબા | એ નારાન બાબા |
| નાની સાળીનો છોકરો | ગુગુ | એ ગુગુ |



## કેટલાક સગાઓના હકો અને ફરજો

સંથાલોમાં સગાઈસંબંધોની યોજના કેવી છે તે સમજવા માટે કેટલાક સગાઓના હકો અને ફરજો તથા તેમના એકબીજા પ્રત્યેના વ્યવહારની વિગતો જોઈએ.

### ૧. બાપ

સંથાલો પોતાના બાપને બહુ માન આપે છે. દીકરો સામાન્ય રીતે બાપની આજ્ઞા માને છે અને બાપદીકરા વચ્ચે ઝઘડા ભાગ્યે જ થાય છે. તેઓ પોતાના પૂર્વજોને પૂજે છે. તે ઉપરથી પણ બાપનું મહત્ત્વ સમજાય છે. બાળકના જન્મ પછી સૂતક કાઢવા માટે 'ચાટિયાર' નામનો વિધિ કરવામાં આવે છે. તેમાં સ્નાન કરતાં પહેલાં સગાંસંબંધીઓએ શરીરે તેલ ચોળવાનું હોય છે. આ તેલ ઘેરથી લઈ જવાનું કામ બાપે કરવાનું હોય છે. બાળકના બાપ સિવાય આ ફરજ કોઈથી બજાવી શકાતી નથી. એમાં પણ બાપનું મહત્ત્વ જોઈ શકાય છે.

### ૨. જ્યેષ્ઠ પુત્ર

બાપ મરી જાય ત્યારે તેને આગ મૂકવાની ફરજ જ્યેષ્ઠ પુત્રની ગણાય છે.

### ૩. પિતરાઈઓ (ભાયાતો)

લગ્ન અને મરણોત્તર વિધિઓ પ્રસંગે ભાયાતો(પિતરાઈઓ)એ એકઠા થવાનું હોય છે. આ પ્રસંગે તેઓ હાંડિયા અને કપડાંની ભેટ આપે છે અને તેના બદલામાં તેમને ભોજન આપવામાં આવે છે.

### ૪. મામા

ધાર્મિક વિધિઓ વખતે જો બાપ અથવા ભાઈઓ મરણ પામેલા હોય તો ઘરના વાલીનું સ્થાન મામો લે છે. આ રીતે કુટુંબમાં બાપનું સ્થાન પહેલું, પિતરાઈ કાકાનું બીજું અને મામાનું ત્રીજું આવે છે. લગ્ન પ્રસંગે જો બાપ હયાત ન હોય તો મામાને 'મામાપોન' (મામાને આપવાનું દાપું) કન્યા તરફથી મળે છે.

### ૫. જમાઈ

કેટલીક પૂજાવિધિઓ વખતે કુટુંબનો જમાઈ બકરાનો બલિ આપે છે અને લગ્ન દરમિયાન તે કન્યાની દાઉરા (છાબડી)* ઊંચકે છે.

સગાંઓના પરસ્પર વર્તાવની બાબતમાં સંથાલો અને હિંદુઓમાં ઝાઝો તફાવત નથી. દા. ત. તેઓ હિંદુઓની માફક જ માતાને માન આપે છે. ભાઈઓ એકબીજા પ્રત્યે મિત્રભાવે અને ભ્રાતૃભાવે વર્તે છે, અને બહેનો સાથે સ્નેહભર્યો વર્તાવ દાખવવામાં આવે છે. સ્રી પોતાના પતિને પોતાના સ્વામીની માફક માન આપે છે. આને માટે તેમનામાં એક લોકગીત છે. તેનો અર્થ એવો થાય છે કે માતાપિતા તો દેવ જેવાં છે. પણ પતિની તોલે કોણ આવશે? સુખ-દુ:ખમાં મારો પતિ હંમેશાં મારી સાથે રહે છે. મારું જીવન સંપૂર્ણ રીતે મારા પતિ ઉપર અવલંબે છે.

* બાહુ દાઉરા = મોટી છાબડી. કન્યાને એનો વર સિંદૂરનો ચાંલ્લો કરે તે વખતે આ છાબડીમાં કન્યાને બેસાડી છાબડી ખભા સુધી ઊંચી કરવામાં આવે છે. આ પ્રસંગ માટે ખાસ છાબડી બનાવવામાં આવે છે.

## લગ્ન અંગે પ્રતિબંધો

સામાન્ય રીતે સંથાલો પોતાના ગોત્રમાં લગ્ન કરતા નથી. પોતાના ગોત્ર સિવાય બીજા ગમે તે ગોત્રમાં તેઓ લગ્ન કરી શકે છે. પરંતુ આ નિયમને ઘણા અપવાદ છે. દા. ત. તેઓ પોતાની માતાના ગોત્રમાં લગ્ન કરી શકે છે. પરંતુ એમાં હાલ ત્રણ પેઢી સુધીનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે.

લગ્નોનું નિયમન કરવા માટે સંથાલ પુરુષનાં સગાં અને તેની પત્ની તરફનાં સગાંના ત્રણ વર્ગ પાડી શકાય:

(૧) પિતરાઈઓ.

(૨) સ્ત્રી અને તેના પતિના મોટા ભાઈઓ, અથવા પતિના પિતા અને કાકાઓ; અને પુરુષ અને તેની પત્નીની મોટી બહેનો અથવા મોટી પિતરાઈ બહેનો; અને પત્નીની માતા તથા કાકી.

(૩) મામા-ફોઈનાં સંતાનો અને ઉપર (૨) સિવાયના બિન-પિતરાઈઓ.

સામાન્ય રીતે સંથાલજૂથ (૩)માં લગ્ન કરી શકે, પણ જૂથ (૧) અને (૨)માં નહીં.

આ ઉપરાંત જે ગોત્રો વચ્ચે પરંપરાથી વેર ચાલ્યું આવતું હોય તેઓને એકબીજા સાથે લગ્ન કરવાનો નિષેધ છે. દા. ત. ટુડુ, બેસરા, કિસ્કુ અને મારંડા ગોત્ર વચ્ચે લગ્ન થતાં નથી.

## સગાઈના નિષેધો

કેટલાક સગાઈસંબંધોનો નિષેધ એવો હોય છે કે તેમની વચ્ચે લગ્નસંબંધ તો વર્જ્ય ગણાય છે જ, પરંતુ એકબીજાનો નિકટ સંપર્ક કરવો એ પણ પાપ ગણાય છે. દા. ત. પતિના મોટાભાઈ સાથે સંથાલ સ્ત્રી કશો સંબંધ રાખી શકતી નથી. એને સ્પર્શ પણ કરી શકાતો નથી. પત્નીની મોટી બહેનને આ નિયમ લાગુ પડે છે. કહે છે કે **બહા** ઉત્સવ પૂરો થયે જે પાણી છાંટવામાં આવે છે તે પાણી આવા સગાઓ ઉપર છાંટી શકાતું નથી. વેવાઈવેવાણો એકબીજાની મશ્કરી કરી શકતાં નથી.

### ક્યાં સગાં એકબીજાની મશ્કરી કરી શકે?

સંથાલ સ્ત્રીને એના જેઠ સાથે કોઈ જાતનો સંબંધ રાખવાની છૂટ નથી એ ઉપર આવી ગયું. એથી ઊલટું તે પોતાના દિયર સાથે ગમે તેટલી છૂટ લઈ શકે છે. એને 'ધઉલિયા સગાઈ' કહે છે. એ જ રીતે નીચેના સગાઓ એકબીજાની મશ્કરી કરી શકે છે: દાદો અને તેનાં પૌત્ર-પૌત્રીઓ, સ્ત્રી અને તેનો મોટો બનેવી, કન્યા અને વરનાં ભાઈબહેનો, દિયર અને તેની સાળી, અને પરિણીત યુગલના ભાઈઓ. આ લોકો એકઠા મળે ત્યારે એકબીજા સાથે મશ્કરી-તોફાન કરી શકે છે.



## ઓળખાણના સંબંધો

### (૧) ફૂલ મૈત્રી

સંથાલ કન્યાઓ પોતાના મિત્રો સાથે વિવિધ પ્રકારના કૃત્રિમ સંબંધો બાંધે છે અને અનેક ફૂલો અને પાંદડાંનાં નામ દઈને તેમને બોલાવે છે. કેટલેક સ્થળે આ મૈત્રીને ફૂલ-પટાઓ કહે છે. એને માટે રીતસરનો વિધિ કરવામાં આવે છે, તેમાં બે સરખી ઉંમરની છોકરીઓ જીવનભરની મૈત્રી બાંધવાના શપથ લે છે. આ પ્રસંગે મુખ્યત્વે પરસ્પર કપડાંની ભેટો અને ભોજન આપવામાં આવે છે. મૈત્રીસંબંધની આખરી સાબિતી તરીકે બે સહિયરો એક-બીજાના માથામાં અમુક ફૂલ ખોસે છે. હવેથી બંને સહિયરો એકબીજાને પોતાનાં મૂળ નામને બદલે ફૂલના નામથી સંબોધે છે. દા. ત. અકર બહા, કેયા ફૂલ, કરમ ફૂલ, કરમદાર. માત્ર સ્ત્રીઓ જ આવી મૈત્રી કરે છે, પુરુષો આવી મૈત્રી કરતા નથી. કેટલીક વાર પોતાની કોમ બહાર પણ આવી મૈત્રી બાંધવામાં આવે છે.

### (૨) પડોશીઓ વચ્ચે મૈત્રી

પડોશી પોતાનાથી મોટો હોય કે નાનો, તેને માન આપવા માતા નામનો મૈત્રીસંબંધ બાંધ-વામાં આવે છે. એની રૂએ નાની ઉંમરનો માણસ મોટી ઉંમરના માણસને 'કાકા' કહી બોલાવે છે અને નાની ઉંમરની છોકરી તેનાથી મોટી ઉંમરની સ્ત્રીને 'મોટીબહેન' કહીને બોલાવે છે.

### (૩) માતાઓ વચ્ચે મૈત્રી

જે માતાઓને સંતાનોની સંખ્યા સરખી હોય તેમની વચ્ચે સાઈકા નામનો મૈત્રીસંબંધ બાંધવામાં આવે છે. તેને માટે અમુક વિધિ કરવામાં આવે છે, સામસામી ભેટો આપવામાં આવે છે અને દરેક માતા કેટલાક મહેમાનોને જમાડે છે.

# ૬. સંથાલોની શાસનપદ્ધતિ

### ૧. મુખી

સંથાલ ગામોમાં મુખીને માંઝી કહે છે. સામાન્ય રીતે ગામની સામાજિક સત્તા તેના હાથમાં રહે છે. તેને મદદ કરવા બીજા પદાધિકારીઓ હોય છે. મયૂરભંજમાં મુખીને પ્રોધાન (પ્રધાન) કહે છે. આ હોદ્દો મુખ્યત્વે ગામડાનું મહેસૂલ ઉઘરાવવા માટે છે. તે જમીનદારના ઈજારદારનું કામ પણ કરે છે. તેનું કામ સાંથ ઉઘરાવવાનું અને ગણોતિયાઓને જમીનો વહેંચી આપવાનું છે. એની આ સેવાના બદલામાં એને કેટલીક જમીન વગર ભાડે વાપરવા મળે છે અને દરેક લગ્ન પ્રસંગે એક રૂપિયો દાપું મળે છે. દાપાના બદલામાં તે હાંડિયા-(rice–beer)નો એક ઘડો ભેટ આપે છે.

### ૨. પરણીક

એ મુખીનો મદદનીશ છે. તેના હાથ નીચે જોગ પરણીક હોય છે. પરણીક પણ વગર ભાડાની જમીન વાપરે છે.

### ૩. જોગ માંઝી

એનું કામ સંથાલ કોમનાં જ્ઞાતિભોજનો અને દારૂની મિજલસો ગોઠવવાનું છે. દારૂમાં ચકચૂર બનેલા સંથાલો અનીતિ આચરે નહીં અને કાબૂમાં રહે તે માટે તેણે ખાસ તકેદારી

રાખવાની હોય છે. એમાં એણે ઘણી ચાતુરી વાપરવી પડે છે. કોઈ વાર બળ પણ વાપરવું પડે છે.

**૪. ગોડેટ**

તે મુખી અને તેના મદદનીશોના હજૂરિયાનું કામ કરે છે. એમની માફક આ અધિકારી પણ મફત જમીન વાપરે છે.

**૫. નાયકે અને કુડમ નાયકે**

નાયકે એટલે ગામનો ગોર. એના મદદનીશને કુડમ નાયકે કહે છે. નાયકે ધાર્મિક વિધિઓ કરાવે છે અને એનો મદદનીશ ભૂતપ્રેતોને પ્રસન્ન કરે છે.

## ગ્રામસંગઠન

ગામોને જોડીને સંખ્યાબંધ ગામજૂથો રચવામાં આવે છે. દરેક ગામજૂથના ઉપરીને દેશ-પ્રોધાન (દેશપ્રધાન) કહે છે. ગામજૂથોને જોડીને પણ મોટાં જૂથો રચવામાં આવે છે. આવા મોટા જૂથના ઉપરીને પરગણા કહે છે. તે મોટા જૂથના પ્રદેશ ઉપર સર્વોપરી સત્તા ભોગવે છે. મોટાં જૂથોનું કદ ઓછુંવત્તું હોય છે. આ બંને અધિકારીઓનાં ખાસ કર્તવ્યો આગળ ઉપર સમજાવવામાં આવશે. દરમ્યાન આ તબક્કે મુખીને મદદ કરનાર ગ્રામ પંચાયતનો પરિચય કરી લઈએ.

## ગ્રામ પંચાયત – તેની સત્તા અને કર્તવ્યો

ગામની સામાજિક સત્તા મુખીના હાથમાં છે. પરંતુ તે સત્તાનો અમલ કરવામાં મુખી મોમરેન હોર(પંચાયત)ની હંમેશાં સલાહ લે છે. પંચાયતમાં મૂળ પાંચ સભ્યો રહેતા. હવે એ સંખ્યા મુકરર નથી. એમાં ગામનાં તમામ ઘરોના વડીલો બેસે છે. જ્યારે કોઈ પણ પ્રશ્ન નિર્ણય માટે આવે છે, ત્યારે મુખી અથવા તેની ગેરહાજરીમાં પરણીક ફરિયાદ સાંભળે છે. જો બાબત સીધીસાદી હોય તો મુખી પંચાયતની મદદ લઈ તેનો તરત નિકાલ કરે છે. પંચાયતના સભ્યોને આ કામે બોલાવી લાવવાનું કામ હજૂરિયાનું (ગોડેટનું) છે. જો પ્રશ્ન ગૂંચવાડા ભરેલો હોય અને તેમાં કાયદાની ગૂંચ ઉકેલવાની હોય તો તેના નિકાલ માટે તારીખ ઠરાવવામાં આવે છે. તે દિવસે બંને પક્ષો મૌખિક જુબાની આપે છે અને તેના ઉપર યોગ્ય વિચાર કરી મુખી ફેંસલો આપે છે.

ધારો કે કોઈની ભેંસે એક માણસને ગંભીર ઈજા કરી. આવા કિસ્સામાં સંથાલ લોકોનો કાયદો એમ કહે છે કે આરોપીએ ફરિયાદીને પૈસાના રૂપમાં વળતર આપવું પડે. આવો ફેંસલો અપાય તે પળાવો જ જોઈએ. એનું ઉલ્લંઘન ભાગ્યે જ થાય છે. ફેંસલો અપાયા પછી, રિવાજ એવો છે કે, આરોપી પંચોને પૈસા આપે. તે પૈસા વડે તેઓ ઉજાણી કરે અને દારૂ પીએ. કેટલેક સ્થળે ફરિયાદી અને આરોપી બંને આ પ્રકારે પૈસા આપે છે. તેમાં આરોપી રૂપિયે દસ આના આપે છે અને ફરિયાદી છ આના આપે છે. સામાન્ય રીતે આ પૈસાથી થનાર ઉજાણીમાં એકલા પંચો જ જમે છે, બીજા લોકો એમાં ભાગ લેતા નથી. ભોજન પૂરું થયે, ઝઘડેલા બંને પક્ષો એકબીજાને હાર્દિક જુહાર (નમસ્કાર) કરી છૂટા પડે છે. આ ઉપરથી ખ્યાલ આવશે કે ઝઘડા પતાવવામાં મુખીની સત્તા સર્વોપરી નથી. ફેંસલો આપવા માટે તેણે પંચાયતની સલાહ લેવી પડે છે.



આ રીતે, પંચાયતની મદદ વડે, મુખી ગામના સામાજિક, ધાર્મિક, કાનૂની અને અર્ધ-કાનૂની પ્રશ્નો ઉકેલે છે. મુખી અને પંચો સંથાલ લોકો માટે ન્યાયનું ઊગમસ્થાન છે. એમના રીતરિવાજોના રખેવાળ છે, અને એમની દીવાની અને ફોજદારી અદાલત છે. સંથાલો સરકારી અદાલતોમાં જવાનું પસંદ કરતા નથી. તેઓ પોતાના પંચો પાસે ન્યાય મેળવવાનું પસંદ કરે છે.

ન્યાય આપવા ઉપરાંત બીજાં કામો પણ મુખી અને તેની પંચાયતે કરવાનાં હોય છે. દા. ત. લણણીના જાહેર ઉત્સવો પ્રસંગે, ધાર્મિક ઉજાણીઓ વખતે અને ગંભીર રોગચાળો ફાટી નીકળે ત્યારે દેવદેવીઓના હવન કરવા પડે ત્યારે ગામમાંથી ફાળો ઉઘરાવવાનું કામ એમણે કરવાનું હોય છે. તમામ લગ્નો અને મરણોત્તર ક્રિયાઓ વખતે મુખી અને તેની પંચાયતે હાજરી આપવી પડે છે.

એમના વિના એ ક્રિયાઓ થઈ શકે જ નહીં. એ જ રીતે, જ્યારે કોઈ માણસને ઘારડી જનવાને (ઘરજમાઈ) રાખવો હોય ત્યારે તે ગામના પંચને બોલાવે છે અને તેમને પોતાના ઈરાદાથી વાકેફ કરે છે.

વળી, ગામમાં સામાજિક નિષેધોના નિયમોનો ભંગ થાય ત્યારે તેનો નિકાલ મુખીએ કરવાનો હોય છે. દા. ત. કોઈ સ્ત્રી છાપરા ઉપર ચઢે કે હળ ચલાવે; ફૂલ-મહોત્સવ પૂરો થયે કોઈ પુરુષ તેની મોટી ભાભી ઉપર પાણી છાંટે, અથવા કોઈ સ્ત્રી તેના જેઠ ઉપર પાણી છાંટે કે જેઠ તેની નાની ભોજાઈ ઉપર પાણી છાંટે – તો તે ગંભીર ગુના ગણાય છે. એનાથી આખી કોમ ઉપર સંકટ આવી પડવા સંભવ છે, એમ મનાય છે. આ ગંભીર આક્ષેપોના જવાબ આપવા મુખી અને તેનું પંચ ગુનેગારોને બોલાવે છે અને તેમને યોગ્ય શિક્ષા કરે છે. અને તેમને કોમમાં પાછા લેતા પહેલાં શુદ્ધિની ક્રિયા કરાવે છે. મુખી અને તેનું પંચ સંથાલ કોમના રીતરિવાજોનાં પણ રખેવાળ છે. માત્ર સંથાલોના ગોત્રચિહ્ન અંગેના ગુનાઓની હકૂમત તેમને નથી. લગ્ન અંગેના કાયદા અથવા સ્ત્રીપુરુષના જાતીયસંબંધ અંગેના નિયમોનો ભંગ થાય ત્યારે જો ગુનો નાનો હોય તો તેનો નિકાલ કરવાની સત્તા પણ એમને છે. સામાન્ય રીતે આવા ગુનાઓની સુનાવણી ઉપલી અદાલતમાં થતી હોય છે. તે વિશે આપણે આગળ જોઈશું.

## દેશ-પ્રોધાન અને તેની પંચાયત

દેશ-પ્રોધાનને વીસેક ગામો ઉપર હકૂમત હોય છે. આ વીસ ગામોમાં કોઈને ગામના મુખીએ પંચોની મદદથી આપેલા ચુકાદા સામે અસંતોષ હોય તો તે દેશ-પ્રોધાનને અપીલ કરી શકે છે. રિવાજ એવો છે કે અપીલનો ફેંસલો આપવા માટે દેશ-પ્રોધાને તેના તાબાનાં ગામોનાં પંચોની મદદ લેવી જોઈએ. તે ઉપરાંત જે ગામેથી મુખી મારફતે કે પક્ષકારો મારફતે કેસ સુનાવણી માટે આવ્યો હોય તેના મુખીએ પણ મદદ કરવી જોઈએ. આ અદાલતમાં સામાન્ય રીતે અઘરા કેસો નિકાલ માટે આવતા હોય છે. દા. ત. કુંવારી સ્ત્રીને બાળક થયું હોય અને બાળકનો પિતા કોણ છે તે મુખીથી શોધી શકાયું ન હોય; અથવા સામાજિક કે ધાર્મિક રીતરિવાજોના ભંગ થવાને કારણે ઝઘડા ઊભા થયા હોય. આ ઉપલી પંચાયત માત્ર અવારનવાર જ મળે છે. તે કાં તો દેશ-પ્રોધાન પોતાની મેળે બોલાવે છે અથવા ફરિયાદી બોલાવે છે. દેશ-પ્રોધાનની પસંદગી તેના તાબાનાં ગામો કરે છે અને એક વાર પસંદ થયા પછી તેને મરતાં સુધી ખસેડી શકાતો નથી.

## સંથાલોની સર્વોપરી અદાલત

વસંતઋતુનો ફૂલઉત્સવ પૂરો થયા પછી સંથાલો વાર્ષિક શિકારે જાય એવો રિવાજ છે. આ શિકાર વખતે બધા સંથાલો ભેગા થાય છે. તે પ્રસંગનો લાભ લઈ કોમને લગતા સામાજિક અને ધાર્મિક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે તથા દેશ-પ્રોધાનોએ આપેલા ચુકાદા સામે થયેલી અપીલોના ફેંસલા આપવામાં આવે છે.

જેમાં સામાજિક બહિષ્કાર અને બિટલાહા પોકારવાના હોય એવા ગંભીર સામાજિક ગુનાઓ વિશે અહીં ગંભીર મંત્રણા કરવામાં આવે છે. આને માટે સભા બોલાવવા એક ગાંઠ વાળેલું દોરડું અથવા સાલ વૃક્ષની એક ડાળી હાટે હાટે ફેરવવામાં આવે છે. સભા સાંજના મળે છે. તેમાં પરગણા, દેશ-પ્રોધાનો અને દેશ-પંચાયત (દેશ-પ્રોધાનને સલાહ આપનાર વડીલો) મળીને દરેક પ્રશ્નનો વિચાર કરી ચુકાદો આપે છે.

આ પ્રાચીન પદ્ધતિની સભાને સેન્દ્રા બીર બિચાર કહે છે. એનો અર્થ જંગલમાં શિકાર દરમિયાન ચાલેલો મુકદ્દમો એવો થાય છે. મયૂરભંજમાં જંગલી પશુઓનું રક્ષણ સરકાર કરે છે. એટલે આખી કોમ શિકારે જાય એ રિવાજ મંદ પડી ગયો છે. અને તેથી શિકાર દરમિયાન મુકદ્દમા ચલાવવાની પ્રથા લગભગ બંધ થઈ છે. એને બદલે સક્રાત બાસ્કે (= મોકોરબાસી = માઘની બીજી તિથિ) દરમિયાન સભા ભરાય છે.

## મોકોરબાસીએ ભરાતી સર્વોપરી અદાલત

દેશ-પ્રોધાનોની આ સભા દામોદર નદી તરફ જતાં કોઈક ગાદી કે મુકામ (વિશ્રામસ્થાન) આગળ ભરાય છે. કારણ એ છે કે સંથાલો પોતાના મૃત સગાઓનાં અસ્થિ દામોદર નદીમાં નાખવા જાય છે. તે પ્રસંગે બધાને ભેગા મળવાનું અનુકૂળ પડે છે. જે લોકોને દેશ-પ્રોધાનોના ચુકાદાથી અસંતોષ હોય તેઓ પોતાના કેસ ફરી ચલાવવા અહીં વડીલોની સભાને અરજ કરે છે. ઘણી વાર તમામ દેશ-પ્રોધાનોની સભા આ અપીલો દાખલ કરે છે ને વડીલોની સલાહ લઈ તેની સુનાવણી કરે છે. એમાં પણ અગત્યના પ્રશ્નો જ લેવાય છે. દા. ત. કન્યાની કિંમત આપવા બાબત અથવા સ્ત્રીપુરુષના સંબંધો અંગેના પ્રતિબંધો બાબત.

## સામાજિક પ્રતિબંધો : તેના ઉલ્લંઘન માટે સજા

સામાજિક પ્રતિબંધોનું ઉલ્લંઘન થાય તો વિવિધ પ્રકારે શુદ્ધિની ક્રિયા કરવી પડે છે. દા. ત. જો કોઈ સ્ત્રી છાપરા ઉપર ચડે તો ગાયના છાણમાં પાણી રેડી એ પ્રવાહી છાપરા ઉપર રેડવામાં આવે છે અને એની નીચે થઈને એ સ્ત્રીઓ પસાર થવું પડે છે.

જો કોઈ સંથાલ હાડી (વણકર), ઘાસી, ડોમ અને એવા હલકી વર્ણના હિંદુઓ પાસેથી ખાવાનું લે તો ગામનો મુખી અને પંચાયત (મોનરેન હોર) તેને બોલાવે છે અને તેની શુદ્ધિ કરાવે છે.

શુદ્ધિની ક્રિયા આ પ્રમાણે હોય છે. ગુનેગારને જોલ-ઘાટ (જલઘાટ = સ્નાનઘાટ) ઉપર લઈ જવામાં આવે છે. ત્યાં સંથાલ હજામ એનું મુંડન કરે છે. આ માટે હજામને રૂ. ૧-૪-૦ રોકડા તથા લૂગડાનો એક ટુકડો અને એક વાટકી એણે આપવાની હોય છે. પછી એને પાણીમાં



લઈ જઈ સ્નાન કરાવવામાં આવે છે. પછી ગામના વડીલો જલઘાટના કિનારા નજીકના કાદવમાં પીપળાની એક ડાળી રોપે છે. હજામ પેલા ગુનેગારને પાણીની બહાર કાઢે છે અને તે વખતે વડીલો ત્રણ વાર હરિબોલ બોલે છે. તે પછી તુલસીપત્રના સ્પર્શથી પવિત્ર બનાવેલું પાણી ગુનેગાર ઉપર છાંટવામાં આવે છે, અને તેનો હાથ પેલી પીપળાની ડાળીએ દોરી વડે સાત આંટા લઈને બાંધવામાં આવે છે. તે વખતે બીજી વાર હરિબોલ બોલવામાં આવે છે. પછી તેને છૂટો કરી એક પિત્તળનો સિક્કો, તુલસીપત્ર અને થોડુંક ગાયનું છાણ આપવામાં આવે છે. છાણ તેણે ખાવાનું હોય છે. પછી તેને ગામ બહાર લઈ જાય છે. ત્યાં જાહેર એરા, મોનરેન્કો, અટુપાટ અને પારપાટ નામના દેવોની વિધિપૂર્વક પૂજા કરાવવામાં આવે છે. ગુનેગાર તેના પોતાના દેવને મરઘડાનો ભોગ ધરાવી તેની પણ પૂજા કરે છે. પછી તે મુખી અને ગામના વડીલોને ભોજન આપે છે. તે પછી તેને નાતમાં પાછો લેવામાં આવે છે.

આવી અનેક પ્રકારની શુદ્ધિની વિધિઓ પ્રચલિત છે. તેમાંથી બિટલાહા નામન 'શુદ્ધિ-ક્રિયાનું વર્ણન અમે કરીશું. જે સંથાલોના લગ્ન અંગેના કાયદાઓનો ભંગ કરે તેમને આ ક્રિયામાંથી પસાર થવું પડે છે.

## સંથાલ પરગણામાં 'બિટલાહા'

જ્યારથી સંથાલોનાં ગોત્રો (clans) બંધાયાં ત્યારથી ગોત્રની અંદર લગ્ન કરવાનો નિષેધ ફરમાવેલો છે. એનો અર્થ એ થયો કે કિસ્કુ ગોત્રનો છોકરો કિસ્કુ ગોત્રની તેના જેવા જ ગોત્રચિહ્નવાળી છોકરીને પરણી શકે નહીં. તેમ રિવાજ મુજબ જે લગ્નોનો નિષેધ હોય તેની મર્યાદામાં તે લગ્ન કરી શકે નહીં. જો આવું લગ્ન થાય તો છોકરો અને છોકરી બંનેનો બહિષ્કાર કરવો એવો નિયમ છે. બીજું સંથાલ કન્યા કદી પણ ડેકો (બિન-સંથાલ)ને પરણી શકે નહીં તેમ લગ્નસંબંધની બહાર કોઈ પ્રકારનો લિંગી સંબંધ રાખી શકાય નહીં.

સંથાલ કોમનો કાનૂન એવો છે કે ઉપર ગણાવેલા નિષિદ્ધ પ્રકારો પૈકી કોઈ પ્રકારે કોઈએ લગ્ન કર્યાનું જાણવામાં આવે ત્યારે ગામના મુખીએ નજીકનાં ગામોના મુખીઓને સભા ભરવા ખબર આપવી જોઈએ. આ સભામાં પક્ષકારોના ગુનાના પુરાવા રજૂ કરવામાં આવે છે. જો પ્રથમ દર્શને ગુનો સાબિત થાય તો મુખીઓ પોતપોતાના ગામમાં એની જાહેરાત કરે છે અને ફરમાવે છે કે ગુનેગારોનો બહિષ્કાર કરવો. એટલે કે જ્યાં સુધી ગુનાનો આખરી ફેંસલો આવે નહીં ત્યાં સુધી એમની સાથે જમવું નહીં કે બીજો વ્યવહાર રાખવો નહીં. જે આ ફરમાનનો ભંગ કરે તેનો બહિષ્કાર કરવામાં આવે છે.

'કોરોક' નામનો સંથાલોનો ઉત્સવ પારા કેન્ડો નામના એમના મહિનામાં આવે છે. આ મહિનામાં શિકાર કરવાનો રિવાજ છે. શિકાર વખતે સંથાલ કોમના આગેવાનો અને બીજા વિવિધ પ્રકારના અધિકારીઓ એકઠા થાય છે. એમની સભામાં પેલો મુકદ્દમો ફરીથી હાથ પર લેવાય છે અને બંને પક્ષોને પોતાના કેસના બચાવમાં પુરાવા રજૂ કરવાનું કહેવામાં આવે છે. પરંતુ જો આરોપી ગુનો કબૂલ કરી દે તો વાતનો ત્યાં અંત આવે છે અને પુરુષ કે સ્ત્રી જે ગુનેગાર હોય તેનો દંડ કરવામાં આવે છે અથવા બહિષ્કાર કરવામાં આવે છે. જો નિયત તારીખ સુધીમાં દંડ ન ભરાય તો દંડને બદલે બહિષ્કાર થાય છે.

જ્યારે આરોપીઓ ઉપરનો ગુનો સાબિત થાય છે ત્યારે જે મુખીએ શરૂઆતમાં એ ગુનો પકડયો હોય તેને યશ મળે છે. પરંતુ પુરાવા ઉપરથી જો એમ માલૂમ પડે કે આરોપીઓએ ગુનો કર્યો નથી તો મુખીને પોતાને સખત શિક્ષા કરવામાં આવે છે.

ગુનો સાબિત થયો છે એવો ફેંસલો આપવામાં આવે એટલે બહિષ્કારનો એક સામાન્ય હુકમ બહાર પાડવામાં આવે છે અને તેની વિધિ માટે એક તારીખ નક્કી કરવામાં આવે છે. બહિષ્કારની વિધિને બિટલાહા કહે છે. બિટલાહાનું સ્થળ અને તારીખની આખી કોમને ખબર આપવામાં આવે છે. આ ખબર આપવા માટે એક સંથાલ ખભા ઉપર સાલ વૃક્ષની એક ડાળી લઈને ગામેગામ અને હાટેહાટ ફરે છે. સંથાલો સિવાય બીજું કોઈ આ ગુપ્ત જાહેરાતનો મર્મ સમજતું નથી.

પછીથી ગુનેગારને લાગેલા કલંકની નિશાની તરીકે તેના ઘરમાં એક વાંસડો રોપવામાં આવે છે. અને તેના ઉપર એક એઠું પતરાળું લટકાવવામાં આવે છે. ગામના જુવાનિયાઓ આરોપીઓનાં નામનાં કટાક્ષકાવ્યો રચે છે. અને પછી નિયત દિવસે હજારો સંથાલો શરણાઈ અને નગારાં સાથે બીભત્સ ગીતો ગાતા ગાતા ગુનેગારના આંગણામાં પ્રવેશે છે. તેઓ હાથમાં સળગતા લાકડાના ટુકડા અને વિવિધ પ્રકારના સાવરણા લઈ, ઢોલ વગાડતા નાચે છે. અને આ રીતે આરોપીઓને રંજાડે છે.

આ બિટલાહાનો વિધિ કેવો ભયંકર હોય છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. કેટલીક વાર ભયના માર્યા લોકો આખું ગામ ખાલી કરી જાય છે. કાયદો એવો છે કે જે ગામે પ્રતિબંધનો ભંગ કર્યો હોય, તે જો દંડ ન ભરે તો તેને અછૂત ગણવું. એટલે આવી પડનાર સંકટોથી બચવા અને બિટલાહા-ગીતો એમની સ્ત્રીઓને સાંભળવાં ન પડે તે માટે તેઓ આ પ્રસંગ પૂરો થતા સુધી ગામથી દૂર ભાગી જવાનું પસંદ કરે છે. અને આરોપીઓની સ્થિતિનું તો પૂછવું જ શું? એની તો કલ્પના જ કરવી રહી. કેમ કે, ગામનો બીજો કોઈ પણ માણસ જો એમને મદદ કરતો, દેવતા અને પાણી પણ આપતો પકડાય તો તેની પણ એ જ વલે થાય છે.

એટલે બિટલાહાના વિધિ દરમિયાન ગામની સભ્યતા સાચવવા માટે, રિવાજ એવો છે કે જે ગામને આ રીતે જાહેર લાંછન લગાડવાનું હોય તે ગામનો મુખી પ્રાયશ્ચિત્ત તરીકે બધા સંથાલોનું પાણીના ઘડા વડે સ્વાગત કરે તો તેઓ બીભત્સ ગીતો ગાવાનું બંધ કરે અને બાકીનો વિધિ પતાવે.

આ પ્રસંગે સંથાલો એટલા ઉશ્કેરાય છે કે એક ગામને બદલે આખા સંથાલ પરગણાના સંથાલો ખળભળી ઊઠે છે અને કેટલીક વાર વિવિધ પ્રકારના ગુના બને છે અને મામલો કોર્ટે જાય છે.

## મયૂરભંજમાં 'બિટલાહા'

મયૂરભંજમાં પણ આ વિધિ કરવાનો રિવાજ છે. ફેર એટલો છે કે સંથાલ પરગણાંની માફક આ પ્રદેશમાં વ્યાપક ખળભળાટ થતો નથી. અહીં પણ પક્ષકારો પંચાયત સમક્ષ પુરાવા રજૂ કરે છે. વધારે ગંભીર કિસ્સા હોય તો ઉપલી અદાલતમાં લઈ જવામાં આવે છે, અને જરૂર લાગે તો સર્વોપરી અદાલતમાં લઈ જવાય છે.



મયૂરભંજના બિટલાહા વિધિમાં ખાસ જાણવા જેવું એ છે કે ત્યાં એક ચાઉડાલ ઊભું કરવામાં આવે છે. ચાઉડાલ એટલે સાલ વૃક્ષની બનાવેલી મંદિર જેવી રચના. તેમાં ગુનેગારોની ઘાસ કે માટીની મૂર્તિઓ મૂકવામાં આવે છે અને તેમનાં કપડાં બહાર લટકાવવામાં આવે છે. પછી ઢોલ-શરણાઈઓના સૂરો વચ્ચે પ્રાયશ્ચિત્તનો વિધિ કરવામાં આવે છે.

## ગુનેગારને અપનાવવાનો વિધિ

આ રીતે બહિષ્કૃત થયેલા માણસો બીજાઓ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર રાખી શકતા નથી. તેઓને કોમના માણસો સાથે ભોજન લેવાનો અને તેમનાં સંતાનો પરણાવવાનો નિષેધ હોય છે. આ રીતે હેરાન થયેલા એ બહિષ્કૃત માણસો કેટલીક વાર લોકોના ત્રાસથી બચવા ગામ છોડી ચાલ્યા જાય છે. જે માણસોને બીજી કોમના લોકો સાથે વ્યભિચાર કર્યા બદલ બહિષ્કૃત કરવામાં આવ્યા હોય તેમની સ્થિતિ સૌથી ખરાબ થાય છે, કેમ કે તેઓ પ્રાયશ્ચિત્તનો વિધિ કરે તોપણ તેમને જ્ઞાતિમાં પાછા લેવામાં આવતા નથી.

પ્રાયશ્ચિત્તનો વિધિ આવો હોય છે :

સૌ પ્રથમ, બહિષ્કૃત માણસ પોતાની ભૂલ પૂરેપૂરી સુધારે છે અને તેના જે કૃત્ય સામે સમાજે વાંધો લીધો હોય તેનો ત્યાગ કરે છે. તે પછી તે દંડની રકમ અને શુદ્ધિની ક્રિયાના ખર્ચની જોગવાઈ કરે છે. પછી તે ગામના વડીલોને આની ખબર આપે છે. એટલે નિયત દિવસે આખી જાતિ ગામના ચકલામાં એકઠી થાય છે. ગુનેગાર ખૂબ પસ્તાવો કરે છે અને બે હાથ જોડી સભાને નમન કરે છે. તે સ્નાન કરે છે અને પાંચ કાણાવાળા ઘડામાં પાણી ભરી લાવે છે. પછી એક ઓબોર મુમુ, ધોરોમ (સીનબોંગા) અને મરન બુરુ નામના દેવોની આરાધના કરે છે. અને એ દેવોને પ્રસન્ન કરવાનો વિધિ કરવામાં આવે છે. તેમાં ખસી કર્યા વિનાના બકરાનો વધ કરવામાં આવે છે. ગુનેગાર પુરુષ અને સ્ત્રી દરેક જણ રૂ. ૧-૪-૦ દંડ આપે છે અને તે રકમ ગામના વડીલો વહેંચી લે છે. પછી કેટલાક જણ બહિષ્કૃત પુરુષ અને સ્ત્રીનાં કપડાં હાટે (બજારે) થઈને જોલ-ઘાટે (સ્નાન-ઘાટે) લઈ જાય છે. આને માટે ગુનેગાર યુગલ પૈકી દરેક જણ પેલાં કપડાં લઈ જનાર દરેકને દંડ તરીકે બે આના આપે છે. હવે એકઠા થયેલા લોકો પેલા ઘડામાંથી પાણી લઈ કોગળા કરે છે અને પછી હાંડિયા (ચોખાનો દારૂ) પીએ છે. પછી એ ઘડો અને પેલાં કપડાં પાણીમાં નાખવામાં આવે છે અને તે વખતે આખી કોમ હરિબોલના પોકારો કરે છે.

ઉપરનો વિધિ થાય તે દરમિયાન ગુનેગારને ઘેર, એને ખર્ચે, ભોજન તૈયાર થતું હોય છે. આખી જાતિ પછી ત્યાં એકઠી થાય છે. બહિષ્કૃત માણસ ગામના વડીલોના પગ ધુએ છે અને પછી એકઠી થયેલી જાતિને પોતાની જાતે ભોજન પીરસે છે. ભોજન થઈ ગયા પછી મોન રેન હોર (ગ્રામ પંચાયતના સભ્યો) ગુનેગાર યુગલને સંબોધીને કહે છે: 'હવે તમે છૂટાં છો. પણ જો ફરીથી ભેગાં થશો તો તમારો દરેકનો રૂ. ૨૫) દંડ કરવામાં આવશે અને તમને દેશ-બહાર કાઢી મૂકવામાં આવશે.' પછી તેઓ એક ખાડો ખોદે છે અને તેમાં ગાયનું છાણ દાટે છે. અથવા જ્યાં ભોજન કર્યું હોય તે સ્થળે તેઓ માત્ર થોડું ગાયનું છાણ મૂકે છે. અંતમાં, ગામનો પુરોહિત જાહેરએરા, મોનરેન્કો અને મરનબુરુ નામના દેવોને ત્રણ મરઘાંનો ભોગ ચઢાવે છે. એનાથી પેલા ગુનેગારોએ કરેલા પાપથી ગામ મુક્ત થાય છે. ગુનેગારો હવે છૂટા થઈ ગયા છે. એમનો સંબંધ બંધ થયો છે.

## સંથાલોમાં વારસાહકનો કાયદો

વારસાહકના કાયદા અંગેના કેસોના નિકાલ કરવાની સત્તા ગ્રામ પંચાયતને છે, એટલે એ વિષયના કાયદાનો અત્રે ખ્યાલ આપવામાં આવે છે.

સામાન્ય રીતે બાપ મરી જાય ત્યારે તેના તમામ દીકરાઓ તેની મિલકતના સરખે હિસ્સે વારસદાર ગણાય છે. દીકરીને એમાંથી કશો ભાગ માગવાનો હક હોતો નથી. જો દીકરો બિન-વારસ મરી જાય તો બાપ તેનો વારસ બને છે. બાપ હયાત ન હોય તો તેના ભાઈઓ (મરનારના કાકાઓ) અને તે પછી પુરુષ પિતરાઈઓને આ વારસાહક મળે છે. જો પિતરાઈઓ પણ હયાત ન હોય તો દીકરીને આ હક મળે છે. પણ તે તેનાં બાળકોને માટે. વિધવાને, વિધવા તરીકે, ભરણપોષણનો પણ અધિકાર નથી. પરંતુ જો તેને સગીર ઉંમરનાં બાળકો હોય, તો તે બાળકો મોટાં થાય અને તેમના ભાગ તેમને મળે ત્યાં સુધી એ વિધવા મિલકતનો વહીવટ કરી શકે છે. જો વિધવા પુનર્લગ્ન કરે તેને કશું મળતું નથી. બાળકો મોટાં થાય ત્યાં સુધી મિલકતનો વહીવટ એના પુરુષ પિતરાઈઓ કરે છે.

## મયૂરભંજમાં સંથાલોના વારસાહકનો કાયદો

મયૂરભંજ સ્ટેટમાં સંથાલોના વારસાહકના કાયદા ઉપર હિંદુ મિતાક્ષર કાયદાની પૂરેપૂરી અસર થયેલી છે. ત્યાંના સંથાલો માને છે કે જો કોઈ સંથાલ અપુત્ર મરી જાય તો તેનો વારસો તેની દીકરીને મળે છે. જો તેને કોઈ સંતાન ન હોય, અને તેના ભાઈઓ તેનાથી છૂટા થઈ ગયેલા હોય તો તેની મિલકતનો તમામ વારસો તેની વિધવાને મળે છે. સરકાર પણ સંથાલોને હિંદુ મિતાક્ષર કાયદો લાગુ પાડે છે.

એટલે મિલકતના ભાગ પડે અને વારસો લેવાનો હોય ત્યારે દીકરાઓ સરખા ભાગે મિલકત વહેંચી લે છે. મરનારને દીકરો ન હોય ત્યારે દીકરી વારસદાર બને છે. વિધવા માતાના ભરણપોષણની જવાબદારી દીકરાઓએ ઉઠાવવાની હોય છે. નિઃસંતાન વિધવા મિલકતની કુલ માલિક બને છે, અને મિતાક્ષર વિધવાની માફક કાયદેસર જરૂર ઊભી ન થાય ત્યાં સુધી તે મિલકત વેચી શકતી નથી.

## દત્તક લેવું (પુષાપો)

મયૂરભંજમાં જે સંથાલને દીકરો ન હોય તે કોઈકના દીકરાને દત્તક લઈ શકે છે. સામાન્ય રીતે કોઈક સગાના દીકરાને દત્તક લેવામાં આવે છે. સગો ન હોય તેને કવચિત જ દત્તક લેવાય છે. દત્તક લેવાનો વિધિ મુખી અને પંચાયતની સમક્ષ થાય છે. હવે કોઈ કોઈ વાર દત્તકવિધિનું લખાણ કરવામાં આવે છે. પહેલાં બધું મૌખિક હતું. મિલકત બીજાને સોંપવાની થાય ત્યારે હિંદુ મિતાક્ષર કાયદો લાગુ પાડવામાં આવે છે.

## ઘરજમાઈ

મયૂરભંજના સંથાલોમાં ઘરજમાઈ રાખવાનો રિવાજ છે. ઘરજમાઈને ઘર જનવાને અથવા ઘરડી જાનવાને કહે છે. માણસ અપુત્ર મરી જાય અને પાછળ માત્ર ઘરજમાઈ રહે તો ઘર-જમાઈને સસરાની મિલકત ઉપર કશો હક હોતો નથી. ઘરજમાઈની સ્ત્રી (બાપની દીકરી) ગુજરી જાય તો મિલકત તેના સસરાના પિતરાઈઓને મળે છે.



## મિલકતની વહેંચણી

મયૂરભંજમાં મિલકતની વહેંચણી હિંદુ મિતાક્ષર કાયદા પ્રમાણે થાય છે. પરંતુ રિવાજ એવો છે કે સૌથી મોટા ભાઈ કે તેના વારસોને રાજીખુશીથી વધારે ભાગ આપવામાં આવે છે. એને જ્યેષ્ઠાંગશો (મોટા ભાઈનો ભાગ) કહે છે.

## મયૂરભંજમાં સ્ત્રીઓનું કાયદામાં સ્થાન

મયૂરભંજમાં સ્ત્રીઓને કાયદામાં કેવું સ્થાન છે તે નીચેની વિગતો ઉપરથી સમજાશે :

(૧) જો પરણેલા પુરુષને સંતાન ન હોય તો તે ફરીથી પરણી શકે છે. તેણે બંને વખતે કન્યાની કિંમત આપવી પડે છે.

(૨) જો પુરુષને એક કરતાં વધારે પત્નીઓ હોય, અને તેમાંની કેટલીક રખણી (રખાત) કહેવાતી હોય, તોપણ એ સ્ત્રીઓને તેમના પતિનો વારસો સરખે હિસ્સે મળે છે.

(૩) પુરુષ ગમે તેટલી સ્ત્રીઓ પરણી શકે. પરંતુ સ્ત્રી એકીસાથે એકથી વધારે પતિ કરી શકે નહીં.

(૪) જે સ્ત્રીને તેના પતિએ ત્યજી દીધી હોય અથવા જે સ્ત્રીનું તેનો પતિ ભરણપોષણ ન કરતો હોય, તે રખણી કહેવાતી હોય તોપણ, તેને પંચાયત તેમ જ સરકારી અદાલત રાહત આપે છે.

(૫) લગ્નવિધિ દરમિયાન કોમની તમામ સૌભાગ્યવતી સ્ત્રીઓને કોઈ પણ ગોત્રની સૌભાગ્યવતી સ્ત્રી સિંદૂરના ચાંલ્લા કરે એવો રિવાજ છે. આ રિવાજ મુજબ રખણીને પણ ચાંલ્લો કરવામાં આવે છે. એટલે તે સૌભાગ્યવતી ગણાય છે.

(૬) પુરુષ પોતાની હયાતી દરમિયાન તેના ભાઈઓથી જુદો થઈ ગયેલો હોય, અને જો તે તેની પત્નીને મૂકી મરી જાય, તો તેનો તમામ વારસો તેની વિધવાને મળે છે. પરંતુ જો તે તેની હયાતી દરમિયાન તેના ભાઈઓ ભેગો રહેતો હોય, તો તેના મરણ પછી તેની વિધવાને માત્ર ભરણપોષણ મળે છે.

(૭) જો બાપને દીકરાઓ હોય તો દીકરીને બાપની મિલકતમાંથી ભાગ મળતો નથી.

(૮) પરંતુ જો બાપ અપુત્ર હોય તો તેનો વારસો દીકરીને મળે, પિતરાઈઓને નહીં.

## સંથાલ પરગણામાં સંથાલ સ્ત્રીનું કાયદામાં સ્થાન

સંથાલો પોતાની સ્ત્રીઓને ચંચળ અને બેજવાબદાર માને છે. અંગત જીવન માટે કોમના જીવન માટે સ્ત્રી ઉપયોગી અને અનિવાર્ય મનાય છે, તેમ છતાં તે માણસના લેખામાં નથી ગણાતી. એટલે તેને સંથાલ સમાજમાં નાગરિક હકો આપવામાં આવ્યા નથી. ગ્રામ પંચાયતમાં તેની જુબાની માન્ય રખાય છે, પરંતુ પંચાયતના કામકાજમાં ભાગ લેવાનો તેને અધિકાર નથી.

સ્ત્રીના અસ્તિત્વનું મધ્યબિંદુ તેના લગ્ન ઉપર આધાર રાખે છે, એમ સંથાલો માને છે. પરંતુ તેને પરણવા માટે તેની કિંમત આપીને ખરીદવી જોઈએ. હિંદુઓ જેટલું મહત્ત્વ

સપ્તપદીને આપે છે તેટલું જ મહત્ત્વ સ્ત્રીની આ ખરીદ-કિંમતને સંથાલો આપે છે. એને તેઓ ગોનોન (Brideprice) કહે છે. આનું પરિણામ એ આવે છે કે પતિ તેની પત્નીનો માલિક ગણાય છે. સ્ત્રી એની મિલકતનું એક અંગ ગણાય છે.

જો સ્ત્રીપુરુષનો ઝઘડો કોર્ટે જાય તો ગોનોનનું શું કરવું એ મહત્ત્વનો સવાલ બની રહે છે. જો સ્ત્રી ગુનેગાર સાબિત થાય તો તેને આપેલી ગોનોન તેના દુભાયેલા પતિને પાછી આપવી પડે છે. જો સ્ત્રી ઉપર વ્યભિચારનો આરોપ સાબિત થાય તો તેના પતિને પેલા વ્યભિચાર કરનાર પુરુષે બમણી ગોનોન આપવી પડે છે. પરંતુ જો પતિ દોષિત ઠરે તો તેણે આપેલી ગોનોન તે ગુમાવે છે.

આ રીતે સંથાલ સ્ત્રી સગીર ઉંમરે તેના બાપની મિલકત ગણાય છે. બાપની પાસેથી તેનો પતિ તેને એક જંગમ મિલકતરૂપે ખરીદે છે. પતિ મરી જાય એટલે તે પાછી તેનાં પિયરિયાંની મિલકત બને છે. પણ તેનો બાપ મરી જાય અને તેનાં પિયરિયાં તેને ન સંઘરે તો તેની દશા હરાયા ઢોર જેવી થાય છે. એનો કોઈ સામાજિક દરજ્જો રહેતો નથી. આ રીતે સ્ત્રી જંગમ મિલકત હોવાથી, તેને કોઈ મિલકતના માલિક બનવાનો અધિકાર હોતો નથી.

ઉપર જે હકીકત કહી તે સંથાલોની રૂઢિપરંપરાની છે. પરંતુ આ રૂઢિમાં જમાના પ્રમાણે ફેરફાર થઈ રહ્યા છે. હવે સંથાલ સ્ત્રીઓ નાણું, ઢોર અને સરસામાન પોતાની અંગત મિલકત તરીકે રાખી શકે છે. આ મિલકત સંપૂર્ણ રીતે કાયદેસર ગણાય છે, કેમ કે તે ગમે તેને વેચવાનો સ્ત્રીને અધિકાર હોય છે.

ઘણી વાર એવું બને છે કે જ્યારે બાપ પોતાના દીકરાઓને મિલકત વહેંચી આપે છે ત્યારે દીકરી પ્રત્યેના પ્રેમને વશ થઈ તે દીકરીને કેટલાંક ઢોર અથવા સ્ત્રીધન કાઢી આપે છે અને તે દીકરીની અંગત મિલકત ગણાય છે. આ રીતે સ્ત્રીનાં ઘરેણાં તેની મિલકત બને છે. તેનો ગમે તે રીતે નિકાલ કરવાનો સ્ત્રીને સંપૂર્ણ અધિકાર મળે છે. પરંતુ કેટલીક વાર કુટુંબનું ધન પણ સ્ત્રીના હાથમાં આવે છે. દા. ત. સ્ત્રીને જો છૂટાછેડા આપવામાં આવે તો તેને એક ગાય, થોડીક ડાંગર અને કેટલાંક વાસણ આપવાનો રિવાજ છે. એ હકથી એ ચીજો માગી શકે છે. તે તેની અંગત મિલકત બને છે. એ જ રીતે સોહરી એટલે લણણીના ઉત્સવ-પ્રસંગે સંથાલ કન્યાઓ ડાંગરનો જે ભારો લણી લાવે તે તેમની આગવી મિલકત ગણાય છે. એ ડાંગર વેચવાથી જે પૈસા આવે તેની માલિકી તે કન્યાઓની ગણાય છે. નિ:સંતાન વિધવાને જો પિયર મોકલવામાં આવે તો તેની પાસે પણ તેની પોતાની મિલકત હોય છે.

સ્ત્રી કામ કરીને પૈસા કમાય તો તે પૈસા કોના ગણાય? આ બાબતમાં એવું ઠરેલું છે કે જો સ્ત્રી તેના નિર્વાહ માટે જોઈએ તે કરતાં વધારે કમાય તો નિર્વાહનું ખર્ચ બાદ જતાં જે વધે તે તેની મિલકત ગણાય. પરંતુ દીકરી તરીકે તે જે કમાણી કરે તે તેનાં માબાપ કે વાલીઓને મળે.

અહીં સુધી જંગમ મિલકત અંગે વાત થઈ. પરંતુ સ્થાવર મિલકતની બાબતમાં સ્ત્રી પ્રત્યે સંથાલ સમાજ કેવળ ઉદાસીન છે. સ્ત્રીને કોઈ પણ સ્થાવર મિલકત વારસામાં મળતી નથી. તેમ તે કોઈ જમીનની માલિક થઈ શકતી નથી. કારણ એ છે કે સંથાલ પુરુષને સમાજના એક અંગ તરીકે અમુક ધાર્મિક અને સામાજિક ફરજો બજાવવાની હોય છે. આ ફરજો સ્ત્રી બજાવી શકતી નથી. એને એ બાબતમાં નિષેધ છે.



પરંતુ આમાં અપવાદ હોય છે. દા. ત. કેટલાક પિતાઓ દીકરી પ્રત્યેના પ્રેમને વશ થઈ દીકરીને જમીન આપવા ઇચ્છે છે. કેટલાક એવા હોય છે જેમને સંતાનમાં માત્ર દીકરીઓ જ હોય છે. આવા પિતાની મિલકત તેના નજીકના પિતરાઈને મળે છે. આ સ્થિતિ ટાળવા માટે એક યુક્તિ યોજવામાં આવેલી છે; તે છે ઘરજમાઈ રાખવાની પ્રથા.

અપુત્ર પિતા પોતાની દીકરી ઘરજમાઈને પરણાવે છે. ઘરજમાઈ કુટુંબનો પુત્ર ગણાય છે. તેણે કન્યાની કિંમત આપવાની હોતી નથી. એને બદલે તે સામાન્ય રીતે પાંચ વર્ષ સુધી સસરાને ઘેર કામ કરે છે. પાંચ વર્ષ પૂરાં થયે તે સસરાનું ઘર છોડી શકે છે.

ઘરજમાઈ ઉપર પ્રમાણે સસરાનું ઘર છોડી દે તો તેને તેની પત્ની સિવાય સસરાના ઘરમાંથી બીજું કંઈ મળતું નથી. સાસુ-સસરા મરણ પામે ત્યારે તે પોતે વારસદાર ગણાતો નથી. કાયદાની દૃષ્ટિએ અને વ્યવહારમાં પણ તે માત્ર તેના લગ્નથી થયેલાં સંતાનોની વતી મિલકતનો વહીવટ કરે છે. માત્ર જમાઈ હોવાને કારણે તે વારસદાર બની જતો નથી. જો ઘરજમાઈને વારસો આપવાનો ઇરાદો હોય તો લગ્ન વખતે તેની જાહેરાત કરવી પડે છે. તે મૌખિક વસિયતનામાની ગરજ સારે છે.

વાસ્તવિક રીતે જોઈએ તો વારસો દીકરીને મળે છે. કોમના કાયદામાં દીકરીનો વારસાહક માન્ય નથી. એટલે ઘરજમાઈ એની વતી મિલકતનો વહીવટ કરે છે એટલું જ. જો ઘરજમાઈ સસરાનું ઘર છોડી દે તો સસરાની જમીનો ઉપરના તેના હક સદાને માટે ઓસરી જાય છે. મિલકતનાં ખરાં વારસદાર તો દીકરીનાં સંતાનો છે. ઘરજમાઈની પત્ની મરી જાય અને તે ફરી ન પરણે તો સસરાની મિલકત આજીવન ભોગવવાનો એને અધિકાર મળે છે.

પરંતુ સમય બદલાઈ રહ્યો છે. સરકારી કોર્ટોએ ઘણા કિસ્સામાં દીકરીઓને જમીનોમાં રૈયત તરીકે નોંધી છે અને તેમને આજીવન ગણોત હકો આપ્યા છે. સુધારક સંથાલ મંડળો પરણેલી દીકરીઓના વારસાહક માન્ય કરાવવા મથી રહ્યાં છે.

પરંતુ સંથાલજાતિમાં વિધવાની સ્થિતિ સૌથી વધારે કફોડી છે. વિધવાને તેના બાપને ઘેર કે ધણીને ઘેર અંગત મિલકત હોઈ શકે છે, પરંતુ જમીન ધારણ કરવાનો એને અધિકાર નથી. તેનાં સંતાનો દયાની ખાતર તેની સંભાળ લે, પરંતુ તેના કોઈ હકો માન્ય થયેલા નથી. જો તેને સંતાન ન હોય તો તેના ધણીના કુટુંબીઓની દયા ઉપર એને જીવવું પડે છે. જો કુટુંબીઓ નિષ્ઠુર હોય તો તેને આ વિશાળ જગતમાં ભટકવું પડે છે.

વિધવાની આ દુર્દશા સુધારવા પ્રયત્નો થઈ રહ્યા છે. એને એના મરહૂમ પતિની મિલકતમાંથી ભરણપોષણનો હક હોવો જોઈએ એવો અભિપ્રાય કેળવાયેલા સંથાલોએ જાહેર કર્યો હતો. પરંતુ રૂઢિનું બળ હજી ઘટ્યું નથી.

# ૭. સંથાલોના જન્મથી મરણ સુધીના રીતરિવાજો

### જન્મ

સંથાલ કુટુંબમાં બાળક જન્મવાનું થાય ત્યારે સુવાવડ માટે અલગ માંડવો બાંધવામાં આવતો નથી. ઘરમાં કોઈ પણ સ્થળે સુવાવડનો ખાટલો ઢાળવામાં આવે છે. પ્રસૂતિ વખતે ઘરની વડીલ સ્ત્રીઓ હાજર રહે છે અને દાયણ પ્રસૂતિ કરાવે છે. દાયણ સંથાલ જાતિની જ હોય છે. પ્રસૂતિમાં કષ્ટ પડે ત્યારે તે કષ્ટ ભૂતોએ ઊભું કરેલું મનાય છે. આ ભૂતોને કાઢવા 'ઓઝા'(ભૂવા)ઓને બોલાવવામાં આવે છે. ઓઝાઓ અમુક વિધિઓ કરે છે.

બાળક જન્મે એટલે દાયણ તીરના પાના જેવા લોખંડના તીક્ષ્ણ હથિયાર વડે તેનો નાળ કાપે છે. પછી બાળકને સહેજ ગરમ પાણીમાં નવડાવવામાં આવે છે અને પેલા નાળને સુવાવડના ઓરડાના મુખ્ય દ્વાર નજીક દાટવામાં આવે છે.

સુવાવડનું સૂતક પાળવા બાબત મયૂરભંજના જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા રિવાજો છે. કેટલાક બિલકુલ સૂતક પાળતા નથી. કેટલાક એકથી એકવીસ દિવસ સુધી સૂતક પાળે છે. આ મુદત દરમ્યાન તેઓ સુવાવડના ઓરડામાં જતા નથી, તેમ બાળક કે તેની માને અડતા નથી. આ રીતે સૂતક પાળવા બાબતમાં જુદે જુદે સ્થળે જુદા જુદા રિવાજો છે. એ બતાવે છે કે સંથાલ જાતિના રીતરિવાજો ઉપર બીજા લોકોની અસર થયેલી છે. પ્રસૂતિની મુદત દરમ્યાન માતાને મીઠું નાખેલો ઊનો ભાત, 'મુરાઈ આરાક' નામનાં પાંદડાં અને લસણ ખાવાની છૂટ હોય છે. આ સમયમાં ઘરનાં માણસોને ખાવા ઉપર કશો પ્રતિબંધ હોતો નથી.

સંથાલ પરગણામાં પ્રસૂતિ પ્રસંગે ઘર અને ગામને સૂતક લાગે છે. આ સૂતક કાઢવા માટે પ્રસૂતિ થયા પછી ત્રણ કે પાંચ દિવસે 'ચેટિયાર' નામનો વિધિ કરવામાં આવે છે. આ વિધિ થતાં સુધી ગામમાં ઉત્સવો કે હવનો થતા નથી અને જે ઘરમાં બાળક જન્મ્યું હોય તેમાં કોઈ ભોજન લેતું નથી.

### નામકરણવિધિ (નાર્તા)

સામાન્ય રીતે સંથાલોમાં નામકરણવિધિ જન્મ પછી ત્રીજા અને પાંચમા દિવસ વચ્ચે કરવામાં આવે છે. પરંતુ મયૂરભંજમાં કેટલાક આ વિધિ એક વર્ષની અંદર કરે છે. તેનો દિવસ કુટુંબનો વડો નક્કી કરે છે. બીજાઓ આ વિધિ દસમા વર્ષ સુધી લંબાવે છે.

નામકરણવિધિનો દિવસ જાહેર થાય એટલે કુટુંબનાં સગાંસંબંધીઓને આમંત્રણ આપવામાં આવે છે. તેઓ નિયત દિવસે આવે છે અને નવજાત શિશુ માટે ચોખા, કપડું, 'હાંડિયા' (ચોખાનો દારૂ), મણકાની માળા અને દોરાની લટો લાવે છે. બાળકને પૂર્વાભિમુખ બેસાડવામાં આવે છે. તેની આગળ એક પડિયો મૂકવામાં આવે છે. આ પડિયામાં પલાળેલી હળદર, મહુડાનું તેલ અને પાણી મૂકેલાં હોય છે. બાળકની પાસે તેની દાયણ બેસે છે.





બીજાઓ જે 'હાંડિયા' લાવ્યા હોય તે અને ઘરમાં જે દારૂ હોય તે બધો એકઠો કરવામાં આવે છે. ગામનો એક ઘરડેરો આ દારૂ મુખ્ય દેવતા 'મરાન બુરુ' અને કુટુંબના પૂર્વજોના આત્માને અર્પણ કરે છે. આ અર્પણવિધિ વખતે બાળકના લાભાર્થે મંત્રો બોલવામાં આવે છે, જેથી કરીને તેને કોઈ રોગ લાગુ પડે નહીં અને તે જીવનમાં આબાદ થાય.

જો બાળક છોકરો હોય તો તેનું નામ તેના પિતૃપક્ષના દાદાના નામ ઉપરથી પાડવામાં આવે છે; જો તે છોકરી હોય તો તેની પિતૃપક્ષની દાદીના નામ ઉપરથી તેનું નામ પાડવામાં આવે છે. પછી બધા દારૂ પીએ છે અને ભોજન જમે છે. આ પ્રસંગે દાયણને તેની ફી આપવામાં આવે છે. જો બાળક છોકરી હોય તો આઠ આના અને છોકરો હોય તો દસ આના તથા એક 'બારુ' (પિત્તળની થાળી) આપવામાં આવે છે.* પછી તે દાયણ ગામના સ્નાનઘાટે જઈને 'મરાન બુરુ' તથા બાળકના પિતાના વિદેહ પૂર્વજોની આરાધના કરે છે, પેલો પડિયો પાણીમાં નાખી દે છે, સ્નાન કરે છે અને પછી ઘેર આવે છે.

ત્રીજા અને ચોથા વરસની વચ્ચે બાળકના – છોકરા અને છોકરી બંનેના – કાન વીંધવામાં આવે છે. આ ક્રિયા તેની દાદીઓ અથવા ઘરની વડીલ સ્ત્રીઓ કરે છે. એને માટે પિત્તળની સોય વપરાય છે. આમાં બીજો કશો વિધિ કરવાનો હોતો નથી. તેથી બહારના લોકોને બોલાવવામાં આવતા નથી.

### કાકો-ચેટિયાર

નામકરણ પછીના બીજા વિધિને 'કાકો-ચેટિયાર' કહે છે. આ એક શુદ્ધીકરણનો વિધિ છે. તે લગ્ન પહેલાં ગમે ત્યારે થઈ શકે છે. આ વિધિ થાય એટલે છોકરાને જાતિના સામાજિક જીવનના બધા હકો પ્રાપ્ત થાય છે. જે કોઈ આ વિધિમાંથી પસાર ન થયો હોય તેને લગ્ન કરવાની છૂટ હોતી નથી. અને આ વિધિ કર્યા વિના જ જો કોઈનું મરણ થાય તો તેના મૃતદેહને અગ્નિદાહ દઈ શકાતો નથી, તેમ તેનાં અસ્થિ નદીમાં પધરાવાતાં નથી. ઘણી વાર એવું બને છે કે જે બાપને ઘણાં બાળકો હોય તે બધાં બાળકોનો 'કાકો-ચેટિયાર'વિધિ એકસામટો કરે છે.

વિધિના આરંભ તરીકે વહેલી સવારે 'જંગ હાંડિયા' તૈયાર કરવામાં આવે છે. ગ્રામજનો તેલ અને હળદર લાવે છે. મુખી અને 'પરાણીક' 'હાંડિયા' પીએ છે અને ગ્રામજનોને તેડાવે છે. પછી સ્ત્રીઓ 'નાયકે' (ગામ-પુરોહિત) અને તેના મદદનીશોનાં શરીરે તેલ અને હળદર ચોળે છે. આ ક્રિયા ગામના અધિકારીઓથી માંડી તમામ ગ્રામજનો ઉપર અમુક ક્રમે કરવામાં આવે છે. બધાને 'હાંડિયા' પીરસવામાં આવે છે અને પછી તેઓ નાચગાન કરે છે. પછી ગામનો ગુરુ એટલે એક વૃદ્ધ માણસ (જે સંથાલ જાતિની દંતકથાઓ જાણતો હોય છે તે) અગાઉ દર્શાવેલી સંથાલ જાતિની ઉત્પત્તિ અને તેના ભ્રમણની કથા કહી સંભળાવે છે. પછી જાહેર કરવામાં આવે છે કે છોકરાની તમામ અશુદ્ધિઓ નાબૂદ થઈ ગઈ છે અને 'હાંડિયા'ની મહેફિલમાં ભાગ લઈને ગ્રામજનો એ છોકરાને પ્રૌઢ મનુષ્યત્વના સર્વ અધિકારો અને જવાબદારીઓની દીક્ષા આપે છે. અંતમાં 'મોનરેન હોર'(પંચાયત)ને ઉદ્દેશીને આ શબ્દો બોલવામાં આવે છે: 'અમે કાગડા જેવા કાળા હતા. હવે ધાનપક્ષી જેવા સફેદ બન્યા છીએ. તેના તમે પાંચ જણ સાક્ષી છો.' આ રીતે વિધિ પૂરો થાય છે.

---

* આ રકમ પહેલા બાળક વખતે આપવાની હોય છે. બીજા બાળક વખતે છોકરો હોય તો આઠ આના અને છોકરી હોય તો છ આના અપાય છે.

### ડામ દેવાની પ્રથા (સીકા)

સંથાલોના ડાબા હાથે કાંડા અને કોણી વચ્ચે બળિયાનાં ચાઠાં જેવાં કેટલાંક ચાઠાં હોય છે. આ ચાઠાં હાથના બહારના ભાગ ઉપર હોય છે. તે એક, ત્રણ, પાંચ કે નવ એમ એકી સંખ્યામાં હોય છે. છોકરાના શરીર ઉપર આ 'સીકા' નામની નિશાનીઓ હોવી જોઈએ એવી રિવાજ છે. અને તેનો વિધિ સામાન્ય રીતે બારમે વર્ષે કરવામાં આવે છે.

'સીકા' એ ડામ દેવાની એક પ્રથા છે. તેને માટે એક ચીંથરાને દોઢેક ઇંચ જાડું વીંટાળવામાં આવે છે અને તેને મીણબત્તી જેવું બનાવવામાં આવે છે. પછી કાંડા અને કોણી વચ્ચેના ભાગ ઉપર એકી સંખ્યામાં થૂંકવામાં આવે છે. પછી પેલી બત્તી સળગાવીને એ થૂંક ઉપર ધરવામાં આવે છે. થૂંક ધીમે ધીમે બળે છે અને ચામડી દાઝે છે. આની બળતરાથી છોકરો ચીસો પાડે છે, એટલે આખી ક્રિયા પૂરી થતાં સુધી બે માણસો તેના હાથ પકડી રાખે છે. પછી ઘા રૂઝવવા માટે ડામ ઉપર 'સીલોમ' નામની લીલ ચોપડવામાં આવે છે.

આ ડામ એકી નંબરમાં કેમ દેવાય છે, એવું જો કોઈ સંથાલને તમે પૂછો તો તે તરત કહેશે કે પહેલી નિશાની 'જીઆં'(જીવ)ની છે અને બીજી 'મોરોન'(મૃત્યુ)ની છે. એ જ રીતે ત્રીજી જીવની અને ચોથી મૃત્યુની છે. છેલ્લી નિશાની મૃત્યુની ના આવે એમ તે ઇચ્છે છે. એટલે તે એકી નંબરના ડામ દે છે, તેથી તે સદા જીવતો રહે. જો આ વિધિ ન કર્યો હોય તો મરણ પછી 'ટુમઢાક' નામના નગારા જેવા આકારના મોટા કીડા એના ખોળામાં બેસે અને એને ખાઈ જાય એવી સંથાલોમાં માન્યતા છે. આ 'સીકા' માટે કોઈ વિધિ નથી અને તે કેવળ પુરુષોને માટે જ છે. સ્ત્રીઓ સામાન્ય રીતે તેમની હથેળીઓમાં, હાથ ઉપર અને કેટલીક પોતાનાં સ્તન ઉપર છૂંદણાં છૂંદાવે છે.

### સ્ત્રીઓને શરીરે છૂંદણાં (ખોડા)

મયૂરભંજમાં સંથાલ સ્ત્રીઓ તેમનાં કાંડાં ઉપર અને છાતી ઉપર છૂંદણાં છૂંદાવે છે. સામાન્ય રીતે સૂર્યની આકૃતિ કાઢવામાં આવે છે. તેની આસપાસ વિવિધ પ્રકારનાં પક્ષીઓ અને અન્ય ફૂલો ચીતરવામાં આવે છે. આમાં સંથાલોના મુખ્ય દેવ 'સીનબોંગા'(સૂર્યદેવતા)નો સંકેત હોય એમ લાગે છે.

સંથાલ કન્યાઓને સામાન્ય રીતે લગ્ન પહેલાં, દસમા અને અગિયારમા વર્ષની વચ્ચે, આ છૂંદણાં છૂંદવામાં આવે છે. લગ્ન પછી પણ એ થઈ શકે છે. રિવાજ એવો છે કે છૂંદણાં છૂંદવાની ક્રિયા ઘરની બહાર 'સીકલીદાર' જાતિની સ્ત્રીઓ કરવી જોઈએ. આવી છૂંદણાં છૂંદનાર બાઈને મયૂરભંજમાં 'ખુદણી' (ખોદણી – ખોતરનારી) કહે છે. છૂંદણાં છૂંદવા માટે તે ત્રણ પાંખિયાંવાળું લોખંડનું ઓજાર વાપરે છે. ચામડી ખોતરાઈ જાય અને ચિત્ર આલેખાય એટલે તેના ઉપર આમળાંનો રસ લગાડવામાં આવે છે. તે રંગની ગરજ સારે છે. આ રીતે છૂંદણું તૈયાર થાય એટલે તેને પાણીમાં ઓગાળેલી હળદર વડે ધોઈ નાખવામાં આવે છે. સંથાલ સ્ત્રીને તમે પૂછો કે તમે આવાં છૂંદણાં શા માટે છૂંદાવો છો? તો તે કહેશે, 'આ તો ભગવાનને બતાવવાની નિશાનીઓ છે. એના વિના આ દેહની પાછળ શું રહેવાનું છે?' આ છૂંદણાં એ કેવળ દેહનો અલંકાર જ નથી. એ તો સામાજિક અને ધાર્મિક સંસ્કાર છે. જે મહત્ત્વ સંથાલ પુરુષને ડામ દેવાનું છે તે જ મહત્ત્વ સંથાલ સ્ત્રીને છૂંદણાં છૂંદવાનું છે. જો સ્ત્રીને છૂંદણાં ન હોય તો તેની સાસુ તેને ઘરની વહુ તરીકે સ્વીકારે નહીં; અને જો છૂંદણાં વિના સ્ત્રી મરી



જાય તો 'જોમરાજા' (યમરાજા) એને અપવિત્ર લેખી નરકમાં મોકલે એવી માન્યતા છે. સંથાલ પ્રદેશોમાં આ પ્રથા સર્વત્ર પ્રચલિત છે.

### લગ્ન

સંથાલો સ્ત્રીને ઘરનો દીવો ગણે છે. એમનામાં પુરુષ કે સ્ત્રી કુંવારી રહે એવું ભાગ્યે જ બને છે. સ્ત્રીપુરુષના સંબંધોમાં આ જાતિ બહુ જ છૂટ ભોગવે છે. એટલે સામાન્ય રીતે એમનાં લગ્નો પ્રેમ-લગ્નો હોય છે. મયૂરભંજમાં હાલ લગ્નની ઉંમર છોકરા માટે વીસ વરસ અને છોકરી માટે રજસ્વલા થયા પછીની ગણાય છે. ભૂતકાળમાં તેઓ આશરે પચીસમે વર્ષે પોતાને મનપસંદ પાત્રને પરણતાં. પરંતુ હવે હિંદુઓની અસરને લીધે લગ્નની ઉંમર ઘટી છે. તે એટલે સુધી કે સંમતિવયની મર્યાદાનો પણ કોઈ વાર ભંગ થાય છે. મયૂરભંજમાં બાળલગ્નો વધારે થાય છે. પરંતુ કન્યાની ઉંમર વરની ઉંમર કરતાં નાની હોવી જોઈએ.

આ જાતિ બહુપત્નીમાં માનતી નથી, સિવાય કે પત્ની વંધ્યા હોય. કુટુંબની મિલકત જળવાઈ રહે તે માટે નાનો ભાઈ મોટાભાઈની વિધવાને પરણે છે. તેમ છતાં માણસ એક કરતાં વધુ સ્ત્રીઓ રાખતો હોય એવું બને છે. આ રખાતોને સમાજમાં તેમ જ કાયદામાં મિતાક્ષર સ્ત્રીઓના જેવો જ દરજ્જો મળે છે. એક સ્ત્રીને એકથી વધુ પતિ હોય એવું બનતું નથી. પરંતુ એ પ્રથાના અવશેષ જેવી 'ઘાઉલીઆ સગાઈ'ની પ્રથા પ્રચલિત છે. એમાં નાનો ભાઈ તેની મોટી ભાભી સાથે સંબંધ રાખે તો તેનો વાંધો લેવાતો નથી. માત્ર એટલું જ કે આ સંબંધ ગુપ્ત હોવો જોઈએ, બહુ જાહેર થવો જોઈએ નહીં. આના જેવો બીજો રિવાજ એવો છે કે સ્ત્રી પોતાની નાની બહેનને પોતાના પતિ સાથે સંબંધ રાખવા દે છે. જો આમાંથી કોઈ અનિષ્ટ પરિણામ નીપજે તો એ બહેનને એ પતિ સાથે પરણાવી દેવામાં આવે છે. આવા લગ્નને 'હીરોમ ચેતન' કહે છે. એનો અર્થ થાય છે છતી શોક્યે લગ્ન – એક ઉપર બીજી.

#### ૧. અસલી લગ્ન

આ જાતિમાં વિવિધ પ્રકારનાં લગ્ન થાય છે. તે દરેકની વિધિનું હવે વર્ણન કરવામાં આવશે.

લગ્નના જાણવા જેવા મુખ્ય પ્રકારને 'અસલી' કહે છે. 'અસલી' એટલે પદ્ધતિસરનું, પરાપૂર્વથી ચાલતું આવેલું લગ્ન. એને મયૂરભંજમાં 'દુઆર ઈતુત સિંદૂર બાપલા' કહે છે. એને માટે ભૂતકાળમાં 'બાપલા' અથવા 'કેરીંગ બાહુ' (કન્યાની ખરીદી) અથવા 'કીરીન બાહુ બાપલા' એવા શબ્દો વપરાયેલા છે. આ સૌથી વધુ રૂઢિચુસ્ત પ્રથા છે. એમાં વાસ્તવિક રીતે કુટુંબના વડીલો લગ્ન ગોઠવે છે, લગ્ન પહેલાં છોકરાછોકરી વચ્ચે પ્રેમનું તત્ત્વ હોતું નથી.

#### કન્યાની પસંદગી

હવે ધારો કે એક જણને પોતાના દીકરા માટે કન્યા જોઈએ છે. તો એ માણસ પોતાની આસપાસનાં ગામોમાં લાયક કન્યાઓ કઈ કઈ છે તે વિશે પોતાના કેટલાક સંબંધીઓને વાત કરશે. જો કોઈ કન્યા નજરમાં આવશે તો તેઓ તે વિશે તપાસ કરશે અને જો એ કન્યા એમને અનુકૂળ લાગશે તો પછી તેઓ કન્યાના ગામના મુખીને આ વિશે વાત કરશે અને જણાવશે કે છોકરાનો બાપ એ કન્યા લેવા ખુશી છે. સામાન્ય રીતે આ રીતની વાતો પહેલી વર પક્ષ તરફથી ઉદ્ભવે છે. કન્યા પક્ષ એમાં પહેલ કરતો નથી. હવે, જો કન્યાનો બાપ આ દરખાસ્ત વિશે વાત કરવા કબૂલ થાય તો જાતિના કાયદા અને રીતરિવાજો મુજબ આ સંબંધ

થઈ શકે કે નહીં તેની વિગતથી ચર્ચા કરવામાં આવે છે. દા.ત. વરકન્યાનાં ગોત્રો કયાં, પેટા-ગોત્રો કયાં, સગાઈ-સંબંધો કેવા વગેરે વિગતો ચર્ચવામાં આવે છે. જો આ દૃષ્ટિએ બધું સંતોષકારક માલૂમ પડે તો કન્યા જોવા ક્યારે આવવું તે વિશે છોકરાના બાપને ખબર આપવામાં આવે છે.

**કન્યા જોવાની વિધિ**

નિયત દિવસે છોકરાનો બાપ બીજા સંબંધીઓને લઈ કન્યા જોવા જવા નીકળે છે. આ વખતે જો બળતણ ભરેલું ગાડું સામું મળે, એમના જમણા હાથ તરફથી ડાબા હાથ તરફ શિયાળ જતું જોવામાં આવે, કુહાડી કે કોદાળી લઈને જતો માણસ સામો મળે, અથવા તો કોઈ ગાયના મરણના સમાચાર મળે તો તેઓ કન્યા જોવા જવાનું અને લગ્ન કરવાનું માંડી વાળે છે. પરંતુ છોકરીને ગામ પહોંચ્યા પછી જો કોઈ માણસના મરણના સમાચાર મળે તો તેઓ છોકરાને નસીબદાર ગણે છે, કેમ કે આવે પ્રસંગે માણસના મરણના સમાચાર શ્રેષ્ઠ શુકન ગણવામાં આવે છે.

હવે તેઓ ગામના મુખીને ઘેર એકઠા થાય છે, ત્યાં અન્યોન્ય જુહાર કરે છે અને અલ્પાહાર કરે છે. પછી કન્યાને ત્યાં તેડી લાવવામાં આવે છે. તેને છોકરાનો બાપ અને તેના સંબંધીઓ પગથી માથા સુધી ધારી ધારીને જુએ છે.

જો કન્યા પસંદ પડે તો મુખીને તેની ખાનગીમાં ખબર આપવામાં આવે છે. અને આગળની વાટાઘાટો ચલાવવા માટે એક 'રાએબારીક' (મધ્યસ્થી) નીમવામાં આવે છે. પછી બધા કન્યાના બાપને ઘેર જાય છે. ત્યાં તેમને તેમનાં ભાવિ સગાં જોવા મળે છે. એ જ રીતે કન્યા પક્ષના લોકો વરને ઘેર જાય છે. પ્રથમ તેઓ ગામના મુખીને ઘેર જાય છે. ત્યાંથી મુખી તેમને વરને ઘેર લઈ જાય છે. ત્યાં તેમનું સ્વાગત કરવામાં આવે છે. કન્યાની મા વરના શરીરે તેલ અને હળદર ચોળે છે. તેને મણકાની માળાઓ ભેટ આપવામાં આવે છે. ભાવિ સાસુ એને ચુંબન કરે છે અને 'બાબા'ના માનવાચક સંબોધનથી બોલાવે છે.

**વિવાહવિધિ (ટકાલ)**

આ રીતે પ્રારંભિક વિધિ થયા પછી વિવાહવિધિને માટે બીજો દિવસ નક્કી કરવામાં આવે છે. નિયત દિવસે વરપક્ષના લોકો પ્રથમ કન્યાના ગામના મુખીને ઘેર જાય છે. પછીથી મુખીને સાથે લઈને તેઓ કન્યાના બાપને ઘેર જાય છે. ત્યાં વરની મા કન્યાને કેટલાંક ઘરેણાં ભેટ આપે છે અને કન્યા ત્યાં આવેલા બધા વડીલોને 'જોહાર' (વંદન) કરે છે.

પછીથી વરના બાપ વતી મધ્યસ્થી 'સાલ' વૃક્ષના એક પાંદડા ઉપર એક રૂપિયો, થોડા ચોખા અને 'ઘુબી' ઘાસ મૂકીને હથેળીમાં રાખે છે. પછી તે કન્યાના ગામના મુખીને આપવામાં આવે છે. તે પછી એ ચીજો કન્યાના ગામના વડીલો અને સ્ત્રીઓ તપાસે છે. પછીથી મુખી એ ચીજો કન્યાના બાપને અર્પણ કરે છે. આ વિધિને 'હોરોક ચીના ટકાલ' કહે છે. એનો અર્થ 'વિવાહનું ચિહ્ન ધારણ કરવું' એવો થાય છે.

હવે ત્યાં આવેલા બધા મહેમાનો 'હાંડિયા'ની જાફત ઉડાવે છે. આ વખતે કન્યા એની ભાવિ સાસુના ખોળામાં બેસે છે અને તેના શરીરે તેલ અને હળદર ચોળવામાં આવે છે. પછી એને સાસરી તરફથી આણેલાં ઘરેણાં પહેરાવવામાં આવે છે. હવે મુખી બંને પક્ષોને ઉદ્દેશીને એક નાનુંસરખું સુંદર પ્રવચન કરે છે. એનો અર્થ એવો થાય છે કે આ યુગલ



વચ્ચે હવે મજબૂત ગાંઠ બંધાઈ છે, એટલે એમાંથી એકેય જણે હવે બીજે પરણવું નહીં. બંને પક્ષના આગેવાનો એ શબ્દોનું પુનરુચ્ચારણ કરી કહે છે, 'ના, એમનાથી બીજા કોઈને પરણાય નહીં.'

વર પક્ષના લોકો હવે ઘેર પાછા ફરે છે. થોડા સમય પછી 'રાએબારીક' (મધ્યસ્થી) કન્યાના બાપને ઘેર ફરીથી જાય છે. ત્યાં કન્યાની કિંમત કેટલી લેવાનો રિવાજ છે, કન્યાના કુટુંબને કેટલાં કપડાં અને ઢોર દાપામાં આપવાં પડશે, અને લગ્ન માટે કઈ તિથિ અનુકૂળ પડશે – એ બાબતોની તે તપાસ કરે છે. આ બાબતો નક્કી થયે, લગ્નની તિથિ ઠરાવવામાં આવે છે. લગ્નના કેટલા દિવસ બાકી રહ્યા તે બતાવવા એક દોરડા ઉપર ગાંઠ વાળવામાં આવે છે. દોરડાને 'બાપલા ગિરા' કહે છે. પછીથી દર રાત્રે એક ગાંઠ છોડવામાં આવે છે. જ્યારે એક પણ ગાંઠ બાકી ન રહે ત્યારે લગ્નનો દિવસ આવ્યો એમ મનાય છે.

**વધૂમૂલ્ય (ગોનોન)**

સામાન્ય રીતે વધૂમૂલ્ય કેટલેક સ્થળે રૂ. ૩થી રૂ. ૧૨ સુધીનું હોય છે. સંથાલ પરગણામાં તે સરેરાશ રૂ. ૫ ગણાય છે. પરંતુ મયૂરભંજમાં કેટલાક એમ કહે છે કે ત્યાં વધૂમૂલ્ય રૂ. ૩, રૂ. ૫, રૂ. ૭ કે રૂ. ૧૨ એ પ્રમાણે નિયત થયેલું છે, જ્યારે બીજા એમ કહે છે કે વધૂમૂલ્યની રકમમાં વધઘટ થઈ શકે છે અને કોઈની સ્થિતિ સારી હોય તો વધારે મૂલ્ય આપવા પણ તૈયાર થાય છે.

કન્યાપક્ષને દાપાં આપવાની બાબતમાં રિવાજ એવો છે કે જો કન્યાનાં માબાપ હયાત હોય તો કન્યાના બાપ તથા ભાઈને દરેકને એક વાછરડો મળે છે. જો એનો કાકો દાપામાં વાછરડું માગે તો તેના બદલામાં તેણે તેની ભત્રીજીને રિવાજ મુજબ કેટલાંક ઘરેણાં અને વાસણ આપવાં પડે છે.

જો કન્યાના બાપને કન્યાની કિંમતમાં માત્ર ત્રણ જ રૂપિયા જેટલી નાની રકમ મળે તો તેણે વરને અથવા બંને પક્ષના ગામવડીલોને કશું આપવાનું હોતું નથી. પરંતુ જો કન્યાના બાપને રૂ. ૫ કે ૧૨ જેવી મોટી રકમ મળે કે તે એવી રકમ માગે તો તેણે બદલામાં વરને વિવિધ પ્રકારની ભેટો આપવી પડે છે. મયૂરભંજમાં એક કન્યાના બાપને 'ગોનોન' તરીકે રૂ. ૧૨ મળેલા. તેના બદલામાં તેણે વરકન્યાને બે બળદ, એક હળ, એક ધૂંસરી, એક કૂતરો, એક બિલાડી, એક નોકરડી અને બીજાં વાસણો તથા ઘરેણાં આપવાં પડેલાં.

વર તરફથી કન્યાના કુટુંબમાં દાપા તરીકે કેટલાંક કપડાં આપવામાં આવે છે. એવા એક કપડાને 'બોંગાસાડી' કહે છે. આ સાડી ચૌદ હાથ લાંબી હોય છે. તે વરની વડસાસુને, તે જીવતી હોય કે મરી ગઈ હોય તોપણ, આપવાની હોય છે. બીજા કપડાને 'મા સાડી' કહે છે. તે બાર હાથ લાંબી હોય છે. તે સાસુને મળે છે — જીવતી હોય કે મરી ગઈ હોય તોપણ. 'બોંગાસાડી' બાબતમાં રિવાજ જરા ઢીલો પડયો છે. વડસાસુ મરી ગઈ હોય તો તે માટે આગ્રહ કરવામાં આવતો નથી. પરંતુ 'મા સાડી' તો આપવી જ પડે એવો રિવાજ છે. તે પછી આવે છે 'હેરે' નામનું કાપડ. તે આઠ હાથ લાંબું હોય છે. તે કન્યાની ફોઈને આપવાનું હોય છે. ફોઈઓ એક કરતાં વધારે હોય તોપણ એક જ કાપડ આપવાનો રિવાજ છે.

હવે લગ્નની તૈયારીઓ આરંભાય છે. તેમાં આખું ગામ પ્રવૃત્તિથી ધમધમે છે. સાંજના પહોરે ગામના વડીલો કન્યાને ઘેર તેમ જ વરને ઘેર એકઠા થાય છે. ગામલોકો ઝાડનાં પાંદડાં

વડે સુંદર કુટિરો ઊભી કરે છે અને તેમને ફૂલોથી શણગારે છે. આજુબાજુ તોરણો બંધાય છે. આ રીતે ગામની ગલી ફૂલોથી શણગારાય છે. બંને પક્ષ પાસેથી ગામલોકોને છ ઘડા ભરીને 'હાંડિયા' (ચોખાનો દારૂ) મળે છે. બે ઘડા 'ટકાકાલ' (વિવાહવિધિ) માટે, બે 'ગિરાતાલ'વિધિ માટે અને બે 'ધારૂઆ રુકુ'વિધિ માટે. છેલ્લી બે વિધિઓમાં વરને ઘેર એકઠા થયેલા ગામ-વડીલો વધુમૂલ્ય અને લગ્નપ્રસંગે આપવાની ભેટો જોવા માગે છે. આ ભેટોમાં નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છે. કન્યાપક્ષના મુખીને આપવાનું દાપું, કન્યાના મોટાભાઈની વહુને આપવાનું દાપું, કન્યાની સાહેલીને આપવાનું દાપું અને કન્યાને કપાળે લગાડવાનું સિંદૂર. આ ઉપરાંત ખસી કર્યા વિનાનો એક બકરો હોય છે. એ બધું કન્યાપક્ષના માણસો અને ત્યાં હાજર રહેલી સ્ત્રીઓ તપાસે છે.

પછીથી વરને ત્રણ વખત નવરાવવામાં આવે છે. આ માટે એક ખાડો ખોદવામાં આવે છે. તેના ઉપર બે ધૂંસરીઓ મૂકવામાં આવે છે. તેના ઉપર વરને બેસાડી કુંવારી કન્યાઓ તેના શરીરે મહુડાનું તેલ અને હળદર ચોળે છે. આ જ રીતે ત્રણ પરણેલાં યુગલને સ્નાન કરાવવામાં આવે છે. તેઓ વરના સ્નાન પછી, એક પછી એક આવું સ્નાન કરે છે. હવે જાનની તૈયારી થાય છે. જાનને માટે વરનો બાપ ચોખા, દાળ અને અન્ય ખાદ્ય પદાર્થો પૂરતા પ્રમાણમાં આપે છે.

હવે જાન ભપકાભેર ઊપડે છે. આનંદમંગળનાં ગીતો ગવાય છે અને તે સાથે ઢોલ અને મંજીરા વાગે છે. દારૂખાનું ફૂટે છે અને છોકરા-છોકરીઓ નૃત્ય કરતાં ચાલે છે. ગાડામાં છોકરાઓને બેસાડવામાં આવે છે. વરને પાલખીમાં લઈ જવામાં આવે છે. એના હાથમાં સોપારી હોય છે.

**સેટા બાપલા, દઈહન બાપલા અને મટકોમ બાપલા**

હવે જો વર કે કન્યાને બાળપણમાં પહેલા દાંત ઉપરના પેઢામાં ફૂટ્યા હોય તો રિવાજ એવો છે કે, તેમને કૂતરા સાથે પરણાવવાં પડે. આને 'સેટા બાપલા' કહે છે. એ જ રીતે વર કે કન્યાના બાળપણની અશુભ અસરો ભૂંસી નાખવા તેમને 'દઈહન વૃક્ષ' કે 'મટકોમ વૃક્ષ' (મહુડાનું ઝાડ) સાથે પરણાવવામાં આવે છે.

**બાપલાની વિધિઓ**

'દઈહન બાપલા' કરવાનું હોય ત્યારે કન્યા કે વરને વાજતેગાજતે એક 'દઈહન' વૃક્ષ પાસે લઈ જવામાં આવે છે. કન્યા(કે વર)ને તથા એ ઝાડને હળદર ચોપડવામાં આવે છે અને નવાં કપડાં પહેરાવવામાં આવે છે. તે વખતે 'ઇંતુત સિંદૂર'નાં ગીતો ગવાય છે. દરમ્યાન, કન્યા ઝાડના થડ ઉપર સિંદૂરના ચાંલ્લા કરે છે.

'સેટા બાપલા' કરવાનું હોય ત્યારે ઉપર પ્રમાણે જ કરવામાં આવે છે. જો કન્યા હોય તો કૂતરા સાથે અને વર હોય તો કૂતરી સાથે લગ્ન કરાવવામાં આવે છે. પરંતુ આ લગ્ન જે તે પાત્રના ઘરના આંગણામાં થાય છે.

'મટકોમ બાપલા' (એટલે મહુડા સાથે લગ્ન) કરવા માટે 'હાંડિયા' અને નવું કપડું લઈને મહુડાના વૃક્ષ પાસે જવું પડે છે. પછી વર(કે કન્યા)ની મા એ વૃક્ષ ઉપર તથા વર(કે કન્યા)ના શરીર ઉપર હળદર ચોપડે છે. પછી તેઓ એ ઝાડની આસપાસ સાત ફેરા ફરે છે. તે વખતે ગાયન-વાદન અને નૃત્ય થાય છે.



પછી જાન કન્યાના ગામે પહોંચે છે. ત્યાં તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવે છે અને તેમને ઉતારો આપવામાં આવે છે. ભોજન થાય છે. તે પછી 'માનદુઆર' નામનાં ખાસ પ્રકારનાં ગીતો બંને પક્ષ એકઠા મળીને ગાય છે. દરમ્યાન, કન્યાને લગ્ન માટે તૈયાર કરવામાં આવે છે.

જાન કન્યાના ઘર તરફ આવે એટલે રંગીલા લોકોનું ટોળું એમને આંતરે છે અને એમના ઉપર ઉખાણાંની ઝડી વરસાવે છે. આ ઉખાણાં જાનવાળા બરાબર ઉકેલી આપે નહીં તો તેમને આગળ જવા દેતા નથી. દા.ત. એક ઉખાણું આવું પુછાય છે : 'સાઠ ભેંસો છે અને પંદર થાંભલીઓ છે. એમને તમે એકી સંખ્યામાં બાંધી શકશો?'

હવે આ ઉખાણાનો જવાબ આપવા માટે એના એ જ શબ્દો 'બીજોર' શબ્દના 'જોર' શબ્દ ઉપર ભાર દઈને બોલવાના હોય છે. એનો અર્થ એ થાય છે કે તમે એમને બળ-જબરીથી બાંધી શકશો. જાન ત્રણ કે ચાર ડગલાં આગળ વધે એટલે આવું ઉખાણું પૂછવામાં આવે છે. એથી ભારે રમૂજ ઊપજે છે. એમ કરતાં કરતાં જાન રાત્રે કન્યાને ઘેર પહોંચે છે.

પછીથી કન્યા તરફના લોકો વર તરફથી કન્યાને આપવા માટે આણેલી 'ગોનોન'ની ચીજો તપાસે છે. જો ચીજ ન પસંદ પડે તે તેઓ તરત જ પાછી આપે છે. તેને બદલી આપવી પડે છે. એ કામ પૂરું થાય અને બધી ચીજો મંજૂર થાય એટલે વરપક્ષને ભોજન-સામગ્રી આપવામાં આવે છે. 'ગોનોન' મંજૂર થયાના બદલામાં તે અપાતી હોઈ, એને 'ગોનોન તોરાઓણી' કહે છે. દરમ્યાન વરરાજા કન્યાના ઘર આગળ બાંધેલા માંડવામાં બિરાજે છે અને સૌ કોઈ એમને નીરખે છે. હવે કન્યાનું પ્રથમ લગ્ન મહુડા સાથે, કૂતરા સાથે અથવા 'દઈહન' વૃક્ષ સાથે કરાવવામાં આવે છે. આને અનુક્રમે 'મટકોમ બાપલા', 'સેટા બાપલા' અથવા 'દઈહન બાપલા' કહે છે. તેનું વર્ણન ઉપર આવી ગયું છે. પછી વર અને તેનો સાળો સામાસામી પાઘડી બદલે છે અને આ વખતે 'સિંદરા દાન' (સિંદૂર દાન) નામના અત્યંત મહત્ત્વના વિધિ માટે તૈયારી ચાલતી હોય છે. એમાં કન્યાને કપાળે સિંદૂરનો ચાંલ્લો કરવાનો હોય છે.

ત્યાર બાદ કન્યાને વરઘોડાના રૂપમાં બહાર લઈ જવામાં આવે છે. વર અને કન્યા બંનેએ આછા વણાટનાં પીળાં કપડાં પહેર્યાં હોય છે. તે બંને અર્ધે રસ્તે મળે એમ કરવામાં આવે છે. એ બેની વચ્ચે એક કપડું મૂકવામાં આવે છે. આ કપડાને ત્રણ વખત ગોળ ગોળ ફેરવવામાં આવે છે. કન્યા ટોપલીમાં બેસે છે. તેને વરનો મોટો ભાઈ અને તેમના તરફના બીજા લોકો ઊંચકે છે. વર એના 'ટેનાન'(બનેવી)ના ખભા ઉપર બેસે છે. આ રીતે બેઠેલાં વરકન્યા ત્રણ વખત ગોળ ગોળ ફરે છે, અને ફરતાં ફરતાં એકબીજા ઉપર ચોખા નાખે છે. પછી વર પૂર્વ તરફ અને કન્યા પશ્ચિમ તરફ મોં કરે છે. હવે એક માણસ ઝરાના પાણીનો કળશ લાવે છે. એમાં આંબાની ડાળખીઓ (પાંદડાંવાળી) ખોસેલી હોય છે. આ આંબાનાં પાંદડાં વડે વર કન્યા ઉપર અને કન્યા વર ઉપર પાણી છાંટે છે.

પછી વર તેની વચલી આંગળી વડે કેટલુંક સિંદૂર લઈ જમીન પર તેના છાંટા નાખે છે. તે પછી તે કન્યાને કપાળે સિંદૂરનો ચાંલ્લો કરે છે. આ વખતે ત્યાં બેઠેલા લોકો ત્રણ વખત 'હરિબોલ' પોકારે છે.

આ રીતે લગ્નવિધિ પત્યા પછી, વરકન્યાને નીચે જમીન પર ઉતારવામાં આવે છે. તેમના છેડા ગાંઠવામાં આવે છે અને તેઓ બધા વડીલોને પગે લાગે છે. આ પછી કન્યાને તેની મા

ઘરમાં લઈ જાય છે. વરને તેનો સસરો ઘરમાં લઈ જાય છે. પણ બારણાં તો વરની સાળીઓએ દાપુ લેવા બંધ કરી દીધેલાં હોય છે. દાપામાં પૈસા કે ઘરેણાં આપવામાં આવે છે. જેમતેમ કરીને આ સાળીઓના પંજામાંથી છૂટીને વરરાજા ઘરમાં દાખલ થાય છે. ત્યાં કન્યાની સાથે તેમને જમાડવામાં આવે છે અને કન્યાનાં સગાં તરફથી બંને ઉપર ભેટોનો વરસાદ વરસે છે. લગ્નની વિધિમાં 'સિંદરા દાન' પછી આ સહભોજનનો વિધિ બીજી આવશ્યક વિધિ ગણાય છે. આ વિધિ 'ડાક કાલ'થી પૂરો થાય છે. 'ડાક કાલ' એટલે પાણી આપવું. એમાં કન્યા વર-પક્ષના લોકોને 'હાંડિયા' અને દાતણ આપે છે અને તેના બદલામાં એ લોકો એને યોગ્ય ભેટો આપે છે.

**વરનું ઘેર પાછા ફરવું**

હવે કન્યાને લઈને વર ઘેર પાછો ફરે છે. તેઓ જે બકરો લઈ ગયેલા તે કન્યાને ઘેર મૂકતા આવે છે. એ બકરો કન્યા તરફના લોકો કન્યાના સદ્‌ગત પૂર્વજોને બલિદાનમાં આપે એવો રિવાજ છે. વરકન્યા ઘરે આવતાં આંગણામાં નૃત્ય વડે એમનું સ્વાગત કરવામાં આવે છે. આ પ્રસંગે વરની નાની બહેનો કન્યાના પગ ધુએ છે, અને વરના પગ તેના મોટાભાઈની વહુ ધુએ છે. પછીથી વરઘોડિયાને ઘરમાં લઈ જવામાં આવે છે. અહીં પણ વરની બહેન કમાડ બંધ કરી દઈ દાપું માગે છે. ભોજન લીધા પછી કન્યા પક્ષના સગાંસંબંધીઓ વરવહુને વિવિધ ચીજો ભેટ આપે છે. પછીથી જે પાણી વડે વરના પગ ધોયા હોય તેમાં પલાળેલું ભોજન વહુને ખવ-ડાવવામાં આવે છે. એથી ખાતરી થાય છે કે વહુ એના વરની સદાની દાસી બનીને રહેશે.

હવે 'કાદોઘાટા' (કાદવઘાટ) નામનો વિધિ થાય છે. એમાં વરઘોડિયાને ગામની સ્ત્રીઓ 'જોલઘાટ' (જલઘાટ – સ્નાનઘાટ) ઉપર લઈ જાય છે. સાથે એક ઘડો લઈ જવામાં આવે છે. ત્યાં એ યુગલ એકબીજાને શરીરે તેલ અને હળદર ચોળે છે, અને સાથે સાથે એમની આંગળીઓ વડે 'મરાન બુરુ' અને 'માગંગા'(જળદેવી)ને સિંદૂરના છાંટા નાખે છે. જો ચાંલ્લો કરવામાં કન્યા પહેલ કરે તો ઘરમાં એનું ચલણ થાય એમ મનાય છે. હવે વરને એક પિત્તળનો ઘડો આપવામાં આવે છે. એને તે કાદવમાં સંતાડે છે. વહુ તે શોધી કાઢવા મથે છે. આ પ્રક્રિયા ત્રણ વખત કરવામાં આવે છે. પછી તેઓ સ્નાન કરે છે અને બધાં ઘેર પાછાં આવે છે. ઘેર આવ્યા પછી વહુ એના વરના, વરના મોટાભાઈના તથા અન્ય વડીલોના પગ ધુએ છે.

**કન્યાનું પિયર જવું (ઈંદી અગુરુઆલ)**

લગ્ન પછી બે દિવસે વરઘોડિયું કન્યાને ઘેર પાછું જાય છે. ત્યાં પેલો બકરો (જે વર-પક્ષે લગ્ન વખતે ત્યાં રાખ્યો હતો તે) કન્યાના પૂર્વજોને અર્પણ કરવામાં આવે છે. તે વખતે ગામના વડીલો એકઠા થાય છે. બકરાનું માંસ રાંધવામાં આવે છે. તે બધા ભેગા થઈને આરોગે છે. હવે વરને તેનો સસરો ગાયો ભેટ આપે છે. જો આમાં ઢીલ થાય તો વર ભોજન લેવાને આનાકાની કરે છે. અને તેને પૂરતી ખાતરી આપાયા પછી જ તે ભોજન લે છે.

આ બધા પ્રસંગોએ પેલો મધ્યસ્થી વરકન્યા સાથે જ રહે છે. તે હવે વિદાય લે છે. અને વરઘોડિયું વરને ઘેર પાછું ફરે છે.

**૨. બારીઆટ આટે બાપલા**

અસલી લગ્નના બીજા પ્રકારને 'બારીઆટ આટે બાપલા' કહે છે. એમાં ફેર એટલો જ છે કે આ પ્રકારના લગ્નમાં વરપક્ષના લોકો વરને લઈને કન્યાને ઘેર જાય છે, ત્યાંથી તેઓ કન્યાને પોતાને ઘેર લઈ આવે છે અને લગ્નવિધિ અસલી લગ્નની પેઠે જ વરના ઘર આગળ કરવામાં આવે છે. પેલો ખસી કર્યા વિનાનો બકરો પણ કન્યાને ઘેર લઈ જવામાં આવે છે અને ત્યાં કન્યાના પૂર્વજોને તેનું બલિદાન દેવાય છે.



**૩. ટૂંકી દીપીલ**

'ટૂંકી દીપીલ' એ પણ 'અસલી' લગ્નનો એક પ્રકાર છે. તે ખાસ કરીને ગરીબોને માફક આવે તેવો છે. આમાં વિવાહ કરનાર પક્ષ 'ગોનોન' લઈને કન્યાને ઘેર જાય છે, અને કન્યાને વરને ઘેર લઈ આવે છે. લગ્નવિધિ 'અસલી' લગ્નના જેવો જ હોય છે. તે વરને ઘેર થાય છે.

**(૨) પ્રેમલગ્ન**

**(૧) રાજારાજી**

સંથાલ આદિવાસીઓ પોતાનાં છોકરા-છોકરીઓને છૂટથી હળવામળવા દે છે. આને લીધે સ્વાભાવિક રીતે જ ઘણાં પ્રેમલગ્નો થાય છે. પરંતુ સંથાલ યુવક-યુવતી પ્રેમમાં પડે તોપણ પતિપત્ની તરીકે રહેતાં પહેલાં એમણે કેટલાક વિધિમાંથી પસાર થવું પડે છે. જ્યારે કોઈ યુગલનો પરણવાનો વિચાર થાય ત્યારે તે ગામના મુખીને ઘેર જઈ પોતાનો વિચાર તેને જણાવે છે. પછી મુખી બંને જણને છોકરાને ઘેર લઈ જાય છે. ત્યાં ગામના વડીલોની સમક્ષ છોકરીને પૂછવામાં આવે છે કે 'તું આમાં સંમત છે કે કેમ?' જો છોકરી હકારમાં જવાબ આપે તો લગ્નનો દિવસ નક્કી કરવામાં આવે છે. તે દિવસે કન્યાને કપાળે સિંદૂરનો ચાંલ્લો કરવામાં આવે છે. આવા લગ્નમાં 'અસલી' લગ્નના બધા વિધિ કરવામાં આવતા નથી. આ લગ્નને 'રાજારાજી' કહે છે.

છોકરો અને છોકરી નાસી જાય અને પતિપત્ની તરીકે રહે, એવું લગ્ન પણ 'રાજારાજી' કહેવાય છે. આવાં ભાગેડુ પ્રેમપંખીડાંને શોધી કાઢી ઘેર લાવવામાં આવે છે અને ત્યાં, અગાઉની માફક, મુખી કન્યાનો અભિપ્રાય પૂછે છે. પછી તેને કપાળે ચાંલ્લો કરી લગ્નવિધિ પતાવવામાં આવે છે.

**(૨) બળજબરીથી ચાંલ્લો કરીને કરેલું લગ્ન (હુરકાતરા ઉર્ફે ઈતુત)**

'હુરકાતરા' ઉર્ફે 'ઈતુત' નામના લગ્નમાં કન્યાને બળજબરીથી ઉપાડી જવામાં આવે છે. જો કોઈ છોકરાને એમ લાગે કે એને ગમતી છોકરી સહેલાઈથી એનો સ્વીકાર કરનાર નથી, તો તે કોઈ બજાર કે મેળા જેવી જાહેર જગાએ એ છોકરીને પકડીને એને કપાળે સિંદૂર કે કંકુ ચોપડી દે છે. પછી એ છોકરીને બીજા લોકો શોધી કાઢે છે. પછી ગામનો મુખી અને વડીલો એકઠા થાય છે અને છોકરીને પૂછે છે કે 'તું અહીં તારી મેળે આવી કે તને બળજબરીથી ઉપાડી લાવ્યા?' છોકરી હકારમાં જવાબ આપે કે નકારમાં જવાબ આપે, તોપણ જાતિના કાયદા મુજબ એને પેલા છોકરા સાથે પરણાવવી જ પડે છે. એટલે લગ્ન માટે તિથિ નક્કી કરવામાં આવે છે અને વધૂમૂલ્ય ઠરાવવામાં આવે છે. આવા પ્રકારના લગ્નમાં વધૂમૂલ્ય આપવાનું ફરજિ-યાત હોય છે, જ્યારે પ્રેમલગ્નમાં એ મરજિયાત હોય છે. છોકરીને ઉપાડી જનાર છોકરાનો દંડ પણ કરવામાં આવે છે. આ દંડની રકમ ગામના વડીલો લે છે અને તે વડે તેઓ ઉજાણી કરે છે. આવાં લગ્નો કાયદેસર ગણાય છે. જો છોકરી એ છોકરા સાથે રહેવાની ના પાડે, તોપણ એ બીજાને પરણી શકે તે માટે એને રીતસર છૂટાછેડા આપવા પડે છે.

આ પ્રકારનાં લગ્ન કરવાનાં વિવિધ કારણો હોય છે. કેટલીક વાર છોકરીને લોકનજરે હલકી પાડવા આમ કરવામાં આવે છે તો કેટલીક વાર એવું બને છે કે છોકરીનાં માબાપ એને મનપસંદ છોકરા સાથે લગ્ન કરવા દે નહીં ત્યારે છોકરી પોતે એને એ છોકરો ઉપાડી જાય એમાં છૂપી સંમતિ આપે છે.

**(૩) બાહા દોર બાપલા**

જો કોઈ છોકરો અને છોકરી જંગલમાં નાસી જઈને એકબીજાને ફૂલહાર કરે અને ઘેર આવી એક ઓરડીમાં સંતાઈ જાય તો તેમને પરણેલાં માની લેવામાં આવે છે. આ પ્રકારના લગ્નને 'બાહા દોર બાપલા' કહે છે. કેટલાક માને છે કે સંથાલોમાં લગ્નનો વિધિ અસલમાં આવો હતો.

**(૪) ઝારી પાણી**

કોઈ યુગલ પીઠામાંથી દારૂ પી, એની અસરથી સંભોગ કરે તો તેને રમૂજમાં 'ઝારી પાણી' (પાતળો હાંડિયા) કહે છે.

**(૫) કીરીંગ જાનવાને**

જ્યારે કોઈ છોકરી એના પોતાના ગોત્રના પુરુષથી ગર્ભવતી થાય ત્યારે તેનું અન્યત્ર જે લગ્ન થાય તે લગ્ન 'કીરીંગ જાનવાને' કહેવાય છે. ગોત્રમાં લગ્ન કરવાની મનાઈ હોય છે તેથી બીજા કોઈકને પતિ બનવા પકડી લાવવામાં આવે છે. એ માણસ એ છોકરીનો પતિ બનવાનું કબૂલ રાખે એના બદલામાં એને બે બળદ, એક ગાય અને થોડી ડાંગર આપવામાં આવે છે. જે માણસથી છોકરીને ગર્ભ રહ્યો હોય તેનું કટુંબ આ ચીજો આપે છે. પછી મુખી ગામલોકોને એકઠા કરે છે અને એમની હાજરીમાં આ યુગલને પરણેલાં જાહેર કરે છે. છોકરીને શિખામણ આપવામાં આવે છે કે : 'તારે માટે આ પતિ શોધી આપવામાં આવ્યો છે. એની સાથે તું વફાદારીથી રહેજે.'

**(૩) વિધવાલગ્ન (સાંગ)**

(૧) સામાન્ય રીતે સંથાલ વિધવા વિધુરને જ પરણે એવો રિવાજ છે. કોઈક વાર તે કુંવારાને પણ પરણે છે. પરણનાર પુરુષ કોઈક બીજા મારફતે પોતાની પસંદગીની વિધવાની સંમતિ મેળવે છે. પછીથી લગ્નને આગલે દિવસે જાતિના વડીલો સમક્ષ એ સ્ત્રીએ પોતાની રીતસરની સંમતિ જાહેર કરવી પડે છે. આવાં લગ્નોમાં કન્યાની કિંમત નહીં જેવી હોય છે, અને સામાન્ય રીતે તે 'અસલી' લગ્ન કરતાં અર્ધી કે તેથી ઓછી હોય છે. વર કન્યાને સિંદૂર લગાડતો નથી. તેને બદલે 'ડિમ્બુ' નામના ફૂલને સિંદૂર લગાડી એ ફૂલ તે પોતાના ડાબા હાથ વડે કન્યાના વાળમાં ખોસે છે.

**(૨) સ્ત્રીની જબરદસ્તીથી થતું લગ્ન (નીર બોલોક)**

કોઈ વિધવા પોતાને ગમતા પુરુષને પરણી શકતી ન હોય તો તે 'હાંડિયા'નો એક ઘડો લઈને એ પુરુષના ઘરમાં રહેવા માંડે છે. એને કાઢી મૂકવા પેલા ઘરના લોકો વિવિધ ઉપાયો અજમાવે છે. એ સ્ત્રીની નજીક મરચાં પણ બાળવામાં આવે છે. તેમ છતાં જો તે ન હઠે તો તેની જીત થાય છે. એને ઘરની વહુ તરીકે સ્વીકારવી જ પડે એવો રિવાજ છે. આવી કન્યા માટે કશી કિંમત આપવી પડતી નથી. 'સાંગ' લગ્નની માફક સ્ત્રીના અંબોડામાં ફૂલ ખોસવામાં આવે એટલું બસ ગણાય છે.



**(૪) ગૌણ પ્રકારનાં લગ્નો**

આ ઉપરાંત સંથાલોમાં વિવિધ પ્રકારનાં ગૌણ લગ્નો થાય છે.

**(૧) સાટાં લગ્ન (ગોલાન્ટી ઉર્ફે ગોલાનેટી)**

બે કુટુંબોમાં લગ્ન કરવા લાયક છોકરો-છોકરી હોય અને તે પોતાની છોકરીઓ સામસામી પરણાવે ત્યારે તે 'ગોલાન્ટી' ઉર્ફે 'ગોલાનેટી' કહેવાય છે. ગુજરાતમાં આવા લગ્નને સાટું કહે છે. આ લગ્નમાં સંથાલો કશી આપ-લે કરતા નથી.

**(૨) ઘરડે જનવાને**

જ્યારે બાપ એમ ઈચ્છે છે કે મારી દીકરી લગ્ન પછી પણ મારા ઘરમાં રહે ત્યારે આ પ્રકારનું લગ્ન થાય છે. એમાં કન્યાની કિંમત આપવી પડતી નથી. એના બદલામાં જમાઈ પાંચ વર્ષ સુધી સસરાના ઘરમાં રહે એવો રિવાજ છે. આ મુદત પૂરી થયે તે છૂટો થઈ શકે છે. તે વખતે તેને એક જોડી બળદ, કેટલુંક અનાજ અને ખેતીનાં કેટલાંક ઓજારો ભેટ તરીકે આપવામાં આવે છે.

**(૩) હિરોમ કેતન બાપલા**

સામાન્ય રીતે સંથાલોમાં એક સ્ત્રી પરણવાનો રિવાજ છે. પરંતુ મયૂરભંજમાં ઘણા સંથાલો એકથી વધુ સ્ત્રીઓ રાખે છે. આ પ્રકારના લગ્નને 'હિરોમ કેતન બાપલા' કહે છે. એનો અર્થ 'છતી શોક્ય લગ્ન' એવો થાય છે. પહેલી પત્ની 'બોટકી' કહેવાય છે અને બીજી 'ચુટકી' કહેવાય છે. બીજી સ્ત્રીને મયૂરભંજમાં 'રખણી પ્રિયા' (રાખેલી સ્ત્રી – રખાત) કહે છે. આ રખાત સ્ત્રીઓને પરણેલી સ્ત્રીઓના બધા અધિકારો આપવામાં આવે છે. અને જ્યારે તે સ્ત્રીઓ મરણ પામે છે ત્યારે તેમની કાયદેસરતા સ્થાપિત કરવા પતિ એમને કપાળે સિંદૂર લગાડે છે.

### મરણોત્તર ક્રિયાઓ

સંથાલ કોમમાં કોઈનું મરણ થાય ત્યારે ગામમાં મુખી અને વડીલો મરનારને ઘેર શોક કરવા જાય છે. ત્યાં તેઓ મૃતદેહને તેલ અને હળદર ચોળે છે. પછીથી મૃતદેહને એક 'ખટિયા' (ખાટલા) ઉપર મૂકી ઘરની બહાર કાઢવામાં આવે છે અને આંગણામાં મૂકી ગાયના છાણ અને પાણી વડે સ્વચ્છ કરવામાં આવે છે. એ સ્થળે મૂઠી ડાંગર વેરવામાં આવે છે. કેટલીક ડાંગર મરનારની જમણી હથેળીમાં ખોસવામાં આવે છે અને થોડી વાર પછી તે નાખી દેવામાં આવે છે. પછી ચાર માણસો મૃતવાહિની ઉપાડી ચાલે છે. તેમની પાછળ 'ડાહી ડાકા' ચાલે છે. 'ડાહી ડાકા' એટલે મૃતદેહને ચિતા ઉપર મૂકનાર માણસ. આ માણસ એક હાથમાં આટલી ચીજો રાખે છે : એક સૂપડું. આ સૂપડામાં પૂળો મૂકેલો હોય છે. પૂળામાં દેવતા હોય છે. કેટલાક કપાસિયા. મરનારના છાપરામાંથી ખેંચી આણેલું ઘાસ. કેટલીક તળેલી ડાંગર. હળદર ભેળવેલો ચોખાનો લોટ. ગાયનું છાણ અને એક નાનું મરઘીનું બચ્ચું. બીજા હાથમાં તે ઢાંકણાવાળો એક ઘડો પકડે છે. આ ઘડામાં મરનારનાં અસ્થિ ભરવાનાં હોય છે. એની પાછળ કુહાડીઓ અને કોદાળીઓ લઈને ગ્રામજનો ચાલે છે. આ રીતે તેઓ ગામની ભાગોળે ચકલા સુધી આવે છે. હવે વિલાપ કરતી સ્ત્રીઓ મરનારના હાથપગને નવરાવે છે. 'ડાહી ડાકા' ડાઘુઓની આસપાસ ત્રણ વખત પ્રદક્ષિણા કરે છે અને 'ખટિયા'(ખાટલા)ના ચાર પાયા નીચે કેટલાક કપાસિયા મૂકે છે. પછીથી મૃતવાહિની ફરીથી ઉપાડવામાં આવે છે. એ રીતે સ્મશાનયાત્રા ધીમે ધીમે સ્મશાનભૂમિ

તરફ ખસે છે. સ્ત્રીઓને માટે અહીંથી રસ્તા જુદા પડે છે, કેમ કે એમને આગળ જવાનો અધિકાર નથી. એટલે અહીંથી સ્ત્રીઓ 'જોલઘાટ' (સ્નાનઘાટ) તરફ વળે છે, ત્યાં સ્નાન કરે છે અને પછી 'કુલહી' (ગામની ગલી) તરફ જઈ ધૂપ વાટે છે. પરંતુ એ ધ્યાનમાં લેવાનું છે કે શોકગ્રસ્ત કુટુંબના માણસોએ આ બધું કરવાની જરૂર હોતી નથી. માત્ર બાકીના લોકોને માટે જ એ ફરજિયાત છે.

સ્મશાને પહોંચેલા ડાઘુઓ હવે બળતણ લાવી ચિતા ખડકે છે. તેઓ મૃતદેહને ચિતાની આસપાસ ત્રણ વખત ફેરવી એના ઉપર મૂકે છે. પછી એક મરઘાનો વધ કરવામાં આવે છે. આ માટે તેની આંખમાં મહુડાની એક ડાળખી ખોસવામાં આવે છે અને પછી તેને ચિતાની આસપાસ રોપેલા એક થાંભલા ઉપર લટકાવવામાં આવે છે. પછીથી ગામનો કોઈ પણ માણસ મૃતદેહ ઉપર મહુડાની ત્રણ ડાળખીઓ મૂકે છે: એક એની છાતી ઉપર, બીજી દૂંટી ઉપર અને ત્રીજી કમર ઉપર. 'સાલ' વૃક્ષના દાતણ વડે એને દાતણ કરાવવામાં આવે છે, અને થોડોક ચૂનો અને તમાકુ એના મોંમાં મૂકવામાં આવે છે. અને આ બધો પ્રારંભિક વિધિ પતે એટલે મરનારનો દીકરો એના છાપરામાંથી ખેંચી આણેલું ઘાસ સળગાવી મૃતદેહમાં આગ મૂકે છે. આ રીતે સળગેલી ચિતામાં ત્યાં બેઠેલા જાતિના સભ્યો પોતાની જાતિ વતી વારાફરતી કંઈક બળતણ ફેંકે છે. આમ કરવું એ જાતિની ફરજ ગણાય છે. જો મરનારને દીકરો ન હોય તો આગ મૂકવાનો હક નીચેના ક્રમે પ્રાપ્ત થાય છે: (૧) બાપ, (૨) ભાઈ, (૩) પિતરાઈઓ, (૪) ગોત્રના માણસો. મરનારની પત્ની સ્મશાને આવતી નથી તેથી તે કદી આગ મૂકી શકે નહીં.

હવે મડદું અડધું બળવા આવે એટલે બે માણસોને મરનારને ઘેર મોકલવામાં આવે છે. તેઓ નીચેની ચીજો એકઠી કરે છે: 'સાલ' વૃક્ષનાં કેટલાંક દાતણ, 'કેમા' વૃક્ષનાં થોડાંક પાંદડાં, 'બેના' નામના છોડનાં થોડાંક મૂળિયાં અને થોડીક માછલી. ઘેર જઈને તેઓ ત્રણ મૂઠી ચોખા અને માંસની કઢી રાંધે છે. તેમાં મચ્છી નાખવામાં આવે છે. આ બધું ચકલામાં દેવોને અર્પણ કરવામાં આવે છે.

અગ્નિદાહની ક્રિયા પૂરી થયે ચિતા ઉપર પાણી રેડવામાં આવે છે. પ્રથમ આગ મૂકનાર પાણી રેડે છે, પછી મૃતવાહિની ઊંચકનાર રેડે છે અને છેવટે ત્યાં હાજર રહેલા જાતિના તમામ સભ્યો રેડે છે. પછીથી મરનારના કપાળમાંથી એક હાડકું લઈ આ માટે આણેલા ઘડામાં મૂકવામાં આવે છે. એ ઘડો કોઈ 'સાલ' વૃક્ષ નજીક જમીનમાં દાટવામાં આવે છે. પછીથી ડાઘુઓ સ્નાન કરી, ધૂપ આપી, ઘેર આવે છે.

હવે ઘર આગળ જે ભોજન તૈયાર થયું હય તે ચકલામાં લઈ જવામાં આવે છે. ત્યાં આ પ્રસંગને માટે જ ખાસ એક ઝૂંપડી ઊભી કરવામાં આવેલી હોય છે. એની નજીક આ ભોજન 'મરાન બુરુ' (મુખ્ય દેવતા) અને મરનારના આત્માને અર્પણ કરવામાં આવે છે. આ પ્રમાણે દેવારાધના પૂરી થયા પછી પેલી ઝૂંપડી બાળી નાખવામાં આવે છે અને ડાઘુઓ ઘેર જાય છે. રિવાજ એવો છે કે પેલા ભોજનમાંથી જે વધ્યું હોય તે ઘરનો મુખ્ય માણસ અને તેની પત્ની તથા ગ્રામજનોને વહેંચી આપવામાં આવે છે. અને તે પછી કેટલાક માણસોને 'ઝુપર' આવે છે (માતા ચઢે છે). તેઓ 'મરાન બુરુ' અને મૃતાત્માનો પાઠ ભજવે છે. તેમને મૃત્યુ વિશે વિવિધ પ્રશ્નો પૂછવામાં આવે છે. અને પ્રેતાત્માઓ વિશે થોડોક વખત વાર્તાલાપ થાય છે.



આ પ્રશ્નોત્તરી આવા પ્રકારની હોય છે: જે માણસે મરનારને આગ મૂકી હોય તે સમાધિસ્થ 'મરાન બુરુ'ને પ્રશ્ન પૂછે છે. ગ્રામપંચાયતના સભ્યો પણ એમાં જોડાય છે. 'તમે મજામાં છો?' એવો પ્રશ્ન પુછાય છે, જવાબમાં 'મરાન બુરૂ' કહે છે: 'હું મજામાં છું.' પછીથી તેઓ મરનારને પૂછે છે: 'તમારી ઉંમર તો બહુ નહોતી થઈ. તો પછી તમે આટલા વહેલા કેમ મરી ગયા? કોઈ 'દાન' (ડાકણ) તમને ખાઈ ગઈ? તમે કુદરતી કારણોથી મરણ પામ્યા હતા?' મરનાર ('મરાન બુરુ' મારફતે) જવાબ આપે છે: 'મારો આવરદા એટલો હતો, એટલે હું મરણ પામ્યો.' પછીથી તેઓ પૂછે છે: 'તમે કોઈ જગ્યાએ ધન દાટયું છે?' મરનાર ('મરાન બુરુ' મારફતે) જવાબ આપે છે: 'હા' (અથવા 'ના'). જો જવાબ હામાં હોય તો એ પૈસા કયાં દાટેલા છે એ બાબતની સૂચનાઓ પેલો સમાધિસ્થ માણસ આપે છે. એ ઉપરથી ત્યાં બેઠેલા માણસો સંતાડેલું ધન શોધવા જમીન ખોદે છે. આખરે, એમ બને કે મૃતાત્મા ('મરાન બુરુ' મારફતે) પોતાનાં બાળકોની માગણી કરે. એટલે પછી બાળકો ત્યાં લાવવામાં આવે અને તેમને એ મૃતાત્મા ચુંબન કરે. એ એમ પણ કહે કે 'આ છોકરાંની તમે સંભાળ રાખજો.'

**પ્રારંભિક શુદ્ધિ (તેલનહાન ઉર્ફે ચોટોકમાન)**

સંથાલો મરનારની પાછળ સૂતક પાળે છે. આ સૂતક મરનારના ગોત્રના તમામ માણસોને લાગુ પડે છે. દા. ત. 'નિજ હંસદક' ગોત્રનો માણસ મરી જાય તો એ વંશચિહ્નવાળા તમામ માણસોને સૂતક લાગુ પડે છે. તેઓ નવ દિવસ સુધી મચ્છી, માંસ કે તેલ ખાતા નથી અને બીજા ઘરમાંથી દેવતા લાવતા નથી. આ નવ દિવસ દરમ્યાન 'આસિધા' (સૂતક) ચાલુ રહે છે.

સૂતકની મુદત પૂરી થાય એટલે ગામનો મુખી ગામના વડીલો અને બીજા આમંત્રિત સગાંઓને લઈ મરનારને ઘેર કાણે આવે છે. પછીથી એક સંથાલ હજામ એ કુટુંબના માણસોની હજામત કરે છે. તે થયા પછી એ લોકો પોતાને શરીરે તેલ અને ખોળ ચોળી નહાય છે. પછી એક વિધિ થાય છે. એમાં ચાર આંગળ લાંબાં ત્રણ દાતણ, તેલ, ખોળ, 'નરકાન હાસા' (માથું ધોવા માટે એક પ્રકારની માટી) એટલી ચીજો લઈ 'સાલ' વૃક્ષનાં પાંદડાં ઉપર ગોઠવવામાં આવે છે. આ ચીજો 'મરાન બુરુ' (મુખ્ય દેવતા) મૃતાત્મા અને પૂર્વજોને અર્પણ કરવામાં આવે છે. તે વખતે પ્રાર્થના કરવામાં આવે છે કે 'મરાન બુરુ' મૃત આત્માને આ બધી વસ્તુઓ વડે શુદ્ધ કરી અપનાવી લે.

હવે બધા પુરુષો સ્નાન કરે છે. પછી સ્ત્રીઓનો વારો આવે છે. પછીથી એક 'ટીકામુર્મુ' બોલે છે: 'અત્યાર સુધી એ બધા આસિદા (સૂતકી) હતા. હવે તે શુદ્ધ થયા છે. આપણે હવે એમને પાછા લઈ શકીએ છીએ.' આને સમર્થન આપવા બધા 'હરિબોલ' પોકારે છે. પછીથી બે માણસો ફરીથી સમાધિસ્થ થઈ (ઝુપરમાં આવી) 'મરાન બુરુ' અને મૃતાત્માનો પાઠ ભજવે છે. એમને સારી પેઠે 'હાંડિયા' પીવડાવવામાં આવે છે. 'મોનરેન હોર' એટલે ગામના વડીલો પણ એ પીએ છે. રાત્રે મરઘાનો બલિ અપાય છે અને ઘરના માણસો એક જાતની ખીચડી ('ગિરિતોરા') વડે એમનું ('મરાન બૂરુ' અને મૃતાત્માનું) તર્પણ કરે છે. પછીથી બધા જમે છે, 'હાંડિયા' પીએ છે. એ રીતે આ વિધિ પૂરો થાય છે.

પછીથી કેટલોક ભાત અને શાક પતરાળામાં મૂકવામાં આવે છે. આ પતરાળાં એક ટોપલામાં મૂકવામાં આવે છે. સાથે પાણીનો ઘડો પણ હોય છે. મૃતાત્મા આનું ભોજન કરશે

એમ મનાય છે. પછીથી આ ટોપલી મરનારના ઘરના મોભે લટકાવવામાં આવે છે. બીજે દિવસે આ ટોપલીને તપાસવામાં આવે છે. જો એમાં ભાતના દાણા પડી રહેલા જોવામાં આવે તો મનાય છે કે મૃતાત્માએ ભોજન કર્યું છે અને ઘડામાંના પાણી વડે હાથ ધોયા છે.

**અસ્થિ લઈને દામોદર નદીએ જવું (જિલીંગ દહર)**

હવે અસ્થિવિસર્જનનો દિવસ આવી પહોંચે છે. અસ્થિ પવિત્ર દામોદર નદીમાં પધરાવવાનાં હોય છે. તે ત્યાં લઈ જવા માટે વિધિ કરવામાં આવે છે. આ માટે ગામના આગેવાનો મુખીને લઈને મરનારને ઘેર આવવા માંડે છે. બે જણ ખાવાનું અને અસ્થિ લઈ જવા માટે કોથળા તૈયાર કરે છે. બીજા બે જણને 'ઝુપર' ચઢે છે. તેઓ ફરીથી મરનારનો તથા 'મરાન બુરુ'નો પાઠ ભજવે છે. અસ્થિ કોણ ઉપાડે એ વિશે આ બેને પૂછવામાં આવે છે. મરનારનો પાઠ ભજવનાર જવાબ આપે એટલે જેના ઉપર પસંદગી ઊતરે તે માણસને પેલો કોથળો બતાવવામાં આવે છે. તે પછી 'મરાન બુરુ', પૂર્વજો અને મરનાર એ ત્રણના માનમાં ત્રણ મરઘડા વધેરવામાં આવે છે. એમાંથી હૃદય 'મરાન બુરુ' માટે અલગ રાખવામાં આવે છે. એની સાથે જે ચોખા હોય છે તે દામોદર નદી ઉપર લઈ જવાના હોઈ, કાળજીપૂર્વક સાચવી રાખવામાં આવે છે.

પછીથી, જે અસ્થિ અગાઉ દાટ્યાં હતાં તેમને ચકલામાં લઈ જવામાં આવે છે. ત્યાં તેમને પીળા રંગના કપડામાં મૂકી પાણી અને 'હાંડિયા રાસી' (ચોખાના દારૂનો ઉત્તમ ભાગ) વડે ધોવામાં આવે છે. સ્ત્રીઓ અસ્થિને પૈસાની ભેટ અર્પણ કરે છે, તે પછી તેને પેલા કોથળામાં મૂકવામાં આવે છે. જે ઘડામાં અત્યાર સુધી અસ્થિને રાખવામાં આવ્યાં હતાં તે હવે ખાલી પડે છે. તેને 'કેન્દુ' નામના વૃક્ષની ત્રણ ડાળીઓ ઉપર મૂકવામાં આવે છે. જે માણસ અસ્થિ લઈને ચાલવાનો હોય છે તે એની આસપાસ ત્રણ વખત પ્રદક્ષિણા કરે છે. તે પછી પૂર્વાભિમુખ થઈ એને ભાંગી નાખે છે. તે વખતે ગામ આગેવાનો 'હરિબોલ' પોકારે છે. તે પછી એ માણસ દામોદર નદી તરફ ચાલવા માંડે છે. એને 'ગાદી' (ગાદી એટલે દામોદર નદી તરફ જનારા માણસો માટે વિસામો) તરફ જવાનો રસ્તો દેખાડવા બે માણસો એની સાથે જાય છે.

**અંતિમ શુદ્ધિક્રિયા (ભાણદાન)**

'જન બહા' (મરનારનાં અસ્થિ) દામોદર નદીમાં પધરાવ્યા પછી 'સાલ' વૃક્ષનાં ત્રણ પાંદડાં ઉપર માટી, દાતણ, શેકેલા ચોખા અને મીઠાઈ મૂકી, એક વેદી ઉપર હિંદુઓના જેવા પિંડ બનાવવામાં આવે છે. આ પિંડ 'મરાન બુરુ' પૂર્વજો અને મરનારને અર્પી તેમનું તર્પણ કરવામાં આવે છે.

પછી 'ભાણદાન'ને દિવસે મરનારને ઘેર તેનાં સગાંસંબંધીઓ તથા ગામ આગેવાનો આવે છે. ત્યાં પુરુષોનું મુંડન કરવામાં આવે છે અને તે પછી પુરુષો અને સ્ત્રીઓ બંને 'જોલ-ઘાટે' (જળઘાટે – સ્નાનઘાટે) જાય છે. ત્યાંથી પાછા આવ્યા પછી બે માણસો ફરીથી 'મરાન બુરુ' અને મરનારનો પાઠ ભજવે છે. એમને 'હાંડિયા રાસી' (હાંડિયાનો ઉત્તમ ભાગ) આપવામાં આવે છે અને એમના માનમાં આંગણામાં મરઘાં અને બકરાં વધેરવામાં આવે છે. એક ભોજન ચોખાનું બનાવવામાં આવે છે. તે ઘરમાં પીરસાય છે. ગામલોકોને 'હાંડિયા' અને મિજબાનીનું માન આપવામાં આવે છે. જે પ્રાણી વધેરવામાં આવ્યું હોય છે તેનું માંસ અમુક રીતે વહેંચી



આપવામાં આવે છે. એ પ્રાણીને ભોંય ઉપર નાખે ત્યારે જે ભાગ ઉપર દેખાય તે ગામલોકોને મળે છે, અને નીચલો ભાગ એ પ્રાણી આપનારને મળે છે.

મયૂરભંજના આ વિધિનું સમાપન 'કન્ધ ભોજની' અને 'ભંડાર બોધ'થી થાય છે. 'કન્ધ ભોજની'માં કેટલાક સંથાલો બ્રાહ્મણ અને વૈષ્ણવનો વેષ ધારણ કરે છે. તેમને જમાડવામાં આવે છે. 'ભંડાર બોધ'માં એક હજામને ચોખા અને માંસ આપવામાં આવે છે. આ માટે હજામ પણ બ્રાહ્મણનો વેષ ધારણ કરે છે.

**સ્વર્ગ અને નરકની કલ્પનાઓ**

'સર્મા ડિસોમ' (આકાશનો દેવ) એટલે સ્વર્ગ ભૂરા આકાશમાં આવેલું છે. એને 'સ્વોરોગ' (સ્વર્ગ) પણ કહે છે. ત્યાં 'મરાન બુરુ' (મુખ્ય દેવતા) અને બીજા દેવો રહે છે. કોઈ કોઈ વાર તેઓ પૃથ્વી ઉપર પણ આવે છે. માણસના મરણ પછી જ્યારે એનાં 'જન બહા' (અસ્થિ) દામોદર નદીમાં પધરાવવામાં આવે છે ત્યારે એનું 'મૂળ' (આત્મા) 'સર્મા ડિસોમ' ઉર્ફે 'સ્વોરોગ' (સ્વર્ગ)માં જાય છે. પુણ્યશાળી ત્યાં રહી ખુદ દેવોની સાથે સ્વર્ગીય સુખ ભોગવે છે.

પાપી લોકોને 'નોરોક' (નરક)માં ધકેલવામાં આવે છે. આ સ્થળ અત્યંત કષ્ટદાયક છે. ત્યાં મોટા કીડા આવા પાપી લોકોને કાયમ કોરી ખાતા હોય છે. તે સિવાય પણ અનેક પ્રકારની પીડાઓ ત્યાં આપવામાં આવે છે. દા. ત. એક જાળની ગાંઠો ઉકેલવાનું કામ અપાય. 'નોરોક' (નરક) એ 'જોમરાજા' (યમરાજા)નું નિવાસસ્થાન છે. પાપીઓને પૃથ્વી ઉપરથી ઉપાડી લાવી અહીં કેદ કરનાર યમરાજા છે. જે પુરુષોને ડામ ન દીધા હોય અને જે સ્ત્રીઓને છૂંદણાં ન છૂંદ્યાં હોય તે અહીં આવે એટલે તેમને હાથ પહોળા કરી બેસાડવામાં આવે છે. પછી તેમને નગારા જેવડા મોટા કીડાઓ સાથે ભેટવાનું કહેવામાં આવે છે. જ્યારે આ કીડાઓ ચાલે છે ત્યારે કેદીઓને પીડા થાય છે.

કેટલાક માને છે કે આ રીતે નરકમાં ગયેલા માણસો ફરીથી પૃથ્વી ઉપર પશુપંખીઓ થઈને અવતરે છે. પરંતુ જો એમનું પાપ પૂરેપૂરું ધોવાઈ જાય તો તેઓ મનુષ્યરૂપે બીજો જન્મ લઈ શકે છે. બીજાઓ એમ માને છે કે પાપી લોકો મનુષ્યરૂપે કદી પૃથ્વી ઉપર પાછા આવતા નથી. તેઓ માત્ર પશુપક્ષીરૂપે જ અવતરે છે.

જે લોકો સ્વર્ગમાં ગયા હોય છે તેમણે ત્યાં ત્રીજી પેઢી સુધી રહેવાનું હોય છે. આ બાબતમાં એ સમજવા જેવું છે કે સંથાલો તેમના પૂર્વજોના આત્માને દાદા સુધી પૂજે છે. (એટલે બાપ અને દાદા—એમ બે પેઢી થઈ.) બાપ મરી જાય એટલે પેઢી બદલાય. (દાદો હોય તે વડદાદો થાય.) દા. ત. ધારો કે એક માણસ એના પૂર્વજોને એના દાદા ક સુધી પૂજે છે. હવે એ માણસ મરી જાય એટલે એ પોતે પૂર્વજ બને છે. એમ થાય એટલે ક પૂર્વજ મરનારના દીકરાનો વડદાદો બને. આ વડદાદો એટલે ત્રીજી પેઢી થઈ. એ વડદાદો પૃથ્વી ઉપર ફરીથી અવતરે છે.

## ૮. : સંથાલોનો ધર્મ

આગળ સંથાલોના વિવિધ દેવો અને ભૂતોના ઉલ્લેખો આવી ગયા છે. સંથાલો તેમના ઉત્સવોમાં કે ઘરમાં આ દેવોને તથા પ્રેતોને પ્રસન્ન કરે છે. આ દેવો અને પ્રેતોનું હવે પછી અહીં વર્ણન કરવામાં આવશે.

**સર્વોપરી દેવતા (ઠાકુર જીવ, સીન બોંગા ઉર્ફે ધોરેમ)**

'ઠાકુર જીવ' એ આ સૃષ્ટિનો સર્જનહાર છે. આ ઉપરથી સંથાલો સાકાર કે નિરાકાર 'ઈશ્વર'ને માને છે એમ કહી શકાય? આને વિશે જુદા જુદા મત છે. પણ કશું ચોક્કસ કહી શકાતું નથી. જે જાણી શકાય છે તે એટલું જ કે સર્વોપરી દેવતાના સ્વરૂપ વિશે સંથાલો ઝાઝી પંચાત કરતા નથી. આ દેવ એટલો બધો ભલો છે કે માણસોનાં જીવનમાં તે માથું મારતો નથી. એ એક નિષ્ક્રિય દેવતા છે.

'ઠાકુર' શબ્દ હિંદુ અસર સૂચવે છે. તે ઉપરથી એક મત એવો છે કે આ દેવ હિંદુઓની અસરથી સંથાલોએ અપનાવ્યો હશે. એ ગમે તે હોય, સંથાલોને એમનો આ ઈશ્વર ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો કર્તા છે ખરો.

**ગ્રામ દેવતાઓ**

સંથાલોને અનેક ગ્રામ દેવતાઓ હોય છે. આ દેવતાઓને તેઓ તમામ જાહેર ઉત્સવોમાં પૂજે છે. આ દેવતાઓ જે પ્રદેશમાં રહેતા હોય તે પ્રદેશના અધિષ્ઠાતા મનાય છે.

સંથાલોના મુખ્ય અધિષ્ઠાતા દેવને 'મરાન બુરુ' કહે છે. ('મરાન' એટલે મોટો, અને 'બુરુ' એટલે ડુંગર) એનો શબ્દાર્થ 'મહા પર્વત' થાય છે. સંથાલોની ઉત્પત્તિકથામાં આનો ઉલ્લેખ આવે છે. એમ કહેવાય છે કે આ દેવ સૌથી વધુ વિશાળ સત્તાઓ ધરાવે છે. તેના તાબામાં સારા અને ખરાબ બંને પ્રકારના ઉપદેવો હોય છે. એને સફેદ મરઘાનો બલિ ચડાવવો પડે છે. જો બકરો ચડાવવામાં આવે તોપણ તે સફેદ અને ખસી કર્યા વિનાનો હોવો જોઈએ. તમામ સંથાલ ઉત્સવોમાં તથા જન્મ, મૃત્યુ અને લગ્નની વિધિઓમાં એને છૂટથી 'હાંડિયા' અર્પીને પ્રસન્ન રાખવાનો હોય છે.

બીજા ગ્રામ દેવતાનું નામ 'મોનરેન્કો તુરુઈકો' છે. એનો અર્થ 'પાંચ-છ' થાય છે. પરંતુ તે એક દેવ ગણાય છે. અને છતાં એમનું સંબોધન બહુવચનમાં વપરાય છે. 'કો' પ્રથમ બહુવચન સૂચવે છે. સંથાલો માને છે કે આ પાંચ દેવો પાંચ ભાઈઓ હતા (મોનરેન=પાંચ). તેઓ છ બહેનોને પરણ્યા હતા. એ બહેનોનાં નામ : 'ડાંગી', 'પુંગી,' 'હીસી,' 'ડુમણી', 'ચિતા' અને 'કાપરા' હતાં (તુરુઈ=છ). આ દેવો ગામના કલ્યાણની દેખરેખ રાખે છે એમ મનાય છે. આ દેવની નાની બહેન 'ગોસાને એરા', 'જાહેરથાન'(પવિત્ર કુંજ)ની અલગ દેવી છે. તેની પૂજા અલગ ઝૂંપડામાં કરવામાં આવે છે. 'જાહેર એરા' એ 'મોનરેન્કો'ની બીજી બહેન છે. તે 'જાહેરથાન'ની દેવી છે. એના નામ ઉપરથી જ 'જાહેરથાન' નામ પડયું છે. એના પ્રતીક તરીકે એક પથરો મૂકવામાં આવે છે. સંથાલો આ દેવીને ગામની સુખાકારી માટે ભજે છે, જેથી કરીને એમનાં





બાળકો તંદુરસ્ત રહે, અનાજ પુષ્કળ પાકે અને જાતિનાં છોકરા–છોકરીઓનાં લગ્ન જલદી થાય. આ દેવીને પ્રસન્ન રાખવા માટે ભૂખરી મરઘીની જરૂર પડે છે. જો એના માનમાં બકરાનો ભોગ આપવામાં આવે તો તે માટે લાલ રંગની બકરી જ લાવવી પડે છે.

મયૂરભંજના આ દેવોના પ્રતીક તરીકે 'જાહેરથાન'માં પથરા રાખવામાં આવે છે. આ દેવોની પૂજા કરવા માટે તમામ જાહેર ઉત્સવોમાં ઝૂંપડીઓ બાંધવામાં આવે છે. કહે છે કે મયૂરભંજમાં આવી ત્રણ ઝૂંપડીઓ બનાવાય છે. એક 'જાહેર એરા', 'મરાન બુરુ' અને 'મોનરેન્કો' માટે, બીજી 'ગોસાને એરા' માટે, અને ત્રીજી 'મમની હરમ' નામના બીજા ગ્રામ દેવતા માટે. પરંતુ એવું પણ બને છે કે જુવાનિયાઓ 'હુડીન માંઝી હરમ' નામના 'માંઝી'ના નાના ભાઈના માનમાં ચોથી ઝૂંપડી બાંધવાનો આગ્રહ રાખે છે. સંથાલ પરગણામાં માત્ર 'જાહેર એરા', 'ગોસાને એરા', 'મરાન બુરુ' અને 'મોનરેન્કો'ને માટે જ 'જાહેરથાન'માં ઝૂંપડીઓ બંધાય છે. આનો ઉલ્લેખ અન્યત્ર આવી ગયો છે (દા. ત. 'બહા' ઉત્સવના વર્ણનમાં). 'માંઝી'ને અલબત્ત, સ્થાન છે પરંતુ તે સ્થાન ગામમાં અલગ સ્થળે હોય છે. તે 'માંઝીથાન' કહેવાય છે.

ખરું જોતાં 'માંઝી બાંગા' વિદેહ 'માંઝીઓ'(ગામના મુખીઓ)નું પ્રતીક મનાવો જોઈએ. પરંતુ એનો નંબર ડાકણોના અધિષ્ઠાતા 'પરગણા' પછી આવે. આ બંને દેવોને મયૂરભંજના 'જાહેરથાનો'માં સ્થાન ન મળતું હોય તોપણ તેઓ ગ્રામ દેવતાઓ છે.

**ડુંગરના દેવો**

સંથાલો જેમ ગ્રામ દેવતાઓને માને છે તેમ ડુંગર દેવતાઓને પણ માને છે. આ દેવતાઓને 'પાટ' કહે છે. 'પાટ' અનેક પ્રકારના હોય છે. તે બધા નાનામોટા ડુંગરોમાં રહેતા હોય છે એમ મનાય છે અને એ ડુંગરોનાં નામ ઉપરથી એમનાં નામ પડેલાં છે. સંથાલો એમનાથી ડરે છે, એટલે એમને પ્રસન્ન રાખે છે જેથી કરીને તેઓ એમને (સંથાલોને) કંઈ નુકસાન કરે નહિ.

મયૂરભંજના એક સંથાલે એના પ્રદેશમાં પૂજાતા ડુંગર દેવતાઓ નીચે પ્રમાણે ગણાવ્યા હતા :

૧. **બેરહાપાટ :** આ મુખ્ય ડુંગર દેવતા છે. શિકારમાં વિજય મેળવવા અને ત્યાં થનાર સંભવિત નુકસાનથી રક્ષણ મેળવવા તથા મુસાફરીમાં રક્ષણ મેળવવા આ દેવને પૂજવામાં આવે છે. આ દેવને લાલ મરઘાં અને ખસી કર્યા વિનાના બકરાનું બલિદાન ગમે છે.

૨. **મંગર પાટ :** ઉપર જણાવ્યાં તે કારણોસર આ દેવને પૂજવામાં આવે છે. એક સમયે આ દેવને માનવબલિ આપવામાં આવતા હતા.

૩. **બુધા પહાર :** આ દેવ (પુરુષ જાતિનો) છે. મુસાફરી હેમખેમ પાર ઊતરે તે માટે એની પૂજા થાય છે. એને બલિદાનમાં કોઈ પણ રંગનો મરઘો અને ખસી કર્યા વિનાનો બકરો આપવામાં આવે છે.

૪. **પૌરી પાટ :** આ દેવી (સ્ત્રીજાતિ) છે. મુસાફરીમાં સફળતા મેળવવા એની આરાધના થાય છે. પહેલાં આ દેવીને માનવબલિ આપવામાં આવતા. પણ હવે મરઘડાં અને ખસી કર્યા વિનાના બકરા અર્પવામાં આવે છે.

બીજે સ્થળે નીચેના પાટ દેવો પૂજાય છે :

૧. **ચંદ્રા પાટ :** જો વરસાદ ન આવે તો આ દેવની પૂજા કરવામાં આવે છે. તેને મીઠાઈ, કેળાં, કોઈ પણ રંગની મરઘીઓ અને ખસી કર્યા વિનાના બકરા અર્પવામાં આવે છે.

૨. **દુઆરસાની પાટ :** ઉપર પ્રમાણે.

આ બધા 'પાટ'ને મયૂરભંજમાં 'ઠકરાણ' પણ કહે છે.

આ સિવાય બીજા 'પાટ' દેવો નીચે પ્રમાણે છે :

**ડગરસીલા :** યુદ્ધ વખતે એને આરાધવામાં આવે છે. એને પ્રસન્ન કરવા લાલ મરઘો અને ખસી કર્યા વિનાનો બોકડો અર્પવામાં આવે છે.

**સુલા પાટ :** કોરટમાં કેસ ચાલતો હોય, રોગચાળો ફાટી નીકળે કે વરસાદ ઓછો પડે ત્યારે આ દેવની મદદ માગવામાં આવે છે. એને આપવાના બલિમાં આ દેવ અમુક રંગના મરઘા કે બોકડાનો આગ્રહ રાખતો નથી.

**બુરુબોંગા :** આ દેવ માનવલોહી માગે છે. અત્યારે માનવબલિદાન અપાતાં નથી. પણ જૂના વખતમાં એ પ્રચલિત હતાં. તે વિશે અનેક વાતો સાંભળવા મળે છે. ખાસ કરીને અંગત વેર લેવા કે ધન મેળવવા કોઈક માનવીને પકડી લાવી તેનું બલિદાન અપાતું. 'રોન્કીણી'—આ દેવી છે. તે સીંગભૂમનાં પાનાપાવેટ નામના ડુંગરમાં વસે છે. ભૂતકાળમાં એને માનવબલિ આપવામાં આવતા.

માનવબલિ આપવા માટે માણસોને પકડી લાવવા જે માણસો રોકવામાં આવતા તે 'ઓન્ડગા' કહેવાય છે. સંથાલો આ 'ઓન્ડગા'થી એટલા બધા બીએ છે કે કોઈ અજાણ્યા માણસને 'ઓન્ડગા' માની તેઓ તેને પથ્થર મારી મારી નાખે છે.

**બાસુકી ઉર્ફે બાસુમાતા**

ગ્રામ દેવતા અને ડુંગર દેવતા ઉપરાંત સંથાલો ખેતીના રક્ષણ માટે, આષાઢ માસમાં 'બાસુકી' (વાસુકી) ઉર્ફે 'બાસુમાતા'(વાસુમાતા)ને પૂજે છે. આ માતાને મરઘાં અને બોકડાનું બલિદાન આપવામાં આવે છે. આ પૂજા નિયમિત થતી નથી. માત્ર ખેતી નિષ્ફળ જવાનો ભય લાગે ત્યારે જ આ માતાને યાદ કરવામાં આવે છે.

**પૂર્વજોની પ્રેતપૂજા**

સંથાલો પોતાના વિદેહ પૂર્વજો પ્રત્યે ભાવ અને સદ્ભાવ સેવે છે; અને તેમને પ્રસન્ન રાખે છે. દા. ત. જાહેર કે ખાનગી તમામ ઉત્સવોમાં 'હરામકો' ઉર્ફે 'બુર્હા–બુર્હિ'(વૃદ્ધ પુરુષ અને સ્ત્રી)ને અનુક્રમે એક મરઘો અને એક મરઘી તથા 'હાંડિયા' અર્પવામાં આવે છે. 'સોહરી' અથવા 'બહા' જેવા લણણીના ઉત્સવોમાં એમના માનમાં મરઘાં વધેરવામાં આવે છે, જેથી કરીને જાતિના લોકોને પેટના દુખાવા જેવાં દર્દો થાય નહિ. 'બુર્હાબુર્હી'ને પ્રસન્ન કર્યા પછી વિદેહ ભાઈઓ અને કુંવારી બહેનોનાં પ્રેતની પૂજા કરવામાં આવે છે.

**ત્રાસદાયક ભૂતો**

સંથાલો સંખ્યાબંધ ત્રાસદાયક ભૂતોને માને છે. આ ભૂતોને જો પ્રસન્ન ન રાખવામાં આવે તો તેઓ માણસોમાં કે ઢોરોમાં રોગચાળો ફેલાવી રાજી થાય છે.

આવાં ભૂતોમાં ત્રણનાં નામ જાણવામાં આવ્યાં છે : 'કાલાચંદી' (પુરુષભૂત) અને 'કાલા-માહીચંદી' તથા 'નાસોન–કુદ્રા' (બંને સ્ત્રીજાતિનાં ભૂતો). તેઓ સંથાલ જાતિ ઉપર માઠી અસર કરે છે. એમને પ્રસન્ન કરવા નીચેની ચીજો અર્પણ કરવી પડે છે : 'ઝીટીપીટી' (એક જાતનો કીડો), દેડકાં, તીતીઘોડા, મરઘાં, માનવરક્ત, સિંદૂર, ચોખા, વાટેલો કોલસો અને ચૂલામાંથી બળેલી



માટી. આ દેવોને ઓળખવા માટે માટીની મૂર્તિઓ બનાવવામાં આવે છે. પ્રથમ એમની આરાધના ઘરમાં કરવામાં આવે છે, તે પછી બે રસ્તા એકબીજાને છેદતા હોય તેવે સ્થળે. માનવરક્ત માત્ર રસ્તાના મિલનસ્થાને જ અર્પી શકાય છે.

બીજાં આ પ્રકારનાં જે ભૂતોનું મહત્ત્વ ઓછું છે તે પૈકી 'અકરાએલી બોંગા'(ઉર્ફે 'જોધે બોંગા', મયૂરભંજમાં)નો ઉલ્લેખ કરવો જોઈએ. આ ભૂત પરણેલી સ્ત્રીઓનાં હિતોનું રક્ષણ કરે છે. કહે છે કે જો કોઈ સ્ત્રી તેનાં માબાપના ઘરમાંથી કશી વસ્તુ ચોરે, અને તે તેના ધણીને ઘેર લઈ જાય તો આ દેવ ચોરાયેલી વસ્તુઓ ઉપર બરાબર ચોકી રાખે છે અને માંદગી અને મૃત્યુ પણ લાવી કુટુંબને શિક્ષા કરે છે. આ દેવની ચીકાશ જળો જેવી હોય છે. એને એના પોતાના સ્થાને પાછો મોકલવા માટે ખર્ચાળ બલિદાન આપવાં પડે છે.

શિયાળામાં ઉજવાતા 'સોહરી' નામના લણણીના ઉત્સવ દરમ્યાન 'બાઘુત બોંગા' એટલે વાઘદેવતાની પૂજા કરવામાં આવે છે, જેથી ઢોરોને વાઘ મારી નાખે નહિ. આ દેવને બલિદાન આપતાં પહેલાં બલિદાન આપનારને સમાધિ (ઉપર) ચડે છે. એ માણસ મરઘાનું માથું છરી વડે વાઢી નહિ નાખતાં, વાઘની પેઠે એ મરઘાં ઉપર કૂદી પડે છે અને પોતાના દાંત વડે એને ફાડી નાખે છે.

આ પ્રકારના કેટલાક દેવો જુવાન પુરુષો અને સ્ત્રીઓનું રૂપ લઈ સ્ત્રીઓ અને પુરુષોને મળે છે. આવા મિલનને પરિણામે અચૂક માંદગી આવે છે. એમાંથી આ પ્રેમીઓને છોડાવવા ભૂવા બોલાવી ધંતરમંતર કરવા પડે છે.

**ઘર દેવતા (ઓરાક બોંગા) અને ગુપ્તદેવ (અબગે બોંગા)**

કુટુંબનું રક્ષણ કરનાર દેવને 'ઓરાક બોંગા' અથવા 'અબગે બોંગા' કહે છે. એમની સંખ્ય ઘણી છે. પરંતુ એમનાં નામ કુટુંબના જ્યેષ્ઠ પુત્ર સિવાય બીજા કોઈને જાણવા દેવામાં આવતાં નથી. ખાસ કરીને ઘરની સ્ત્રીઓ આ નામો ન જાણી જાય તેની કાળજી રાખવામાં આવે છે. કારણ કે એમને એવી બીક હોય છે કે આ સ્ત્રીઓ જો ઘરદેવતાનાં નામ જાણી જાય તો તેમના ઉપર બીજી અશુભ અસરો લાવે, પોતે ડાકણો થઈ જાય અને કુટુંબનાં માણસોને ખાઈ જાય. મયૂરભંજમાં લણણીના ઉત્સવ દરમ્યાન, ફૂલ ઉત્સવ દરમ્યાન અને વાવણીના વેત્સવ દરમ્યાન 'ઓરાક બોંગા'ને કુટુંબના કલ્યાણ માટે આરાધવામાં આવે છે અને તેમને બકરાં, મરઘાં અને ડુક્કરનો બલિ આપવામાં આવે છે. 'અબગે બોંગા'ની પૂજા ઊધઈના રાફડા નજીક કરવામાં આવે છે. તેમને મેંઢા, મરઘાં અને ડુક્કર ચડાવવામાં આવે છે. 'ઓરાક બોંગા' ચઢાવેલા બલિનો પ્રસાદ આખું કુટુંબ ખાઈ શકે છે, પરંતુ 'અબગે બોંગા'નો પ્રસાદ એકલા પુરુષો જ ખાઈ શકે છે.

**ગામ પુરોહિતની પસંદગી**

જ્યારે પુરોહિત નિ:સંતાન મરી જાય અથવા સ્વેચ્છાએ રાજીનામું આપે, ત્યારે ગામના આગેવાનો મુખીને ઘેર કે પુરોહિતોને ઘેર એકઠા થાય છે. પછીથી સાદડી પર બેઠેલા માણસોના હાથમાં સૂપડું અને થોડાક ચોખા આપવામાં આવે છે. જો પુરોહિતે રાજીનામું આપ્યું હોય તો પુરોહિત આ આપે છે અને જો પુરોહિત મરણ પામ્યો હોય તો મુખી આ આપે છે. પછીથી આ માણસો પવિત્ર કુંજના છ દેવોને આરાધે છે. તેઓ સમાધિમાં આવી માથું ધુણાવે છે

અને તેમને પૂછવામાં આવે છે કે તમે કોણ છો? દરેક જણ પોતે જે દેવનો વેષ ધારણ કરતો હોય તે દેવનું નામ લે છે. પછી તેમને પૂછવામાં આવે છે કે તમે પુરોહિતની જગા માટે કોનું નામ દો છો? તેઓ જવાબ આપે છે. પરંતુ રિવાજ એવો છે કે 'મરાન બુરુ' પહેલું નામ સૂચવે છે અને બીજા વેષધારી દેવો એને ટેકો આપે છે.

અગાઉ જણાવ્યું છે કે પુરોહિતને મફત જમીનો આપવામાં આવે છે. તેની ઊપજ-માંથી તે બલિદાન માટે મરઘાં અને અન્ય જરૂરી ચીજો ખરીદે છે. જો એને હાથે કશું ખોટું કામ થાય તો તેને જાતિની સભા એના સ્થાનથી ઉતારી મૂકે છે.

## ૯. સંથાલોના ઉત્સવો

સંથાલો સંખ્યાબંધ ધાર્મિક અને અર્ધ-ધાર્મિક ઉત્સવો ઊજવે છે. આ ઉત્સવો આવે છે એટલે જાણે કે આખી જાતિનું હૃદય એકીસાથે આનંદથી નાચી ઊઠે છે. આ ઉત્સવોમાં જ સંથાલ લોકો સમૂહજીવનનો લહાવો લે છે. કેમ કે જાતિના દેવોને પૂજવા, ખેતીની મોસમ બેસે તે ઊજવવા, ભરચક પાકેલા પાકની ખુશાલી માણવા અને રોગચાળો હઠાવવા તેઓ ભેગા મળીને ઉત્સવો ઊજવે છે.

આ બાબતમાં તેઓ હિંદુ ઉત્સવો અને સંથાલ ઉત્સવોમાં ઝાઝો ભેદ ગણતા નથી. દા.ત. હિંદુઓના દુર્ગાપૂજા અને કાલિપૂજાના ઉત્સવો પ્રસંગે સંથાલોનાં ટોળેટોળાં ઊમટે છે અને હિંદુઓના 'ચોડોકપૂજા' (Hookswinging festival – અંકોડી હુલાવવાનો ઉત્સવ) ઉત્સવમાં તેઓ ભાગ પણ લે છે.

અહીં વૈશાખથી શરૂ કરી ચૈત્ર (મે) સુધીના એક વર્ષના ગાળામાં ઊજવાતા સંથાલોના મુખ્ય મુખ્ય ઉત્સવોનું વર્ણન કરવામાં આવશે. આ વર્ણન મુખ્યત્વે સંથાલ પરગણામાં ઊજવાતા ઉત્સવોનું છે. મયૂરભંજમાં જે વિગતોમાં ફેર છે તેનો નિર્દેશ કરેલો છે.

### એરોક સીમ (જૂન)

સંથાલોના પહેલા ખેતીવિષયક ઉત્સવને 'એરોક સીમ' કહે છે. તે જૂનમાં આવે છે. તેમાં ડાંગર વાવવાના પ્રસંગને ઉજવવામાં આવે છે.

આ ઉત્સવને માટે ઘેરઘેરથી મરઘડાં ઉઘરાવવામાં આવે છે. આ મરઘડાં 'જાહેરથાન'-(Holy Grove)માં 'મરાન બુરુ', 'જાહેર એરા', 'મોનરેન્કો', 'પરગણા', 'ગોસાને એરા' અને 'માંઝી હરમ' – એ દેવોના માનમાં 'નાયકે' (ગામનો પુરોહિત) વધેરે છે. દરેક દેવને એક મરઘડાનું બલિદાન અપાય છે. આમાં વિશેષતા એ છે કે સરહદના દેવને (boundary Deity) કાળો મરઘડો ચડાવવામાં આવે છે. અને બાકીના મરઘડા સરહદની નજીકનાં સ્થળોના અધિ-ષ્ઠાતા દેવોને ચડાવવામાં આવે છે. તે પછી પુરોહિત નીચેનો મંત્ર બોલે છે :

"હે 'બાપુ ઠાકુર' (સર્જનહાર), 'જાહેર એરા,' 'મરાન બુરુ' અને અન્ય દેવતાઓ, અમે તમને નમન કરીએ છીએ. વાવણીના ઉત્સવને નામે અમે તમને બલિદાન આપીએ છીએ, જેથી કરીને અમે ચાર આની વાવીએ અને બાર આના મબલક પાક પામીએ. પવન વરસાદ લાવે અને વરસાદ પુષ્કળ વરસે એવું તમે કરો. ચૂંક, શિરોવેદના, આંતરડાંનો દુખાવો – આવાં દરદો ગામમાં ન થવા દેશો. આ દરદોને સોનાના પાત્રમાં મૂકી, સોનાની સાંકળે બાંધી અમારાથી



દૂર લઈ જાઓ. અમારાં ઢોર તમે વધારો. તે જંગલમાં જાય ત્યારે જંગલી પ્રાણીઓના હુમલાથી તેમને બચાવો. અમારા શિકારી કૂતરાઓનું તમે રક્ષણ કરો."

તે પછી માંસ અને ચોખાને ભેગાં રાંધી ખાસ ભોજન તૈયાર કરવામાં આવે છે. બધા સંથાલો તે પછી 'જાહેરથાન'માં જઈ જમે છે. પરંતુ 'જાહેરએરા' અને 'મોનરેન્કો'ને અર્પેલા મરઘડાનું માંસ તો 'નાયકે' એકલાથી જ ખાઈ શકાય છે.

ઉત્સવને બીજે અને ત્રીજે દિવસે દરેક ઘરવાળો 'અબગે બોંગા'(સંથાલ પુરુષોનો દેવ)ને, 'ઓરાક બોંગા'(ઘરનો દેવ)ને, જાતિના આદિ પુરુષોને તથા 'મરાન બુરુ'(મુખ્ય દેવતા)ને મરઘડાનું બલિદાન આપે છે. પછી આખી જાતિ નૃત્ય કરે છે અને ગીતો ગાય છે. આ રીતે 'એરોકસીમ' એટલે જૂન માસનો વાવણીનો ઉત્સવ પૂરો થાય છે.

'એરોક સીમ'નો આ ઉત્સવ સંથાલો સર્વત્ર ઊજવે છે. પરંતુ મયૂરભંજમાં તે 'અષારિયા' (અષાઢિયા) એવા હિંદુ નામે ઓળખાય છે.

### હારિઆર સીમકો (જુલાઈ)

જુલાઈ માસમાં 'હારિઆર સીમકો' નામનો ઉત્સવ ઊજવાય છે. તે વખતે ડાંગર લીલી દેખાય છે અને સારો પાક થવાની આશા બંધાય છે. એની ખુશાલીમાં દેવોનો આભાર માન-વામાં આવે છે. આ પ્રસંગે માત્ર ગામદેવતાઓ એકલાની જ પૂજા કરવામાં આવે છે. પરંતુ જે પ્રાર્થનાઓ ગવાય છે તે 'એરોક સીમ', જૂનના વાવણી ઉત્સવ જેવી જ હોય છે.

મયૂરભંજમાં આ ઉત્સવ ઉજવાતો નથી.

### બાજરીનો ઉત્સવ (ઈરી ગુંડલી નાનવાની – ઑગસ્ટ)

જ્યારે બાજરીનો પહેલો પાક સંથાલ જાતિના દેવોને અર્પણ કરવાનો હોય ત્યારે આ ઉત્સવ ઊજવાય છે. એમાં 'નાયકે' (પુરોહિત) સ્નાન કર્યા પછી 'રૈયત'(ખેડૂત)ના ખેતરે જાય છે. ત્યાં પાક તૈયાર હોય છે. તેમાંથી તે લેવાય તેટલો લે છે. પછી તે 'જાહેરથાન' જાય છે, તેને ગાયના છાણ વડે સાફ કરે છે અને ત્યાંના તમામ દેવોને એટલે કે 'જાહેર એરા', 'મોનરેન્કો', 'મરાનહોર', 'ગોસાને એરા' અને 'પરગણા' – એ સર્વને પેલું અનાજ અર્પણ કરે છે. પછી તે દૂધ ઢોળે છે અને નીચેની સ્તુતિ બોલે છે :

"'બાપુ ઠાકુર' (સર્જનહાર) અને 'જાહેર એરા', અમે તમને નમસ્કાર કરીએ છીએ. અમારા અનાજનો પહેલો પાક અમે તમને અર્પણ કરીએ છીએ. એ અમે ખાઈશું. પણ અમને પેટમાં કે માથામાં દુખે નહીં તે તમે જોજો."

પછી પુરોહિત ગામમાં પાછો ફરે છે અને મુખીને ઘેર જઈ એના ઘરના દેવને નવું અનાજ અર્પણ કરે છે. તે વખતે તે એ જ સ્તુતિ બોલે છે. બાકીની બાજરી તે પોતે લઈ જાય છે.

મયૂરભંજમાં આ ઉત્સવને 'મુચરી' કહે છે.

### ગમહ પૂર્ણિમા (ઑગસ્ટ)

આ લણણીના ઉત્સવોની સાથે સાથે, મયૂરભંજના સંથાલો શ્રાવણની પૂર્ણિમાએ 'ગમહ પૂર્ણિમા' નામનો ઉત્સવ ઊજવે છે. આ પ્રસંગે ગાયોનાં શીંગડાંને સારી પેઠે તેલ લગાડવામાં આવે છે. તેમને મીઠું, મહુડાનાં ફૂલ, ચોખા, 'ભેલા' નામનું ફળ અને 'મુઠા' નામનું ઘાસ ખવ-ડાવવામાં આવે છે. 'કરમ' નામની વૃક્ષની એક ડાળી 'અખરા'(આખાડાનૃત્ય કરવાની જગા)માં

રોપી, પુરુષો અને સ્ત્રીઓ તેની આસપાસ 'કરમ' નામનું વિશિષ્ટ નૃત્ય કરે છે. નૃત્ય પૂરું થયે એ ડાળીને પાણીમાં ડુબાડી દેવામાં આવે છે. પૂર્વજોને આ પ્રસંગે 'હાંડિયા' અર્પી તેમનું તર્પણ કરવામાં આવે છે. કેટલાક હિંદુઓ પણ આ ઉત્સવ ઊજવે છે. આ પ્રસંગે બધા નવાં કપડાં પહેરે છે અને ઉજાણીઓ કરે છે તથા દારૂ પીએ છે. બ્રાહ્મણો અને વૈષ્ણવોને જમાડાય છે.

**કરમ પર્વ (કરમ પોરોબ – સપ્ટેમ્બર-ઑક્ટોબર)**

આ ઉત્સવ સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં ઊજવાય છે. સાંજ પડે એટલે ગામના પુરુષો 'કરમ' નામના વૃક્ષની એક ડાળી કાપી લાવે છે. તેને ગામની ગલીમાં રોપવામાં આવે છે. છોકરાઓ એની આજુબાજુ સવાર સુધી નાચે છે. સવાર થાય એટલે એ ડાળીને તળાવમાં નાખી દેવામાં આવે છે. કોઈ જાતનું બલિદાન આપવામાં આવતું નથી. પરંતુ ગામના મુખી અને 'મરાન બુરુ'ની કેશવાળી ઉપર દારૂનું સિંચન કરવામાં આવે છે.

આ ઉત્સવ મયૂરભંજના 'ગમહ પૂર્ણિમા' જેવો દેખાય છે. પણ એમ નથી. મયૂરભંજમાં 'કરમ પૂજા', 'ગમહ પૂર્ણિમા' દરમ્યાન ગામલોકો સુખી રહે તે માટે અને આનંદ માટે કરવામાં આવે છે. પરંતુ 'કરમ પોરોબ' તેઓ ન કરે તો ચાલે. અને તેથી કશું નુકસાન થતું નથી એમ મનાય છે. મયૂરભંજમાં આ એક વધારાનો ઉત્સવ છે. પરંતુ એ ધ્યાનમાં લેવું જોઈએ કે કેટલાક 'કરમ બોંગા'ને પૂજે છે અને 'પોરોબ' ઉત્સવ વંશપરંપરાગત રિવાજ તરીકે ઊજવે છે. આ ઉત્સવ મયૂરભંજમાં હોવા છતાં, તે માત્ર કોઈક જ વાર ઊજવાય છે.

**જન્થર (નવેમ્બર)**

'જન્થર' એ 'જન્થર' નામના દેવનો ઉત્સવ છે. તે નવેમ્બરમાં આવે છે. ગામલોકો ઉઘરાણું કરીને 'જન્થર' દેવના માનમાં એક મેંઢો ખરીદે છે. 'કુડામ નાયકે' નામનો ખાસ પુરોહિત આ મેંઢાને 'પરગણાથાન' (પરગણાસ્થાન=ગામદેવતા; 'પરગણા'નું સ્થાનક) આગળ વધેરે છે. આ ઉત્સવની વિશેષતા એ છે કે પૂજાનો સામાન પુરોહિત પોતે લાવે છે, અને બલિદાન આપેલા પશુનું માંસ માત્ર પુરુષો જ ખાઈ શકે છે. પછીથી પુરોહિત 'જન્થર' દેવતાની સ્તુતિ ગાય છે. તેનો ભાવાર્થ આવો હોય છે :

"હે 'પરગણા' દેવ (સર્જનહાર પિતા), અમે તને વંદન કરીએ છીએ. આ સર્વ બલિદાન અમે તને 'જન્થર' દેવને નામે અર્પણ કરીએ છીએ. અમારી પ્રાર્થના છે કે અમે જે કંઈ ખાઈએ તે હજમ થઈ જાય. અમારું માથું દુખે નહીં, અમને ઝાડા થાય નહીં, અમને પેટમાં દુખે નહીં. ખેતરમાં અમારો પાક અને ખળામાં અમારું અનાજ સુરક્ષિત રહે અને ઉંદરો અને બીજા ઉપદ્રવો એને બગાડે નહીં."

જેમ 'ઇરી ગુડલી'માં બાજરીનો પહેલો પાક દેવોને અર્પવામાં આવે છે, તેમ આ 'જન્થર'-માં ડાંગરનો પહેલો પાક અર્પવામાં આવે છે. 'જન્થર'નું બીજું નામ 'બઈહર હોરો નનવાણી' છે.

મયૂરભંજમાં આ ઉત્સવ બે દિવસ ઊજવાય છે. એમાં પ્રથમ દિવસે 'ઉમ નારકા' (શુદ્ધિનો દિવસ) ઉજવવામાં આવે છે. ગામના અપરિણીત છોકરાઓ એક દિવસનો ઉપવાસ કરીને, વહેલી સવારે 'જાહેરથાન'માં જાય છે. ત્યાં 'જાહેર એરા' નામના દેવની ઝૂંપડી તેઓ સાફ કરે છે. સાંજના પહોરે ગામલોકો 'નાયકે'(પુરોહિત)ને ઘેર એકઠા થાય છે. ત્યાં વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ ગીતો ગાઈને 'મરાન બુરુ', 'જાહેર એરા', 'મોનરેન્કો', 'મરાન માંઝી હરમ' અને 'હુડીન માંઝી હરમ'ની આરાધના કરે છે. આ દેવો અચૂક આવે તે માટે 'જાહેરથાન'માં નૃત્ય યોજવામાં આવે છે. જો નૃત્ય ન બની શકે તો દેવોની સંખ્યા પાંચ હોવાથી, પાંચ માણસો



એક કેળું લઈ તેના ઉપર ચોખા ઘસે છે. એટલું કરવામાં આવે એટલે દેવો પ્રસન્ન થાય છે. પછી તેઓ એક સાદડી ઉપર બેસે છે. પુરોહિત તેમને ચોખા આપે છે. તે તેઓ સૂપડામાં ઘસે છે. એટલે એમને 'ઝુપર' (સમાધિ) ચઢે છે. પુરોહિત એમને એમનાં નામ પૂછે છે. તેઓ સમાધિમાં આવી એક પછી એક પેલા પાંચ દેવોનાં નામ દે છે. પછીથી એ વેશધારી દેવોની પ્રાર્થના કરવામાં આવે છે અને તેમને પ્રશ્નો પૂછવામાં આવે છે. ડાંગર પુષ્કળ પાકે એવી વિનંતી કરવામાં આવે છે. અને સંથાલોને હેરાન કરતા રોગ કેમ કરીને અટકાવી શકાય તે પૂછવામાં આવે છે. દેવો એના જવાબ આપે છે અને ઉપાયો સૂચવે છે. આ કામ પૂરું થયે પુરોહિત વેશધારી દેવોને એ સ્થળ છોડી ચાલ્યા જવા કહે છે.

બીજા દિવસને 'શારદી' કહે છે. તે દિવસે સવારે 'ગોરેટ'(હજુરિયો) બધાં ઘરોમાંથી ચોખા અને મરઘીનાં બચ્ચાં ઉઘરાવે છે. જો નૃત્ય કરવાનું ઠરાવવામાં આવે તો પુરુષો અને સ્ત્રીઓ આખે રસ્તે મંજીરા અને નગારાં સહિત નૃત્ય કરતાં અને ગાતાં ગાતાં 'જાહેરથાન' (પવિત્રકુંજ) જાય છે. 'નાયકે' (પુરોહિત) એમની આગળ ચાલે છે. તેણે આગલે દિવસે જે વસ્તુઓ ભેગી કરી હોય તે તથા 'હાંડિયા'નો એક ઘડો તે હાથમાં રાખે છે. પુરોહિતની પાછળ એક કુંવારો છોકરો ચાલે છે. એના હાથમાં એક માટીનો ઘડો હોય છે. આ રીતે તેઓ પવિત્રકુંજમાં પહોંચે છે અને ત્યાં જઈને એ સ્થળ ગાયના છાણ વડે સાફ કરે છે. હવે પુરોહિત કોઈ પણ એક ખેતરમાંથી ડાંગર લણી લાવે છે. અને ઉપર ટાંકેલી સ્તુતિ બોલીને તે ('જન્થર' દેવને) અર્પણ કરે છે. પાંચ દેવોને મરઘડાંનો બલિ ચઢાવવામાં આવે છે, અને સરહદના દેવતાને ( boundary deity ) અલગ જગાએ 'હાંડિયા' વડે પ્રસન્ન કરવામાં આવે છે. આ બધા વિધિ પતે એટલે સ્ત્રીઓ ઘેર પાછી ફરે છે. પુરુષો ત્યાં જ રહે છે અને ભોજન તૈયાર કરે છે, જે તેઓ સાંજના પહોરે ખાય છે. પુરોહિત પોતે 'જાહેર એરા' દેવના સ્થાનક આગળ રસોઈ બનાવે છે. આ રસોઈ તે કુંજના પાંચ દેવોને ધરાવે છે અને પછી પોતે તે આરોગે છે. દરમ્યાન, ઘેર ગયેલી સ્ત્રીઓ લોકગીતો ગાઈ આખું ગામ ગજાવે છે. સાંજ પડે એટલે પુરુષો નૃત્ય કરતા અને ગાતા ગાતા ઘેર જાય છે. પુરોહિત એમની આગળ ચાલે છે.

**શિયાળાની લણણીનો ઉત્સવ (સોહરી)**

સંથાલ પરગણાના સંથાલો શિયાળાની લણણીનો મનોહર ઉત્સવ ઊજવે છે. એને 'સોહરી' કહે છે. સંથાલ જીવનમાં આ સૌથી મોટો વાર્ષિક ઉત્સવ છે. વરસાદ, સૂર્ય અને અનુકૂળ હવાઓ મળીને મબલક પાક પકવ્યો છે. એટલે એ દિવસે દેવોનો આભાર માનવામાં આવે છે. લોકભાષામાં એને 'બંધણા' કહે છે. એને માટે કોઈ તિથિ ઠરેલી નથી. દરેક ગામ પોતાને અનુકૂળ પડે તે દિવસે આ ઉત્સવ ઊજવે છે. કેટલીક વખત વ્યવસ્થા જાળવવા માટે સંથાલ પરગણાના ડેપ્યુટી કમિશનર અને આબકારી ખાતું મળી આની તારીખો નક્કી કરે છે. એમાં એટલો નિયમ છે કે આ ઉત્સવ બંગાળી 'પૌષ' (પોષ, જાન્યુઆરીની અધવચ) માસના છેલ્લા દિવસ પહેલાં પૂરો થવો જોઈએ.

આ ઉત્સવનો આરંભ 'ઉમ' નામની શુદ્ધિક્રિયાથી થાય છે. એમાં બધા સંથાલો સ્નાન કરી શુદ્ધ થાય છે. ઘરો અને આંગણાં પણ ચીવટપૂર્વક સ્વચ્છ કરવામાં આવે છે.

સોહરીને પહેલે દિવસે ખેતરમાં, પાણીની નજીક ગીતો ગવાય છે. એક ગીતનો ભાવાર્થ આવો છે :

"આ સૃષ્ટિ કોણે સર્જી છે? ઢોર કોણે પેદા કર્યાં છે? 'ઠાકુરે' (ભગવાને) આ સૃષ્ટિ સરજી છે. 'ઠાકુરે' ઢોર પેદા કર્યાં છે. બાજપક્ષીએ કનુ ગોવાળને સર્જ્યો. તે પૂર્વમાં ગાયો ચરાવતો. દીકરા કનુ! તું તારી લંગોટીમાં રોજ વાંસળી રાખતો. એ વાંસળી તું ક્યાં મૂકી આવ્યો? (કનુ જવાબ આપે છે :) મારી વાંસળી પેલા ખેતરમાં ખોવાઈ ગઈ. મારાં ઢોર પેલા ચરામાં ખોવાયાં."

તે પછી સંથાલો ભોજન લે છે અને 'જાહેરથાન'માં એકઠા થાય છે. ત્યાં એક રમત રમવામાં આવે છે. ગામના વડીલો બેસે છે. તેમની સમક્ષ ગોવાળિયાઓને બોલાવવામાં આવે છે. એક સ્થળે ઈંડાં મૂકેલાં હોય છે. તે સ્થળ ઉપર ગાયોને ચલાવીને લઈ જવા ગોવાળિયાઓને કહેવામાં આવે છે. જે ગોવાળિયો પોતાની ગાય પાસે એ ઈંડું ભંગાવી શકે અથવા સુંઘાવી પણ શકે તેને પ્રેક્ષકો 'નસીબવંતો છોકરો' કહી તાળીઓના ગડગડાટથી વધાવી લે છે. આ રીતે સફળ નીવડેલી ગાયના પગ વિધિપૂર્વક ધોવામાં આવે છે.

બીજે આખો દિવસ સંથાલોના વિવિધ દેવોને માટે ભોજન તૈયાર કરવામાં જાય છે. આ દેવોના માનમાં મરઘડાં, બકરા અને ડુક્કરો વધેરવામાં આવે છે. કુટુંબના વડાઓ ઘેર રહીને પૂર્વજોનાં પ્રેતોને પૂજે છે અને તેમને બલિદાન આપે છે. સાંજે મોટા પાયા પર સમૂહભોજન યોજવામાં આવે છે. તે વખતે દેવોને 'હાંડિયા' અર્પણ કરવામાં આવે છે અને પછી એ 'હાંડિયા' સંથાલ લોકો પીએ છે.

પછી 'ગોહલ પૂજા' (ગાયની પૂજા) થાય છે. આ તબક્કે આ ઉત્સવ પરાકાષ્ઠાએ પહોંચે છે. બધા ઊંઘતા હોય તે વખતે સંથાલ જુવાનિયાઓ જાગરણ કરે છે અને ઢોલ-શરણાઈઓ વગાડતા વગાડતા ગાયોને જગાડવા ગામમાં ફરે છે. શરૂઆત મુખીના ઘરથી થાય છે. આ પ્રસંગે ગીતો ગવાય છે : એક ગીતનો ભાવાર્થ આવો છે :

'ગાયો વૃંદાવન ગઈ છે. ભેંસો ગંગાકિનારે ચરે છે. જુઓ, તે સામી બાજુ છે. ગાયો સાંજે ઘેર આવી રહી છે. ભેંસો મધ્યરાત્રિએ ઘેર આવે છે. કયા શીંગડા ઉપર હું તેલ અને સિંદૂર લગાડું? કોની પીઠ પર હું પરાળ મૂકીશ?'

બીજી બાજુ છોકરીઓ એક ટોળી જમાવે છે. તેઓ માથામાં ફૂલ ખોસે છે અને એક-બીજાના હાથમાં હાથ ભેરવે છે. આ રીતે વરઘોડો કાઢી તેઓ 'પ્રોધાન'(પ્રધાન – ગામના મુખી)ને ઘેર જાય છે. ત્યાં તાજી ડાંગર, ઘાસ અને દીવા લઈ તેઓ ઢોરની આસપાસ ફરી ખાસ ગીતો ગાય છે. આ રીતે તેઓ ગામના તમામ માંડવાઓ ફરી વળે છે. ઢોરોને તેલ ચોપડવામાં આવે છે અને સિંદૂર લગાડવામાં આવે છે. દરેક ઢોરને 'હાંડિયા' આપવામાં આવે છે.

એ રાત્રે ગામની ગલીઓ સ્ત્રીઓનાં બીજાં ગીતોથી ગાજી ઊઠે છે.

આ દિવસે સવારમાં આખા ગામમાં મુખીના ઘર સુધી થાંભલીઓ રોપવામાં આવે છે. બપોરના ભોજન પછી ગાયો અને ભેંસોને આ થાંભલીઓએ દોરી વડે બાંધવામાં આવે છે. પછીથી આ પ્રાણીઓના પગ ધોવામાં આવે છે અને તેમનાં શીંગડાંને હાર અને ગોળની પૂરીઓ વડે શણગારવામાં આવે છે. પછીથી ગામના ઘેરૈયાઓ ત્યાં આવી પહોંચે છે અને આ પ્રાણીઓને ગોદા મારવા લાગે છે. તેઓ આ પ્રાણીઓની આસપાસ નૃત્ય કરે છે, અને ફરતા ફરતા પેલી ગોળની પૂરીઓ ખેંચી લેવા પ્રયત્ન કરે છે. આ 'યુદ્ધ-નૃત્ય' પૂરું થતાં ગામ-લોકો મુખીને ઘેર ભેગા થાય છે. ત્યાં તેઓ લાઠી અને ઢાલની એક મનોહર રમત રમે છે.



પછી આવે છે 'હાકો કટકોમ' એટલે માછલાં અને કરચલા પકડવાનો દિવસ. આ દિવસે તમામ સંથાલોએ શિકારે જવું એવી ધાર્મિક ફરજ છે. અને શિકારમાં તેમને કંઈ મળે નહીં તો છેવટે માછલાં અને કરચલા તો એમણે પકડવા જ જોઈએ.

આ રીતે ઉત્સવ પૂરો થાય છે. એક 'જાલે' નામના ખાસ દિવસે સંથાલ લોકો ઘેર ઘેર ફરી એકબીજાને જુહાર કરે છે.

ઉત્સવ એક અઠવાડિયું ચાલે છે. તેના છેલ્લા દિવસને 'બેઝા' કહે છે. તે દિવસે રમતો રમવામાં આવે છે. 'બેઝા'નો અર્થ 'લક્ષ્ય વીંધવું' એવો થાય છે. તે દિવસે આખી જાતિમાં સારી પેઠે ચેતન આવે છે. મોટી સભા ભરાય છે. તેની સમક્ષ લાઠી, તીર વડે લક્ષ્ય વીંધવાની અને વ્યક્તિગત બળ-માપણીની રમતો રમાય છે. જે જીતે તેને તાળીઓથી વધાવી લેવામાં આવે છે અને તેના મિત્રો તેને ખભે બેસાડી મુખીને ઘેર લઈ જાય છે.

**મયૂરભંજમાં સોહરી**

મયૂરભંજમાં 'સોહરી'ના ઉત્સવને 'બુંધણા' અથવા 'કાલિપૂજા' કહે છે. અને તે હિંદુઓના કાલિપૂજા ઉત્સવ સાથે ઊજવાય છે. આ મયૂરભંજના ઉત્સવ અને સંથાલ પરગણાના ઉત્સવમાં ખાસ ફેર એ છે કે મયૂરભંજમાં 'હાકો કટકોમ' (માછલાં અને કરચલા પકડવાનો ઉત્સવ) અને 'જાલે' (જુહારનો દિવસ) હોતા નથી. કેટલીક પુનરુક્તિનો દોષ વહોરીને પણ મયૂરભંજમાં આ ઉત્સવ કેવી રીતે ઊજવાય છે તેનું વિગતવાર વર્ણન અત્રે કરવામાં આવે છે, જેથી મયૂરભંજમાં શી શી વિશેષતાઓ આ ઉત્સવ અંગે છે તેનો વાચકને ખ્યાલ આવશે.

પહેલા દિવસને 'ઉમ' અથવા 'ગોઠપૂજા' કહે છે. તે દિવસે સવારે 'ચટિયા' (ગોઠ્ટ) તમામ ઘેર ફરી વળી મરઘડાં અને ચોખા ઉઘરાવે છે. અને તે બધાં પુરોહિતને ઘેર ખડકે છે. જોતજોતામાં ગામલોકો ત્યાં એકઠા થાય છે. એક સૂપડામાં પૂજાપો મૂકવામાં આવે છે. એમાં આટલી વસ્તુઓ હોય છે : ગાયનું છાણ, ચોખા, સિંદૂર, મીઠી (એક જાતનો મસાલો), ચોખાનો લોટ. પુરોહિત આ સૂપડું એના જમણા હાથમાં રાખે છે, અને એના ડાબા હાથમાં પાણીનો ઘડો હોય છે. એની પાછળ 'હાંડિયા'નો ઘડો લઈને એક જણ ચાલે છે. આ રીતે પુરોહિત આગળ ચાલે અને પાછળ બીજા ગામલોકો ચાલે. એ રીતે ગામનું સરઘસ 'ગોઠ' સુધી આવી પહોંચે છે (ગોઠ એટલે જ્યાં ગાયો ચરે છે તે ખેતર). અહીં પુરોહિત એક સ્થળ પસંદ કરી તેને ગાયના છાણ અને પાણી વડે સાફ કરે છે. પછીથી અનાજ અને ઢોરની સલામતી માટે તથા 'સોહરી' ઉત્સવ શાંતિથી ઊજવાય તે માટે આહુતિઓ અર્પવામાં આવે છે. પછીથી મુખી ત્યાં ભેગા થયેલા લોકોને ઉદ્દેશીને કહે છે : 'હવે થોડા દિવસ બધા દારૂ પીશે અને તોફાન કરશે. માટે થોડા દિવસ ગુનાઓ સામે આંખમીચામણાં કરવા તૈયાર થાઓ.'

પ્રારંભિક પૂજા સવારે દસેક વાગ્યે પૂરી થાય છે. તે પછી 'મરાન બુરુ' અને બીજા દેવોને અગાઉ એકઠા કરેલા ચોખા, મરઘડાં અને 'હાંડિયા'ની આહુતિ આપવામાં આવે છે. આ પછી, ઉપરની ચીજોને રાંધવામાં આવે છે. 'નાયકે' (પુરોહિત) મરઘડાંનાં માથાં વડે અલગ ભોજન રાંધે છે, કેમ કે તે બધા કરતાં શુદ્ધ અને પવિત્ર છે. હવે 'મરાન બુરુ' જેવા દેવોને થાળ ધરાવવામાં આવે છે. તે પછી પ્રથમ પુરોહિત જમવા બેસે છે અને તેની પછી આખી જાતિ ભોજન લે છે.

સાંજના પહોરે આખી જાતિનાં ઢોરને 'ગોઠ' ઉપર લાવવામાં આવે છે અને તેમનાં શીંગડાંને તેલ ચોળવામાં આવે છે. પછીથી જે જગાએ જાતિના લોકોએ ભોજન લીધું હોય

તે સ્થળ ઉપર બધાં ઢોરને છૂટાં મૂકી દેવામાં આવે છે. 'નાયકે' (પુરોહિત) જે પતરાળામાં જમ્યો હોય તે પતરાળું જે માણસની ગાય ખાઈ જાય તેને બહુ ભાગ્યશાળી ગણવામાં આવે છે અને આવતા વર્ષના ઉત્સવ માટે 'હાંડિયા'નો ઘડો આપવાનો અધિકાર તેને બક્ષવામાં આવે છે. તે આખી જાતિનો નાયક બની જાય છે એને સારાં ઢોર અને સારો પાક મળશે એમ મનાય છે. તેને ઊંચો કરીને આખી સભાને દેખાડવામાં આવે છે. સાલ વૃક્ષનાં પાંદડાં ઉપર ઈંડાં પણ મૂકવામાં આવે છે પરંતુ સંથાલ પરગણામાં થાય છે તેમ એના ઉપર ગાયોને ચલાવવામાં આવતી નથી.

રાત્રે જાગરણ કરવામાં આવે છે. તે 'ગોહલપૂજા'ની રાત્રિના જાગરણ જેવું જ હોય છે. ગીતો પણ એવાં જ ગવાય છે. પરંતુ એમાં શૃંગારી ગીતો ઘણાં ઉમેરાય છે. પરંતુ આ જાગરણમાં ચોરી કરવાનો ખાસ રિવાજ છે. એમાં પાપ ગણાતું નથી. એમાં એવી માન્યતા છે કે આવે પ્રસંગે જે લોકો ચોરી કરે તેમના ઉપર ચોરીનો આરોપ મુકાતો નથી અને જેમને ઘેર આવી ચોરી થાય તે લોકોને ઘેર ખરા ચોર કદી ચોરી કરતા નથી.

મયૂરભંજમાં બીજે દિવસે 'શારદી' થાય છે. તે દિવસે 'ગોહલપૂજા' કરવામાં આવે છે. સવારે 'કર્મ' વૃક્ષની ડાળી આસપાસ નૃત્ય કરવામાં આવે છે. બે કુંવારા છોકરા આ ડાળી લાવે છે અને જમીન ઉપર રોપે છે. ગામની કન્યાઓ એ સ્થળને ગાયના છાણ વડે લીંપી સ્વચ્છ બનાવે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ હાથમાં માટીના દીવા લઈને આ ડાળીની આસપાસ ફરે છે અને તેને ચોખાથી વધાવે છે. પછીથી પુરુષો અને સ્ત્રીઓ જુદાં જુદાં જૂથો બનાવી આનંદથી નૃત્ય કરે છે.

બપોરે 'કાલીમાતા'ને (ગાયોની ગમાણની અધિષ્ઠાતા દેવીને) તથા પૂર્વજોને મરઘડાં અને ડુક્કરના બલિ આપવામાં આવે છે. પછીથી તેઓ હળ અને ધૂંસરી જેવાં ખેતીનાં ઓજારોને વિધિપૂર્વક ધુએ છે અને પછી તેમના ઉપર ચોખાનો લોટ અને સિંદૂર ચોપડે છે. હવે ભોજનનો સમય થાય છે. તે વખતે તેઓ પેલાં વધેરેલાં પ્રાણીઓ ઘેર જઈને ખાય છે. આ પછી સાંજે સંથાલો બધા 'આખરા'(અખાડા – નૃત્ય કરવાનું સ્થળ)માં જાય છે અને ત્યાં 'કરમ' વૃક્ષની ડાળી આસપાસ નાચગાન કરે છે. નૃત્ય પૂરું થયે 'કરમ'ની ડાળી પાણીમાં ડુબાડવાની હોય છે. તે લેવા માટે છોકરા-છોકરીઓ વચ્ચે ગજગ્રાહ થાય છે. છોકરીઓ છોકરાઓને એ ડાળી ઉપાડવા દેતી નથી. છોકરીઓની નજર ચુકાવીને કોઈ છોકરો એ ડાળી ચોરી જાય તો જ આ ગજગ્રાહ અટકે છે. મધ્યરાત્રિએ ગામલોકો ગાયના તબેલા આગળ ગાતા-બજાવતા જાય છે. ત્યાં તેઓ ગાયોને ચુંબન કરી તેમના પ્રત્યે વહાલ બતાવે છે.

ત્રીજે દિવસે ઢોરો સાથે રમતો રમવામાં આવે છે. વહેલી સવારે જાતિના લોકો ઢોલ અને બીજાં વાજિંત્રો લઈને મુખીને ઘેર એકઠા થાય છે. ત્યાં તેઓ 'બિરાસ' બનાવે છે. મુખીના તબેલામાં જેટલાં ઢોર હોય તેટલા ડાંગરના પૂળા અમુક રીતે ગોઠવવામાં આવે છે. અને તે ઢોરોનાં શીંગડાંઓ બાંધવામાં આવે છે. ઢોર તેથી જરા ભડકે છે અને ઢોલ વગાડી એમને છૂટાં મૂકી દેવામાં આવે છે. ઢોર બહાર દોડે છે, એટલે એમના ઉપર પુરુષો 'હાંડિયા' ઢોળે છે. સ્ત્રીઓ એમના ઉપર ઈંડાં ફેંકે છે. આ રીતે ઢોરો દોડાદોડી કરે છે. તેમાંથી છેલ્લા ઢોરને કોઈ સાહસિક સંથાલ પકડી લે છે. પછી તે ઢોરના પગ વિધિપૂર્વક ધોવામાં આવે છે.



પછીથી મુખીના 'હાંડિયા'માં બીજા લોકોનો 'હાંડિયા' ભેળવી એક મિશ્ર દારૂ બનાવવામાં આવે છે. તે વડે પૂર્વજોને આહુતિ આપી એ દારૂ બધા પીએ છે. આ રીતે નશામાં ચકચૂર થઈ તેઓ એકબીજા ઉપર ચોખાનું પાણી રેડે છે અને ગામની ગલીમાં ખૂબ મસ્તીપૂર્વક આમતેમ ફરે છે.

સાંજના પહોરે 'ખુંટાઉ' થાય છે. તોફાની ગાયો અને ભેંસોને થાંભલે બાંધી તેમને ગોળની પૂરીઓ વડે ચીડવવામાં આવે છે. વધારામાં વાઘ, સાપ અને હાથીનો વેષ ધારણ કરી આ લોકો નૃત્ય કરે છે.

ચોથે દિવસે આ કાર્યક્રમ પૂરો થાય છે. લોકો ઘેર ઘેર નૃત્ય કરે છે. પછીથી ઢોરોને શણગારવા તૈયાર કરેલા 'બિરાસ'માંથી ડાંગર લઈને ભરી રાખવામાં આવે છે અને તેમાંથી બનાવેલો 'હાંડિયા' આગળ ઉપર પીવા માટે સાચવી રાખવામાં આવે છે.

**સક્રાંત (મોકોર – મધ્ય જાન્યુઆરી)**

'પૌષ' (પોષ = મધ્ય જાન્યુઆરી) માસના છેલ્લા દિવસે મયૂરભંજના સંથાલો હિંદુઓની સાથે એક ઉત્સવ ઊજવે છે. આને 'સકાન્ત પૂજા' (સક્રાંતિ પૂજા) પણ કહે છે. મયૂરભંજમાં તે મોટા પાયા ઉપર ઊજવાય છે. તે દિવસે પૂર્વજોને 'ચીરા' (પૌંઆ) અને ગોળ અર્પવામાં આવે છે.

પહેલા દિવસને 'બાનુંદી' કહે છે. તે દિવસે લોકો માછલાં અને કરચલા પકડે છે. માન્યતા એવી છે કે જો આ ચીજો તે દિવસે ખાઈ શકાય તો લાંબું આયુષ્ય મળે. તમામ ઘરોમાં માંસની સ્વાદિષ્ટ પૂરીઓ અને ચોખાના આટાની વાનીઓ બનાવવામાં આવે છે. સ્નાન કર્યા પછી, સંથાલો આ વાનીઓ ગોળ અને 'તીલ' (તલ) સાથે ખાય છે. તેમાં 'ચીરા' (પૌંઆ) ફરજિયાત હોય છે. દરમ્યાન, 'હાંડિયા' પીવાનું ચાલુ રહે છે.

સાંજે તીરકામઠાની હરીફાઈ થાય છે. તે માટે કેળના છોડ ઉપર લક્ષ્યને મૂકવામાં આવે છે. સફળ હરીફને તાળીઓથી વધાવી લેવામાં આવે છે અને તેને ઊંચકીને મુખીને ઘેર લઈ જવામાં આવે છે. ત્યાં બધાનું 'હાંડિયા' અને તળેલા ચોખા વડે સ્વાગત કરવામાં આવે છે. જે માણસ ત્રણ વર્ષ સુધી લગભગ આ રીતે વિજેતા નીવડે તેને મુખીને હાથે ખાસ ઈનામ આપવામાં આવે છે. તે પ્રસંગે નાચગાન કરવામાં આવે છે.

ઉત્સવની પૂર્ણાહુતિમાં તમામ ઘરોમાં સારી પેઠે આનંદ વ્યાપે છે. ઘાસના બનાવેલા વાંદરા ઘેરઘેર નચાવવામાં આવે છે. ઉઘરાણું કરીને આખી જાતિને જમાડવામાં આવે છે. ગામમાં ગીતો ગવાય છે અને આનંદ આનંદ વ્યાપે છે.

**માઘ સીમ (જાન્યુઆરી-ફેબ્રુઆરી)**

'માઘ સીમ' એટલે માઘ માસમાં કરવાની પૂજા. માઘ માસમાં સંથાલોનું વર્ષ પૂરું થાય છે. તે પ્રસંગે જંગલમાંથી છાપરાં છાવાનું ઘાસ કાપવામાં આવે છે. નોકરોને તેમના પગાર ચૂકવી નવેસર કરાર કરવામાં આવે છે. તમામ ગામ અધિકારીઓ તેમના હોદ્દાનું રાજીનામું આપે છે. આ વખતે 'હાંડિયા' પિવાય છે.

**સંથાલોનો વસન્તોત્સવ (બહા)**

ફેબ્રુઆરીની આખરે સાલ વૃક્ષને મોર આવે છે. તે વખતે સંથાલો 'બહા' નામનો ઉત્સવ ઊજવે છે. આ પ્રસંગે આખી જાતિ આનંદ કરે છે. તેઓ પાણી છાંટે છે, ખાસ ગીતો ગાય છે અને નૃત્ય કરે છે.

આ ઉત્સવનો હેતુ વસન્તનું આગમન ઊજવવાનો છે. આ ઋતુમાં સંથાલોનાં માનીતાં વૃક્ષો 'સાલ', 'પલાશ', 'મહુઆ', 'ઈસાક'ને ફૂલ આવે છે. જ્યાં સુધી આ ઉત્સવ પૂરો થતો નથી ત્યાં સુધી સંથાલો આ ફૂલોમાંથી મધ લેતા નથી, તેમ એ ફૂલો કોઈ ખાતું નથી, અને એમની સ્ત્રીઓ એ ફૂલો માથામાં ખોસતી નથી. 'સોહરી' ઉત્સવમાં લોકો દારૂ પીએ છે, ત્યારે આ ઉત્સવમાં તેઓ વધારે શુદ્ધ રહે છે.

આ ઉત્સવ 'ઉમ' નામની શુદ્ધિક્રિયાથી શરૂ થાય છે. ગામના જુવાનિયાઓ 'જાહેરથાન'માં એકઠા થાય છે અને બે ઝૂંપડીઓ બાંધે છે. આમાંની એક ઝૂંપડી 'ગોસાને એરા' નામના દેવ માટે અનામત રખાય છે, અને બીજી 'જાહેરથાન'ના અધિષ્ઠાતા દેવ 'જાહેર એરા' 'મોનરેન્કો' (પાંચ અધિષ્ઠાતા દેવો) અને મુખ્ય અધિષ્ઠાતા દેવ 'મરાન બુરુ' માટે રાખવામાં આવે છે. એ ત્રણે દેવ એમાં ભેગા રહે છે. આ રીતે બંધાયલાં દેવસ્થાનોને પછીથી પુરોહિત ગાયના છાણ વડે શુદ્ધ કરે છે. પછીથી ગામના બધા યુવાનો સ્નાન કરી પવિત્ર બને છે.

દરમ્યાન, 'નાયકે' (પુરોહિત) નીચેની ચીજોને સાફ કરી તેમના ઉપર તેલ અને 'મીઠી' (એક જાતનો મસાલો) ચોપડે છે: સૂપડું, ટોપલી, તીરકામઠું, કોદાળી, સાવરણી, મંદિરની ઝાલર અને શિકારનું રણશિંગું.

પછી સાંજ પડે છે. દરમ્યાન, 'ગોડેટ' (મુખીનો હજૂરિયો) પુરોહિતને ત્રણ મરઘાં લાવી આપે છે. હવે ત્રણ યુવાનો સમાધિમાં આવી જાય છે. તેઓ 'જાહેર એરા', 'મરાન બુરુ' અને 'ગોસાને એરા'નો પાઠ ભજવે છે અને માથું ધુણાવતા ધુણાવતા પુરોહિતના ઘર તરફ જાય છે. પછીથી 'જાહેર એરા' પુરોહિતના ઝૂંપડામાં પ્રવેશે છે, કંકણ પહેરે છે અને ટોપલી માથે મૂકી સાવરણી પકડે છે. 'મોનરેન્કો' તીરકામઠું પકડે છે, અને 'મરાન બુરુ' કોદાળી લે છે. પછીથી આ વેશધારી દેવો કુંજમાં જાય છે. જુવાનિયા તેમની પાછળ જાય છે. પછીથી 'જાહેર એરા' એમના સ્થાનકમાં કચરો વાળે છે, અને બીજા બે તેના ઉપર દેખરેખ રાખે છે.

રાત્રે તેઓ કુંજમાંથી પાછા આવે છે. પેલા દેવોએ જે વેશ ધારણ કરેલા તે પુરોહિતને પાછા આપવામાં આવે છે. આ વખતે પુરોહિત દયાજનક વિલાપ કરે છે. પછી બધા સાદડીઓ ઉપર બેસે છે. પછીથી ત્રણે વેશધારી દેવોને દરેકને મૂઠી ચોખા આપવામાં આવે છે, અને ભવિષ્ય વિશે પ્રશ્ન પૂછવામાં આવે છે. તે પછી દેવોની સ્તુતિ કરવામાં આવે છે.

પછીથી પુરોહિત 'જાહેર એરા'થી આરંભીને એ દેવોના ચરણ ધુએ છે. દેવો પોતે એક-બીજાના પગ ધુએ છે. મુખી, ઢોલી, કવિ (ગાયક) એ બધા આ વિધિમાં જોડાય છે. વધેલું પાણી બધા ઉપર ફેંકવામાં આવે છે. તે વખતે તેઓ ચીસો પાડે છે અને કૂદે છે. પછીથી પુરોહિત પાણીનો ઘડો માગે છે અને 'જાહેર એરા', 'મરાન બુરુ' અને 'મોનરેન્કો'ને સાદડીઓ ઉપર બેસાડે છે. તે વખતે તેમના ભૂતને દૂર કરવામાં આવે છે. તે પછી તેમને તથા ત્યાં બેઠેલા બીજાને ચોખાનું ભોજન અને હાંડિયા આપવામાં આવે છે. પરંતુ ખાસ જાણવા જેવું એ છે કે કવિને ભોજનમાંથી વધારે ભાગ આપવામાં આવે છે અને એને ઘેર જવા દેતા નથી.

પછીથી આખો સમૂહ નૃત્ય કરે છે અને 'બહા' ઉત્સવનાં ગીતો ગવાય છે. એમાંનાં ઘણાં બે જણ ગાય એવાં હોય છે. એક ગીતની પહેલી કડીનો ભાવાર્થ આવો છે:

"પીપળાના ઝાડ ઉપર લક્કડખોદ ચૂંચૂં કરે છે. વડના ઝાડ નીચે 'ગુત્રુત' ગાય છે. શું વસંત આવી છે?"



સામેથી જવાબ આવે છે:

"ઋતુઓ બદલાઈ છે, એટલે લક્કડખોદ ચૂં-ચૂં કરે છે. વસંત પાછી આવી છે એટલે 'ગુત્રુત' ગાય છે. આપણી પાસે વસંત પાછી આવી છે."

બીજે દિવસે વહેલી સવારે પુરોહિતની પત્ની લોટ દળે છે. મુખીનો હજૂરિયો ગામમાં ફરી ચોખા, મીઠું અને હળદર ઉઘરાવે છે. પછી બધા ગાતા ગાતા પવિત્ર કુંજમાં જાય છે. પુરોહિત એક હાથમાં મોટી અને બીજા હાથમાં નાની છાબડી રાખે છે. મોટી છાબડીમાં આટલી ચીજો મૂકેલી હોય છે: સાંકળ, કંકણ, સાવરણી, તીરકામઠાં અને શીંગડાં. નાની છાબડીમાં આટલી ચીજો મૂકેલી હોય છે: ચોખા, તેલ, સિંદૂર, લોટ અને કોદાળી. એક કુંવારો છોકરો પવિત્ર પાણી ભરેલો એક નાનો ઘડો ત્યાં લઈ જાય છે.

આગલા દિવસના વેષધારી દેવોને અહીં ફરીથી સમાધિ ચડે છે. તેઓ તેમનો વેષ ધારણ કરી જંગલો તરફ દોડે છે અને છોકરાઓ તેમની પાછળ જાય છે. ત્યાં 'મોનરેન્કો' સાલ વૃક્ષનાં ફૂટતાં ફૂલોને તીરથી વીંધે છે, 'મરાન બુરુ' ઝાડ ઉપર ચડી ફૂલવાળી ડાળી કાપે છે, અને 'જાહેર એરા' એ ફૂલો ચૂંટીને પોતાની ટોપલીમાં નાખે છે. પછીથી તેઓ બધા પવિત્ર કુંજમાં પાછા જાય છે. રસ્તામાં તેઓ 'મહુઆ'નાં ફૂલો વીણે છે. કુંજમાં પુરોહિત તેમનું રંગ-બેરંગી રૂમાલમાં મૂકેલાં સાલ વૃક્ષનાં ફૂલો વડે સ્વાગત કરે છે. પછીથી પેલા વેષધારી દેવોને તેમની ઝૂંપડીઓમાં બેસાડવામાં આવે છે. એમના માનમાં મરઘડાં વધેરવામાં આવે છે. તે વખતે 'બહા'ને ઉદ્દેશીને ખાસ મંત્ર બોલાય છે. અને પુરોહિત એમને 'સાલ' અને 'મહુઆ'નાં ફૂલ અર્પણ કરે છે. આ વખતે ગીતો ગવાય છે અને આનંદના પોકારો થાય છે. પછીથી દેવો અરસપરસ પગ ધુએ છે. તેમાં 'જાહેર એરા' પહેલ કરે છે. વધેલું પાણી તેમના ઉપર છાંટવામાં આવે છે. પછી વેષધારી દેવો એમનો વેષ ઉતારી નાખી અસલ સ્વરૂપ ધારણ કરે છે. તે વખતે આનંદના પોકારો કરવામાં આવે છે.

પછીથી બધા ગાતા અને નાચતા ગામમાં પાછા ફરે છે. આ પ્રસંગે ગવાતાં ગીતોમાં ગામનાં તમામ છોકરા-છોકરીઓને એમ કહેવામાં આવે છે કે પુરોહિત પાસેથી સાલ-ફૂલની ખાસ ભેટ સ્વીકારો અને તેમને વંદન કરો. રાત્રે પુરોહિત તેની પત્ની સાથે કુંજમાં રહે છે. પુરોહિતે મરઘડું રાંધી ખાસ ભોજન બનાવેલું હોય છે. તે તેની પત્ની તેની સાથે આરોગે છે.

ત્રીજે દિવસે પુરોહિતના ગૃહાગમનનો ઉત્સવ ઊજવાય છે. આખો દિવસ ઉજાણી અને મજા કરવામાં આવે છે. પુરોહિત ઘેર આવે છે એ બતાવવા કેટલાક 'જાહેરથાન' જઈ નગારું વગાડે છે અને રણશિંગાં ફૂંકે છે. બધા પછી એકબીજાને કહે છે: 'ચાલો આપણે જઈએ અને પુરોહિતનું સ્વાગત કરીએ.' એમ કહી તેઓ કુંજ તરફ ચાલે છે. એક છાબડીમાં પુરોહિતે સાલ-ફૂલો સુંદર રીતે ગોઠવેલાં હોય છે. તે એક છોકરો માથે ઉપાડી લે છે. પુરોહિત પોતે થોડાં ફૂલો, સૂપડું અને પાણીનો ઘડો લઈને ચાલે છે. અગાઉની માફક એક કુંવારો છોકરો પવિત્ર જળનો ઘડો લઈને ચાલે છે.

આ રીતે સંથાલોનું સરઘસ ગામ તરફ આવતું હોય તે વખતે કન્યાઓ પુરોહિતનું સ્વાગત કરવાનાં સાધનો તૈયાર રાખે છે. તેમાં આટલી ચીજો હોય છે: પાણીનો ઘડો, બાજઠ અને લાકડાની નાની પેટીમાં મૂકેલું તેલ. પહેલાં ઘરની કન્યાઓ પુરોહિતના પગ ધુએ છે. બદલામાં તેમને 'સાલ'-ફૂલ આપવામાં આવે છે. પુરોહિત એમના ઉપર પાણી રેડે છે તે વખતે

આ કન્યાઓ પુરોહિતને પગે લાગે છે. આ વિધિ બધાં ઘરોમાં થાય છે. એમ કરતાં તેઓ પુરોહિતના ઘર સુધી આવી પહોંચે છે. ત્યાં એના છાપરા ઉપર પાણી રેડવામાં આવે છે અને હાજર રહેલા તમામને છૂટથી 'હાંડિયા' પીરસવામાં આવે છે.

હવે જલ-ઉત્સવ આવે છે. તે મોટા પાયા ઉપર થાય છે. હિંદુઓની હોળી ઉપર જેમ લોકો ઉપર રંગ છાંટવામાં આવે છે તેવી જ રીતે બધાં ઉપર પાણી છાંટવામાં આવે છે. ફેર એટલો છે કે આ પાણી રંગીન હોતું નથી. પુરુષો અને સ્ત્રીઓ બધાં આમાં જોડાય છે. માત્ર અમુક પ્રકારનાં સગાંને આમાં ભાગ લેવાનો નિષેધ હોય છે. દા. ત. સંથાલો માને છે કે પોતાના નાના ભાઈની વહુ અને પોતાની મોટી સાળીને બહુ માન આપવું જોઈએ. તેથી એ બેના ઉપર પાણી છાંટવામાં આવતું નથી. આ ઉત્સવ ગીતો અને નૃત્યોથી પૂરો થાય છે. આખું ગામ એમાં જોડાય છે. પુરોહિતના ઘર આગળથી તેઓ સરઘસ કાઢે છે અને મુખીના ઘર સુધી તે લઈ જાય છે.

આ ફૂલ-ઉત્સવ મયૂરભંજમાં 'સાલુઈપૂજા'ના નામથી ઊજવાય છે. એનો અર્થ પણ 'સાલ-ફૂલ-ઉત્સવ' થાય છે. પરંતુ મયૂરભંજમાં અને સંથાલ પરગણામાં કેટલીક વિગતોમાં ફેર છે.

પ્રથમ તો, મયૂરભંજમાં, પહેલા દિવસની સાંજે 'ગોડેટ' (હજૂરિયો) ત્રણ મરઘડાં પુરોહિતને ઘેર નથી લઈ જતો. પણ પુરોહિત પોતે તેમને પોતાના ઘરમાં બાંધી રાખે છે. બીજું, વેષધારી દેવોની બાબતમાં મયૂરભંજમાં પાંચ દેવોનો વેષ ભજવવામાં આવે છે, સંથાલ પરગણામાં થાય છે તેમ ત્રણનો નહીં. બીજા વધારાના બે દેવો છે 'મરાન માંઝી હરમ' અને 'હુડીન માંઝી હરમ'. ત્રીજું, બીજો દિવસ પૂરો થયા પછી, ઉત્સવ ત્રીજે દિવસે લંબાવાતો નથી. પરંતુ 'બહા બાસકે સેન્દ્રા' નામનો શિકાર યોજવામાં આવે છે. તેમાં જે પ્રાણીઓનો શિકાર થાય તેમનો એક પગ મુખીને ભેટ આપવામાં આવે છે. તેના બદલામાં મુખી શિકારીઓને 'હાંડિયા'નો એક ઘડો આપે છે. જો કોઈ શિકાર હાથ ન લાગે તો તેઓ જંપીને બેસતા નથી. તેઓ માને છે કે પુરોહિતના ઘરમાંથી બળજબરીથી પણ એક મરઘડું મારવું જોઈએ અને મુખીને વિધિસરની ભેટ અર્પણ કરવી જોઈએ. રાત્રે આખી જાતિ પુરોહિતના ઘર આગળ એકઠી થાય છે અને પવિત્ર કુંજમાં જે ધનુષ્ય લઈ ગયેલા તેની પણછ ઢીલી કરે છે. આખરે પુરોહિતને ખર્ચે બધાને 'હાંડિયા' પિવડાવવામાં આવે છે. એ રીતે સમારંભ પૂરો થાય છે.

**જોમ સીમ**

આ ઉત્સવમાં સૂર્યદેવતા 'સીન બોંગા'ને ઘેટાં અથવા બકરાંનો ભોગ ચઢાવવામાં આવે છે. આને માટે કોઈ સમય ઠરેલો નથી. જીવનમાં એક વાર આ ઉત્સવ થાય તોપણ ચાલે. બધો આધાર વ્યક્તિની આર્થિક સ્થિતિ ઉપર રહે છે. જેમનાથી બને તેઓ સામાન્ય રીતે આ પૂજા દર પાંચમે વર્ષે કરે છે. બીજા ઉત્સવોની પેઠે આ જાહેર ઉત્સવ નથી. એમાં પવિત્ર કુંજમાં વસતા ગ્રામ દેવતાઓની પૂજા કરવામાં આવતી નથી, તેમ આખી સંથાલ જાતિ એમાં ભાગ લેતી નથી. આ ઉત્સવ અમુક ગોત્રના સંથાલો જ એકીસાથે ઊજવે છે. દા. ત. જ્યારે 'મારંડી' ગોત્રના સંથાલો 'જોમસીમ પૂજા' ઊજવે ત્યારે માત્ર એ ગોત્રના લોકો જ એમાં ભાગ લઈ શકે છે. બીજા ગોત્રના લોકોને જો આમંત્રણ આપવામાં આવે તો માત્ર એ ગોત્રમાં પરણાવેલી પોતાની દીકરીઓ અને તેમનાં સંતાનોને જ આપવામાં આવે છે. આને માટેનાં નાણાં, અલબત્ત, એ ગોત્રના સભ્યો પાસેથી ઉઘરાવવામાં આવે છે.



મયૂરભંજમાં 'મારંડી' ગોત્રના લોકો આ ઉત્સવ કેવી રીતે ઊજવે છે તેનું વર્ણન અત્રે આપવામાં આવે છે. આ વર્ણન એ ગોત્રના એક સુશિક્ષિત સભ્ય તરફથી મળેલું છે.

મારંડી ગોત્ર ધરાવનારાઓમાં એવો રિવાજ છે કે તેઓ આ ઉત્સવ ફાલ્ગુન (ફેબ્રુઆરી-માર્ચ) અથવા વૈશાખ(એપ્રિલ-મે)ની પૂર્ણિમા પહેલાં ઊજવે છે, બીજા કોઈ સમયે નહીં. ગોત્રની સભા ભરીને તારીખ નક્કી કરવામાં આવે છે અને ઉત્સવની તૈયારીરૂપે એક બકરાને ખસી કરવામાં આવે છે.

'ઉમ નારકા' (શુદ્ધીકરણ) નામના પહેલા દિવસે આ ગોત્રના લોકો પોતાનાં ઘરો સાફ કરે છે, કપડાં ધુએ છે અને ચોખા ને 'બીરી' (એક જાતની દાળ) સિવાય બીજું કંઈ ખાતા નથી. તે પછી બીજા કેટલાક બકરાને પણ ખસી કરવામાં આવે છે અને બલિદાનની જગા સાફ કરી ત્યાં પવિત્ર પાણીનો ઘડો મૂકવામાં આવે છે.

આ દિવસે આ ગોત્રના લોકો બે દેવોની પૂજા કરે છે. આ દેવોનાં નામ ગુપ્ત રાખવામાં આવે છે. પણ તે હિંદુઓના બ્રહ્મા અને ગણેશને મળતા દેવો છે એમ કહેવાય છે. બે સંથાલો સમાધિમાં આવી આ બે દેવોનો વેષ ધારણ કરે છે. એમનાં નામ પૂછવામાં આવે છે. એનો જવાબ મળ્યા પછી એમને બીજે દિવસે અર્પવાનો બકરો અને મેંઢો એમની સંમતિ માટે એમને બતાવવામાં આવે છે. સંમતિ મળતાં, એમને એમનું અસલ સ્વરૂપ ધારણ કરવા વિનવવામાં આવે છે.

'શારદી' નામના બીજા દિવસે સૂર્યોદય પહેલાં બલિદાનને સ્થળે આ લોકો એકઠા મળે છે અને ગણેશતુલ્ય સંથાલ દેવને બકરો અને બ્રહ્માતુલ્ય સંથાલ દેવને મેંઢો અર્પવામાં આવે છે. બે પૂર્વજોની પણ મરઘાંના બલિ વડે આરાધના કરવામાં આવે છે. આમાં સફેદ ચાંદાંવાળા મરઘા માતૃપક્ષના પૂર્વજો માટે હોય છે, અને લાલ મરઘા પિતૃપક્ષના પૂર્વજો માટે હોય છે. 'મરાન બુરુ'(મુખ્ય અધિષ્ઠાતા દેવો)ને સફેદ મરઘો અર્પવામાં આવે છે. આ બલિદાનની વિશેષતા એ છે કે મેંઢો, બકરો અને સફેદ મરઘો એકઝાટકે વધેરવામાં આવે છે, જ્યારે સફેદ ચાંદાંવાળાં અને લાલ મરઘાં ધીમે ધીમે છેદવામાં આવે છે. પછીથી પોતાના ગોત્રને દુન્યવી દુખોમાંથી બચાવવા દેવોની સ્તુતિ કરવામાં આવે છે. તેમાં પેટના દુખાવાને ભયંકર દર્દ ગણી તેનો ખાસ ઉલ્લેખ કરવામાં આવે છે. તે પછી માંસને મીઠા અને પાણી વડે રાંધવામાં આવે છે. જે પ્રાણીઓનો વધ કર્યો હોય તેમનાં માથાં 'મારંડીઓ'એ ખાવાનાં હોય છે, બાકીનું મહેમાનોને પીરસવામાં આવે છે.

**પાટા અથવા ચોરોક (એપ્રિલની મધ્યમાં)**

'પાટા'નો અર્થ 'મહાદેવના મંદિરમાં ઉત્સવ' એવો થાય છે. આ ઉત્સવ હિંદુઓના 'ચોરોક' ઉત્સવ (આંકડી હુલાવવાનો ઉત્સવ) જેવો છે.

'પાટા' ઉત્સવના રિવાજો જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા છે. સંથાલ પરગણામાં કેટલાકને આ ઉત્સવ પ્રસંગે 'ઝુપર' (સમાધિ) ચડે છે. ટાગોરના 'ખેપા'(પાગલ)ની માફક તેઓ 'પારસમણિ'ની શોધમાં અહીંથી તહીં ભટકે છે. તેઓ તળાવમાં ડૂબકી મારે છે, જંગલો ખૂંદી વળે છે, ડુંગર ફેંદે છે અને આખરે કોઈ પથરો જડે તો 'જડયો જડયો' એમ બોલી ઊઠે છે. મુગ્ધ બનેલો પ્રેક્ષકગણ આ પથરો જોઈ એને મહાદેવના પ્રતીક તરીકે વધાવી લે છે. આ લોકો 'ભોક્તા' (ભક્ત) કહેવાય છે. તેઓ પછી હિંદુઓના 'ચોરોક' ઉત્સવ ઊજવનારા પાસે દોડી જાય

છે અને તેમને આ મૂર્તિઓ વિધિપૂર્વક પૂજવા સમજાવે છે. જો તેઓ માની જાય, તો તેમને આ ઉત્સવમાં ભળવા દે છે અને વિધિઓમાં ભાગ લેવા દે છે.

બીજા એવા છે કે જે પોતાના આગવા ઉત્સવો યોજે છે. આવા લોકો ઉત્સવના ત્રણ દિવસ પહેલાં ઘેર ઘેર ભીખ માગતા ફરે છે, અને જે મળે તે વડે દૂધ ખરીદે છે. પછીથી 'પાટા'ની આગલી રાતે તેઓ એક ખેતરમાં ભેગા થાય છે. ત્યાં ભક્તો એક ઝૂંપડીરૂપ મંદિર બનાવે છે. આને માટે એમણે જાતિમાંથી પૈસા ઉઘરાવેલા હોય છે. આ મંદિરમાં તેઓ 'મહાદેવ'ને વિધિપૂર્વક દૂધ, ચોખા અને ઘી ચડાવે છે. આ મંદિરથી દૂરને સ્થળે બકરો વધેરવામાં આવે છે. છેવટે ગીતો અને નૃત્યો થાય છે. એમાં બધા સંથાલો ઊલટભેર ભાગ લે છે.

'પાટા' ઉત્સવ મયૂરભંજમાં બધા સંથાલો ઊજવતા નથી. માત્ર અમુક વર્ગના સંથાલો જ ઊજવે છે.

'ચોરોક' (આંકડી હલાવવાનો) ઉત્સવ અત્યારે ઊજવાતો નથી. સરકારે એના ઉપર પ્રતિબંધ મૂકેલો છે. આ ઉત્સવનું વર્ણન મેનકૃત 'સાંથાલિયા ઍન્ડ ધી સૅાંથાલ્સ' નામના પુસ્તકમાં આવે છે. એમાં બતાવાયું છે કે ભક્તને લટકાવવા માટેના અંકોડા એના બરડાના સ્નાયુઓમાં ખોસવામાં આવતા. કોઈ પીધેલો ભૂવો ભક્ત તરીકે કામ કરતો. પછી એને અધ્ધર લટાકાવતા અને ગોળ ગોળ ફેરવતા. પેલા અંકોડા વડે એને લટકાવવાનો હોય એમ દેખાતું. પરંતુ લેખક કહે છે કે, મેં આવા ઘણા શહીદ જોયા છે. આવી રીતે માણસને લટકતો જોવો એ ભયંકર લાગે. પરંતુ એ દેખાય છે એટલું ખરાબ હોતું નથી. કેમ કે એ ભક્તના શરીરની આસપાસ એક મજબૂત કપડાનો પટો એવી રીતે બાંધવામાં આવે છે કે એનું વજન પેલા કપડા ઉપર ઝિલાય છે, એના સ્નાયુઓ ઉપર નહીં. આંકડીઓ લગાડવાથી બરડામાં કાણું પડે અને તેમાંથી લોહી નીકળે એટલી જ તસ્દી એને પડે છે.

## ૧૦. જાદુ અને ડાકણવિદ્યા

અગાઉ સંથાલો જીવનનાં ગૂઢ રહસ્યો પ્રત્યે કેમ વર્તે છે તે બતાવ્યું. અહીં તેઓ અસાધારણ પ્રસંગોએ કેમ વર્તે છે તે બતાવવામાં આવશે.

**અનાવૃષ્ટિ દૂર કરવા માટે**

જ્યારે અનાવૃષ્ટિ થાય અને જાતિની ખેતી જોખમમાં આવી પડે, ત્યારે કેટલાંક સંથાલ ગામો ભેગાં થઈ 'સીમા બોંગા'(સીમાના દેવો)ને પ્રસન્ન કરવા ફાળો ઉઘરાવે છે. કેટલાક માણસોને સમાધિ ચડે છે. એમને પૂછવામાં આવે છે કે, "આ આફત ક્યાંથી ઊતરી આવી? અને એનો ઉપાય શો?" સામાન્ય રીતે જે માણસો અદૃશ્ય દેવોનો પાઠ ભજવે છે તેઓ આવી પડનારી આફતોનો નિર્દેશ કરે છે, એટલે એકઠા થયેલા લોકો ખાતરી આપે છે કે જ્યારે વરસાદ આવશે ત્યારે ખાસ બલિદાનો આપવામાં આવશે. અને જ્યારે વરસાદ આવે છે ત્યારે ગામનો પુરોહિત કહ્યા પ્રમાણે સીમાદેવોને બલિદાન આપી તેમનું તર્પણ કરે છે.

**ગામની માંદગી દૂર કરવી**

જ્યારે સંથાલ જાતિમાં રોગચાળો ફાટી નીકળે છે ત્યારે જાતિનો પુરોહિત 'ગ્રામપાટ' 'બિસમ ઠકુરાણી' (હિંદુમાતા, કાલી) એ ગ્રામ દેવતાઓ અને પવિત્ર કુંજના તમામ દેવોને આવાહન કરે છે. આને માટે પ્રારંભિક વિધિ ઉપર વર્ણવ્યો તેવો જ હોય છે. વધારામાં એટલું જ કે જે માણસો સમાધિમાં આવી દેવનો વેષ ભજવે છે તેઓ આ આફત લાવનાર ડાકણોનાં નામો બોલે છે.



સંથાલ કુટુંબમાં જ્યારે કોઈ માંદું પડે ત્યારે કુટુંબનો વડો 'ઓરાક બોંગા'(ગૃહદેવતા)ને આવાહન કરવાની વ્યવસ્થા ગોઠવે છે. તે માટે પ્રથમ કેટલાક માણસોને સમાધિ ચડે છે. તેમનામાં દૈવી શક્તિ પ્રગટે છે એમ મનાય છે, પછીથી એને ઘરનો વડો પૂછે છે :

"હે દેવતા! તમે કયા દેવ છો? કયો ડુંગરદેવ અહીં આવ્યો છે? તું કયા વર્ગનો ભૂત છે? મારા પ્રશ્નોના જવાબ આપ. તે પછી હે દેવ! અત્રે તારે માટે બાજઠ (કે ઓરસિયો) પાથરીશું."

સમાધિમાં આવેલા માણસો જવાબ આપે છે : "ઘણું સારું. અમે જવાબ આપીએ છીએ."

પછીથી જવાબમાં 'ઓરાક બોંગા'નું નામ બોલાય છે. પછીથી પેલો ઘરનો માલિક સ્તુતિ કરે છે : "ફલાણો ફલાણો માંદો છે. તેની ફલાણો ફલાણો સારવાર કરે છે. આ દાક્તર દરદ મટાડી દે તે માટે તમે કૃપા કરીને એમને મદદ કરો. જો દરદી સાજો થઈ જશે તો હું તમને આ બલિદાન આપીશ (મરઘાં, મેઢાં કે બકરાં)."

આ સાંભળીને સમાધિસ્થ માણસો યોગ્ય જવાબ આપે છે. કયા દેવને પ્રસન્ન કરવો, શું બલિ ચડાવવો, ક્યારે ચડાવવો વગેરે સૂચનાઓ તે આપે છે અથવા આવેલી આફત ટાળવા બીજા કોઈ ઉપાયો સૂચવે છે.

આ સ્તુતિ 'ભિતરદુઆર'(ઓરડાના બારણા આગળ)માં કરવામાં આવે છે. આ સ્થળ ગૃહદેવતાનું રહેઠાણ હોઈ પવિત્ર મનાય છે. આ ઓરડામાં બહારનાને પેસવા દેતા નથી. અને ઘરના માણસો પણ વિધિપૂર્વક પવિત્ર થયા પછી જ એમાં પ્રવેશી શકે છે. જો દરદ ગંભીર હોય તો ગામલોકોને બોલાવવામાં આવે છે અને ઉપાય શોધવા માટે 'ઝુપર' (સમાધિ) ચડે છે.

**નજર લાગવી**

સંથાલો માને છે કે સ્ત્રીઓની નજર એવી હોય છે કે એની બૂરી અસર થાય છે અને એને લીધે લોકોનું સત્યાનાશ નીકળી જાય છે. એ જ રીતે કેટલાક પુરુષોના પડછાયા બૂરા હોય છે. તે એટલે સુધી કે જો આ પડછાયાની અંદર સાપ આવી જાય તો સાપ પણ ત્યાંથી ખસી શકે નહીં. જ્યારે બાળકને ઊલટી થાય, પેટમાં દુ:ખે, તાવ આવે કે તે વિના કારણ રડે, ત્યારે એને નજર લાગી છે એમ મનાય છે. કોઈ માણસનો અશુભ પડછાયો 'હાંડિયા' ઉપર પડે તો તે 'હાંડિયા' બગડી જાય છે.

આ બૂરી અસરો અટકાવવા માટે સંથાલ બાળકોને 'ભિલા' વૃક્ષના વેલાનાં માદળિયાં પહેરાવવામાં આવે છે. કેટલાક રાઈના દાણા લઈ તેને મંતરવામાં આવે છે. આમાંથી થોડા દાણા લઈ લૂગડાના એક ટુકડામાં વીંટી એક માદળિયું બનાવવામાં આવે છે અને તે બાળકની કમરે અથવા ગળામાં લટકાવવામાં આવે છે. કેસ ગંભીર હોય તો 'ઓઝા'(ભૂવા)ને બોલાવવામાં આવે છે. તે મંત્ર બોલી નજર ઉતારે છે.

જાદુની અસર નાબૂદ કરવા ઘણા સંથાલો મંત્ર શીખે છે. કેમ કે તેઓ માને છે કે ખરાબ નજરથી ગમે ત્યારે મુશ્કેલીમાં મુકા જવાય. દા. ત. ગામનૃત્યના જલસામાં કોઈ અદૃશ્ય હાથ

એમનું પહેરેલું કપડું ચોરી જાય ત્યારે શી દશા થાય છે? અને લગ્ન જેવા પ્રસંગોઓ બૂરી નજરવાળી સ્ત્રીઓ કે બૂરા પડછાયાવાળા પુરુષો ઉપર ચોકી કરવા કેટલીક વાર ભૂવાને બોલાવવામાં આવે છે.

આ સિવાય બીજી પણ કેટલીક માન્યતાઓ છે. દા. ત. કોઈ દુશ્મન સંથાલના ઘર આગળ કંઈ પણ ચીજ દાટે તો તેનો હેતુ નુક્સાન કરવાનો છે એમ મનાય છે. તે માટે ભૂવાને બોલાવવામાં આવે છે. ભૂવો મંત્ર બોલે છે અને એ સ્થળે સર્વત્ર પોતાની લાકડી ઠોકે છે. કોઈ અદ્દશ્ય હાથ તેને જ્યાં પેલી ચીજ દાટેલી હોય છે તે સ્થળે દોરી જાય છે. પછી એ સ્થળે ખોદકામ કરી પેલી ચીજ કાઢી લેવામાં આવે છે. એટલે એના જાદુની અસર નાબૂદ થાય છે. આ પ્રકારના બનાવો અનેક વાર બને છે. દા.ત. કોઈ માણસની ગાય ઘણું દૂધ આપતી હોય તો તે ઓછું કરવા માટે એનો અદેખો દુશ્મન ભોંયમાં દૂધ દાટે છે. એ જ રીતે, જો કોઈના પાકને નુક્સાન કરવું હોય તો ચોખા દાટવામાં આવે છે. અને જો કોઈનું મૃત્યુ થાય એવી ઇચ્છા હોય તો હાડકું દાટવામાં આવે છે.

**નસીબ**

સંથાલો માને છે કે કેટલાક માણસોને 'ખળાનું નસીબ' હોય છે. જેમને આવું નસીબ હોય છે તેઓને બીજા કરતાં વધારે પાક ઊતરે છે, અને જ્યારે તેમની ડાંગર મસળાય છે ત્યારે એમાં દાણા વધારે નીકળે છે અને છોડાં ઓછાં હોય છે. પરંતુ આ નસીબ બીજાઓ ચોરી લઈ શકે છે. અને આવા પ્રશ્નોના ઉકેલ માટે ખાસ ઉપાયો હોય છે.

ખાટલો નસીબદાર છે કે નહીં તેની પરીક્ષા કરવા નીચેની રીત અજમાવાય છે : દોરીવાળા ખાટલાનાં છિદ્રો ઉપરથી નીચે સુધી ગણવામાં આવે છે. તે માટે અનુક્રમે 'ઇન્ડ', 'કેન્ડ', 'જોમ' અને 'રાજા' શબ્દો વારાફરતી બોલાય છે. જો છેલ્લી વખત 'રાજા' કે 'કેન્ડ' શબ્દ આવે તો ખાટલો નસીબદાર ગણાય છે, અને જો 'ઇન્ડ' કે 'જોમ' આવે તો ખાટલો કમનસીબ ગણાય છે.

બાજરીના પાકને રોગ લાગુ ન પડે તે માટે બાજરી વાવતી વખતે વાવણી કરનાર એક વીંટી પહેરે છે. આ વીંટી 'હરબા' નામના એક જંતુના ભીંગડામાંથી બનાવવામાં આવે છે. આ વીંટીની જાદુઈ અસર સચવાઈ રહે તે માટે તેને ચકમકના પથ્થર વડે કાપવાની હોય છે. જો તે માટે લોખંડ વપરાય તો એની અસર જતી રહે છે.

**ડાકણવિદ્યાનું મૂળ**

સંથાલો ડાકણ વિદ્યામાં માને છે. એમને એમાં વિલક્ષણ શ્રદ્ધા હોય છે. આ વાત ઘણા લોકો જાણે છે. પરંતુ સંથાલ સ્ત્રીઓમાં ડાકણ બનવાની આવડત હોય છે. આ આવડત તેમણે 'મરાન બુરુ' (મુખ્ય અધિષ્ઠાતા દેવ) પાસેથી મેળવી હોય છે અથવા ચોરી લીધી હોય છે. અને આવી સ્ત્રીઓને પકડી પાડવાની કળા પુરુષો શીખેલા હોય છે. આ વાત બહુ ઓછા લોક જાણે છે.

સંથાલોમાં એવી માન્યતા પરંપરાથી ઊતરી આવી છે કે ડાકણો એ સંથાલ સમાજમાં કંટકરૂપ છે. તેઓ સગામાં મનદુ:ખ ઊભું કરે છે. તેને પરિણામે ઘણી વાર જુદાઈ થાય છે અને ખૂન પણ થાય છે. કોઈ સંથાલને આ વિશે પૂછો તો તે કહેશે : "મૅજિસ્ટ્રેટો ગુનેગારો ઉપર કામ ચલાવે છે ખરા, પરંતુ ડાકણવિદ્યાના વિચારો એમનાં ભેજાંમાં ઊતરતા નથી. જો અમે ડાકણોને શિક્ષા કરીએ તો તેઓ અમારી વિરુદ્ધ ફરિયાદ કરે છે અને શિક્ષા અમને થાય છે. પ્રશ્ન ઘણો મુશ્કેલ છે. અને અમે જ્યારે 'હૉકિમ' (મૅજિસ્ટ્રેટ)ને આ વાત સમજાવીએ છીએ ત્યારે એ દલીલ કરે છે કે : "જો પેલી સ્ત્રી ખરેખર ડાકણ હોય તો એ મારી આંગળીઓ ખાઈ જાય તો હું તમારું કહેવું માનું." પરંતુ મુશ્કેલી એ છે કે ડાકણો માણસોને મારી નાખે છે તે તલવાર જેવાં હથિયારો વડે નહીં, પણ અમુક ધંતરમંતર વડે. જૂના વખતમાં વસ્તુસ્થિતિ જુદી હતી. ત્યારે તો ગામનો મુખી અને તેના સાગરીતો ડાકણોને શિક્ષા કરતા અને તેમને ગામ બહાર કાઢી મૂકતા. પરંતુ હવે તો મૅજિસ્ટ્રેટો એમને છૂટો દોર આપે છે, એટલે ડાકણોને એમના ગુના પ્રમાણે શિક્ષા થતી નથી.



**ડાકણો એમનો જાદુ કેવી રીતે વાપરે છે**

સંથાલોની ઉત્પત્તિ-કથામાં કહે છે કે દિવસે ડાકણો સ્ત્રીઓના વેષમાં ફરે છે. રાત્રે તેઓ તેમના ધણીની સોડમાંથી અદ્દશ્ય થઈ જાય છે અને પોતાની જગ્યાએ સાવરણીઓ મૂકે છે. આ રીતે તેઓ જાદુ વડે એમના ધણીઓ અને સગાઓ ઉપર એવી અસર કરે છે કે જેથી તેઓ માને છે કે પોતાની સ્ત્રીઓ સૂતેલી છે. પછીથી આ સ્ત્રીઓ ઝાડ ઉપર બેસી જંગલમાં કે ખેતરમાં જાય છે (ઝાડ એમનું રાત્રિનું વાહન છે). ત્યાં બધી ડાકણો એકઠી મળે છે અને નગ્ન થઈને આખી રાત નાચગાન કરે છે. તેમની સાથે બાંગા (ભૂતો) અને સિંહો પણ નાચે છે. એમ કહેવાય છે કે ડાકણોને સિંહની કેશવાળી પંપાળવાનું બહુ ગમે છે. અને તેઓ 'બાંગા'ઓને ભ્રમમાં નાખે છે, જેથી કરીને એમની મારફતે ભૂવાઓ પોતાનાં (ડાકણોનાં) ખરાં નામ જાણી જાય નહીં. પછીથી તેઓ સવાર પહેલાં પોતપોતાને ઘેર જઈ મનુષ્યરૂપ ધારણ કરે છે.

**ડાકણો વિશે સંથાલોની પરંપરાગત માન્યતા**

ડાકણો વિશેની માન્યતાનો ખ્યાલ આપવા સંથાલોની ઉત્પત્તિ કથામાં બે વાર્તાઓ કહેવામાં આવે છે. એક વર્ગ એમ કહે છે કે જૂના વખતમાં અમુક જગાની ડાકણો એમનાં રાત્રીનાં મસ્તી-તોફાનોમાં ઢોલ બજાવવા બે સંથાલ છોકરાઓનો ઉપયોગ કરતી. એક વખત એમણે બીજા એક છોકરાનાં ફેફસાં કાઢ્યાં અને તે ચોખા, મીઠું અને હળદર વડે રાંધી મિજબાની ઉડાવી. પેલા છોકરાઓને એમનો ભાગ તો અપાતો હતો. પરંતુ ડાકણો 'હાંડિયા' પી ચકચૂર બની તે દરમ્યાન એ છોકરાઓએ પોતાનો ભાગ ચોરી લીધો. પરંતુ સવારે જ્યારે તેઓ ઘેર ગયા ત્યારે તેમણે જોયું કે જે છોકરાનાં ફેફસાં કાઢવામાં આવ્યાં હતાં તે માંદો પડ્યો હતો. આનું કારણ શું હશે તે વિશે લોકો વિમાસણમાં પડ્યા હતા. એવામાં પેલા ઢોલ વગાડનાર છોકરાઓથી રહેવાયું નહીં, એટલે એમણે બધી વાત કહી દીધી. પેલી બે સ્ત્રીઓ તે બીજું કોઈ નહીં પણ મુખી અને તેના મદદનીશ('પરણીક')ની પત્નીઓ જ હતી. એમને પકડવા એ છોકરાઓએ ગામલોકોને સલાહ આપી.

જ્યારે પેલી સ્ત્રીઓને બોલાવવામાં આવી ત્યારે તે ગુસ્સે થઈ ગઈ અને પોતે ડાકણો હોવાનો ઇન્કાર કર્યો. એમના ધણીઓ જે ગામના સત્તાધારી અધિકારીઓ હતા તે પણ ઘણા ગુસ્સે થયા અને પેલા બે છોકરાઓને એમણે પડકાર કર્યો : "તમારા આક્ષેપો સાબિત કરો નહીં તો આનું પરિણામ ભયંકર આવશે." છોકરાઓ જરા પણ ડર્યા નહીં. એમણે સાબિતી તરીકે પેલાં રાંધેલાં ફેફસાંનો પોતાનો હિસ્સો રજૂ કર્યો. પછીથી પોલીસ પટેલ ('પરગણાઈત') એ સ્થળે આવી પહોંચ્યો અને એણે નાની તલવાર ('કપી') લાવવા કહ્યું. એ 'કપી' પેલી બે

સ્ત્રીઓ સામે ધરી એણે એમને ધમકી આપી કે જો તમે આ છોકરાને સાજો નહીં કરો તો તમને મારી નાખવામાં આવશે. સ્ત્રીઓ ડરી ગઈ અને એમણે છોકરાને સાજો કરી દીધો. આ વાર્તા કહેવાનો આશય એ છે કે જ્યારે ગામના ઉચ્ચ અધિકારીઓની સ્ત્રીઓ જ ડાકણો હોય ત્યારે એમને પકડી પાડવાનું ઘણું મુશ્કેલ હોય છે.

બીજી વાર્તા આ પ્રમાણે છે :

ઘણા જૂના વખતમાં એવું બન્યું કે એક 'ઓઝા'(ભૂવા)એ ગામના 'માંઝી' અને 'પરાણીક'ની સ્ત્રીઓ ડાકણ છે એવો આક્ષેપ મૂક્યો. સ્વાભાવિક રીતે જ એ સ્ત્રીઓના ધણીઓ ગુસ્સે થયા અને ઓઝાને ધમકી આપી કે જો તું આ આક્ષેપો સાબિત નહીં કરી શકે તો તને મારી નાખવામાં આવશે. ઓઝાએ કહ્યું, "એક દિવસ હું આ આક્ષેપ સાબિત કરી આપીશ."

પછીથી સાંજે વાળુ કરીને એ ઓઝા તીરકામઠું લઈ 'જાહેરથાન' ગયો અને એક ઝાડ ઉપર ચડી ગયો. પેલી તહોમતદાર ડાકણો રાત્રે દશેક વાગ્યે ત્યાં આવી પહોંચી અને નાચવા ને ધૂણવા લાગી. થોડી જ વારમાં એમણે 'લુખુ' નામના સિંહને બોલાવ્યો અને ફરી સિસોટી મારી એટલે બીજો એક સિંહ આવી પહોંચ્યો. એમણે આ સિંહો સાથે દોસ્તી બાંધી અને એમની કેશવાળી પંપાળવા માંડી. પછીથી પેલા ઓઝાએ બેમાંથી મોટા સિંહ ઉપર તીર છોડયું. સિંહને લાગ્યું કે ડાકણોએ મને પાછળથી ઘા કર્યો. એટલે એ એમના તરફ ફર્યો અને એમને મારી નાખી. તે પછી થોડી જ વારે ઓઝાએ બીજા સિંહને પણ મારી નાખ્યો અને પછી તે ઘેર ગયો.

બીજે દિવસે સવારે, પેલી સ્ત્રીઓના ધણીઓએ જોયું કે પોતાની સ્ત્રીઓ ખાટલામાં સૂતેલી નથી. આ વાતની ઓઝાને ખબર પડી. એટલે એ સ્ત્રીઓને શોધનારાને એણે કહ્યું કે મેં એમને 'જાહેરથાન' તરફ જતી જોઈ હતી. માટે તમે એ બાજુ જાઓ. ત્યાં જઈને જોયું તો એ સ્ત્રીઓ અને સિંહો મરેલાં પડયાં હતાં. જ્યારે ઓઝાએ ખરી વાત કહી ત્યારે આખા ગામમાં સન્નાટો વ્યાપી ગયો. "ત્યારથી અમે ડાકણોના ઘંતરમંતરમાં ચુસ્ત રીતે માનતા થયા છીએ" એમ સંથાલોના પિતૃઓ કહે છે.

**સંથાલોમાં ડાકણવિદ્યા કેવી રીતે શરૂ થઈ**

સંથાલોના પ્રાચીન પુરુષો કહે છે કે સ્ત્રીઓને કાબૂમાં રાખવા માટે આ વિદ્યા પુરુષોને શીખવવાનો 'મરાન બુરુ'(મુખ્ય અધિષ્ઠાતા દેવ)નો ઇરાદો હતો. પરંતુ સ્ત્રીઓ યુક્તિ કરીને આ વિદ્યા શીખી ગઈ.

આ કેવી રીતે બન્યું તે અંગે નીચે પ્રમાણે વાર્તા છે :

એક દિવસ પુરુષો એકઠા થયા અને સ્ત્રીઓને કબજામાં કેમ રાખવી તે વિશે તેમણે ચર્ચા કરી. તેમની ફરિયાદ એ હતી કે આપણે પુરુષો હોવા છતાં સ્ત્રીઓ આપણને ગાંઠતી નથી. જ્યારે એમને કશી સલાહ આપવામાં આવે છે ત્યારે તેઓ ગુસ્સે થાય છે. આ સ્થિતિ અસહ્ય છે. આખરે એમણે ઠરાવ્યું કે આપણે 'મરાન બુરુ' પાસે જવું અને સ્ત્રીઓને કબજામાં રાખી શકાય એવી વિદ્યા શીખવવા કહેવું. પછીથી પુરુષોના પ્રતિનિધિઓ એક મધ્યરાત્રિએ 'મરાન બુરુ'ને દરવાજે આવી પહોંચ્યા અને મળવાની માગણી કરી. એમની માગણી મંજૂર કરવામાં આવી. આ પુરુષોએ પોતાની સ્ત્રીઓ અંગેની મુશ્કેલીઓ રજૂ કરી અને



ઉપાય બતાવવા કહ્યું. 'મરાન બુરુ'એ કહ્યું: "આ પાંદડાં ઉપર તમારા લોહીની નિશાનીઓ કરો તો હું તમને વિદ્યા શિખવાડું." આ સાંભળીને પુરુષો બી ગયા. તેમણે કહ્યું, "અમે બીજે દહાડે આવીશું અને વિદ્યા શીખીશું."

દરમ્યાન, આ પુરુષોની સ્ત્રીઓ એમની પાછળ આવી અને એમણે આ બધી વાત સાંભળી. તેમણે અંદર અંદર કહ્યું: "પુરુષો ખરેખર દુષ્ટ અને સ્વાર્થી છે. આપણે જ્યારે જુવાન હોઈએ છીએ અને લગ્ન થયું નથી હોતું ત્યારે તેઓ આપણી ખુશામત કરે છે, પણ જ્યારે આપણે ઘરડાં થઈએ છીએ ત્યારે તેઓ આપણો ત્યાગ કરવા માગે છે." પછી તે સ્ત્રીઓ ઉતાવળી ઉતાવળી ઘેર ગઈ, અને પોતપોતાના ધણીને એમણે પ્રેમથી આવકાર આપ્યો અને એમની સાથે સારું વર્તન કર્યું, એમના વર્તનથી પુરુષો ખુશ થઈ ગયા, અને એમણે માન્યું કે હવે 'મરાન બુરુ' પાસે જવાની જરૂર નથી, કેમ કે આ સ્ત્રીઓ ઠેકાણે આવી ગઈ છે.

બીજે દિવસે સ્ત્રીઓએ એમના ધણીઓને સારી પેઠે ખવડાવ્યું અને દારૂ ઢીંચાડયો. એટલે એ લોકો ચકચૂર થઈ ઘસઘસાટ ઊંઘી ગયા. પછીથી સ્ત્રીઓએ ધોતી, ફેંટા અને બકરાના વાળની બનાવેલી દાઢીઓ પહેરી પુરુષોનો વેષ ધારણ કર્યો અને 'મરાન બુરુ' પાસે જઈ કહ્યું કે અમે અમારી સ્ત્રીઓથી કંટાળી ગયા છીએ માટે એમને વશ કરનારી વિદ્યા અમને શીખવો. ભલા 'મરાન બુરુ'એ એમની માગણી કબૂલ રાખી અને કહ્યું કે તમે દસ્તાવેજ ઉપર જેવી નિશાનીઓ કરો છો તેવી નિશાનીઓ તમારા લોહી વડે 'સાલ'-પત્ર ઉપર કરો. એ થયા પછી 'મરાન બુરુ'એ એમને ડાકણવિદ્યાના તંત્ર (ઝરણી) અને મંત્ર શીખવ્યા. એ રીતે એ સ્ત્રીઓ પોતાના જાદુથી માણસોના જાન લઈ શકે એવી શક્તિ એમને પ્રાપ્ત થઈ. પછી તે રાજી થઈને પોતાને ઘેર ગઈ.

બીજે દિવસે આ કજિયાખોર સ્ત્રીઓએ એમના ધણીઓ ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો. એટલે એમને ખ્યાલ આવ્યો કે આપણી દશા તો પહેલાંના જેવી જ છે. એટલે એમણે લાચાર થઈને નક્કી કર્યું કે 'મરાન બુરુ' પાસે જવું અને એમની શરતો ગમે તે હોય તોપણ એમની પાસેથી સ્ત્રીઓને વશ કરવાની વિદ્યા શીખવી. પરંતુ જ્યારે તેઓ ત્યાં ગયા ત્યારે એમને ખબર પડી કે એમનું નામ લઈ કોઈ માણસો આવી આ વિદ્યા શીખી ગયા છે. એમને નવાઈ લાગી અને ગુસ્સો આવ્યો. એમણે કહ્યું કે રાત્રે અમે આવ્યા જ નથી. પરંતુ જ્યારે તેમને સાલપત્રો ઉપર તેમની નિશાનીઓ બતાવવામાં આવી ત્યારે તેઓ વિમાસણમાં પડી ગયા. એમણે કહ્યું : "નિશાનીઓ અમારી છે, પરંતુ તે બનાવટી છે."........કોણે આ છેતરપિંડી કરી એ સૌને સહેલાઈથી સમજાઈ ગયું. 'મરાન બુરુ' ગુસ્સે થઈને બોલ્યા : "એ સ્ત્રીઓએ મને પણ છેતર્યો. જાણે હું નાનો કીકો હોઉં એમ. તમે તમારી નિશાનીઓ કરી આપો. પછી એ સ્ત્રીઓને હું જોઈ લઈશ." પછીથી સ્ત્રીઓની ડાકણવિદ્યાના મારણ તરીકે એમણે આ પુરુષોને ભૂવાની વિદ્યા શીખવી.

આ રીતે, સંથાલોના પિતૃઓ કહે છે, "ડાકણો અને 'ઓઝા' કે 'જનગુરુ' નામથી ઓળખાતા ભૂવાઓ વચ્ચે સનાતન ગજગ્રાહ ચાલ્યા કરે છે. પરંતુ આ ગજગ્રાહમાં ભૂવાઓ ઘણી વાર હારી જાય છે, કેમ કે ડાકણો 'બાંગાઓ' (ભૂતપ્રેતો)ને સારું સારું ખાવાનું આપી તેમની સાથે સહકાર સાધે છે. જ્યારે ભૂવાઓ 'તેલવાટ' (તેલમાં પલાળેલું સાલ-પત્ર) માંડે છે ત્યારે એમાં ડાકણનું અસલ સ્વરૂપ પ્રતિબિંબ પામવું જોઈએ. પરંતુ ડાકણો ભૂતો સાથે મસલત કરી ઘણી વાર એમાં ખોટાં નામો દર્શાવે છે."

### ડાકણોના પ્રકાર

મયૂરભંજના હાલના સંથાલો માને છે કે ડાકણો મુખ્યત્વે બે પ્રકારની છે : 'દાન' અને 'નાનજોમ'. 'નાનજોમ' એ દેવી પ્રકારની ડાકણોમાં ઊંચો પ્રકાર છે. જ્યારે કોઈ 'નાનજોમ' ઘણી હોશિયાર થાય અને તમામ 'દાન બોંગાઓ' એના કબજામાં આવે ત્યારે તે 'નાનજોમ' કહેવાય છે. પછીથી તે પોતાના હાથ વડે ચાલે છે, અને એના પગ ઊંચે જાય છે. કહે છે કે એની ડાકણવિદ્યા ઘણી શક્તિશાળી હોય છે અને સાધારણ 'ઓઝા' એને હરાવી શકતો નથી. 'દાન' ડાકણો સામાન્ય રીતે રાત્રે બહાર નીકળે છે અને પોતાની સાથે વાઘ રાખે છે. આ વાઘને તેઓ કૂતરા કહે છે. આ કહેવાતા કૂતરાને લઈને તેઓ નગ્ન સ્વરૂપે ટોળામાં ફરે છે. તેઓ પોતાના મેલા દેવોને ભજે છે અને ગુરુ પાસેથી શીખેલા મંત્રો બોલે છે. માણસો અને પાળેલાં ઢોરો વચ્ચે જઈ તેઓ મંત્રો ગુપ્ત રીતે બોલે છે. આવું તે વારંવાર કરે છે. તેથી માંદગી આવે છે અને કોઈ વાર મરણ થાય છે.

### ડાકણવિદ્યા સહજ હોય છે?

સંથાલ લોકો કહે છે કે ડાકણવિદ્યાની શક્તિ જન્મજાત નથી હોતી પણ હંમેશાં શીખીને મેળવવામાં આવે છે. ડાકણને પોતાની વિદ્યા માટે એટલો બધો અનુરાગ હોય છે કે એ વિદ્યા પોતાના આજ્ઞાંકિત શિષ્યોને શીખવવા તે હંમેશાં આતુર હોય છે. એટલે ડાકણને જો કોઈ યોગ્ય છોકરીનો એકાંતમાં ભેટો થઈ જાય તો તે કેટલાંક ગીતો ગાવા માંડે છે. આ ગીતો એટલાં આકર્ષક હોય છે કે પેલી છોકરી તે શીખી લેવા આતુર બને છે. પરંતુ છોકરી એ શીખવા માંડે છે એટલે કેટલાક 'બાંગાઓ' એને સ્વપ્નમાં દેખાય છે અને કહે છે કે તું અમારી પૂજા કર. જો છોકરી ના પાડે તો તેઓ તેને વિવિધ પ્રકારે ધમકી આપે છે. પછીથી એ છોકરી પેલી ગીત શીખવનાર ડાકણ પાસે જાય છે અને તેની સલાહ લે છે. પછી તે એની 'ચેલી' બને છે. પછીથી એક અંધારી રાતે એ છોકરીને પેલા 'બાંગાઓ'ના સ્થાનકે લઈ જવામાં આવે છે અને સાચી આજ્ઞાધારક ચેલી બનવા ફરજ પાડવામાં આવે છે. તે પછી તેને મંત્રો અને ડાકણવિદ્યા શીખવવામાં આવે છે. સામાન્ય રીતે આ કામ રાત્રે એકાંત સ્થળે કરવામાં આવે છે. કહે છે કે આ મંત્રો જ્યારે ઠીક ઠીક આવડે ત્યારે તેની અસરથી શીખનાર ભાન ભૂલે છે અને એનામાં ગાંડપણ આવે છે. આવી સ્થિતિવાળું માણસ 'રૂમુ'માં આવ્યું છે એમ મયૂરભંજમાં કહેવાય છે. પછીથી ગુરુ પોતાની મંત્રશક્તિ વડે એ ગાંડાને અસલ સ્થિતિમાં લાવી દે છે. આ પ્રક્રિયા ઘણા દિવસ સુધી કરવામાં આવે એટલે ચેલાને એની ટેવ પડી જાય છે. એટલે પછી એ ડાકણવિદ્યા પૂરેપૂરી શીખી લે છે.

આ રીતે તાલીમ પૂરી થયે બધી 'દાન' ડાકણો પેલી ચેલીને કહે છે કે "હવે આ વિદ્યા તું તારા કોઈ પણ નજીકના વહાલા સગા ઉપર અજમાવ". જો પેલી ચેલી આ કરવાની ના પાડે તો તે 'કુંકી' (ગાંડી) બની જાય છે અને મરણ પામે છે. જો તે હા પાડે તો એની મેલી વિદ્યાને પરિણામે એનું કોઈક સગું માંદું પડે એની ખાસ કાળજી લેવાય છે. જોતજોતામાં તે મરણ પામે છે. પછીથી મરનારને દાટવામાં આવે એટલે પેલી ડાકણ અને એની ચેલી બીજી ડાકણોને લઈ રાત્રે એ સ્થળે જાય છે. પછીથી તેઓ એ મૃતદેહને બહાર કાઢે છે અને મંત્રો વડે એને સજીવન કરે છે. પછીથી એ શરીરને નવરાવી તેના ઉપર તેઓ હળદર અને તેલ ચોપડે છે. પછીથી પેલી ચેલી બીજા મંત્રો બોલે છે. તેને પરિણામે એ માણસનું કલેજું



શરીરમાંથી બહાર નીકળી જમીન પર પડે છે. ડાકણો એ કલેજું ઉપાડી લે છે અને દરેક જણી એમાંથી જરા ખાય છે. હવે પેલો માણસ સાચેસાચ મરણ પામે છે અને કોઈ ડાકણ એને સજીવન કરી શકતી નથી. પછીથી તેઓ એ મૃતદેહને એને સ્થાને દાટી દે છે અને પછી ઘેર જાય છે.

કેટલાક કહે છે કે પેલો માણસ જ્યારે માંદો પડે છે ત્યારે જ ડાકણો એનું કલેજું બહાર કાઢે છે. અને જ્યારે તેઓ એ કલેજું ખાઈ જાય છે ત્યારે એ માણસ મરી જાય છે. આ રીતે ચેલીની મેલી વિદ્યા સફળ થાય છે એટલે એની તાલીમ પૂરી થાય છે અને તે 'દાન' બને છે. કહે છે કે છોકરા અને છોકરી બંને જો ઇચ્છે તો ડાકણ-વિદ્યા શીખી શકે છે, અને તે શીખવવા તેમને 'દાન' મળી શકે છે.

### ભૂવો (ઓઝા)

ડાકણોની પરંપરા વિશે ઉપર જે વાતો કહી તે બધી દંતકથાઓ છે. તેમ છતાં એટલું ખરું કે 'ઓઝા' (ભૂવો) એ સંથાલ સમાજનું અવિભાજ્ય અંગ છે. ડાકણો માતા, પત્ની, બહેન અને દીકરીના રૂપમાં ગુપ્ત રહેતી હોય છે. એટલે સમાજને આ ગુપ્ત દુશ્મનથી બચાવવા ભૂવાની હંમેશ જરૂર પડે છે. આ ભૂવો ગામમાં તોફાન મચાવનાર 'બાંગા'ઓ(ભૂતો)ને તથા પુરુષ અને સ્ત્રીના વેશમાં છુપાયેલી ડાકણોને શોધી કાઢે છે. 'ઓરાક બોંગા' (ગૃહદેવતા) અથવા 'જાહેર એરા (પવિત્ર કુંજની દેવતા) કોઈનાથી નારાજ છે કે નહીં અને તેને પ્રસન્ન કરવાની જરૂર છે કે કેમ તે માત્ર ભૂવો જ કહી શકે છે.

ઓઝાની કાર્યપદ્ધતિ એક માણસે આ પ્રમાણે વર્ણવી હતી :

જ્યારે કોઈ માણસ 'ઓઝા' પાસે આવી ફરિયાદ કરે કે મારા ઘરમાં કંઈક તકલીફ આવી છે, ત્યારે 'ઓઝા' પ્રથમ પોતાની આગળ એક પાણીનો ઘડો, તુલસીનાં પાન અને તાંબાનો ટુકડો મૂકી કશીક પૂજા કરે છે. પછીથી તે એક નેતરની સોટી લે છે, તેને ઉપરની ચીજો સહિત સૂંઘે છે, અને પેલા પાણીના ઘડામાં થોડાક ચોખા નાખે છે, તે પછીથી આ તકલીફ ક્યાંથી આવી હશે એ દર્શાવવા તે સમાધિ ચડાવી બોલવા લાગે છે. બાપનાં નામ, બાળકોની સંખ્યા, ઝૂંપડાં અને બારણાંની સંખ્યા એ કહી બતાવે છે. જ્યારે આ બધાના જવાબ હકારમાં અપાય છે ત્યારે આ તકલીફ ઊભી કરનાર ભૂતનું નામ દેવામાં આવે છે. અને એને પ્રસન્ન કરવા શું શું આપવું પડશે તે કહેવામાં આવે છે. જો કોઈ ડાકણે આ તકલીફ ઊભી કરી હોય તો સમાજમાં એ ડાકણ કોના વેશમાં ફરે છે તે કહેવામાં આવે છે. ડાકણો અને બોંગાઓને શોધી કાઢવા માટે કેટલાક ઓઝાઓ તેલ અને સિંદૂર ચોપડેલાં સાલ-પત્રો વાપરે છે, કેટલાક ઘંટ વગાડે છે, અને કેટલાક માત્ર શંખ ફૂંકે છે. એક ઓઝા એવો પણ છે જે કોઈ જાતનો વિધિ કર્યા વિના જ સહેજ વાર ધ્યાન ધરી વીલે મોંએ બેસે છે અને પછી બધી હકીકત અને આ ભૂત કેવી રીતે કાઢવું તેની વિગતથી સૂચનાઓ આપે છે.

એક વિદ્યાર્થી ડાકણો અને ભૂવા વિશેનો પોતાનો જાતઅનુભવ નીચે પ્રમાણે વર્ણવે છે:

એક અમાસની રાતે મારો ભાઈ હાથમાં વીજળી-બત્તી લઈને એક તળાવે ગયો હતો. ત્યાં એને અમારા ગામનો બીજો એક જણ મળ્યો. બંને જણને દૂરથી એક-બે દીવા ખસી જતા દેખાયા. બરાબર અંધારું થયું એટલે પેલા દીવા તદ્દન અદૃશ્ય થયા. જે સ્થળે પ્રકાશ દેખાયો હતો તે સ્થળે એમણે બત્તીનો પ્રકાશ ફેંક્યો. પરંતુ પેલા દીવા પાછા દેખાયા અને

તેમના તરફ દોડવા લાગ્યા. આ જોઈને તેઓ છળી ઊઠયા. આગલે દિવસે મારા ભાઈને એની આંગળી ઉપર ચળ આવતી હતી. પરંતુ ઉપરના બનાવ પછી ત્યાં આગળ તેને એક ગૂમડું થયું. એનાથી એને અસહ્ય વેદના થઈ અને એની હથેળી ફૂલવા લાગી. વેદના સતત ચાલુ રહી. ઘણી દવાઓ કરી પણ કશી અસર થઈ નહીં. એક દિવસ પછી તેણે લોકોને ઉપરના બનાવની હકીકત કહી.

પછીથી એક 'ઓઝા'(જ્ઞાતિએ વણકર)ને બોલાવવામાં આવ્યો અને એની સલાહ લેવામાં આવી. અગાઉ જે બન્યું હતું તે કશું એને કહેવામાં આવ્યું નહીં. પરંતુ ઓઝાએ પોતે જ એ બનાવ વિગતથી કહી સંભળાવ્યો અને નિદાન કર્યું કે આ દર્દ એક ડાકણની નજર લાગવાથી થયું છે. આ સાંભળીને બધા આશ્ચર્ય પામ્યા. સ્વાભાવિક રીતે જ આ દર્દ મટાડવા ડાકણની અસર નાબૂદ કરવા ઓઝાને કહેવામાં આવ્યું. ઓઝાને સિંદૂર, ચોખા, થોડીક ધરો અને બે મરઘીનાં બચ્ચાં આપવામાં આવ્યાં. પછીથી થોડોક કોલસો અને ઈંટનો ભૂકો લઈ એણે ભોંય ઉપર થોડીક આકૃતિઓ દોરી અને મંત્ર બોલવા માંડયા. મંત્ર બોલતાં બોલતાં દરેક દેવને તે નૈવેદ્ય અર્પણ કરતો હતો. પછીથી એ ચીજો તે દૂરને સ્થળે લઈ ગયો અને ત્યાં પણ એવી જ આકૃતિઓ એણે કાઢી. એણે એનાં દેવ-દેવીઓનું આવાહન કર્યું અને એમને સિંદૂર, ચોખા, તાંબાનો ટુકડો અને ઘીમાં પલાળેલી એક દિવેટ અર્પણ કરી. પછીથી એણે પોતાને કપાળે, હાથે, છાતીએ અને જાંઘોએ સિંદૂર લગાડયું અને અહીંતહીં દોડવા માંડયું. એણે પોતાના શરીરના કેટલાક ભાગો ઉપર કાંટા ભોંકી થોડું લોહી કાઢયું અને તે પોતાની દેવીને અર્પણ કર્યું. આ રીતે તેણે દર્દ ઉપજાવનાર ડાકણને હઠાવી. તે પછી દરદીને સારું લાગ્યું અને બીજા દિવસથી સોજો ઊતરી ગયો. પછીથી બહુ જ સાદી દવાથી ગૂમડું મટી ગયું.

'ઓઝા'ઓ વિશે પૂછતાં એક સંથાલે નીચે પ્રમાણે કહ્યું હતું :

જો કુટુંબમાં કોઈ ચેપી અથવા ગંભીર પ્રકારનું દરદ થાય તો લોકો 'જન-ઓઝા' પાસે જાય છે અને તેની સલાહ લે છે. પ્રથા એવી છે કે દરદી પોતાના પેશાબનો નમૂનો ઓઝાને આપે છે. તે ઓઝા તપાસે છે. એ નમૂનામાં ઓઝા તેલનાં થોડાંક ટીપાં નાખી તેને જુએ છે અને પછી દવા આપે છે. જો એનું કંઈ પરિણામ ન આવે તો મનાય છે કે કોઈ અદૃશ્ય શક્તિનું આ કામ હોવું જોઈએ. પછીથી પેલો દરદી પોતાને ઘેરથી થોડુંક તેલ લઈ 'ઓઝા' પાસે જાય છે અને પોતાના દુ:ખની વાત એને કહે છે. 'ઓઝા' એ તેલ ઉપર મંત્ર બોલે છે. પછીથી એક સાલ-પત્ર લઈ એના ઉપર તે ટીપે ટીપે તેલ નાખે છે અને પછી એને બંધ કરી દે છે. પછીથી એ પાંદડું ખોલી એને તપાસે છે. અને આ દરદ કોઈ ડાકણને લીધે છે કે ગૃહદેવતા રૂઠયા છે તેથી છે એનું નિદાન કરી, પ્રસંગને અનુરૂપ ઉપાયો સૂચવે છે. જો કોઈ ભૂત કે ડાકણે આ દરદ કર્યું હોય તો તેને દૂર કરવાના તે માર્ગ બતાવે છે.

ધારો કે દરદી ખાટલામાં સૂતો છે. 'ઓઝા' ત્યાં આવીને એક ભાંગેલી ઈંટ, ચોખાનો લોટ અને થોડોક કોલસો લઈ આવશે. આ ચીજો વડે તે ખાટલા આગળની ભોંય ઉપર એક ચિત્ર દોરશે. થોડોક ચોખાનો લોટ મરઘાંને ખાવા માટે રાખવામાં આવે છે. ત્રણથી વધારે નહીં એટલાં મરઘાંની જરૂર પડે છે. આ મરઘાંને તે ચોખા ખવરાવે છે, અને ચોખાનો લોટ પોતાની હથેળીમાં છાતી ઉપર અને પગ ઉપર રાખે છે. પછીથી આ લોટ પોતાની છાતી ઉપરથી સુધ્ધાં તે મરઘાં પાસે લેવરાવે છે. પછીથી તે એક મરઘાને પોતાના પગ નીચે રાખી, શરીરને હિલોળા



ખવરાવતો ખવરાવતો તેને દરદીના ખાટલાની આસપાસ ત્રણ વખત ફેરવે છે. આ પછી તે એક દિવેટ અને તેલ માગે છે. તેના ઉપર ધૂપ નાખે છે. અને દરદીની આસપાસ ફરતાં ફરતાં એ જ પ્રમાણે વર્તે છે. પછીથી એ મરઘાંને લઈ 'ઓઝા' એ દર્દના દેવને તેમ જ પોતાના ઘર-દેવને તેનું બલિદાન આપે છે. આ બધું તે ગામ બહાર કરે છે. પછીથી, આ વધેરેલાં મરઘાં લઈ 'ઓઝા' ઘેર જાય છે.

આ રીતે 'ઓઝા' એ 'દાન' અથવા 'નાનજોમ' ડાકણોએ ઉપજાવેલી અશુભ અસરો નાબૂદ થાય એવા મંત્રો જાણનાર વ્યક્તિ છે. પોતાની વિધિમાં સંપૂર્ણ બનવા માટે એણે કેટલીક વાર ડાકણો સાથે સૂંઢલ સાધવી પડે છે. મયૂરભંજમાં 'સખા' નામના માણસોનો એક વર્ગ છે. તે જાદુગરનું કામ કરે છે. તેઓ લાંભાં નાખીને નસીબ જુએ છે અને માણસ કે ઢોરને માંદું પાડનાર ડાકણ કોણ છે તે કહી આપે છે.

ડાકણ પકડી આપનાર અસલી ભૂવાને 'જન-ગુરુ' કહે છે. આ વિદ્યા શીખવાની બે રીતો છે. પહેલી રીતમાં જેને આ વિદ્યા શીખવી હોય તેણે 'જન-ગુરુ'ની પાસે 'ચેલા' થઈને જવું પડે છે. પછીથી ગુરુ એને બોંગાઓનાં નામ, પૂજાનો વિધિ, અને 'જન-ગુરુ' તરીકે કેમ વર્તવું તે કહે છે. ચેલો થોડા દિવસ સુધી ગુરુએ આપેલા પાઠનો અનુભવ લે છે, અને જ્યારે 'બોંગાઓ' એના ઉપર પ્રસન્ન થાય છે ત્યારે તેને સફળતા મળે છે અને તે પછી તે 'જન-ગુરુ' કહેવાય છે. બીજી રીતમાં એમ કહેવાય છે કે 'ગુરુ-બોંગા' ઘણા હોય છે. જે માણસ એમની ભક્તિ કરતો હોય અને જેને એમનામાં શ્રદ્ધા હોય તેને આ 'ગુરુબોંગા'ઓ સ્વપ્નમાં આવતા દેખાય છે. એ ઉપરથી એ સમજે છે કે 'બોંગા'ઓ મારા ઉપર પ્રસન્ન છે અને હું એમની ભક્તિ કરું એમ ઇચ્છે છે. જો એને આ વાત રુચે તો એ સ્વપ્નમાં જોયેલા 'બોંગા'ઓને નામે સિંદૂર અને ધૂપ અર્પણ કરે છે. એટલે પછી 'બોંગા'ઓ એને ફરીથી સ્વપ્નમાં દેખાય છે અને એને પોતાની શક્તિઓ વિશે કહી પોતાની પૂજા કરવાનું કહે છે. આ રીતે 'બોંગા'ઓ એક પછી એક દેખા દે છે, એટલે ચેલો ગભરાય છે. પછી તે 'બોંગાથાન' (બોંગાઓને રહેવાની જગા) જાય છે અને ત્યાં થોડા દિવસ રહે છે. ત્યાં તે ભૂતો સાથે વાતો કરે છે. ભૂતો એને ખાતરી આપે છે કે જ્યારે જ્યારે તું અમને યાદ કરીશ ત્યારે ત્યારે અમે હાજર થઈશું અને તારે જે કંઈ જાણવું હશે તે કહીશું. આ રીતે વરદાન મળે એટલે ચેલો ઘેર આવે છે અને 'બોંગા'ઓનું પૂજન કરવાનું ચાલુ રાખી 'જન-ગુરુ'નો ધંધો ચલાવે છે.

## ૧૧. સંથાલોનું લોકસાહિત્ય (૧)

બધા સમાજોમાં લોકસાહિત્ય હોય છે તે રીતે સંથાલ સમાજમાં પણ લોકસાહિત્ય છે. તેમાં લોકકથાઓ, લોકગીતો અને લોકનૃત્યો છે. તે પૈકી અહીં સંથાલોની કેટલીક લોકકથાઓ આપવામાં આવશે. બંગાળી સમાજમાં દાદીમા ઘરના માણસોને લોકકથાઓ કહી સંભળાવે છે તે જ રીતે સંથાલ સમાજમાં વૃદ્ધ 'માંઝી' આ લોકકથાઓ નાનાં-મોટાં સૌને કહી સંભળાવે છે. સંથાલો જીવનનાં ગૂઢ રહસ્યો વિશે કેવી સમજ ધરાવે છે અને તેનો શો અર્થ કરે છે તેનો આ લોકકથાઓ ઉપરથી ખ્યાલ આવે છે. નીચે આપેલી લોકકથાઓ મયૂરભંજમાંથી મેળવેલી છે:

### ૧. સ્ત્રી અને ડોમા

એક વખત એક ગામમાં એક પરણેલું યુગલ રહેતું હતું. સ્ત્રી સુંદર અને જુવાન હતી, પરંતુ એનો પતિ વૃદ્ધ અને કદરૂપો હતો. સ્વાભાવિક રીતે જ સ્ત્રીને એનો પતિ ગમતો

નહીં. એટલે તે પોતાની માને ઘેર બીજે ગામ નાસી જતી. થોડા દિવસ પછી એનાં માબાપ એને એના ધણીને ઘેર મૂકી આવતાં અને નાસી જવા બદલ ઘણો ઠપકો આપતાં. ઘરની એક યા બીજી બાબત વિશે ધણીધણિયાણીને દરરોજ ઝઘડો થતો. એટલે સ્ત્રીના મનને શાંતિ થઈ નહીં. એને લાગ્યું કે ધણીને ઘેર રહેવું એમાં સલામતી નથી. એટલે એણે આપઘાત કરવા નિશ્ચય કર્યો.

એક દિવસ એ સ્ત્રીએ કીમતી વસ્ત્રો પહેર્યાં અને હાથે, કાને, ગળામાં, માથા ઉપર અને પગ ઉપર મૂલ્યવાન શણગાર સજ્યા અને પછી તે જંગલમાં ભાગી ગઈ. રસ્તામાં એને ઢોલ લઈને જતો 'ડોમા' (બજવૈયો) મળ્યો. સ્ત્રીના શરીર ઉપર કીમતી શણગાર અને વસ્ત્રો જોઈ ડોમાનું મન ચળ્યું. એણે એને લૂંટી લેવાનો વિચાર કર્યો. એટલે એણે એ સ્ત્રીને પૂછ્યું : "તું ક્યાં જાય છે?" સ્ત્રીએ કહ્યું : "હું આપઘાત કરવા જાઉં છું. પણ ફાંસો કેમ ખાવો તે મને આવડતું નથી." 'ડોમા'નો ઈરાદો એનાં ઘરેણાં લઈ લેવાનો હતો. એટલે એણે કહ્યું : "ફાંસો ખાઈને આપઘાત કરવાનું હું તને શીખવીશ." 'ડોમા' પાસે ઢોલ અને દોરડું હતાં. એટલે એણે ઢોલને જમીન ઉપર ઊભું મૂક્યું. અને સ્ત્રીને એના ઉપર ઊભા રહેવા કહ્યું. પછી સમજાવ્યું કે આ દોરડાનો એક છેડો ડાળીએ બાંધ અને બીજો તારે ગળે બાંધ. સ્ત્રીએ એમ કરવા પ્રયત્ન કર્યો, પણ એનાથી એ થયું નહીં. 'ડોમા' એને આ ક્રિયા જાતે કરી બતાવવા આગળ આવ્યો. તે એમ કરતો હતો એવામાં પેલું ઢોલ પગ નીચેથી ખસી ગયું અને નીચે પડી ગયું. પરિણામે 'ડોમા' મરણ પામ્યો.

આ જોઈને પેલી સ્ત્રી બીકના મારી એના ધણીને ઘેર નાસી ગઈ અને ફરીથી આપઘાત કરવા પ્રયત્ન નહીં કરવાનો એણે નિશ્ચય કર્યો.

આ રીતે બૂરી દાનતવાળા 'ડોમા'ને મૃત્યુની શિક્ષા થઈ.

### ૨. વહુ શોધવા નીકળેલા ભૂતની વાર્તા

એક ગામમાં એક યુવાન દંપતી રહેતું હતું. એક દિવસ પતિ એની પત્નીને લઈને એની સાસુને ઘેર બીજે ગામ જતો હતો. રસ્તામાં એમને એક ભૂત મળ્યો. એણે પેલા પતિના જેવો જ પોશાક પહેર્યો હતો અને એનો દેખાવ પણ એ પુરુષના જેવો જ હતો. આ ભૂત બંને જણ સમક્ષ ઓચિંતો દેખાયો અને પુરુષને કહેવા લાગ્યો : "તું મારી બૈરી પાછળ કેમ ચાલે છે?" ખરા પતિએ કહ્યું : "આ મારી પોતાની બૈરી છે. અમે મારી સાસુને ઘેર જઈએ છીએ." ભૂત પોતાની વાતને વળગી રહ્યો અને ફરીથી એ જ પ્રમાણે કહેવા લાગ્યો. બંને પુરુષો સરખા દેખાતા હતા. તે જોઈને પેલી સ્ત્રી ગૂંચવાડામાં પડી અને પોતાનો ખરો પતિ કયો તે ઓળખી શકી નહીં. આ રીતે સ્ત્રી વિશે તકરાર કરતાં કરતાં તેઓ આગળ ચાલ્યા. થોડેક ગયા એટલે એમને ઢોરો ચરાવતા કેટલાક ગોવાળો મળ્યા. એમને ઝઘડતા સાંભળી, ગોવાળોએ ઝઘડાનું કારણ પૂછ્યું. બંને જણ બોલ્યા : અમે બે (પતિ અને પત્ની) અમારે રસ્તે જતાં હતાં. એવામાં પેલો માણસ ઓચિંતો આવ્યો અને કહેવા લાગ્યો કે "આ બૈરી તો મારી છે." આ સાંભળીને ગોવાળોએ કહ્યું : "જો તમે રાત્રે અહીં રહો તો આવતી કાલે સવારે તમારો ન્યાય કરીશું." બંને જણે આ વાત કબૂલ રાખી. રાત્રે એક ગોવાળે છુપાઈને એ બંનેના ઉપર ચોકી રાખી. ભૂત બિલકુલ ઊંઘ્યો નહીં અને બબડયા કર્યો : "ચુકાદો મારી તરફેણમાં આવે કે વિરુદ્ધમાં આવે તેની મને પરવા નથી. કેમ કે મારે તો જાંબુના ઝાડમાં રહેવાની બખોલ છે."



ગોવાળિયાએ આ બધું સાંભળ્યું અને પોતાના મિત્રોને એની વાત કરી. સવારે એ બધા ભેગા થયા અને ઝઘડતા પતિઓને એમણે કહ્યું : "તમારામાંથી જે આ વાસણમાં દાખલ થશે તેને આ બૈરી મળશે." આ સાંભળીને પેલો ભૂત એકદમ નાનો બની ગયો અને ક્ષણવારમાં એ વાસણમાં દાખલ થઈ ગયો.

પછીથી એમણે એ વાસણ ઉપર ઢાંકણું ઢાંકી દીધું અને એને દરિયામાં નાખી દીધું. આ રીતે ખરાં પતિ-પત્નીને ભૂતના પંજામાંથી છોડાવવામાં આવ્યાં અને તેઓ પોતાને રસ્તે પડયાં.

### ૩. એક માણસ અને એની બીજી પત્ની

એક ગામમાં એક વિધુર રહેતો હતો. એને એની પ્રથમ પત્નીથી થયેલો એક નાનો છોકરો હતો. એનું જીવન સરળતાથી અને શાંતિથી ચાલતું નહીં, કારણ કે એને જીવનમાં સાથીદાર નહોતી. એટલે એને ફરીથી પરણવું હતું અને તે નવી કન્યા શોધતો હતો. આખરે એને એક યુવાન સ્ત્રી મળી આવી અને તે તેને પરણ્યો. પરંતુ કમનસીબે આ યુવાન સ્ત્રીને એનો ઓરમાન દીકરો ગમતો નહીં, કેમ કે તે તેને પોતાનો માની શકતી નહીં. દિવસે દિવસે એનામાં આ અણગમો એટલો બધો વધી ગયો કે એણે એ છોકરાને મારી નાખવા એના પતિને સમજાવ્યો.

પ્રથમ તો એના પતિએ એની આ વિનંતીને વશ થવાની ના પાડી. પરંતુ આખરે આ કુકર્મ કરવા તેણે પતિને સમજાવ્યો. શું કરવું તે પતિને સૂઝયું નહીં. એટલે આ કામ કેવી રીતે કરવું તે એણે એ સ્ત્રીને પૂછ્યું. સ્ત્રીએ એવી યોજના કરી કે બાપદીકરાએ 'કાડા'(એક જાતનો છોડ)ના ખેતરમાં જવું. ત્યાં 'કાડા'ના છોડ ત્રણ-ચાર ફૂટ ઊંચા ઊગેલા હતા. તેમને હળ વડે ઉખાડી નાખવાના હતા. આ કામ માટે બાપના હળનો દાંડો (ઈસ્ત – હળના જે લાકડાને ધૂંસરી બાંધવામાં આવે છે તે) અણીવાળો બનાવવો. બાપ અને દીકરો બંને હળ ચલાવે. તે વખતે બળદ ધીમા ચાલવાના. બાપે છોકરાની પાછળ હળ ચલાવવું. બંને હળ ચાલતાં હોય તે વખતે બાપે પોતાના બળદ ઝડપથી હાંકવા. એટલે એના હળનો દાંડો છોકરાને વાગે અને છોકરો મરી જાય. પતિએ આ યોજના મંજૂર રાખી અને સ્ત્રીના કહ્યા પ્રમાણે કરવાનું વચન આપ્યું.

બીજે દિવસે સવારે બાપે છોકરાને હળ લઈ તૈયાર થવા કહ્યું. પછીથી તે બંને 'કાડા'ના ખેતરમાં ગયા. ત્યાં છોકરાએ બાપને પૂછ્યું, "આપણે કયે સ્થળે ખેડવાનું છે?" બાપે જવાબ આપ્યો : "આપણે આ 'કાડા'ના છોડવા હળ વડે ઉખાડી નાખીશું અને પછી બીજાં બી વાવીશું." આ સાંભળીને છોકરાએ ખેતર ખેડવાની ના પાડી અને કહ્યું : "અનાજ લણવા જેવું થઈ ગયું છે. માટે એ છોડવા આપણે ઉખાડી નાખવા જોઈએ નહીં. જો અત્યારે આપણે એમના ઉપર હળ ફેરવીશું તો એ જરૂર બગડી જશે. અલબત્ત, જે નવાં બી આપણે અત્યારે વાવીશું તે ઊગશે અને એનો પાક ઊતરશે. પરંતુ મને લાગે છે કે મારી નવી માએ તમને હળ ચલાવવાનું અને 'કાડા'ના છોડ ઉખાડી નાખવાનું શીખવાડયું છે. અને તમારો ઈરાદો એવો છે કે આપણે આ પ્રમાણે હળ ચલાવતા હોઈએ તે વખતે હળનો અણીવાળો દાંડો મારી તમારે મને મારી નાખવો છે. તમારી બાજી હું સમજી ગયો છું. પણ બાપા, આવું ન કરશો. પ્રભુકૃપાથી તમને જુવાન અને કમાતો દીકરો મળેલો છે. જો અત્યારે તમે મને મારી નાખશો,

તો મારી બીજી માને દીકરો અવતરશે એની કશી ખાતરી નથી. અને કદાચ તમને દીકરો મળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય તોપણ એ મોટો થશે એની શી ખાતરી? માટે બાપા, આનો બરાબર વિચાર કરી જુઓ."

બાપ વિચારમાં પડી ગયો. એને ખાતરી થઈ કે છોકરાનું કહેવું ખરું છે. એટલે એણે હવે નિશ્ચય કર્યો કે આવી દગાખોર સ્ત્રીને ઘરમાંથી કાઢી મૂકવી. બાપ-દીકરો ખેતર ખેડયા વિના જ ઘેર પાછા ગયા. અને બાપને એવો ગુસ્સો ચડયો કે તેણે પોતાની પત્નીને ખૂબ મારી અને ઘરની બહાર કાઢી મૂકી. પછી બાપ-દીકરો શાંતિથી રહ્યા.

આમ આપણે જોઈએ છીએ કે દુષ્ટ માણસોને શિક્ષા થાય છે.

### ૪. સ્ત્રી અને તેનું વચન

એક વખત એક ખેડૂતે એનાં ડાંગરનાં ખેતરો નીંદવા કેટલાંક માણસો રોકયાં. એમાં પુરુષો હતા અને સ્ત્રીઓ પણ હતી. જુવાનો હતા અને ઘરડાં પણ હતાં. જ્યારે આ બધાં નીંદવાનું કામ કરતાં હતાં ત્યારે એક કુંવારી સ્ત્રીના હાથમાં 'મારંડી' નામનું ઘાસ આવ્યું. તે ઉખાડી નાખવા એણે પ્રયત્ન કર્યો પણ એનાથી એ બન્યું નહીં. એટલે એને ખીજ ચડી. ખીજમાં ને ખીજમાં એ બોલી ઊઠી : "જે કોઈ આ ઘાસને ઉખાડશે તે મને પરણશે." બધા જુવાનિયાઓએ ફરી ફરી પ્રયત્ન કર્યો, પણ કશું પરિણામ આવ્યું નહીં. આખરે એક ઘરડો માણસ આગળ આવ્યો અને બોલ્યો : "લાવ જોઈએ, મારાથી ઊખડે છે?" આ માણસ છેલ્લો આવ્યો હતો. એણે બધાએ વાપરેલી રીતો જોઈ હતી. એટલે એણે તદ્દન નવી રીત અજમાવવા માંડી. થોડી જ વારમાં એને સફળતા મળી. જુવાનિયા જે નહોતા કરી શકયા તે એણે કરી બતાવ્યું. એનું નસીબ ઊઘડયું તે જોઈ એ ઘણો ખુશ થયો. એણે પેલી સ્ત્રીને એના બોલ પાળવા હિંમતથી કહ્યું.

સ્ત્રી સત્યવાદી અને પ્રામાણિક હતી. એણે ખુશીથી હા પાડી. થોડા દિવસ પછી એ પરણ્યાં અને સુખમાં રહેવા લાગ્યાં.

### ૫. એક છોકરો અને એનાં પશુ મિત્રો

એક અનાથ સંથાલ છોકરો જંગલમાં બકરાં ચરાવતો હતો. કેટલાંક શિયાળોને એનાં બકરાં ખાઈ જવાં હતાં. પણ છોકરો એમને નડતો હતો. એટલે એમનાથી એમનું ધાર્યું થઈ શકતું નહીં. આખરે શિયાળો છોકરા ઉપર ગુસ્સે થયાં અને એને મારી નાખવાનો વિચાર કર્યો. છોકરો રાત્રે ખાટલા ઉપર સૂતો હતો ત્યારે એને ઉપાડી જવો એવો એમણે નિશ્ચય કર્યો. એક દિવસ, શિયાળો છોકરાને ઘેર ગયાં. ત્યાં એમણે એને ઊંઘતો દીઠો. હવે એમણે ખાટલાના પાયા પકડયા અને જંગલમાં થઈને નાસવા માંડયું. છોકરો જાગી ગયો અને સમજ્યો કે મને કોઈ ઉપાડી જાય છે. એણે વિચાર કર્યો કે જો હું કોઈ ઝાડ ઉપર ચડી નહીં જાઉં તો આ શિયાળો મને મારી નાખશે. કેવી રીતે નાસી છૂટવું એનો એ વિચાર કરતો હતો એવામાં એણે એના માથા ઉપર ઝાડની ડાળી દીઠી, એટલે તે એના ઉપર ચડી ગયો. શિયાળોને આની ખબર પડી નહીં, એટલે એ તો ખાટલો લઈ નાસી ગયા.

છોકરો ઝાડની ટોચે બેસી રહ્યો. સવારમાં એણે જોયું કે કેટલાક 'સાલ' (Sals, Indian Gaur, Gavaeus gaurus) ઝાડ નીચે રહેતા હતા. હવે એ મૂંઝાયો. એણે વિચાર કર્યો કે : "હું અહીં રહીશ અને 'સાલ'ની સેવા કરીશ." આમ જ્યારે 'સાલ' જંગલમાં ચરવા જાય



ત્યારે આ છોકરો નીચે આવતો, ઉકરડા સાફ કરતો અને 'સાલ' જ્યારે પાછા ફરે ત્યારે ઉપર જઈ સંતાઈ જતો. ખોરાકમાં તે ફળફળાદિ ખાતો એટલે જીવતો રહ્યો. 'સાલ' પ્રાણીઓએ જોયું કે આપણી જગા રોજ કોક સાફ કરી જાય છે. કોણ આ કરતું હશે એનો તેઓ વિચાર કરવા લાગ્યા. આખરે એમણે નક્કી કર્યું કે જે માણસ આપણી આવી સારી સેવા બજાવે છે તેને આપણે શોધી કાઢવો. બધાં 'સાલ' પ્રાણીઓ બહાર ગયાં અને એક વૃદ્ધ સાલને પાછળ મૂકતાં ગયાં. એણે સંતાઈ રહેવું અને પેલા માણસને શોધી કાઢવો એમ ઠરાવ્યું. પરંતુ એ વૃદ્ધ હોવાથી ઊંઘી ગયો અને કોઈને પકડી શકયો નહીં. પછીથી બીજે દિવસે બીજો 'સાલ' પોતે જાણે મરી ગયો હોય એવી રીતે જમીન ઉપર પડી રહ્યો. છોકરો નીચે આવ્યો અને 'સાલ'ને મરેલો જોઈ ઘણો દિલગીર થયો. તે ખૂબ રડયો અને જગા સાફ કરવા લાગ્યો, હવે પેલો 'સાલ' ઊભો થઈ ગયો અને બીજા 'સાલો'ને એણે બૂમો મારી. એટલે એ બધા તરત જ આવી પહોંચ્યા.

સાલ પ્રાણીઓએ છોકરાને પૂછયું કે, "ભાઈ, તું કોણ છે?" છોકરો હવે નાસી જઈ શકયો નહીં. એટલે એણે પોતાની વાત કહી સંભળાવી. પોતે બકરાં ચરાવતો હતો. શિયાળો એને ઉપાડી લઈ જતાં હતાં, અને આખરે એ એમાંથી છટકી ગયો – આ બધી હકીકત તેણે કહી. છેવટે તેણે કહ્યું કે, "હવે મારે બકરાં ચરાવવાનાં છે નહીં. એટલે હું તમારી કંઈક સેવા કરું છું. કેમ કે સેવા કરવી એ મારો સ્વભાવ છે." આ સાંભળીને 'સાલ' પ્રાણીઓ ઘણાં ખુશ થઈ ગયાં. એમણે કહ્યું કે, "તારે જરા પણ ગભરાવું નહીં. અમે તારાં બધાં દુ:ખો દૂર કરીશું." પછી એમણે એને પૂછયું : "તારે શું જોઈએ છે?" ત્યારે તેણે કહ્યું કે, "મારે રસોઈ કરવા ચોખા, મીઠું, વાસણ અને બીજી ચીજો જોઈએ છે."

હવે 'સાલ' પ્રાણીઓ બજાર તરફ જવાને રસ્તે જવા લાગ્યાં. રસ્તા ઉપર થઈને માણસો જતાં જુએ એટલે આ પ્રાણીઓ એમના તરફ દોડે. અને માણસો ગભરાઈને ભાગી જાય. આ રીતે પેલા છોકરાને જોઈતી ખાદ્ય ચીજો તેઓ લઈ આવતાં. આ રીતે છોકરો થોડોક સમય ત્યાં રહ્યો. હવે એવો વખત આવ્યો કે એને વાંસળી વગાડવાની ઈચ્છા થઈ. 'સાલ' પ્રાણીઓએ ઉપરની જ પદ્ધતિએ એને વાંસળી લાવી આપી. હવેથી આ છોકરો ત્યાં સુખેથી રહેવા લાગ્યો અને વાંસળી વગાડતાં વગાડતાં 'સાલ' પ્રાણીઓની સેવા કરવા લાગ્યો. અને 'સાલ' પ્રાણીઓ એનું સંગીત સાંભળી એને જે જોઈએ તે લાવી આપતાં. આ રીતે વાંસળી એમના પરસ્પર વ્યવહારનું સાધન બની રહી.

આ રીતે વર્ષો વીતી ગયાં. છોકરો મોટો થયો. એના વાળ લાંબા, ગૂંછળાંવાળા અને રૂપાળા હતા. તેથી એ સુંદર લાગતો. એક દિવસ એ નદીમાં નહાતો હતો, ત્યારે એને માલૂમ પડયું કે એના માથામાંથી કેટલાક વાળ બહાર નીકળી ગયા હતા. એણે જોયું કે આ વાળ લાંબા હતા. એણે વિચાર કર્યો : "જો આ વાળને હું પાણીમાં નાખીશ તો માછલાં એમાં ભરાઈ પડશે અને મરણ પામશે. માટે લાવ એને પેલા 'ડિમીર' ફળમાં ખોસું અને ફળને પાણીમાં તરતું મૂકું."

હવે એવું બન્યું કે એક રાજાની સ્વરૂપવાન કન્યા એની દાસીઓ સાથે એ ઝરાના પાણીમાં થોડે છેટે નહાતી હતી. એણે એ ફળ જોયું, ઉપાડી લીધું અને એમાં ખોસેલા સુંદર વાળ જોઈ તે વિસ્મય પામી. એણે વિચાર કર્યો, "જેના આ વાળ હોય તે જો પુરુષ હોય તો હું

એને જ પરણીશ." આ માણસ કોણ હશે એ જાણવાને અધીરી બની અને ખાવા તથા ઊંઘવાનો એણે ત્યાગ કર્યો. એની માતા આ જોઈ ગઈ અને કુંવરીની સખીઓ પાસેથી એણે બધી વાત મેળવી. હવે રાણીએ દીકરીના આ મોહની વાત રાજાને કહી. રાજા બોલ્યો : "આ વાળ જેના હોય તે માણસને હું શોધી કાઢીશ અને તેને મારી દીકરી પરણાવીશ."

રાજાએ માણસો દોડાવ્યા. એવા વાળવાળો માણસ કોઈનાથી શોધી શકાયો નહીં. આખરે એક કાગડો આવ્યો અને કહેવા લાગ્યો : "હે રાજા, જો તું મને રોજ પૂરીઓ ખવડાવવાનું વચન આપે તો આ સુંદર વાળવાળા માનવીને હું લાવી આપું." રાજાએ એની વાત કબૂલ રાખી. કાગડો ત્યાંથી ઊડ્યો. થોડી જ વારે એણે એવા વાળવાળા પેલા સંથાલ છોકરાને દીઠો. એ છોકરો રસોઈ પકાવતો હતો. કાગડો એ છોકરાની પાસે બેસી એને પજવવા લાગ્યો. છોકરો અકળાયો. એણે પેલી વાંસળી કાગડા ઉપર ફેંકી. કાગડો એ વાંસળી ઉપાડી થોડેક દૂર જઈ બેઠો. એટલે છોકરો એની પાછળ દોડ્યો. એમ કરતાં કરતાં કાગડો એ છોકરાને રાજાના મહેલ સુધી લઈ ગયો.

રાજા, રાણી અને બીજાઓ આવ્યા અને એમણે આ રૂપાળા છોકરાને દીઠો. કુંવરી એને જોઈને ખુશ ખુશ થઈ ગઈ અને મનમાં બોલી : "ગમે તેમ થાય, હું એને જ પરણીશ." રાજાએ છોકરાને પોતાની કુંવરી સાથે લગ્ન કરવા કહ્યું. છોકરાએ કહ્યું : "હું ગરીબ છું. મારાથી રાજાની કુંવરીને કેવી રીતે પરણાય?" રાજાએ એને સમજાવ્યો. આખરે છોકરો કબૂલ થયો. તેણે કહ્યું : "સારું ત્યારે, તમારો આટલો બધો આગ્રહ છે તો હું તમારી દીકરી સાથે લગ્ન કરીશ." હવે એમનાં લગ્ન બાદશાહી ઠાઠથી કરવામાં આવ્યાં. છોકરો એના સસરા સાથે રહ્યો. પણ એને એના 'સાલ' મિત્રોનો વિયોગ સાલતો હતો. રાજાએ પોતાની દીકરી એક ગરીબ છોકરાને આપી એ એના ગાંડપણ ઉપર રાજાની રૈયત હસતી હતી.

દરમ્યાન, 'સાલ' પ્રાણીઓએ જોયું કે એમનો ભલો મિત્ર પાછો આવ્યો નહીં. એના વિરહથી ઝૂરીને એ બધાં પ્રાણીઓ એકેએક મરણ પામ્યાં. અને વખત જતાં માત્ર એમનાં હાડકાં જ બાકી રહ્યાં. હવે એક દિવસ પેલા છોકરાને ઓચિંતું 'સાલ' પ્રાણીઓનું સ્મરણ થયું, એટલે એને બોલાવવા એમણે વાંસળી વગાડી.

નવાઈની વાત એવી બની કે છોકરાએ વાંસળી વગાડી એટલે પેલાં 'સાલ' પ્રાણીઓ બધાં સજીવન થયાં. વાંસળીનો સૂર જે દિશામાંથી આવતો હતો તે દિશામાં પોતાના મિત્રને મળવા તેઓ દોડવા લાગ્યાં. આ રીતે સેંકડો 'સાલ' પ્રાણીઓ રાજાના મહેલ તરફ આવતાં દેખાયાં. રાજાના માણસોએ આ અદ્‌ભુત દૃશ્ય જોયું.

આ વિચિત્ર ઘટના શાથી બની તે રાજાએ એના જમાઈને પૂછ્યું અને હવે શું કરવું તે બાબત એની સલાહ માગી. જમાઈએ પોતાની બધી વાત રાજાને કહી અને પછી બોલ્યો : "ચોખાનો લોટ પાણીમાં મેળવીને લાવો, અને તે આ 'સાલ' પ્રાણીઓ ઉપર છાંટો." રાજકુમારીએ એ પ્રમાણે કર્યું અને જે 'સાલ' ઉપર પાણી પડ્યું તે ગાય બની ગયાં! બાકીનાં ભેંસો બન્યાં. હવે રાજાના જમાઈની દોલત વધી પડી. તે જોઈને લોકો છક થઈ ગયા. હવેથી એ બધાં પ્રાણીઓ ત્યાં રહ્યાં. છોકરાએ એ રાજકન્યા સાથે ખાધુંપીધું ને મોજ કરી.

છોકરાએ પશુઓની સેવા કરી તેનો એને આ બદલો મળ્યો.



## ૬. વિચિત્ર ઔષધ

ત્રણ સંથાલ ભાઈઓ હતા. તેમાંનો સૌથી મોટો પરણેલો હતો. એક દિવસ આ ભાઈઓએ માછલીઓ પકડી અને મોટાભાઈની વહુને કહ્યું કે "આનું તમે રસેદાર શાક બનાવજો અને અમે ખેતરમાં કામ કરીએ છીએ ત્યાં લઈ આવજો." સ્ત્રીએ માછલીઓને સારી, તેને તળી કાઢી ને એનું શાક બનાવ્યું. પછીથી એ શાક ત્રણ પડિયામાં કાઢી, ત્રણે પડિયાને એણે એક મોટા તપેલામાં મૂક્યા અને સવારે દસેક વાગ્યે તે ખેતર તરફ ચાલી. હવે ઓચિંતાં આકાશમાં વાદળાં ચડી આવ્યાં અને મુશળધાર વરસાદ પડવા લાગ્યો. સ્ત્રી ઉતાવળી ઉતાવળી એક ઝાડ નીચે ભરાઈ ગઈ. પરંતુ ઝાડ ઉપરથી વરસાદનાં ટીપાં ટપકવા લાગ્યાં અને તે પેલા કઢી ભરેલા પડિયામાં પડવા લાગ્યાં.

વરસાદ બંધ રહ્યો એટલે સ્ત્રી ખેતરે પહોંચી. ભાઈઓ જમવા આવ્યા. પરંતુ જેવાં એણે માછલીના શાક સાથે ભાણાં પીરસ્યાં કે તરત પેલા પડિયામાં જીવતી માછલીઓ કૂદવા લાગી. ભૂખ્યા ભાઈઓ ગુસ્સે થયા. કહેવા લાગ્યા, "અમે તને માછલીઓ રાંધીને લાવવા કહ્યું હતું ને તું આ જીવતી માછલીઓ કેમ લાવી?" સ્ત્રીએ કહ્યું, "મેં તો માછલીઓ રાંધી હતી." પરંતુ માછલીઓ તો એ ભૂખ્યા ભાઈઓની નજર સમક્ષ જીવતી હતી. મોટાભાઈએ પોતાની વહુને એક તમાચો ચોડી દીધો. સ્ત્રીએ ચીસ પાડી. તે બેભાન થઈ ગઈ અને મરણ પામી.

પછી ભાઈઓએ એ મૃતદેહને પોતાને ખભે ઉપાડ્યો અને તેઓ ઘર તરફ ચાલ્યા. તેઓ જતા હતા તેવામાં આકાશ વાદળથી ઘેરાયું અને વરસાદ વરસવા લાગ્યો. અને બન્યું એવું કે સ્ત્રીએ ખેતરે જતી વખતે જે ઝાડ નીચે આશરો લીધો હતો તે જ ઝાડ નીચે આ ભાઈઓ પણ જઈને ઊભા રહ્યા. વરસાદનાં ટીપાં પેલા મૃતદેહ ઉપર પડવા લાગ્યાં અને ધીમે ધીમે એમાં જીવ આવવા લાગ્યો. તે જોઈ ભાઈઓ વિસ્મય પામ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "ઘડી ઉપર તો એ મરેલી હતી. તો એ જીવતી કેવી રીતે થઈ?" આ વિચિત્ર ઘટનાનું કારણ એમણે એ સ્ત્રીને પૂછ્યું. મૂંઝાયેલી સ્ત્રી એટલું જ બોલી શકી કે, "જ્યારે હું તમને ખાવાનું આપવા ખેતરે આવતી હતી ત્યારે મેં આ જ ઝાડ નીચે આશરો લીધો હતો."

હવે ભાઈઓએ ઊંચે જોયું તો એમને માલૂમ પડ્યું કે ઝાડ ઉપર એક વેલ હતી. તેના ઉપરથી વરસાદનાં ટીપાં મૃતદેહ ઉપર પડ્યાં હતાં. એ ઉપરથી તેઓ સમજ્યા કે પાણી વેલને અડકવાથી એમાં ચમત્કારિક શક્તિ ઉત્પન્ન થતી હતી. એને લીધે દરદ મટતું હતું. મોટાભાઈએ એ વેલ ઝાડ ઉપરથી નીચે ઉતારી તેનો પ્રયોગ અન્ય દરદો ઉપર કરવાનો વિચાર કર્યો. તેણે એક મરઘું મારી નાખ્યું અને એના ઉપર પેલી વેલવાળું પાણી છાંટ્યું. મરઘું જીવતું થયું અને તેઓ નવાઈ પામ્યા. એટલે હવે એમને ખાતરી થઈ કે આ વેલમાં દરદો મટાડવાની શક્તિ છે. મોટાભાઈને આ જડીબૂટી મળી એટલે લોકો તેનો લાભ લેવા આવવા લાગ્યા. એણે ઘણા લોકોને મટાડ્યું અને 'ઓઝા' તરીકે ખ્યાતિ મેળવી.

હવે એવું બન્યું કે એ દેશની રાણી 'સાંગો' (ખાદ્ય પાંદડાં) વીણતી હશે. તેની આંગળી કપાઈ. ખૂબ લોહી નીકળ્યું અને તે બેભાન બની ગઈ. ઘણા 'ઓઝા'ઓને બોલાવ્યા પણ કોઈ એનું દર્દ મટાડી શક્યું નહીં. એટલે રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ રાણીનું દર્દ મટાડી શકશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ. થોડી જ વાર પછી એને ખબર પડી કે મારા રાજ્યમાં એક માણસ એવો છે કે જે મરેલાંને જીવતાં કરી શકે છે. એણે આ નવા

'ઓઝા'ને બોલાવ્યો. ઓઝાએ એની પાસેના વિચિત્ર ઔષધનો પ્રયોગ કર્યો અને રાણીનો ઘા બરાબર રુઝાઈ ગયો. રાજા અત્યંત પ્રસન્ન થયો અને એણે 'ઓઝા'ને પોતાનું અડધું રાજ્ય આપ્યું.

આમ સંથાલ ભાઈઓ તે પછી સુખમાં રહી શકતા.

### ૭. બડાઈખોર શિયાળ

એક વાઘ હતો અને એક વાઘણ હતી. તે પોતાનાં બચ્ચાં સાથે જંગલની એક ગુફામાં રહેતાં હતાં. વાઘવાઘણ શિકાર કરી લાવે અને બચ્ચાંને થોડું માંસ ખાવા આપે. પછી પાછાં તે ફરીથી શિકારે જાય. હવે એક શિયાળે જોયું કે બચ્ચાંને માટે જે ખાવાનું મૂકવામાં આવે છે તે ખાઈ જઈએ તો મજા આવે. એક દિવસ એણે કોશેટાનાં છીપલાંના જોડા પહેર્યા અને પડિયાની ટોપી માથે મૂકી. આ રીતે 'મહાજન'(નાણાં ધીરનાર)નો વેષ પહેરી તે વાઘનાં બચ્ચાં પાસે ગયો અને કહેવા લાગ્યો : "તમારા બાપ પાસે હું પૈસા માગું છું. માટે આ માંસ હું ખાઈશ." બચ્ચાં શિયાળનો આ વેષ તથા અવાજ સાંભળી ગભરાઈ ગયાં અને એને પોતાનું ખાવાનું આપી દેવા કબૂલ થયાં.

આ રીતે શિયાળ રોજ આવતો અને માંસની માગણી કરતો. બચ્ચાં કશું ખાઈ શકતાં નહીં એટલે રોજ સુકાવા લાગ્યાં. પોતાનાં બચ્ચાંમાં આ ફેરફાર થતો જોઈ વાઘવાઘણે એનું કારણ પૂછ્યું. બચ્ચાંનાં માબાપ સમજ્યાં કે બચ્ચાં છેતરાતાં હતાં. એટલે એમણે એ દુષ્ટ શિયાળને સારો પાઠ શીખવવાનો વિચાર કર્યો. એક દિવસ વાઘણ પાછળ રહી અને ગુફામાં સંતાઈ રહી. રોજની માફક શિયાળ આવ્યો અને માંસની માગણી કરવા લાગ્યો. વાઘણે શિયાળનો વિચિત્ર વેષ દીઠો. એને એવી બીક લાગી કે એ ગુફાની બહાર નીકળી નહીં. એને લાગ્યું કે ખરેખર આ શિયાળ કંઈક માગતો હોવો જોઈએ. એટલે એણે શિયાળને માંસ લેવા દીધું. વાઘ જ્યારે પાછો આવ્યો અને આ વાત એણે જાણી ત્યારે તે ગુસ્સે થયો અને આવી રીતે છેતરાવા બદલ વાઘણને એણે ગાળો દીધી. પછી એણે કહ્યું, "આજે હું ઘેર રહીશ અને મારો લેણદાર કોણ છે એ મારી જાતે જોઈશ." એટલે આ વખતે વાઘ અને વાઘણ બંને ગુફામાં સંતાઈ ગયાં. રોજના સમયે જ શિયાળ મહાજનના વેષમાં આવી પહોંચ્યો અને માંસ માગવા લાગ્યો. આ સાંભળીને વાઘ એના ઉપર કૂદી પડયો અને કહેવા લાગ્યો : "અલ્યા, મેં તારી પાસેથી કે દા'ડે પૈસા લીધેલા?" લુચ્ચો શિયાળ ત્યાંથી ભાગ્યો. વાઘ એની પાછળ પડયો. શિયાળે જોયું કે વાઘ મારી પાછળ પડયો છે અને હવે ઉગરવાનો આરો નથી એટલે એણે સંતાવા માટે જગા શોધવા માંડી. એ જ ક્ષણે એણે એક ઝાડ ભોંય પર પડેલું દીઠું. એનું થડિયું પોલું હતું. શિયાળ એ પોલાણમાં પેઠો અને બીજી બાજુથી બહાર નીકળી ગયો. વાઘ પણ એમાં પેઠો. પણ એનું માથું મોટું હોવાથી એ ભરાઈ પડયો. એનાથી બહાર નીકળાયું નહીં એટલે બૂમો પાડવા લાગ્યો. એટલે હવે શિયાળ એની પાસે આવ્યો અને એને લાતાટવા લાગ્યો. એને લીધે વાઘનું માથું બખોલમાં વધારે ધકેલાયું. એ હવે બહાર નીકળી શકે તેમ રહ્યું નહીં. પછીથી શિયાળ ગુફા તરફ દોડી ગયો અને વાઘણને કહેવા લાગ્યો : "જો, તું કહે છે કે હું તારી પાસે કંઈ માગતો નથી. પણ ચાલ મારી સાથે, વાઘ મારું દેવું આપતો નથી, તેથી મેં એને કેવો કેદ કર્યો છે તે તું તારી જાતે જો."

વાઘણ આખે રસ્તે બીતી બીતી શિયાળ સાથે ગઈ. એણે જોયું કે એનો ધણી એની કેદમાં મરણ પામ્યો હતો. આ જોઈને સ્વાભાવિક રીતે જ તે વધારે ગભરાઈ. હવે શિયાળે વાઘણને



કહ્યું, "મને તારા ધણી તરીકે કબૂલ રાખ, નહીં તો હું તને વધારે સખત શિક્ષા કરીશ." વાઘણ કબૂલ થઈ. પછીથી તેઓ બંને સાથે રહેવા લાગ્યાં. બંને જણ શિકારની શોધમાં સાથે જંગલમાં જતાં. વાઘણ શિકારની પાછળ પડે અને શિયાળ એક સ્થળે સંતાઈ રહે. જંગલનાં પ્રાણીઓ શિયાળ આગળથી પસાર થાય પણ તે એને પકડી શકે નહીં. પરંતુ જ્યારે વાઘણ એની પાસે આવે ત્યારે આ શિયાળ-ધણી પોતાની અણઆવડત સંતાડવા કહેતો : "તને શિકારની પાછળ પડતાં આવડતું નથી. તું અહીં બેસ અને તારું કામ હું કેવી સરસ રીતે કરું છું તે તું જો." વાઘણ એના કહ્યા પ્રમાણે કરતી. શિયાળ જંગલમાં ઢોલ વગાડતો, એટલે બધાં પ્રાણીઓ બહાર નીકળતાં. તેઓ જ્યારે વાઘણની નજીક આવતાં ત્યારે વાઘણ એમને સહેલાઈથી પકડી શકતી. પછી શિયાળ કહેતો : "જો, હું કેવો હોશિયાર છું! પ્રાણીઓને કેવાં દબડાવી લાવું છું! તારામાં તો કશા રામ નથી." આ રીતે શિયાળ પોતાની હોશિયારીની બડાશો હાંકતો અને વાઘણ એના નવા ધણીની બહાદુરીથી અંજાઈ જતી. એટલે ધીમે ધીમે તે આ નવા પતિ પ્રત્યે વધારે ને વધારે આસક્ત થતી ગઈ. આમ થોડોક વખત તેઓ જંગલમાં સુખેથી રહ્યાં. શિયાળ વાઘણની મહેનત ઉપર જીવતો. આખરે જંગલમાં શિકાર કરવા યોગ્ય પ્રાણીઓ ખૂટી ગયાં એટલે એમણે બીજા જંગલમાં જવા વિચાર કર્યો.

પરંતુ જ્યારે તે જંગલમાંથી બહાર નીકળ્યાં ત્યારે તેમને એક નદી ઓળંગવાની આવી. નદીમાં પૂર આવેલું હતું અને બચ્ચાંને લઈને પેલે પાર જવાનું હતું. વાઘણ અને તેનાં બચ્ચાં સહેલાઈથી કૂદકો મારીને નદીને પેલે પાર જઈ શક્યાં, પરંતુ શિયાળ એમ કૂદકો મારવા ગયો એટલે પાણીમાં પડયો અને તણાવા લાગ્યો. બચ્ચાંએ કહ્યું, "જો, જો, મા, આપણા બાપા પાણીમાં તણાય છે. એમને તું બચાવ." વાઘણ શિયાળને પાણીમાંથી બહાર કાઢવા ગઈ અને પોતાના મોં વડે એનું માથું પકડવા લાગી. એટલે શિયાળે કહ્યું : "તું આમ કેમ કરે છે? શું હું તણાઉં છું? જોતી નથી? હું તો માત્ર પાણીમાં તરી રહ્યો છું." આ સાંભળીને વાઘણે એને પકડવાનો વિચાર માંડી વાળ્યો. શિયાળ નદીમાં તણાઈ ગયો અને ડૂબી ગયો.

આમ બડાઈખોર શિયાળને એની બડાઈઓ બદલ શિક્ષા થઈ.

### ૮. શિયાળ છેતરાયો

એક મરઘી હતી. તે પોતાનાં બચ્ચાં સાથે ભાંગેલા ઝૂંપડામાં રહેતી હતી. એક દિવસ એ મરઘી મરણ પામી. એટલે એનાં બચ્ચાં રડવા લાગ્યાં. એમનું રુદન સાંભળી એક શિયાળ આવ્યો અને કહેવા લાગ્યો : "ઓ મારા ભાણેજો, તમે કેમ રડો છો?" બચ્ચાંએ જવાબ આપ્યો : "આ મારી મા મરી ગઈ તેથી અમે રડીએ છીએ." એ સાંભળી શિયાળે કહ્યું : "મારા ભાણેજો, તમે રડશો નહીં. તમારી માને હું સ્મશાને લઈ જઈશ અને ત્યાં એના દેહને અગ્નિસંસ્કાર કરીશ." પછી એણે પૂછ્યું : "અલ્યા, તમે રાત્રે ક્યાં સૂઈ રહેવાનાં?" બચ્ચાંએ જવાબ આપ્યો : "આજે રાત્રે અમે ઘરને ખૂણે બારણા નજીક સૂઈશું."

આ સાંભળીને શિયાળ મરેલી મરઘીને અગ્નિદાહ કરવા ઉપાડી ગયો અને એક ખૂણે બેસી એને ખાઈ ગયો. રાત્રે તે પાછો આવ્યો અને બચ્ચાંને શોધવા લાગ્યો. પરંતુ બચ્ચાં એની બાજી સમજી ગયાં હતાં. એટલે એમણે ઘરની અંદર એક છાજલીમાં આશરો લીધો હતો. બીજે દિવસે સવારે શિયાળ પાછો આવ્યો અને પૂછવા લાગ્યો : "મારા ભાણેજો, આજે રાત્રે તમે ક્યાં સૂવાના છો?" બચ્ચાંએ કહ્યું : "અમે ઘરની એક છાજલીમાં સૂઈશું." શિયાળ રાત્રે

આવ્યો, એણે બચ્ચાંને શોધ્યાં પણ જડયાં નહીં, એટલે નિરાશ થઈને ચાલતો થયો. કેમ કે બચ્ચાં તો બારસાખ ઉપર સૂતાં હતાં. બીજે દિવસે સવારે શિયાળ વળી પાછો આવ્યો અને બચ્ચાં કયાં સૂવાનાં છે તે પૂછવા લાગ્યો. બચ્ચાંએ બારસાખ બતાવી. આ વખતે શિયાળે બચ્ચાંને આખા ઘરમાં શોધ્યાં અને એમને એક તુંબડામાં સંતાયેલાં દીઠાં. મધ્યરાત્રિ થઈ હતી. બચ્ચાંને તે એક એકાંત સ્થળે લઈ ગયો. ત્યાં એમને મારી નાખીને ખાઈ જવાનો એનો ઇરાદો હતો. બચ્ચાંઓ હવે કહ્યું : "પ્રથમ તો તમારે આ તુંબડાને ભાંગવું જોઈએ અને પછી અમને મારી ખાવાં જોઈએ." શિયાળે આ વાત કબૂલ રાખી. પરંતુ જેવું એણે તુંબડું ભાંગ્યું કે તરત બધાં બચ્ચાં બહાર નીકળી ગયાં અને ઊડી ગયાં. માત્ર સૌથી નાનું બચ્ચું એમાં રહી ગયું. શિયાળ એને ખાવા જાય છે એવામાં એ બચ્ચું બોલ્યું : "જોતા નથી! મારે શરીરે અઘાર ચોંટેલી છે? પહેલાં મને ધોઈ નાખો ને પછી ખાઓ." શિયાળે એને ધોયું અને એને તડકામાં સૂકવવા એનું મોં સૂર્ય તરફ રાખી એને ઊંચું કર્યું, બચ્ચું તડકો ખાતું હતું એવામાં એણે પાંખો ફફડાવી અને અઘાર કરી. શિયાળ એથી આશ્ચર્ય પામ્યો અને એનો હાથ ઢીલો થઈ ગયો. એટલે બચ્ચું એના હાથમાંથી છટકી ગયું અને જીવ લઈને નાઠું ને ઊડી ગયું.

આ રીતે લુચ્ચા શિયાળને શિક્ષા થઈ.

## ૯. એક ડાકણની વાર્તા

એક સંથાલને એક સ્ત્રી હતી. તે ડાકણવિદ્યા જાણતી હતી. રાત્રે તે સાહસની શોધમાં નીકળતી અને એના તાબાનું એક ભૂત એની જગાએ સ્ત્રીનો વેષ ધારણ કરી ઘેર રહેતું.

એક દિવસ એવું બન્યું કે પેલો સંથાલ થોડીક માછલીઓ પકડી લાવ્યો અને એની સ્ત્રીએ એને શેકી. આ રાંધેલી માછલી વિશે પેલા બોંગાને કહેવાનું એ ભૂલી ગઈ અને રોજની માફક રાત્રે બહાર નીકળી ગઈ. હવે રાત્રે વાળુ વખતે વેષધારી બોંગાએ એના ધણીને ભાત અને બીજાં શાક પીરસ્યાં, પરંતુ પેલી શેકેલી માછલી વિશે એને કંઈ ખબર નહીં હોવાથી એ એણે પીરસી નહીં. આથી સંથાલ ગુસ્સે થયો અને એણે એની સ્ત્રીને સખત માર માર્યો. એણે કહ્યું : "માછલી તેં તારે માટે રાખી મૂકી છે."

બોંગાને આ રીતે માર પડયો એટલે એ ભાગ્યો અને સ્ત્રી પાસે જઈ એણે કહ્યું : "હવે પછી હું તારે ઘેર નહીં આવું અને તને કશી મદદ નહીં કરું." આ રીતે બોંગાને શિક્ષા થઈ.

## ૧૦. કિસ્મત

એક ખેડૂત હતો. તે ઘણો શ્રીમંત હતો. એની પાસે ઘણી ગાયો, ભેંસો અને જમીન હતી. એણે પોતાની ભેંસો ચરાવવા માટે એક માણસ રાખ્યો. એક દિવસ ભેંસો ચારનારે બે ભેંસો ગુમાવી. એને લાગ્યું કે મને ઠપકો મળશે એટલે એ માલિકને ઘેર ગયો નહીં, અને રસ્તા ઉપર એક ઝાડની ડાળીઓમાં સંતાઈ ગયો. રાત પડી. એને જરા પણ ઊંઘ આવી નહીં. અડધી રાતે એણે એક અવાજ સાંભળ્યો. એણે જોયું કે એક વાઘ, એક સિંહ, એક વરુ, એક ઝાડ, પાણી અને બીજાં રાજાના મહેલ તરફ ઉતાવળે જતાં હતાં. રસ્તામાં તેઓ ચર્ચા કરતાં હતાં કે રાજાનો નવજાત બાળક કોને ભાગે આવશે? (જેથી કરીને એ બાળકના મરણનું નિમિત્ત બની શકાય.) થોડા વખત પછી એ બધાં એ જ માર્ગે પાછાં આવ્યાં. એમની વાતો ઉપરથી પેલા માણસે જાણ્યું કે રાજાનો છોકરો જ્યારે બાર વર્ષનો થશે ત્યારે વાઘને ભાગે



આવશે. પછી એ ઝાડ ઉપરથી નીચે ઊતર્યો અને એણે લોકોને આ વાત કહી અને વખત જતાં એ રાજાને કાને પહોંચી.

બાર વરસ વહી ગયાં. છેલ્લી રાતે રાજાએ પોતાના છોકરાનું વાઘથી રક્ષણ કરવા માટે ચોકીદાર મૂકયો. મધ્યરાત્રે વાઘ આવ્યો. તેને ચોકીદારે મારી નાખ્યો. બીજે દિવસે સવારે વાઘનું મડદું રાજાના મહેલના આંગણામાં પડેલું હતું. તે જોવા લોકો એકઠા થયા અને અંદર અંદર કહેવા લાગ્યાં : "જુઓ, આ વાઘ રાજાના છોકરાને ખાવા આવ્યો હતો." રાજકુમાર પણ આવ્યો. વાઘના દાંત એના મોંમાંથી બહાર નીકળતા હતા અને દૃશ્ય ભયંકર લાગતું હતું. હવે રાજકુમારે કહ્યું : "મને ખાવા આવ્યો હતો તે વાઘ આ?" એમ બોલીને એણે મડદાને લાત મારી. એટલે વાઘના દાંત એના પગમાં પેસી ગયા. થોડા વખત પછી એ દાંતનું ઝેર એના શરીરમાં પસર્યું અને એ કમનસીબ છોકરો મરણ પામ્યો.

આમ જે નિર્મેલું હોય તે બને છે.

## ૧૧. ગુમ્ડાનું પરાક્રમ

ગુમ્ડા કરીને એક વિધવાપુત્ર હતો. તે ગામની ભાગોળે એક નાના ઝૂંપડામાં રહેતો હતો. રોજ તે ખોરાકની શોધમાં નીકળતો અને જે મળે તે ઘેર લાવતો. એવું બન્યું કે એના ઝૂંપડા આગળ થઈને રાજાનો હાથી રોજ પસાર થતો. તે ગુમ્ડાના ઝૂંપડાને નુકસાન કરતો. ગુમ્ડા જ્યારે ઘેર આવતો ત્યારે હાથીનાં અટકચાળાંની વાત સાંભળતો. એ કહેતો : "હાથી નસીબદાર કે હું હાજર હોતો નથી. નહીં તો મેં એને ઊંચકીને 'અગ્નિકુર' જંગલમાં ફેંકી દીધો હોત."

ગુમ્ડાની બડાશની આ વાત રાજાને કાને પહોંચી. રાજાએ ગુમ્ડાને બોલાવ્યો અને પૂછયું કે "તું આમ બોલેલો?" ત્યાં ઘણા માણસો હાજર હતા. ગુમ્ડાએ કહ્યું : "હા, હું એમ બોલેલો." રાજાએ પૂછયું : "તું શાથી એમ બોલેલો?" ગુમ્ડાએ જવાબ આપ્યો : "તમારો હાથી રોજ મારા ઝૂંપડાને નુકસાન કરે છે તેથી." રાજાએ કહ્યું : "તું હાથીનું પૂંછડું પકડીને એને પછાડી શકે? કરી બતાવ જોઈએ." પછી ગુમ્ડા હાથી સાથે કુસ્તી લડયો. દંગલ એવું જામ્યું કે ધૂળના ગોટેગોટા હવામાં ઊડવા લાગ્યા. બધે અંધારું છવાયું. આ અંધારામાં ગુમ્ડાએ હાથીને કયારે ઊંચકીને ફેંકયો તે લોકો જોઈ શકયા નહીં. આકાશ જ્યારે સ્વચ્છ થયું ત્યારે લોકોએ જોયું કે ગુમ્ડા એકલો ઊભો હતો. રાજાએ કહ્યું : "શાબાશ, ગુમ્ડા! પરંતુ મારે હાથીના દાંત જોઈએ છે."

ગુમ્ડાએ દાંત લાવી આપવાનું માથે લીધું અને તે માટે તે મુસાફરીએ નીકળી પડયો. રસ્તામાં એણે જોયું કે એક માણસ એક વડનું ઝાડ ઉપાડી, એની છત્રી કરી ખેતરમાં કેટલાક ખેડૂતોને છાંયો આપતો હતો. ગુમ્ડા એની પાસે ગયો અને બોલ્યો : "શાબાશ ભાઈ, શાબાશ!" માણસે જવાબ આપ્યો : "પેલા ગુમ્ડાએ રાજાના હાથીને 'અગ્નિકુર'ના જંગલમાં ફેંકી દીધો, એની સરખામણીમાં મારું આ કાર્ય કશી વિસાતમાં નથી." ગુમ્ડાએ કહ્યું : "હું જ એ ગુમ્ડા. હું રાજાના હુકમથી હાથીના દાંત શોધવા નીકળ્યો છું." માણસે જવાબ આપ્યો : "હું તારી સાથે આવીશ."

એમ બંને સાથે ચાલ્યા. થોડી વાર પછી એમણે એક માણસ દીઠો. તે પોતાનું ટાંકણું ઠોકવા માટે લાકડાનો ટુકડો (હથોડી) વાપરવાને બદલે પોતાનું માથું વાપરતો હતો. એને આ બે

જણે શાબાશી આપી અને કહ્યું: "ત્યારે તમારું ટાંકણું ઠોકવા માટે તમારે લાકડાની જરૂર નથી પડતી, એમ?" પેલા માણસે જવાબ આપ્યો: "એમાં તે શું મોટું પરાક્રમ છે? પેલા ગુમ્ડાઓ હાથીને ઊંચકીને ફેંક્યો છે. એની આગળ આનો શો હિસાબ?" ગુમ્ડાઓ કહ્યું: "હું જ એ ગુમ્ડા. રાજાના હુકમથી હું હાથીના દાંત લેવા જાઉં છું." એટલે માણસ બોલ્યો: "હું પણ તમારી સાથે આવીશ."

હવે ત્રણે જણા ચાલ્યા જાય છે. થોડા વખત પછી એમને એક માણસ મળ્યો. તે ચતોપાટ થઈને નદીમાં નહાતો હતો. એની કાયા એવી પ્રચંડ હતી કે એને લીધે નદીનો પ્રવાહ રોકાતો હતો. નદી થોડી સુકાયેલી હતી. અને નજીકના માણસો એમાંથી માછલાં પકડતા હતા. એમના કામમાં આથી વિઘ્ન આવતું હતું. ગુમ્ડા અને એના મિત્રો આ માણસ પાસે આવ્યા અને બોલ્યા: "શાબાશ યાર, શાબાશ!" માણસે જવાબ આપ્યો: "પેલા ગુમ્ડાઓ તો હાથીને ઊંચકીને ફેંક્યો છે. એના આગળ હું શી વિસાતમાં?" ગુમ્ડાઓ કહ્યું: "હું જ એ ગુમ્ડા. અત્યારે રાજાના હુકમથી હું હાથીના દાંત લેવા જાઉં છું." માણસે કહ્યું: "હું પણ તમારી સાથે આવીશ."

હવે એ ચારે માણસો 'અગ્નિકુર'નાં જંગલોમાં આવ્યા અને હાથીના દાંત શોધવા લાગ્યા. એક જણને રસોઈ પકાવવા પાછળ રાખવામાં આવ્યો. હવે જંગલમાં એક રાક્ષસ રહેતો હતો. તે પેલા રસોઈ કરનાર પાસે આવ્યો અને કહેવા લાગ્યો: "કાં તો મને આ ખાવાનું આપી દે, નહીં તો મારી સાથે કુસ્તી કર." રાક્ષસનો ભયંકર દેખાવ જોઈ માણસ બી ગયો અને એની સાથે લડવું ન પડે તે માટે એણે પોતાની પાસેનો ભાત એને આપી દીધો. હવે ગુમ્ડા અને બીજાઓ પાછા આવ્યા. એમણે જોયું કે ખાવાનું તૈયાર નહોતું. એને માટે એ માણસે લૂલાં બહાનાં બતાવ્યાં અને પોતાની કાયરતાની ખરી વાત કહી નહીં.

બીજે દિવસે ગુમ્ડાનો બીજો મિત્ર રસોઈ કરવા પાછળ રહ્યો. રાક્ષસ અગાઉની માફક આવ્યો. પેલો માણસ એનાથી ડઘાઈ ગયો અને એણે એને ખાવાનું આપ્યું અને પોતાના બચાવમાં ગુમ્ડાને જૂઠી વાત કહી. બીજે દિવસે ત્રીજો મિત્ર પાછળ રહ્યો. એની પણ એવી જ દશા થઈ. આખરે ગુમ્ડાઓ કહ્યું: "હવે રસોઈ કરવાનો વારો મારો. તમે હાથીના દાંતની શોધ કરવા ભલે જાઓ." રાક્ષસ આવ્યો અને ખાવાનું માગવા લાગ્યો. ગુમ્ડાઓ એની સાથે લડવા માંડ્યું. લડાઈ એવી સખત હતી કે એ પ્રચંડ કુસ્તીને પરિણામે ત્યાં એક નદી રચાઈ. અને જ્યારે મિત્રો પાછા આવ્યા ત્યારે એમણે જોયું કે રાક્ષસને પૂરેપૂરો હરાવવામાં આવ્યો હતો. એમણે ગુમ્ડાનાં ખૂબ વખાણ કર્યાં. પછી તેમણે હાથીના દાંત શોધી કાઢ્યા અને જઈને રાજાને ચરણે ધર્યા.

રાજા એટલો ખુશ થયો કે એણે પોતાની દીકરી ગુમ્ડાને પરણાવી અને ઉપરથી પોતાનું અર્ધું રાજ્ય આપ્યું.

## સંથાલોનું લોકસાહિત્ય (૨) લોકકવિતા

સંથાલોની લોકકવિતાનો અભ્યાસ કરતાં એની અસાધારણ સરળતા અને અકૃત્રિમતા ધ્યાનમાં આવ્યા વિના રહેતી નથી. આ કવિતા મુખ્યત્વે ગ્રામજીવનનાં સુખદુઃખની ગાથા ગાય છે, પ્રકૃતિ પાંદડાં અને ફૂલોમાં કેવો સુંદર આવિર્ભાવ પામે છે તેનાં ગુણગાન કરે છે, અને કોઈક વાર વિનોદ કરી લે છે.



સંથાલો અનેક ઉત્સવો ઊજવે છે. આ દરેક ઉત્સવ પ્રસંગે ગાવાનાં ગીતો જુદાં જુદાં હોય છે. લગ્નનાં ગીતો પણ અલગ હોય છે. ઘણાં ગીતો નૃત્ય સાથે ગવાય છે. ખેતીના વિવિધ પ્રસંગો – જેવા કે વાવણી, લણણી – પણ વિશિષ્ટ ગીતો વડે ઊજવાય છે. આ બધાં ગીતોના અમુક રાગ હોય છે. તે ઉપરાંત તેઓ બંગાળી ગીતો અને ખ્રિસ્તી ભજનો પણ ગાય છે. આમ સંથાલોનાં લોકગીતોનો જથ્થો વિપુલ છે. એમાંથી થોડા નમૂના અત્રે આપવામાં આવશે.

**ધાર્મિક અને અધાર્મિક ગીતો**

અગાઉ આપણે જોઈ ગયા કે સંથાલોનો સૌથી પ્રખ્યાત ધાર્મિક ઉત્સવ 'સોહરી' છે. તેમાં શિયાળાની લણણી ઊજવાય છે. આ પ્રસંગે ગવાતાં ગીતોમાં એક ગીત પ્રખ્યાત છે. તેમાં પતિપત્ની વચ્ચે સંવાદ થાય છે. આ ગીત નીચે આપ્યું છે:

**રાગ: સોહરી**

આ ગીતનો ભાવાર્થ આવો છે:

પત્ની કહે છે:

તું પારેસનાથના ડુંગરમાં શિકારે જાય છે ને જતાં જતાં સીટી વગાડે છે. મારા પ્રિયતમ, મારે માટે 'કેયા' ફૂલ અને 'કેન્યા' ફૂલ લાવજે.

પતિ કહે છે:

મારી પ્રિયતમા, હું એ ફૂલો લાવીશ ને તારા હાથમાં મૂકીશ. (પરંતુ) એ ફૂલો કરમાઈ જાય ત્યાં સુધી તું એનો શો ઉપયોગ કરીશ, પ્રિયે?

પત્ની કહે છે:

અરે મારા વહાલીડા, મને તો બધુંયે આવડે. હું તો હોશિયાર છું. એ ફૂલો હું મારી લટમાં લટકાવીશ, અંબોડામાં ગૂંથીશ.

બીજું ગીત **સોહરી** ઉત્સવને છેલ્લે દિવસે ગવાય છે. એમાં પ્રેક્ષકોને આવકાર આપવામાં આવે છે અને ખેતીમાં વારંવાર આવતી આફતોનું વર્ણન છે:

એનો ભાવાર્થ આ પ્રમાણે છે:

પધારો, પધારો, ઓ વહાલા દોસ્તો! તમારું સ્વાગત કરવા અમારી પાસે નથી અન્ન કે નથી પીણું. પરંતુ અમે તમને અભિવાદનથી વધાવીએ છીએ. ફસલ અફળ ગઈ કે બહુ પાકી (એ બહુ મહત્ત્વનું નથી), બી નથી (અને તેથી ધાન પાક્યું નથી), એટલે મારા બધા દીકરા પાસે પોતાનું કશું નથી. પેલી મારી પુત્રવધૂ જુઓ! એ 'કુરસા' ફૂલ જેવી કેવી રૂપાળી લાગે છે? પણ હું એનું હૃદય જીતી શક્યો નથી. એને મેળવવા માટે મેં મારું સર્વસ્વ ખર્ચી નાખ્યું, તોય હું એનું હૃદય જીતી શક્યો નહીં.

**લગ્નનાં ગીતો**

સંથાલોમાં લગ્નપ્રસંગે ગવાતાં ગીતો ઘણાં છે. એમાંથી એમના કેટલાક રીતરિવાજો દર્શાવતાં ગીતો અત્રે આપીશું:

એક કન્યા ગાય છે:

એનો ભાવાર્થ આવો છે:

હે પિતા, માંડવો ખેતરમાં બાંધજો (ઘર આગળ, વાડામાં નહીં). માંડવાનો થાંભલો ઉકરડામાં રોપજો અને જ્યારે વરની જાન આવે ત્યારે તમે એને રસ્તામાં મળજો (અને પાછા કાઢજો), કેમ કે મારો (જીવન)સાથી તો ગામમાં જ છે.

આ ગીત ઉપરથી લાગે છે કે છોકરીને એની સંમતિ સિવાય પરણાવવામાં આવે છે. એટલે એ કહે છે કે વરનું સ્વાગત એનું અપમાન થાય એ રીતે કરજો, કેમ કે કન્યાનો વર તો ગામમાં જ છે.

બીજા ગીતમાં લગ્નપ્રસંગનાં નૃત્યોનું વર્ણન છે :

ભાવાર્થ છે :

માંડવામાં ઝાડની ડાળી છે. તેની નીચે બધા નાચે છે. તેઓ એકબીજાની જોડમાં રહી દેડકાની માફક આમથી તેમ કૂદે છે.

નીચેના ગીતમાં એક પાંજરામાં પુરાયેલા પક્ષીને ઉદ્દેશીને પૂછવામાં આવે છે કે જાન ક્યારે આવશે?

ભાવાર્થ છે :

તેઓ દૂરથી મને લેવા આવે છે. હે પક્ષી, તું મને કહે કે એ લોકો ક્યારે આવશે? તું જાગતું રહેજે અને મને કહેજે કે એ લોકો ક્યારે આવશે? તેઓ દહાડે આવે કે રાતે આવે, મધ્યાહ્‌ને આવે કે મધરાતે આવે.

નીચેના ગીતમાં જાન વિશે વિનોદ કરવામાં આવ્યો છે :

ભાવાર્થ છે :

દૂર દૂરથી મોટી જાન આવી છે. એમનો ઉતારો વડના ઝાડ નીચે આપ્યો છે. એમને ભોજન ક્યારે પીરસી શકીશું તે કંઈ કહેવાય નહીં. દરમ્યાન, છો તેઓ વડના ટેટા ખાય.

સંથાલ ગામોમાં લગ્નપ્રસંગથી સ્ત્રીઓમાં અતિ આનંદ વ્યાપે છે. નીચેના ગીતમાં આનંદનું વર્ણન છે :

ભાવાર્થ છે :

બધા દિવસોમાં આ દિવસ શ્રેષ્ઠ છે. બધી રાત્રિઓમાં આજની રાત્રિ શ્રેષ્ઠ છે. મહુડાનાં ફૂલમાં મધ છે. વસ્તીવાળાં ગામોનાં છોકરા-છોકરીઓને જઈને કહો કે આવો અને જુઓ – મહુડાના ફૂલમાં મધ ભરાયું છે.

કન્યાને વિદાય કરતી વખતે કરુણ ગીતો ગવાય છે. નીચેનું ગીત એ પ્રકારનું છે :

ભાવાર્થ છે :

તેં મને આ ધરતી ઉપર બાળકરૂપે જન્મ આપ્યો. તેં મને (હંમેશાં) તમારા હાથમાં ઉછેરી છે. એક વાસણમાં હૂંફાળું પાણી અને બીજામાં તેલ લઈ કેટલી કાળજીથી તેં મને ઉછેરી છે? હે મા, ક્યાં ગયો તારો એ સ્નેહ? અત્યારે તું મને મધ્યરાતે ગાય કે બકરાની પેઠે મોકલી રહી છે.

નીચેનું વિદાયગીત શકુન્તલા ને કણ્વની વિદાયની યાદ આપે એવું છે.

ભાવાર્થ છે :

મારી દીકરી બહુ નાની છે. તમે એને ભરઉનાળે ઉપાડી જાઓ છો. હે ભગવાન, તું વરસાદ મોકલજે, પૂર્વના વાયરા વાજે અને રસ્તામાં ઠંડક કરજે.



**પ્રણયનાં ગીતો**

સંથાલોનાં લોકગીતોમાં પ્રણયગીતો ઘણાં છે. નીચેના ગીતમાં એક માણસ એક લંગડી છોકરી માટેના એના પ્રેમ વિશે બોલે છે :

ભાવાર્થ છે :

'સીન' વૃક્ષનાં પાંદડાં સુંવાળાં છે અને ડુંગર ઉપર હાલે છે. મારો જાન જાય પણ હું એ ચૂંટવાનો. ગામમાં એક કન્યા છે. તે ચાલતાં લંઘાય છે. મારે પત્ની હોવા છતાં હું એને પરણવાનો.

નીચેનું ગીત એ જ પ્રકારનું છે. એમાં એક સ્ત્રી લંગડા છોકરાને પરણવાની વાત કરે છે. ભાષા લગભગ સરખી છે. માત્ર થોડો જ ફેર છે :

ભાવાર્થ છે :

'સીન' વૃક્ષનાં પાંદડાં સુંવાળાં છે અને ડુંગર ઉપર હાલે છે. મારો જાન જાય પણ હું એને ચૂંટવાની. ગામમાં એક છોકરો છે. ચાલતાં એ લંઘાય છે. એને પત્ની છે છતાં હું એને પરણવાની (શોકચ થઈને પણ).

નીચેના ગીતમાં એક છોકરી એના પ્રેમીને દૂરથી જોઈ વિમાસણમાં કેવી પડે છે તે બતાવ્યું છે :

ભાવાર્થ છે :

મારો પ્રેમી ડુંગર ઉપર વાંસળી વગાડે છે. હું ઝરણામાંથી પાણી ભરું છું. જો મારી ગાગર અહીં મૂકી હું મારા પ્રેમી પાસે જાઉં તો લોકો મારી વાતો કરે. જો હું ઘેર પાછી જાઉં તો મારો પ્રેમી દુખી થાય. લોકોની વાતો હું (ખુશીથી) સહન કરીશ. પણ મારા પ્રેમીનું દિલ દુભાય તે મારાથી કદી સહન થાય નહીં.

નીચેના ગીતમાં એક છોકરો એક છોકરીને મૂકી બીજીના પ્રેમમાં પડ્યો છે. છોકરી પોતાના એ પ્રેમીને કહે છે તું આ નવી લપ છોડી દે.

ભાવાર્થ છે :

પહેલાં આપણે મિત્રો હતાં. (હવે) તારે જો એ જ સ્મિત અને વાર્તાલાપ જોઈતાં હોય તો સ્નેહને કેળના પાનમાં વીંટી દે અને એને પ્રવાહમાં તણાવા દે.

નીચેનું ગીત બતાવે છે કે પ્રેમ ઉચ્ચ-નીચના ભેદને જાણતો નથી :

ભાવાર્થ છે :

છોકરી કહે છે :

તું તવંગરનો દીકરો છે અને હું ગરીબની બેટી છું. તું મારા ઉપર પ્રેમ શા માટે કરે છે?

છોકરો કહે છે :

ખરેખર, તું રડીશ નહીં. મારી વહાલી, તું ખોટું લગાડીશ નહીં. આપણે બે સરખાં જ છીએ.

એક માણસના દિલમાં એની મોટી ભાભી માટે પ્રેમ ઉદ્‌ભવ્યો છે એ નીચેની કડીમાં બતાવ્યું છે. સંથાલોમાં આવાં લગ્નોની છૂટ હોય છે. તે ઘઉલીઆ સગાઈ કહેવાય છે.

ભાવાર્થ છે :

સૂર્યોદયનો પ્રકાશ પથરાતાં આપણે ચાના બગીચામાં પ્રવેશ કરીએ છીએ. એક વાર તું મને ભાભી કહીને બોલાવે છે, અને બીજી વાર બીજું કંઈક કહે છે. પણ 'સતી' વૃક્ષનાં પાંદડાં સાક્ષી છે.

નીચેના ગીતમાં બાપ છોકરીને પૂછે છે કે તું અત્યાર સુધી કયાં ગઈ હતી?

ભાવાર્થ છે :

બાપ કહે છે :

આવા તડકામાં અને આવી સખત ગરમીમાં તું કયાં ગઈ 'તી, દીકરી?

દીકરી કહે છે :

નદી ઉપરથી આવતાં રસ્તામાં ઠંડકમાં હું શાંતિથી આરામ લેતી હતી.

આ ગીતમાં સંવનનનું વર્ણન હોય એમ જણાય છે :

છોકરી બોલે છે :

ઝાડનો છાંયો બદલાયો છે. સમીસાંજ થઈ છે. પાંદડાના ઝૂડા પણ સુકાયા છે. મહેરબાની કરીને, હું કહું છું, મારી સાડીનો છેડો તું મૂકી દે. ઘરના માણસો આ વાત જાણી ગયાં છે.

**ફૂલો અને પક્ષીઓનો પ્રેમ દર્શાવતાં કાવ્યો**

સંથાલોનાં ઘણાં લોકગીતોમાં ફૂલો અને પાંદડાં માટેનો પ્રેમ વ્યક્ત થાય છે :

નીચેના કાવ્યમાં એક સંથાલ કન્યાને 'નાતાલ' ફૂલોની લગની લાગી છે. તે ગમે તે ભોગે એ ફૂલો ચૂંટીને પોતાના વાળમાં ખોસવા માગે છે.

ભાવાર્થ છે :

પહાડો ઉપર 'નાતાલ' ફૂલો વિપુલ પ્રમાણમાં ખીલ્યાં છે. 'નાતાલ' ફૂલો (પવનમાં) નાચી રહ્યાં છે. હું કોઈ પણ રીતે એ ચૂંટી લાવીશ. ભલે હું એટલી બધી રૂપાળી નથી. ભલે મારો અંબોડો બાજુ પર હાલતો. હું ગમે તેવી દેખાતી હોઈશ તોપણ એ ફૂલ હું મારા વાળમાં ખોસવાની.

નીચેના ગીતમાં એક સંથાલ પોતાનો બગીચો કરમાઈ ગયો તેનો વિલાપ કરે છે :

ભાવાર્થ છે :

નદીની બાજુમાં મારો બગીચો આવેલો છે, ઓ રઘુ! પવન આવીને મારા ફૂલનો બાગ લૂંટી ગયો, ઓ રઘુ! હિમ પડયું ને મારો ફૂલોનો બગીચો કરમાઈ ગયો, ઓ રઘુ!

ખીલેલાં ફૂલો સંથાલોને – ખાસ કરીને એમની સ્ત્રીઓને – બહુ ગમે છે. સંથાલ પરગણામાં આ પંક્તિ ધ્રુવપદ તરીકે બહુ વપરાય છે : "બીટી કાન્ડે કમ્પા લાગી, બેટા કાન્ડે ધુતી લાગી." એટલે કે, બેટી રડે છે 'કમ્પા' ફૂલ માટે અને બેટો રડે છે ધોતી માટે.

નીચેના કાવ્યમાં કેટલાક લોકો માળી પાસે 'બરડોર' ફૂલ માગવાની વાત કરે છે :

ભાવાર્થ છે :

મોટા ડુંગરની ટોચે 'બરડોર' ફૂલ લાલચોળ દેખાય છે. આપણે માળી પાસે એ ફૂલ માગીશું. 'બરડોર' ફૂલ લાલચોળ દેખાય છે.

આ કાવ્યમાં 'ટોવા' ફૂલોનો ઉલ્લેખ છે :

એક સ્ત્રી ગાય છે :



મોટા ડુંગર ઉપર 'ટોવા' ફૂલની ડાળીઓ કાપી નાખવામાં આવી છે. એ ફૂલો તું તારી ધોતીમાં ઘાલી મારે માટે લાવજે. અને મારી પુષ્પ-મિત્ર માટે તારી પાઘડીમાં સંતાડી લાવજે- (જેથી કોઈ એ જોઈ શકે નહીં).

નીચેના કાવ્યમાં એમ કહે છે કે સૌંદર્ય શોભે છે એને અનુરૂપ પાર્શ્વભૂમિમાં:

ભાવાર્થ છે :

કેળના બગીચામાં છોડ ચળકે છે. હે બહેન, પાંદડાં હાલ હાલ કરે છે. એ જ રીતે ભવ્ય હવેલી જેવા ઘરમાં વહુ એના સૌંદર્યથી શોભે છે.

**પક્ષીઓ વિશેનાં ગીતો**

સંથાલોનાં કાવ્યોમાં પક્ષીઓ માટેનો તેમનો પ્રેમ વ્યક્ત થાય છે.

નીચેના કાવ્યમાં 'નાતીન' પક્ષીઓનો ઉલ્લેખ છે :

ભાવાર્થ છે :

દરેક 'બુન્ધ'માં 'નાતીન' પક્ષીઓની જોડ ચણ ચણે છે. દરેક 'બુન્ધ'માં પક્ષીઓની જોડ ખાઈને જાડી થાય છે. કોના વાડામાં 'નાતીન' પક્ષીઓની જોડ ચણ ચણે છે? કોના વાડામાં પક્ષીઓની જોડ ખાઈને જાડી થાય છે?

નીચેના કાવ્યમાં એક છોકરો એની માને પક્ષીઓ પાળવા આગ્રહ કરે છે.

ભાવાર્થ છે :

છોકરો કહે છે :

હે મા, ડુંગરની ટોચે હું ભેંસો ચરાવતો હતો ત્યારે ત્યાં મેં 'સુક-સારી' પક્ષીઓનું એક જોડું દીઠું.

મા જવાબ આપે છે :

એમને ખવડાવવા આપણી પાસે અન્ન નથી, એમને રાખવા આપણી પાસે પાંજરું નથી. હે દીકરા, એ પક્ષીઓને આપણે શું કરીશું?

છોકરો ફરી કહે છે :

ખાવાનું હું મારી જાતે લાવીશ અને (એમને માટે) પાંજરું હું પોતે બનાવીશ. ઓ મા, તેમ છતાં આપણે એમને ઉછેરીશું.

આ સિવાય પણ અનેક પ્રકારનાં ગીતો હોય છે.

## સંથાલોનું લોકસાહિત્ય (૩) લોકનૃત્યો

આ પ્રકરણમાં સંથાલોનાં લોકનૃત્યોનું વર્ણન કરવામાં આવશે. આ નૃત્યોમાં મોટે ભાગે પુરુષો અને સ્ત્રીઓ સાથે ભાગ લે છે. પુરુષો અને સ્ત્રીઓ જેમાં અલગ અલગ રહેતાં હોય એવાં નૃત્યો પણ હોય છે. આ નૃત્યો ખાસ મોસમોમાં અને ઉત્સવોમાં થાય છે અને તે સંથાલોના ધાર્મિક જીવનનું અવિભાજ્ય અંગ છે.

**લાગ્રેન એનેક**

આ નૃત્ય સંથાલોમાં સર્વત્ર થાય છે. તે ગમે તે સમયે થઈ શકે છે. પરંતુ ચાંદની રાત એને માટે વધુ પસંદ કરવામાં આવે છે. ચંદ્ર ઊગે એટલે છોકરા-છોકરીઓને બોલાવવા ઢોલ અને 'મડલ' વગાડવામાં આવે છે. થોડી જ વારમાં જોઈએ એટલાં છોકરા-છોકરીઓ સ્થળ

ઉપર આવી પહોંચે છે. તેઓ સાતથી દશ ફૂટની ત્રિજ્યાવાળું એક સંપૂર્ણ વર્તુળ રચે છે. 'લાગ્રેન' નૃત્યમાં પગલાં ઠેઠ સુધી નિયમિત હોય છે. પગ આગળ લાવી તેઓ ૪૫ અંશનો ખૂણો કરે છે અને પછી જમણી તરફ હિલોળો ખાય છે. વર્તુળ ઘડિયાળના કાંટાની અવળી દિશામાં ફરતું જણાય છે.

આ રીતે તેઓ અર્ધો કલાક નૃત્ય કરે છે. પછી વિરામ આવે છે. તેમાં તેઓ બેસીને દશેક મિનિટ આરામ લે છે. કેટલાક ઠઠ્ઠામશ્કરી કરે છે, જ્યારે પુરુષો ગાય છે અને સ્ત્રીઓ સમૂહમાં તેના જવાબ આપે છે. આ રીતે રાતના ત્રણ વાગ્યા સુધી ચાલે છે.

આ નૃત્ય બહુ ઉત્તેજક હોય છે. આ પ્રસંગે સંથાલ જાતિના છોકરા-છોકરીઓને પ્રણય કરવાની પુષ્કળ તકો મળે છે. નૃત્યના તાલથી પણ સંવનન કરવાની સગવડ મળે છે, કેમ કે છોકરા-છોકરીઓ બાજુમાં મોં ફેરવી નાચતાં હોવાથી, નાચતાં નાચતાં એકબીજાં સાથે વાત કરી શકે છે. નૃત્ય પૂરું થયે પ્રણયી જોડાં જંગલોમાં ચાલ્યાં જાય છે.

આ પ્રસંગે ગવાતાં ગીતો મોટે ભાગે પ્રણયગીતો હોય છે. એક નમૂનો નીચે આપ્યો છે :

ભાવાર્થ છે :

નદીને કિનારે કોની બંસરી વાગે છે? અરેરે! હૃદય રડે છે. મેં એને નજરે દીઠો નથી, કાને સાંભળ્યો નથી. અરેરે! હૃદય રડે છે.

**ડોન એનેક**

આ નૃત્ય લગ્નપ્રસંગે સામાન્ય રીતે ભજવાય છે. પુરુષો અને સ્ત્રીઓ પોતપોતાની મંડળીઓ પસંદ કરે છે, અને મજાનું વર્તુળ રચે છે. સ્ત્રીઓ એકબીજાના હાથ છટાથી ભેરવે છે જ્યારે પુરુષો નગારું અને 'માદલ' (ઢોલક) લઈ મધ્યમાં ઊભાં રહે છે. ઓ રીતે વર્તુળમાં વર્તુળ રચાય છે. સંગીત વાગે છે અને નર્તકો એકસામટા જમણી તરફ બે ડગલાં ખસે છે. પછીથી તેઓ દરેક પગ છટાથી આગળ મૂકે છે. આ રીતે તેઓ વીસેક મિનિટ નૃત્ય કરે છે, અને તે દરમ્યાન સ્ત્રીઓ બધી એકીઅવાજે ગાય છે. નૃત્ય પૂરું થાય એટલે પુરુષોનો ગાવાનો વારો આવે છે, અને સ્ત્રીઓ સમૂહમાં ગીતરૂપે એનો જવાબ આપે છે. આવું થોડોક વખત ચાલે, એટલે પછી ફરીથી ઢોલ ધણધણે છે. વાતાવરણ એના પડઘાથી ધમધમી ઊઠે છે અને નૃત્ય ફરી ચાલુ થાય છે. આ રીતે તેઓ અવિરત નાચ્યા કરે છે, અને બે દિવસ સુધી ઓ અટકે નહીં એવું બને છે.

જો કોઈ સંથાલ ખેડૂતને ખેતીકામમાં મદદ કરનાર કોઈ ન હોય તો ગામના સ્વયં-સેવકો આવી મદદ આપે એવો રિવાજ છે. પછીથી પેલો ખેડૂત આ મદદના બદલામાં ગામ-લોકોને મિજબાની આપે છે. તે વખતે દારૂ ('હાંડિયા') પિવાય છે અને આનંદ વ્યક્ત કરવા 'ડોન' નૃત્ય કરવામાં આવે છે.

'ડોન' નૃત્યમાં શરીરના પાછલા ભાગનું હલનચલન એવી રીતે થાય છે કે ઓ એની વિશેષતા છે. એનો એક જ અર્થ હોઈ શકે: માનવની પ્રજનનવૃત્તિને કલાસ્વરૂપે વ્યક્ત કરવી. એટલે એક વૃદ્ધ સંથાલે એમ કહ્યું હતું કે આ નૃત્ય લગ્નપ્રસંગે થતું હોઈ ઓ એક પ્રકારનો જાદુ છે. તેમાં પરણેલું યુગલ પ્રણયથી જોડાય અને એમને બાળકો થાય, જેથી સંથાલોનો વેલો વધે ઓ એનો ઉદ્દેશ છે.



**ઝીકા એનેક**

'ડોન' નૃત્ય પછી બીજાં નૃત્યો થાય તેમાં 'ઝીકા' છેલ્લું આવે છે. 'ઝીકા' થઈ ગયા પછી નૃત્યનો જલસો આપોઆપ પૂરો થાય છે.

આમાં પુરુષો અને સ્ત્રીઓ વર્તુળ રચે છે, પરંતુ તેઓ હાથમાં હાથ ભેરવતાં નથી. અગાઉ-ની માફક ઢોલ વગાડનારા વર્તુળની અંદર વર્તુળ રચે છે. નાચનારાં બે લાંબાં ડગલાં આગળ ભરે છે, અને પછી બે ટૂંકાં ડગલાં પાછળ ખસે છે. નાચનારનાં શરીર અર્ધાં નમે છે, અને પછી ઊંચાંનીચાં ઝોલાં ખાય છે. તે પવનમાં હિલોળા લેતા ખેતર જેવું દેખાય છે. આ દૃશ્ય મનોહર લાગે છે.

ઢોલ, મંજીરા અને વાંસળીઓના સરોદોથી વાતાવરણ ભરાઈ જાય છે. પુરુષો ગાય છે અને સ્ત્રીઓ સમૂહમાં એના જવાબ આપે છે. આ રીતે પંદરેક મિનિટ નૃત્ય ચાલે છે. લોકોના આનંદની સીમા રહેતી નથી.

**જાતુર એનેક**

આ નૃત્ય 'સોહરી' (લણણી) ઉત્સવ અને 'બહા' (ફૂલ) ઉત્સવપ્રસંગે થાય છે. આ ઉત્સવોમાં ગામનો પુરોહિત દિવસના વખતે પવિત્રકુંજના દેવોને બલિદાન આપે છે. પુરુષો સ્ત્રીઓના વર્તુળની બહાર અલગ વર્તુળ રચી નાચે છે. નાચનારા બે ડગલાં આગળ મૂકે છે, ઘૂંટણેથી નમે છે અને બે હાથ જોડી છટાથી ઊંચા કરે છે. પછીથી તેઓ બે ડગલાં પાછાં ફરે છે અને હાથ સમાંતર રીતે ઊંચાનીચા કરે છે. આ રીતે ઉત્સવનો વિધિ સાંજે પૂરો થાય ત્યાં સુધી તેઓ નાચે છે. તે દરમ્યાન પુરુષો ગાય છે અને સ્ત્રીઓ સમૂહમાં એના જવાબ આપે છે.

આ એક ભક્તિનૃત્ય છે. તેમાં નાચનારા પવિત્ર કુંજના દેવોને નમસ્કાર કરે છે, કેમ કે દેવોએ તેમને મબલક પાક આપ્યો છે અથવા તો સુંદર વસંત આવવાની આગાહી કરી છે. આ નૃત્યનો હેતુ એ છે કે જો આવાં નૃત્યો થાય તો સંથાલ જાતિની ખેતી આબાદ થાય, બાળકોની તંદુરસ્તી સારી રહે, રોગો હુમલા કરે નહીં અને ગામની એકંદર આબાદી થાય. એટલે જો કોલેરા કે અન્ય મરકીનો ડર લાગે તો દેવની આગળ 'જાતુર' નૃત્ય કરવાની બાધા રાખવાનો રિવાજ છે.

**રીન્જા એનેક**

'ગમહ–પૂર્ણિમા'ના દિવસોમાં સાંજના સમયે 'રીન્જા' નામનું નૃત્ય કરવામાં આવે છે. છોકરા અને છોકરીઓ અલગ અલગ વર્તુળો રચે છે. વાજિંત્રો વગાડનારા દરેક વર્તુળની મધ્યમાં ઊભા રહે છે. નાચનારા એકબીજાના હાથમાં હાથ ભેરવતા નથી. જેમ સંગીત વાગે તેમ દરેક જણ એકલા નૃત્ય કરે છે. 'રીન્જા' નૃત્યમાં આઠ પ્રકારની ગતિઓ હોય છે. કેટ-લીક વાર તેઓ હાથ ઊંચા કરી વર્તુલમાં ફરે છે. જ્યારે ડાબો હાથ સુંદર રીતે ઝૂલતો રહે છે. આ રીતે નૃત્ય ચાલ્યા કરે છે. અને નાચનારા વર્તુળમાં આગળ અને પાછળ ફરે છે તે જોઈને પ્રેક્ષકો હર્ષની તાળીઓ પાડે છે.

'રીન્જા' નૃત્ય 'કરમ પૂજા' દરમ્યાન થાય છે. એનો હેતુ દેવ-દેવીઓને પ્રસન્ન કરવાનો છે, જેથી કરીને આ પાર્થિવ જગતમાં આબાદી મળે. 'રીન્જા' નૃત્યમાં વિવિધ પ્રકારનાં જાદુઈ અને નકલી સૂચનો થતાં જોઈ શકાય છે. દા.ત. લુહાર હથોડો મારતો હોય એવા ચાળા

કરવામાં આવે છે. એ ખેતીનાં ઓજારોનું પ્રતીક છે. બીજા અભિનય વડે જંગલો કાપવાની ક્રિયા, ખેતરને વાડ કરવાની ક્રિયા, ગાય દોહવાની ક્રિયા દર્શાવાય છે. મરઘડો બોલવાની ક્રિયાની પણ નકલ કરવામાં આવે છે. તે એમ બતાવે છે કે ગૃહસ્થે પથારીમાંથી બેઠા થઈ ખેતરમાં જવું જોઈએ.

સંથાલો માને છે કે જો 'કરમ પૂજા' દરમ્યાન 'રીન્જા' નૃત્ય ન કરવામાં આવે તો વરસાદ પડે નહીં. નૃત્ય કરતી વખતે નાચનારા એમનો જમણો હાથ ઉપરનીચે હલાવે છે. એ રીતે તેઓ વરસાદને આવાહન કરે છે. બીજે પ્રસંગે જો અનાવૃષ્ટિની દહેશત લાગે તો ગામના 'અખરા'(નૃત્ય કરવા માટેનો ગામનો અખાડો)ને ગાયના છાણ વડે પવિત્ર કરી, તેના ઉપર 'મીઠી' (એક જાતનો મસાલો) છાંટી ત્યાં 'રીન્જા' નૃત્ય કરવામાં આવે છે. આ ક્રિયાનો હેતુ વરસાદ લાવવાનો હોય છે.

**દંતા એનેક**

'દંતા' નૃત્ય 'સોહરી' ઉત્સવ દરમ્યાન થાય છે. માત્ર યુવાનો જ એમાં નાચે છે. તેઓ બે વર્તુલો રચે છે. વાજિંત્ર વગાડનાર વચ્ચે ઊભા રહે છે. આ નૃત્યની ખાસિયત એ છે કે તેઓ આગળ વધે છે ત્યારે આરંભમાં બે વખત જમણી બાજુ અને બે વખત ડાબી બાજુ ડગલાં ભરે છે. પરંતુ જ્યારે આ વર્તુળો પાછળ હઠે છે ત્યારે તેઓ ચપળ ગતિથી મનોહર રીતે એમ કરે છે. આ રીતે તેઓ વહેલી સવારથી બપોર સુધી નાચે છે. સાથે છોકરીઓને રાખતા નથી.

'દંતા' નૃત્ય એ સ્વતંત્ર નૃત્ય નથી, પરંતુ થાક ઉતારવા માટે એ કરવામાં આવે છે. સ્ત્રીઓ આ નૃત્યમાં જોડાતી નથી, તેનું કારણ એ છે કે એમાં જે તાલ લેવાના તે મુજબ તેમનાથી કૂદી શકાતું નથી. બીજું ખાસ કારણ એ છે કે આ નૃત્યમાં જે ગીતો ગવાય છે તે ઘણી વાર અતિશય શૃંગારી હોય છે. આમાંનાં ઘણાં ગીતો સ્ત્રીઓ વિશે હોય છે. એક બહુ સારા ગીતનો ભાવાર્થ આવો છે :

કેટલાક છોકરાઓ તળાવે જાય છે. તેઓ માછલી પકડે છે, એને રાંધે છે અને વહેંચી ખાય છે. આવી રીતે રાંધેલી માછલી ખાતી વખતે તેઓ એનાં તમામ વધેલાં હાડકાં સ્ત્રીઓને આપે છે.

'દંતા' નૃત્યનાં કેટલાંક પગલાં અર્થપૂર્ણ હોય છે. બંને હારમાં નાચનારા જ્યારે જગા બદલે છે અને અધવચ્ચે મળે છે ત્યારે તેઓ એકબીજાના હાથ પકડે છે અને પ્રેમીઓ વાસ્તવિક જીવનમાં કરે છે તેમ તાળીઓ પાડે છે. અને પછી તેઓ શરીરના વિવિધ ભાગોને અડે છે અને નખરાં કરવાની ક્રિયાની પેઠે ભેટે છે. આમાં એવું સૂચન જણાય છે કે દિયર અને મોટી ભોજાઈ તથા પતિ અને તેની નાની સાળી એકબીજાની સાથે ગમે તે પ્રકારની છૂટ લઈ શકે છે.

**દહાર એનેક**

આ નૃત્ય કેટલીક વાર 'માઘ'ની અમાસ પછીના પહેલા દિવસે અને ફાલ્ગુનની પૂર્ણિમા વચ્ચેના દિવસોમાં કરવામાં આવે છે. તે સાંજે શરૂ થાય છે અને મધ્યરાત્રિએ પૂરું થાય છે.

આનંદી પુરુષો અને સ્ત્રીઓ એકબીજાના હાથમાં હાથ ભેરવી વર્તુળ રચે છે. વાજિંત્રો વગાડનારા મધ્યમાં ઊભા રહે છે. વર્તુળ બે ડગલાં આગળ લે છે, પછી એક ડગલા વડે ડાબી



બાજુ દિશા બદલે છે, અને ફરી પાછા એક ડગલા વડે જમણી બાજુ ફરે છે. આ રીતે ચાંદની રાતની સ્વપ્નસૃષ્ટિમાં આ વર્તુળ ફર્યા જ કરે છે. પુરુષો ગાય છે અને સ્ત્રીઓ સમૂહમાં જવાબ આપે છે. આ રીતે દશેક મિનિટ ચાલે છે. થોડા આરામ પછી, ટીખળી છોકરીઓ ફરીથી ગાય છે. ફરીથી વર્તુળો આપોઆપ રચાય છે અને નૃત્ય નવેસર આરંભાય છે. વાજિંત્રો વગાડનારા એમની કળા પ્રદર્શિત કરે છે અને પ્રેક્ષકો પ્રસન્ન થાય છે.

આ નૃત્ય ધાર્મિક છે અને 'બહા' ઉત્સવનું પુરોગામી છે. ગીતો પણ ભક્તિરસનાં હોય છે અને તે પવિત્ર કુંજના દેવો વિશે હોય છે.

**બહા એનેક**

એનું નામ સૂચવે છે તે પ્રમાણે આ નૃત્ય 'બહા' ઉત્સવ દરમ્યાન થાય છે. તે ઉત્સવમાં બીજે દિવસે ગામનો પુરોહિત પવિત્ર કુંજમાં દેવોને આરાધવા જાય છે, ત્યારે જાતિનાં સ્ત્રી-પુરુષો એની સાથે જાય છે.

આ નૃત્ય પણ ભક્તિરસનું હોય છે. એમાં એકલી સ્ત્રીઓ જ ભાગ લે છે. તેઓ એકબીજાના હાથ ભેરવતી નથી, વર્તુળો રચતી નથી, પરંતુ કૂચ કરતી હોય એ રીતે ચાલે છે. વાજિંત્રો વગાડનારા એમની સાથે અલગ જૂથમાં ચાલતા હોય છે. આ રીતે ચાલતાં ચાલતાં પુરુષો ગાય છે અને સ્ત્રીઓ સમૂહમાં જવાબ આપે છે. નાચનારી સ્ત્રીઓ એમના જમણા હાથ ખભા સુધી ઊંચા કરી નીચા ઉતારે છે અને તે જોડી દે છે. એ મનોહર લાગે છે. જમણો હાથ ઊંચો થાય એટલે જમણો પગ એક ડગલું લે છે. પછીથી ડાબો પગ આગળ જાય છે, અને જોડેલા હાથ ઊંચા થાય છે. તે વખતે એમની આંખોમાં ભક્તિનો ચમકારો દેખાય છે. આ રીતે નાચતાં નાચતાં તેઓ પવિત્ર કુંજે પહોંચે છે અને ત્યાં એ કુંજની આસપાસ ત્રણ વખત નાચે છે.

'બહા' ઉત્સવને છેલ્લે દિવસે જ્યારે ગામનો પુરોહિત ફૂલ લઈને ઘેર આવે છે ત્યારે પણ 'બહા' નૃત્ય કરવામાં આવે છે.

## ૧૨. પરિવર્તન પામતી દુનિયામાં સંથાલોની સ્થિતિ

અગાઉ આપેલા સંથાલ લોકોના જીવનના અહેવાલ ઉપરથી એવો ખ્યાલ બંધાવાનો સંભવ છે કે સંથાલો જંગલી દશામાં જીવી રહ્યા છે. પણ હકીકત એમ નથી. આ લોકોના જીવનમાં પણ આધુનિક આચારવિચારોએ પ્રવેશ કરેલો છે. સંથાલો સમજે છે કે દુનિયા બહુ આગળ વધી રહી છે. સુધરેલા જીવનનું જ્ઞાન એમનામાં જાણ્યે-અજાણ્યે ફેલાઈ રહ્યું છે. એટલે તેઓ આ જમાનામાં જંગલોમાં ભરાઈ રહેવા માગતા નથી.

સ્વરાજ્ય મળવાથી સૌને નાગરિકતાના સરખા હક મળ્યા છે. એને લીધે આધુનિક શિક્ષણ અને સંસ્કૃતિ પ્રાપ્ત કરવાનો હક આદિવાસીઓને પણ મળ્યો છે. વળી આદિવાસીઓને રાજ્યબંધારણથી રાજ્યનું વિશિષ્ટ રક્ષણ મળેલું છે. એમના હિતાર્થે રાજ્યોમાં ખાસ વિભાગો ખોલવામાં આવ્યા છે. 'આદિમ જાતિ સેવક સંઘ' એમની ઉન્નતિ માટે ખાસ પ્રયત્નો કરી રહ્યું છે. એમનામાં શિક્ષણનો પ્રચાર થઈ રહ્યો છે. એમના ઉત્સવોમાં, ગીતોમાં અને નૃત્યોમાં અન્ય લોકો ભાગ લેવા લાગ્યા છે અને એમની સાથે ભળવા લાગ્યા છે. આને પરિણામે આદિવાસીઓ બદલાઈ રહ્યા છે.

સંથાલોમાં અક્ષરજ્ઞાન કેટલું પ્રસર્યું છે તેના આંકડા અગાઉ આપ્યા છે. આ આંકડા આકર્ષક નથી. તેમ છતાં એટલું તો ખરું કે સંથાલો નવીન શિક્ષણથી છેક વંચિત રહ્યા નથી.

બ્રિટિશ સરકારે શિક્ષણની કંઈક સગવડ આપી હતી. પરંતુ એ માટે એમની પાસે કોઈ યોજના નહોતી. આ કામ મિશનરીઓએ કર્યું હતું. તેમણે આદિવાસીઓ માટે શાળાઓ ખોલી હતી. તે ઉપરાંત તેઓ ઇસ્પિતાલો અને અન્ય સેવાઓની પ્રવૃત્તિઓ ચલાવતા હતા. એને પરિણામે ઘણા સંથાલો ખ્રિસ્તી બન્યા હતા. એનાથી એમના આચારવિચાર બિલકુલ બદલાઈ ગયા હતા.

સંથાલો સૈકાઓથી હિંદુઓ સાથે રહેતા આવ્યા છે. તેથી હિંદુ આચારવિચારની એમના જીવન ઉપર સતત અસર થતી રહી છે. લગ્નવિધિમાં સિંદૂરનો ઉપયોગ, સ્ત્રીઓને પગે 'આલ્તા' લગાડવાનો રિવાજ, સર્વોચ્ચ દેવતાને આપાયેલું 'ઠાકુર જીવ'નું નામ, 'ચારાક ('પાટા') જેવા ઉત્સવો, કેટલાંક સંથાલ નૃત્યોનું વિષ્ણુપુરાણમાં વર્ણવેલા 'રાસનૃત્ય' સાથે સામ્ય, 'સોહરી' ઉત્સવમાં ગવાતાં વૈષ્ણવ ગીતો, લગ્ન, મરણોત્તરક્રિયા અને એવા પ્રસંગોએ 'હરિબોલ' બોલવાની પ્રથા, કેટલેક સ્થળે થતી કાલિ અને દુર્ગા માતાની પૂજા – આ બધું હિંદુ સમાજની અસરો સૂચવે છે.

૧૮૭૧ની વસ્તીગણતરી વખતે આ અસર સ્પષ્ટ રીતે જોવા મળી હતી. તે વખતે સંથાલોએ મરઘાં, ડુક્કરો અને દારૂનો ત્યાગ કર્યો અને ગાંજો પીવાનું રાખ્યું. આ રીતે તેમણે પોતાના આચારવિચાર હિંદુઓના જેવા બનાવ્યા, અને વસ્તીગણતરીમાં પોતાને 'સાફા-હોર' (શુદ્ધ મનુષ્યો) લખાવ્યા. ૧૯૩૧ની વસ્તીગણતરીમાં બિહાર અને ઓરિસામાં ૫,૮૬,૪૯૯ સંથાલોએ પોતાને હિંદુ લખાવ્યા હતા અને મયૂરભંજ સ્ટેટમાં ૧,૫૪,૫૯૬ સંથાલો હિંદુઓ તરીકે નોંધાયા હતા. આ ઉપરાંત સંથાલોને હિંદુ બનાવવાનાં આંદોલનો થયાં હતાં. ૧૯૩૬માં સંથાલ પરગણામાં એક લાખ સંથાલો હિંદુ બન્યા હતા.

આ બધા સાથે ભણેલા સંથાલોમાં નવી જાગૃતિ આવી. એમણે પોતાનાં સામાજિક અને રાજકીય હિતોનું રક્ષણ કરવા સંસ્થાઓ સ્થાપી. આવી એક સંસ્થા ૧૯૩૨માં સ્થપાઈ હતી. એનું નામ 'હોર માલ્ટો મારંગ સભા' હતું. વખત જતાં આ સંસ્થા સરકાર તેમ જ સંથાલ લોકો ઉપર પ્રભાવ પાડી શકી.

સ્વરાજ્ય આવ્યા પછી બધાને પુખ્ત વય મતાધિકાર મળ્યો છે. એટલે વસ્તુસ્થિતિ ઝડપથી પલટો લઈ રહી છે. સંથાલો સમજે છે કે બીજા હિંદીઓની પેઠે આપણે પણ મત-પત્રકનો ઉપયોગ કરતાં શીખવાનું છે. તેઓ જુએ છે કે એમના કરતાં વધારે આગળ વધેલા હિંદીઓ વધારે સારું જીવનધોરણ મેળવવા મથી રહ્યા છે, વધુ ને વધુ કેળવણી મેળવવા અને અત્યાર સુધી ડુંગર અને જંગલવાસીઓને જે સુખસગવડ નહોતાં મળતાં તે મેળવવા પડાપડી કરી રહ્યા છે. સરકારની વિકાસયોજનાઓ, વિકાસ ઘટકો, આદિવાસીઓના ઉત્કર્ષની યોજનાઓ ક્રમે ક્રમે એમને માટે રસ્તાઓ, મોટરલૉરીઓ, શાળાઓ અને ભપકાદાર ચીજો ઉપલબ્ધ બનાવી રહી છે. વિમાનો આકાશમાં ઊડતાં દેખાય છે. રેડિયાનો અવાજ સંભળાય છે. વીજળીબત્તીઓ ઝબકે છે. આ બધું જોઈને આ જંગલવાસીઓ નવી દુનિયાને આરે ઊભા ઊભા મૂંઝાઈ રહ્યા છે.

આજ સુધી આ નવી દુનિયાનાં બીજ હવામાં હતાં. હવે એ ઘરઆંગણે આવતાં દેખાય છે. જૂનાં જીવનમૂલ્યોમાં ભંગાણ પડતું લાગે છે. બોલપુર વિસ્તારમાં નવા પ્રકારનાં ઘરો જોવા મળે છે. એમાં બારીઓ અને ફર્નિચર છે, જે ભૂતકાળમાં વપરાતાં નહોતાં. ત્યાં સંથાલો



પાન ચાવે છે, દારૂ ઓછો પીએ છે અને તેને બદલે દૂધ, ચા અને સિગારેટ પીતા થયા છે. હિંદુઓની માફક ઘણાએ ગાયના માંસનો ત્યાગ કર્યો છે. ભેંસ અને ડુક્કરનું માંસ પણ એમણે છોડયું છે. પહેલાં મનાતું કે સંથાલોથી બટાટા ઉગાડાય નહીં. હવે તેઓ ટમેટાં સાથે બટાટા પણ ઉગાડે છે. સ્ત્રીઓ હવે મિલની સાડીઓ પહેરે છે અને સંથાલ પરગણાના શહેરી વિસ્તારોમાં તો તેઓ હિંદુ સ્ત્રીઓ જેવી જ દેખાય છે, કેમ કે મેળાઓમાં અને સામાજિક પ્રસંગોએ તેઓ હિંદુ સ્ત્રીઓ જેવો જ પોશાક પહેરે છે. કેટલીક વિધવાઓ સફેદ કપડું પહેરે છે. કેટલાક વિસ્તારોમાં છૂટાછેડાનું પ્રમાણ ઘટયું છે અને નવા વિચારોની અસરને લીધે વારસામાં સ્ત્રીઓનો હક રાજ્ય તેમ જ સમાજમાન્ય રખાવા લાગ્યો છે.

સમાજસુધારાના વિચારો પ્રસરી રહ્યા છે. કેટલાક વિચારો સમાજને છિન્નભિન્ન કરવાનું કામ કરે છે, તો કેટલાક રચનાત્મક કામ કરે છે. બંગાળ અને બિહારના કેટલાક ભાગોના કેટલાક ભણેલા આગેવાન સંથાલોએ એક જાહેરનામું બહાર પાડયું છે. તેમાં મિદનાપુર, બાંકુરા, માનભૂમ, સિંગભૂમ અને અન્ય પ્રદેશોના એમના જાતભાઈઓને પોતાની જાતિનું સ્વમાન સાચવવા સામાજિક સુધારા કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. એમાં નીચેના ઠરાવો જણાવવામાં આવ્યા છે :

૧. કોઈ પણ સંથાલ પુરુષ કે સ્ત્રીએ પીઠામાં જઈ 'પોચોઈ' (rice-beer) પીવો નહીં. કેમ કે દારૂ પીવાથી સંથાલજાતિ પાયમાલ થઈ છે, જ્યારે પીઠાવાળા અને મહાજનો તાલેવંત થતા જાય છે. ખાવાપીવામાં સંયમ રાખવાથી સંથાલોની આર્થિક સ્થિતિ સુધરશે.

૨. મુડદાલ માંસ ખાવું નહીં.

૩. સંથાલોએ પોતાના ઘર કે ગામ સિવાય અન્ય કોઈ સ્થળે નૃત્ય કે ગાન કરવું જોઈએ નહીં. જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે યુરોપિયનો, હિંદુસ્તાનીઓ અને પૂર્વના ડુંગરવાસી લોકો નાચ-ગાન કરે છે, પરંતુ તેઓ જાહેરમાં તેમ કરતા નથી, તેમ તે માટે ડુંગરોમાં જતા નથી. પ્રાચીન સંથાલો જાહેરમાં નૃત્ય કરતા નહીં.

૪. લગ્નજીવનમાં કારણ સિવાય મારઝૂડ કરવી નહીં. કેમ કે તેથી લગ્નસંબંધ ઢીલો થાય છે અને વિવિધ દૂષણો એમાંથી જન્મે છે.

૫. સંથાલોએ જાડું કપડું પહેરવું જોઈએ અને એમની સ્ત્રીઓએ કાચની બંગડીઓ પહેરવાનું બંધ કરવું જોઈએ.

**સંથાલનું વ્યક્તિત્વ**

જે કોઈ સંથાલોના સંપર્કમાં આવશે તેને એ લોકો – પુરુષો અને સ્ત્રીઓ – મજબૂત બાંધાનાં અને આછી તામ્રવર્ણ ચામડીનાં છે તે ધ્યાનમાં આવ્યા વિના રહેશે નહીં. તેઓ અત્યંત ખડતલ હોય છે અને હસતે મોંએ સતત કામ કરી શકે છે. જેવું શરીર નીરોગી છે તેવું જ એમનું મન પણ નીરોગી છે. સંથાલનું સત્યવાદીપણું કહેવતરૂપ થઈ પડયું છે. એમાં અપવાદો જોવા મળે તો તે બહારની દુનિયાના સંપર્કને લીધે છે. સંથાલ ઉપર જો ફોજદારી અદાલતમાં આરોપ મૂકવામાં આવે તો તે ચોખ્ખો ગુનો કબૂલ કરી દઈ, મામલો ટૂંકાવી નાખવાનો. સામાન્ય રીતે એ નરમ સ્વભાવનો હોય છે. પરંતુ જો તે એક વાર 'ના' બોલ્યો તો કોઈ એને 'હા' કહેવડાવી શકશે નહીં.

કોઈ પણ માણસ સંથાલનું ઘર જુએ તો તેની રોજિંદી સ્વચ્છતા એનું ધ્યાન ખેંચ્યા વગર રહે નહીં. ઘરમાં બધી ચીજો સ્વચ્છ રીતે ગોઠવીને રાખવામાં આવે છે. આંગણામાં કે વાડામાં કચરો એકઠો થવા દેવામાં આવતો નથી. બધો કચરો એક સ્થળે એકઠો કરવામાં આવે છે. સંથાલ સ્વભાવે નિખાલસ, ખુલ્લા દિલનો, પ્રામાણિક અને નમ્ર હોય છે. પ્રપંચ એ સમજતો નથી અને લુચ્ચાઈ ને દંભ એના સ્વભાવમાં નથી.

બાહ્ય દૃષ્ટિએ જોતાં સંથાલ સ્વભાવે આનંદી છે. 'ખાઓ, પીઓ અને મજા કરો.' 'આવતી કાલની ચિંતા ન કરો.' એ સૂત્રને તે અનુસરતો જણાય છે. ખાસ કરીને સારો પાક થાય ત્યારે અથવા ઉત્સવો વખતે સંથાલનો આ સહજ આનંદ જોવા મળે છે.

સંથાલના આ સહજ સ્વભાવનું મૂળ શેમાં છે? એમના એક ગીતમાં આનું પ્રતિબિંબ પડેલું છે. એ ગીતનો ભાવાર્થ આવો છે :

"અમે ખાઈએ છીએ, પીએ છીએ અને મજા કરીએ છીએ. અમે અમારાં જીવન દિવ્ય આનંદમાં વ્યતીત કરીએ છીએ. આ પાર્થિવ શરીર શ્વાસોશ્વાસ લે છે. મૃત્યુની ઊંઘમાં શો આનંદ રહેલો છે? ભટકવામાં આનંદ રહેલો છે. — ભટકવું એટલે એક દેશમાંથી બીજા દેશમાં જવું. જેમ સવારનું ઝાકળ ચળકે છે અને સુકાઈ જાય છે, જેમ ચળકતાં પાંદડાં ઉપરનાં ટીપાં નાચે છે, તેવી જ રીતે અમારાં જીવન સમતોલ રહી હાલી રહ્યાં છે."

આ ઉપરથી ખ્યાલ આવશે કે સંથાલના સહજ આનંદનું મૂળ એની એક દેશથી બીજા દેશમાં ભટકવાની સહજ વૃત્તિમાં રહેલું છે. એને નવો દેશ, નવાં ફૂલો અને નવાં ઝાડ શોધવાં ગમે છે. સંથાલોની ઉત્પત્તિ-કથામાં પણ આ વાત આવે છે. તેઓ આદિકાળથી એક સ્થળેથી બીજે સ્થળે ભટકતા રહ્યા છે. અત્યારે સંથાલો સ્થિર થયા છે, છતાં સતત ભમતા રહેવાની તેમની આ સહજવૃત્તિ હજી પણ એવી ને એવી સલામત છે.